સાપ્તાહિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
૨૦૩ વર્ષ
મુંબઇથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 19 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ વૈશાખ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૧૧ મે, ૨૦૨૫ (૧૬ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૫ થી ૧૧




# ત્રણ કલાકમાં જ પાકનો પલટોઃ યુદ્ધવિરામનો ભંગ

## પાકિસ્તાને સામેથી ફોન કરીને વિનંતિ કરી

### પંજાબમાં અંધારપટ રદ, નિયંત્રણ પાછાં ખેંચાયાં

ચંડીગઢઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે શનિવારે સાંજે પાંચ વાગ્યાથી જ યુદ્ધવિરામ થતાં પંજાબના સત્તાવાળાઓએ અંધારપટનો આદેશ રદ કર્યો હતો અને લડાઇને લગતા અન્ય નિયંત્રણ તાત્કાલિક પાછાં ખેંચી લીધાં હતાં.

સંગરુર, રૂપનગર અને ફાઝિલકાના જિલ્લા વહીવટીતંત્રે અંધારપટનો આદેશ તાત્કાલિક પાછો ખેંચ્યો હતો. જલંધર, કપુરથાલા અને પટિયાલાના વહીવટીતંત્રે પણ યુદ્ધના સંબંધમાં લાદેલા બધાં નિયંત્રણ

(જુઓ પાનું ૨) ▶▶

### અમે કોઇ બાંધછોડ નથી કરીઃ પાક નાયબ વડા પ્રધાન

પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન ઇશાક ડારે પણ બન્ને પાડોશી દેશ યુદ્ધવિરામ માટે સહમત થયા હોવાની વાતને સમર્થન આપ્યું હતું.

આમ છતાં, તેમણે 'એક્સ' પર લખ્યું હતું કે પાકિસ્તાન પોતાના સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડતાની સાથે કોઇ પણ પ્રકારની બાંધછોડ કર્યા વિના આ વિસ્તારમાં શાંતિ અને સ્થિરતા ઇચ્છે છે.

#### ટ્રમ્પનો મધ્યસ્થીનો દાવો

અગાઉ, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાની મધ્યસ્થીથી ભારત અને પાકિસ્તાન વચ્ચે 'સંપૂર્ણ અને તાત્કાલિક યુદ્ધવિરામ' કરવા સંમતિ સધાઇ હતી. બન્ને દેશના નેતાઓએ 'સામાન્ય બુદ્ધિ' અને 'સમજશક્તિ' વાપરી યુદ્ધવિરામ માટે સહમત થયા હોવાથી હું તેઓને અભિનંદન આપું છું.

#### પાકને નુકસાન

ભારતે પાકિસ્તાનના લશ્કરના છ મથક અને રડારની બે સાઇટ મળીને કુલ આઠ જગ્યાને લક્ષ્ય બનાવીને ત્યાં વિનાશ વેર્યો હતો, જ્યારે ભારતીય લશ્કરને મોટું નુકસાન થયું હોવાનો પાકિસ્તાનનો દાવો ખોટો હોવાની સ્પષ્ટતા કરાઇ હતી. ભારતે પાકિસ્તાનના લશ્કરી મથક - રફિકી, મુરીદ, ચકલાલા, રહીમ યાર ખાન, સુક્કુર અને ચુનિયાં, પસરુરમાંની રડાર સાઇટ તેમ જ સિયાલકોટમાંનાં વિમાનોના બેઝ પર હુમલા કર્યા હતા.

ભારતીય સૈન્યએ પાકિસ્તાનના શસ્ત્રાગાર અને લશ્કરનાં નિયંત્રણ કેન્દ્રોને લક્ષ્ય બનાવ્યા હતા. ભારતનાં કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન પોતાના વધુ સશસ્ત્ર દળોને સરહદ પરના મોરચે મોકલી રહ્યું હતું અને ભારતીય લશ્કર કોઇ પણ હુમલાનો સામનો કરવા સક્ષમ છે.

તેમણે દાવો કર્યો હતો કે ભારતીય લશ્કર વળતો જવાબ આપતી વખતે દુશ્મન દેશના સામાન્ય નાગરિકોને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખે છે અને માત્ર પાકિસ્તાનમાંના લશ્કરને લક્ષ્ય બનાવે છે.

આ ઉપરાંત, કોઇ મસ્જિદ કે ધાર્મિક સ્થળ પર હુમલા નહોતા કરાયા. કર્નલ સોફિયા કુરેશીએ વિંગ કમાંડર વ્યોમિકા સિંહ અને વિદેશ સચિવ વિક્રમ મિસરીની સાથે પત્રકારોને પાકિસ્તાન સાથેની લડાઇની માહિતી આપી હતી.

વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે પાકિસ્તાન

(જુઓ પાનું ૨) ▶▶

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે શનિવારે સાજે પાંચ વાગ્યાથી યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવ્યાના માત્ર ત્રણ જ કલાકમાં પાક સેનાએ એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદની પાસે આવેલા અનેક વિસ્તારમાં તોપમારો કર્યો હતો અને યુદ્ધવિરામની ઐસીતૈસી કરી હતી.

પાકિસ્તાનની સેનાએ યુદ્ધવિરામનો ભંગ કરતાં એલઓસી પાસેના નૌશહરા, અખનૂર અને સુંદરબની વિસ્તારમાં ભારે તોપમારો શરૂ કરી દીધો હતો.

ભારતે પણ પાક સેના દ્વારા ફરી શરૂ કરવામાં આવેલા તોપમારાનો વળતો જડબાતોડ જવાબ આપ્યો હતો.

કથૂઆના સાંજી મોડ વિસ્તારમાં પાક સેના દ્વારા ડ્રોન હુમલો કરવામાં આવ્યો હોવાના પણ અહેવાલ છે.

બંને દેશ વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હોવા છતાં જમ્મુવાસીઓ ગભરાયેલા છે.

આ ડર કેટલો છે તે એ વાત પરથી પણ ખબર પડે છે કે જમ્મુના અનેક વિસ્તારમાં હજુ પણ લોકોએ બ્લૅકઆઉટ કરી રાખ્યું છે અને તેઓ લાઈટ ચાલુ કરવાનું જોખમ લેવા નથી માગતા. શ્રીનગરમાં ભારતીય સેનાએ અનેક ડ્રોન તોડીને ડ્રોન હુમલો નિષ્ફળ બનાવ્યો હોવાના અહેવાલ છે. ■

## લશ્કરને વળતા સખત પગલાં ભરવાનો આદેશ આપવામાં આવ્યોઃ મિસરી

નવી દિલ્હીઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયાનાં થોડાં જ કલાકો પછી પાકિસ્તાને ફરીથી જમ્મુ, રાજસ્થાન અને કચ્છમાં ફરી ડ્રોનથી હુમલો કરતાં ભારતીય લશ્કરે એનો યોગ્ય જવાબ આપ્યો હતો અને તમામ ડ્રોન તોડી પાડ્યા હતા.

પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરતાં વિદેશ ખાતા તરફથી કડક ભાષામાં ચેતવણી જાહેર કરવામાં આવી છે કે પાકિસ્તાન ગંભીરતાથી આ વાત સમજે અને યુદ્ધવિરામ પર તરત કાર્યવાહી કરે. ભારતીય લશ્કર આખી સ્થિતિ પર નજર રાખી રહ્યું છે, ત્યારે વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે લશ્કરને યોગ્ય અને સખત પગલાં ભરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ■

## ભારતે પાકને તેની હેસિયત બતાવી

નવી દિલ્હીઃ ભારતે પાકિસ્તાનને માત્ર ત્રણ દિવસની લડાઇમાં તેની હેસિયત બતાવી દીધી છે. પાકિસ્તાનના લશ્કરી અધિકારી (ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સ)એ ભારતીય લશ્કરી અધિકારીને શનિવારે બપોરે ૩.૩૫ વાગ્યે ફોન કરીને યુદ્ધવિરામ માટે વિનંતિ કરતા બન્ને દેશ વચ્ચેની લડાઇ સાંજે પાંચ વાગ્યાથી તાત્કાલિક અટકાવી દેવાઇ હતી.

ભારતે પાકિસ્તાન પર યુદ્ધ ઉપરાંત અન્ય પાંચ મોરચે વિજય મેળવ્યો હોવાનું કહી શકાય. (૧) પહલગામનો બદલો લીધો (૨) સફળ વિદેશનીતિ (૩) પાકના નેતાઓને હેસિયત બતાવાઇ (૪) પાકિસ્તાન પર લાંબા-ગાળા સુધી દબાણ રાખી શકાશે (૫) ભારત આર્થિક મહાસત્તા બનવા ઝડપથી આગળ વધી શકશે.

### પહલગામનો બદલો

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાનના લશ્કર અને જાસૂસી સંસ્થાનો સાથ મેળવીને ત્રાસવાદીઓએ કરેલી પર્યટકો સહિતના નિર્દોષ લોકોની હત્યાનો બદલો 'ઑપરેશન સિંદૂર' દ્વારા લેવામાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર અને ભારતીય સેના સફળ રહી હોવાનું કહી શકાય.

### સફળ વિદેશનીતિ

ભારત યુદ્ધના મોરચા ઉપરાંત વિદેશનીતિમાં પણ સફળ રહ્યું હતું. ભારતના વિદેશ પ્રધાન જયશંકરે છેલ્લાં ત્રણ દિવસ દરમિયાન અનેક વિદેશી નેતાઓ અને રાજદ્વારીઓની સાથે ટેલિફોન પર વાત કરી હતી અને તેઓને ભારતની પાકિસ્તાન સામેની લશ્કરી કાર્યવાહી (ઑપરેશન સિંદૂર) અંગે સમજાવવામાં સફળ રહ્યા હતા. આ યુદ્ધમાં કોઇ અન્ય દેશે પાકિસ્તાનનો સીધો સાથ નહોતો આપ્યો.

### પાક નેતાઓને હેસિયત બતાવાઇ

ભારતે યુદ્ધના પ્રારંભ પહેલાં સિંધુ જળ કરાર સ્થગિત કરી દીધો હતો. તેની સામે પાકિસ્તાને વિશ્વ બૅન્ક સમક્ષ ફરિયાદ કરી હતી, પરંતુ વિશ્વ બૅન્કના વડાએ આ મુદ્દે 'હાથ ઊંચા કરી દીધા' હતા. પાકિસ્તાનને સાથ આપવા કોઇ દેશ સીધી રીતે તૈયાર નહોતું. પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં બળવાએ જોર પકડ્યું હતું.

### લાંબા-ગાળા સુધી દબાણમાં રાખી શકાશે

ભારત હવે પાકિસ્તાનને અને તેના દ્વારા ફેલાવાતા

(જુઓ પાનું ૨) ▶▶

### બિહારમાં બસ અને ટ્રક વચ્ચે ટક્કરમાં ત્રણનાં મોત, ૨૦ થી વધુ ઘાયલ

જહાનાબાદ (બિહાર): કરૌના પોલીસ સ્ટેશનના સબ-ઇન્સ્પેક્ટર રાજીવ રંજને જણાવ્યું હતું કે, ''શનિવારે સવારે ૩ વાગ્યે લોદીપુર બાયપાસ નજીક રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨૨ પર બસ અને ટ્રક સામસામે અથડાતાં ૧૪ વર્ષના છોકરા સહિત ઓછામાં ઓછા ત્રણ લોકોનાં મોત થયાં હતાં અને ૨૦ થી વધુ લોકો ઘાયલ થયા હતા.'' મૃતકોની ઓળખ પ્રિન્સ કુમાર (૧૪), અયોધ્યા રામ અને ચિંતામણિ તરીકે થઈ છે, અને અકસ્માત થયો ત્યારે બધા ભોગ બનેલા લોકો લગ્ન સમારંભમાંથી પરત ફરી રહ્યા હતા.

## પાકને એક અબજ ડૉલરની લૉનને આઈએમએફની મંજૂરી

### ભારત મતદાનમાં ગેરહાજર રહ્યું

### આતંકવાદને પ્રોત્સાહન આપતા દેશને ભંડોળ ફાળવવા બદલ ભારતનો વિરોધ

ન્યૂ યૉર્કઃ ઈન્ટરનેશનલ મૉનેટરી ફંડ (આઈએમએફ)એ એક્સટેન્ડેટ ફંડ ફેસિલિટી (ઈએફએફ) અંતર્ગત પાકિસ્તાનને તાબડતોબ એક અબજ ડૉલરની લૉન આપવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

સરહદપારના આતંકવાદને પ્રોત્સાહન આપતા દેશને લૉન આપવાનું ચાલુ રાખવાની બાબત વૈશ્વિક સમુદાયમાં જોખમી સંદેશો મોકલે છે એમ જણાવી ભારતે શુક્રવારે વૉશિંગ્ટનમાં આઈએમએફ દ્વારા યોજવામાં આવેલા મહત્ત્વના મતદાનમાં ભાગ નહોતો લીધો.

આઈએમએફ દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે એક્ઝિક્યુટિવ બૉર્ડે ઈઈએફ અંતર્ગત પાકિસ્તાનના આર્થિક સુધારા પ્રોગ્રામની પ્રાથમિક સમીક્ષા કરી હતી.

આ નિર્ણય પાકિસ્તાનને તાબડતોબ એક અબજ ડૉલર (૭૬ કરોડ એસડીઆર)નું ભંડોળ પૂરું પાડવાની પરવાનગી આપે છે એમ જણાવતાં આઈએમએફએ કહ્યું હતું કે આને કારણે ઈઈએફ હેઠળ પાકિસ્તાનને ફાળવવામાં આવનારાં કુલ ભંડોળનો આંક ૨.૧ અબજ ડૉલર થઈ ગયો છે.

કુદરતી આફતો સામે રક્ષણ, પર્યાવરણની જાળવણી અને આર્થિક વિકાસ માટેના પ્રયાસોમાં આ રકમ પાકિસ્તાનને સહાયરૂપ થશે, એમ આઈએમએફએ કહ્યું હતું. (એજન્સી)■

## મોદીએ ઉચ્ચ સ્તરની બેઠક યોજી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન સાથેના યુદ્ધવિરામની જાહેરાતના થોડા કલાકમાં જ ઉચ્ચ સ્તરની યોજેલી બેઠકમાં સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને વિદેશ પ્રધાન એસ. જયશંકર સહિત વિવિધ અધિકારી હાજર રહ્યા હતા.

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ, ડિફેન્સ સ્ટાફના વડા જનરલ અનિલ ચૌહાણ અને લશ્કરની ત્રણેય પાંખના વડા પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

પાકિસ્તાનના ડિરેક્ટર જનરલ ઑફ મિલિટરી ઑપરેશન્સે ભારતના લશ્કરના ઉચ્ચ અધિકારીને શનિવારે બપોરે ૩.૩૫ વાગ્યે ફોન કરીને યુદ્ધવિરામ માટે વિનંતિ કરતા સાંજના પાંચ વાગ્યાથી તાત્કાલિક યુદ્ધવિરામ કરવાનો નિર્ણય લેવાયો હતો.

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં પાકિસ્તાનના લશ્કર અને જાસૂસી સંસ્થાના સહકારથી ત્રાસવાદીઓએ કરેલા હુમલાને પગલે બન્ને દેશ વચ્ચે તંગદિલી ઊભી થઇ હતી. ભારતે પાકિસ્તાન સાથેનો સિંધુ જળ કરાર તોડી નાખ્યો હતો અને તેની સાથેનો વેપાર બંધ કરી દીધો હતો. (એજન્સી)■

## રાષ્ટ્રપતિએ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંતને નાલસાના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા

નવી દિલ્હી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ સૂર્યકાંતને નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી (નાલસા) ના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા છે.

''ન્યાયાધીશ સૂર્યકાંત કાર્યકારી અધ્યક્ષ તરીકે, નાલસાના તમામ નાગરિકો, ખાસ કરીને સમગ્ર ભારતમાં સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા અને આર્થિક રીતે નબળા વર્ગના લોકોને સુલભ અને મફત કાનૂની સહાય પૂરી પાડવાના મિશનનું નેતૃત્વ કરશે,'' એમ નાલસાએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

તેમાં કહેવામાં આવ્યું છે કે આ નામાંકન રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવ્યું હતું અને કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા ૯ મેના રોજ એક સૂચના પ્રકાશિત કરવામાં આવી હતી.

આ નામાંકન ૧૪ મેથી અમલમાં આવશે.

''ભારતીય સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ, ન્યાયાધીશ બી.આર. ગવઈ, નાલસાના અગાઉના કાર્યકારી અધ્યક્ષ હતા. પરંપરા મુજબ, આ પદ ભારતના સર્વોચ્ચ અદાલતના બીજા સૌથી વરિષ્ઠ ન્યાયાધીશને આપવામાં આવે છે,'' એમ તેમાં કહેવામાં આવ્યું છે.

જસ્ટિસ ગવઈ ૧૪ મેના રોજ ૫૨મા ભારતના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ ગ્રહણ કરવાના છે.

જસ્ટિસ સૂર્યકાંત હાલમાં સુપ્રીમ કોર્ટ કાનૂની સેવા સમિતિના અધ્યક્ષ છે. ■

## ભાવિ આતંકવાદી હુમલાને ભારત સામેનું યુદ્ધ ગણી લેવામાં આવશેઃ સરકાર

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાને પગલે બંને દેશ વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષ વચ્ચે ભારતે પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે ભાવિ આતંકવાદી હુમલાને દેશ સામેનું યુદ્ધ ગણી લઈ તેનો જડબાતોડ જવાબ આપવામાં આવશે, એમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

આ નિર્ણય સાથે જ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકારે ભારતમાં બનતી આતંકવાદી ઘટનાઓને મામલે પાકિસ્તાનને સ્પષ્ટ ચેતવણી આપતાં કહ્યું હતું કે પાકિસ્તાન સાથે કડી ધરાવતા આતંકવાદીઓ દ્વાર કોઈપણ હુમલો કરવામાં આવશે તો તેને પહલગામ આતંકવાદી હુમલાને મામલે ભારતે જે રીતે જડબાતોડ જવાબ આપ્યો છે તે જ ધોરણે વળતો જવાબ આપવામાં આવશે.

સરકારનો આ નિર્ણય ભાવિ આતંકવાદી હુમલા વિરુદ્ધ મક્કમપણે કાર્યવાહી કરવાનાં સંકેત આપે છે.

પહલગામ આતંકવાદી હુમલાને પગલે બંને દેશ વચ્ચે નિર્માણ પામેલી યુદ્ધની સ્થિતિ અંગે બોલતાં ભારતીય સેનાની મહિલા પ્રવક્તા કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું હતું કે ભારતે કોઈપણ પ્રકારની ઉશ્કેરણી વિના પાકિસ્તાનને વળતો જડબાતોડ જવાબ આપ્યો છે.

બંને દેશ વચ્ચે સધાયેલી સમજૂતીને અમે વળગી રહીશું, પરંતુ અમે દેશના સાર્વભૌમત્વનું રક્ષણ કરવા પણ સજ્જ જ રહીશું, એમ તેમણે કહ્યું હતું.

ભારત અને પાકિસ્તાને યુદ્ધવિરામ માટે સહમતી દર્શાવ્યા બાદ કુરેશીએ ઉપરોક્ત નિવેદન કર્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલા બાદ બંને દેશ વચ્ચે વધેલા તણાવને પગલે મોદીના વડપણ હેઠળ યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતે આક્ષેપ કર્યો હતો કે લાંબા સમયથી પાકિસ્તાનસ્થિત આતંકવાદી જૂથ ભારતીય સૈનિકો અને નાગરિકોને નિશાન બનાવી હિંસક આતંકવાદી હુમલા

(જુઓ પાનું ૨) ▶▶

## રશિયા-યુક્રેન વચ્ચે સોમવારથી 30 દિવસનો શસ્ત્રવિરામ



કિવઃ યુક્રેન અને તેના સાથી દેશોએ રશિયા સાથેના યુદ્ધમાં બિનશરતી રીતે ઓછામાં ઓછા ૩૦ દિવસ માટે સંપૂર્ણ યુદ્ધવિરામની સહમતી દર્શાવી છે, એમ યુક્રેનના વિદેશ પ્રધાન ઍન્ડ્રિલ સિબિહાએ શનિવારે કહ્યું હતું.

આ સાથે જ રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ બંધ થવાનાં એંધાણ મળી રહ્યાં છે. એક અહેવાલ મુજબ સોમવારથી શરૂ થાય તે રીતે યુક્રેન ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે માની ગયું છે.

બંને દેશ વચ્ચે લગભગ ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો શાંતિમંત્રણા મારફતે અંત આણવા તેમ જ યુદ્ધવિરામ માટે રશિયા સહમત થાય તે માટે તેનાં પર દબાણ લાવવા યુરોપના ચાર મુખ્ય દેશ (ફ્રાન્સ, જર્મની, પૉલેન્ડ અને યુકે)ના નેતાઓ કિવ પહોંચ્યા હતા. આ ચારે દેશના નેતા યુક્રેનના પ્રમુખ ઝૅલેન્સ્કીને પણ મળ્યા હતા.

યુક્રેને યુદ્ધવિરામની જાહેરાત કરી તે પહેલાં રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને 'વિક્ટરી ડે'ની પરેડના કાર્યક્રમમાં એકતરફી ૭૨ કલાકના યુદ્ધવિરામની જાહેરાત કરી હતી. જોકે તેમણે કહ્યું હતું કે જરૂર જણાશે તો રશિયાના સૈનિકો કોઈપણ કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપશે.

યુક્રેનના વિદેશ પ્રધાન ઍન્ડ્રિલ સિબિહાએ ગુરુવારે રશિયાની વિક્ટરી ડૅની પરેડને નકલી દેશભક્તિનો તમાશો લેખાવી હતી અને રશિયા દ્વારા જાહેર કરાયેલા યુદ્ધવિરામને પોકળ ગણાવ્યો હતો.

અગાઉ અમેરિકાએ માર્ચમાં રશિયા અને યુક્રેન વચ્ચે ૩૦ દિવસના યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો જેનો યુક્રેને સ્વીકાર કર્યો હતો, પરંતુ રશિયાએ પોતાની શરતે યુદ્ધવિરામની તૈયારી દર્શાવી હતી.

યુરોપના નેતાઓએ સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે યુદ્ધવિરામના અમેરિકાના પ્રસ્તાવને અમે સમર્થન આપીએ છીએ અને આગ્રહ કરીએ છીએ કે રશિયા સ્થાયી શાંતિ સુનિશ્ચિત કરવાના પ્રયાસોમાં અવરોધ ઊભો કરવાનું બંધ કરે.

અમેરિકા સહિત અમે ચાર દેશ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ સ્થાપવાના પ્રયાસ કરી રહ્યા છીએ. આ બાબતને ધ્યાનમાં રાખીને પણ રશિયા કોઈપણ શરત વિના ૩૦ દિવસના યુદ્ધવિરામ માટે રાજી થાય, એમ તેમણે કહ્યું હતું. ■

## ઑપરેશન સિંદૂર દરમિયાન પાંચ મૉસ્ટ વૉન્ટેડ આતંકવાદી ઠાર મરાયા

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલાની પ્રતિક્રિયાના ભાગરૂપ ભારતે ઑપરેશન સિંદૂર હેઠળ સાતમી મેએ પાકિસ્તાન અને પીઓકેસ્થિત જૈશ-એ-મોહમ્મદ અને લશ્કરે તૈયબાનાં મુખ્ય આતંકવાદી કેન્દ્રો પર કરેલા હુમલામાં પાંચ મૉસ્ટ વૉન્ટેડ આતંકવાદી ઠાર મરાયા હતા, એમ અધિકારીઓએ શનિવારે કહ્યું હતું.

ઠાર મરાયેલા પાંચ આતંકવાદીમાં વર્ષ ૧૯૯૯ના આઈસી-૮૧૪ વિમાનના અપહરણના માસ્ટરમાઈન્ડ મોહમ્મદ યુસુફ અઝહરનો પણ સમાવેશ થાય છે.

આ આતંકવાદીઓની અંતિમક્રિયામાં પાક સેનાના અધિકારીઓ, પોલીસ અધિકારીઓ સહિત ટોચના નેતાઓએ હાજરી આપી હતી.

પાકિસ્તાનના પંજાબ પ્રાન્તના મુખ્ય પ્રધાન મરિયમ નવાઝ વતી આ આતંકવાદીઓને પુષ્પાંજલિ પણ આપવામાં આવી હતી જે બાબત પાકિસ્તાન આતંકવાદી સંગઠનો સાથે સાઠગાંઠ ધરાવતું હોવા ઉપરાંત તેને સહાય કરતું હોવાનું પણ પુરવાર કરે છે, એમ તેમણે કહ્યું હતું.

કેન્દ્રીય ગૃહખાતા દ્વારા તૈયાર કરવામાં આવેલી મૉસ્ટ વૉન્ટેડ આતંકવાદીઓની યાદીમાં મોહમ્મદ યુસુફ અઝહર ૨૧મા સ્થાને હતો અને તે જૈશે મોહમ્મદના વડા મૌલાના મસૂદ અઝહરનો સાળો છે. મોહમ્મદ યુસુફ અઝહર વર્ષ ૧૯૯૯માં

(જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

## તા. ૧૧-૫-૨૦૨૫ થી તા. ૧૭-૫-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ પ્રારંભે મેષ રાશિમાં રહે છે. તા. ૧૫મીએ વૃષભ રાશિમાં પ્રવેશે છે. મંગળ કર્ક રાશિમાં રહે છે. બુધ મેષ રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. બુધ અતિચારી ગતિએ ભ્રમણ કરે છે. ગુરુ વૃષભમાંથી તા. ૧૪મીએ મિથુનમાં પ્રવેશે છે. શુક્ર મીન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તુલા રાશિમાં રહે છે. તા. ૧૩મીએ વૃશ્ચિકમાં, તા. ૧૫મીએ ધનુમા પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપારમાં અનુકૂળતા રહેશે. નોકરી માટે તા. ૧૨, ૧૪, ૧૬ શુભ પુરવાર થશે. કુટુંબમાં ધાર્યા મુજબના નાણાવ્યવહાર સફળતાથી પૂર્ણ થશે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કાર્યક્ષેત્રે દૃઢ નિર્ણયો લઈ શકશો. મહિલાઓના નવા કામકાજનો પ્રારંભ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં યશસ્વી અનુભવ થાય.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે. લાંબા સમયનો નાણાંનું રોકાણ થઈ શકશે. નવી નોકરીનો પ્રારંભ થશે. તા. ૧૩, ૧૪, ૧૭ નોકરીના નિર્ણયો સફળ બની રહેશે. અધિકારી સાથેના વ્યવહાર ઉત્સાહપ્રેરક બની રહેશે. કુટુંબના સભ્યો સાથેના મહિલાઓના મતભેદો દૂર થશે. પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત કરશો. વિભાગીય પરીક્ષામાં વિદ્યાર્થીઓને સફળતાનો અનુભવ થશે. મિત્રોમાં વ્યવહાર સફળતાથી સંપન્ન થશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપારના કામકાજ સફળ બની રહેશે. નોકરીમાં તા. ૧૧, ૧૨, ૧૬, ૧૭ નિર્ણાયક બની રહેશે. રાજકીય, સામાજિક પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કોર્પોરેટ કંપનીનું કામ મેળવશો. સરકારની મદદ મેળવશો. નાણાં રોકાણ માટે સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓના આ સપ્તાહમાં પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળતાથી પૂર્ણ થતાં જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના નિર્ણયો માટે સરળતા જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં કામકાજ સફળ થતું જણાશે. લાંબા સમયના નવા રોકાણ માટે સફળ તકો જણાય છે. કુટુંબના સભ્યો સાથેના વેપારી સંબંધો વધુ દૃઢ બનશે. નોકરીમાં અધિકારી સાથેના મતભેદનો ઉકેલ આવશે. સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કુટુંબમાં ધાર્યા મુજબના પ્રસંગો સફળતાથી સંપન્ન થવાથી મહિલાઓનો ઉત્સાહ જળવાઈ રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પ્રાસંગિક, શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર અને લાંબા સમયનું રોકાણ સફળ પુરવાર થશે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૪, ૧૫ શુભ જણાય છે. પરિવારના સભ્યોમાં નાણાં વ્યવહાર સફળતાથી સંપન્ન થશે. નાણાંની આવક જળવાઈ રહેશે. ભાગીદાર સાથેના મતભેદોનો ઉકેલ આવશે. મહિલાઓને પરિવારના સભ્યોમાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ બની રહેશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવી પદ્ધતિના કામકાજ અપનાવી શકશો. નવું રોકાણ પણ શક્ય છે. તા. ૧૩, ૧૪, ૧૭ શુભ જણાય છે. તા. ૧૨, ૧૫મીએ સરકારી અધિકારીનો સહયોગ મેળવશો. નાણાંની આવકની વૃદ્ધિ થશે. કામકાજના પ્રવાસો સફળ બની રહેશે. મહિલાઓને જીવનસાથીનો સહયોગ કાયક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને અભ્યાસના નિર્ણયો લેવામાં અનુકૂળતા જણાશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં જૂનાં રોકાણમાંથી નાણાં મેળવી શકશો. નોકરી માટે તા. ૧૨, ૧૪, ૧૬ શુભ જણાય છે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી થશે. ભાગીદાર કાર્યક્ષેત્રે પ્રેરણાત્મક બની રહેશે. જીવનસાથીનો સહયોગ પણ પ્રાપ્ત થશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. વાહનનો નિર્ણય લઈ શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ નિજી પ્રવૃત્તિમાં પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ થતાં જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષા મુજબ નવા નાણાં રોકાણના નિર્ણયનો અમલ થઈ શકશે. નોકરીના નિર્ણયો લેવા માટે તા. ૧૩, ૧૬, ૧૭ શુભ પુરવાર થશે. નોકરીમાં સહકાર્યકરો ઉપયોગી બનશે. સહકાર્યકરો સાથેના જૂનાં વિવાદોનો ઉકેલ વ્યવહારુપણે લાવી શકશો. નાણાં આવકના સાધનો વધુ સક્ષમ બની રહેશે. નાણાંઆવકની વૃદ્ધિ થશે. પ્રવાસમાં મહિલાઓને યશસ્વી સફળ અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના કામકાજમાં લાભ થશે. દૈનિક સાપ્તાહિક વેપાર પણ સફળ બની રહેશે. નોકરી માટે તા. ૧૧, ૧૨, ૧૬ શુભ જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. નવા કારોબારનો પ્રારંભ પણ શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા ધાર્યા મુજબના નાણાંના ઉઘરાણીના કામો સંપન્ન થશે. મહિલાઓને નવા કામકાજ માટે સરળતા અને સફળતા જણાશે. આત્મવિશ્વાસ દૃઢ બનશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના કાર્યક્રમો નિયમિત થતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિનું જ્ઞાન મેળવશો. પરિવર્તનો અપનાવી શકશો. તા. ૧૧, ૧૨, ૧૪મીએ નવા કામકાજનો પ્રારંભ નોકરીમાં જણાય છે. નોકરીમાં સહકાર્યકરોમાં યશ મેળવશો. નાણાંની આવકની વૃદ્ધિ થશે. તા. ૧૩, ૧૪મીએ વડીલોની આર્થિક મદદ મેળવશો. કાર્યક્ષેત્રે મહિલાઓને સફળ તકો પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વ્યક્તિગત મૂંઝવણોનો ઉકેલ લાવી શકશો. ઉત્સાહ વધશે. લે-વેંચના વેપારમાં સફળતા મેળવશો. નોકરીમાં તા. ૧૨, ૧૪, ૧૬ શુભ જણાય છે. સપ્તાહમાં કામકાજમાં નવા સાધનો મેળવશો. પ્રવાસ દ્વારા અધૂરા કામકાજ પૂર્ણ કરી શકશો. નવી ભાગીદારી પણ શક્ય છે. ગૃહિણીઓને સંતાનના જવાબદારીના કામકાજમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ બની રહેશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળતા જણાશે. દૈનિક સાપ્તાહિક વેપાર પણ અનુકૂળ રહેશે. નોકરી માટે તા. ૧૪, ૧૬, ૧૭ શુભ જણાય છે. નોકરીના અધિકારી સાથેના વ્યક્તિગત મતભેદોનો ઉકેલ આવશે. વેપાર, નાણાં વ્યહાર સફળ બની રહેશે. નાણાં આવકનો ઉમેરો થશે. પ્રવાસ દ્વારા મહિલાઓના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટેની તક પ્રાપ્ત થતી જણાશે. ■

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, રવિવાર, તા. ૧૧-૫-૨૦૨૫, શ્રી નૃસિંહ જયંતી, શ્રી આદ્ય શંકરાચાર્ય કૈલાસગમન, શ્રી ઘેલારામજી જયંતી

ભારતીય દિનાંક ૨૧, માહે વૈશાખ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, વૈશાખ સુદ -૧૪
જૈન વીર સંવત ૨૫૫૧, માહે વૈશાખ, તિથિ સુદ-૧૪
પારસી શહેનશાહી રોજ ૩૦મો અનેરાન, માહે ૯મો આદર, સને ૧૩૯૪
પારસી કદમી રોજ ૩૦મો અનેરાન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૨મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
મીસરી રોજ ૧૪મો, માહે ૧૧મો જિલ્કાદ, સને ૧૪૪૬
નક્ષત્ર સ્વાતિ
ચંદ્ર તુલામાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.,
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૯, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ સવારે ક. ૧૧-૪૦, રાત્રે ક. ૨૩-૧૭
ઓટઃ સાંજે ક. ૧૭-૩૬, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૨૭ (તા. ૧૨)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, વૈશાખ શુક્લ - ચતુર્દશી. શ્રી નૃસિંહ જયંતી, શ્રી આદ્ય શંકરાચાર્ય કૈલાસગમન, શ્રી ઘેલારામજી જયંતી, સૂર્ય કૃતિકામાં બપોરે ૧૩-૧૯. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૦૧.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ શ્રી નૃસિંહ પૂજા વિશેષરૂપે, વાયુદેવતાનું પૂજન, ભગવાન સૂર્યનારાયણનું પૂજન, રાહુદેવતાનું પૂજન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કથા-વાંચન, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રીસુક્ત, પુરુસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, મહેંદી લગાડવી, નિત્ય થતાં દુકાન-વેપાર, પશુ લે-વેંચના કામકાજ, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી.
આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ ખટપટ કરવાવાળો સ્વભાવ.
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-પૃથ્વીથી અત્યંત દૂર જાય છે. સૂર્ય કૃત્તિકા પ્રવેશ.
ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, મંગળ-કર્ક, બુધ-મેષ, ગુરુ-વૃષભ, શુક્ર-મીન, શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૧-૫-૨૦૨૫ થી તા. ૧૭-૫-૨૦૨૫

રવિવાર, વૈશાખ સુદ-૧૪, વિ. સં. ૨૦૮૧, તા. ૧૧મી મે, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર સ્વાતિ. ચંદ્ર તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી નૃસિંહ જયંતી, શ્રી આદ્ય શંકરાચાર્ય કૈલાસગમન, શ્રી ઘેલારામજી જયંતી, સૂર્ય કૃત્તિકામાં બપોરે ૧૩-૧૯. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૦૧. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, વૈશાખ સુદ-૧૫, તા. ૧૨મી, નક્ષત્ર સ્વાતિ સવારે ક. ૦૬-૧૬ સુધી, પછી વિશાખા. ચંદ્ર તુલામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૬ સુધી (તા. ૧૩) પછી વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વ્રતની પૂનમ, વૈશાખી પૂર્ણિમા, વૈશાખસ્નાન સમાપ્તિ, કુર્મ જયંતી, બુદ્ધપૂર્ણિમા, અન્વાધાન, કુલધર્મ, ગંધેશ્વરી પૂજા (બંગાળ), પારસી ૧૦મો દએ માસારંભ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯-૧૪. વિંછુડો પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૬, ખાતમુહૂર્ત, શુભ દિવસ.

મંગળવાર, વૈશાખ વદ-૧, તા. ૧૩મી, નક્ષત્ર વિશાખા સવારે ક. ૦૯-૦૮ સુધી, પછી અનુરાધા

ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, શ્રી નારદ જયંતી, વિંછુડો. લગ્ન, શુભ દિવસ.

બુધવાર, વૈશાખ વદ-૨, તા. ૧૪મી, નક્ષત્ર અનુરાધા સવારે ક. ૧૧-૪૬ સુધી, પછી જયેષ્ઠા.

ચંદ્ર વૃશ્ચિક રાશિ પર જન્માક્ષર. વિંછુડો, અમૃતસિદ્ધિયોગ સૂર્યોદયથી ક. ૧૧-૪૮. ગુરુ મિથુનમાં રાત્રે ક. ૨૨-૩૦, સૂર્ય વૃષભમાં રાત્રે ક. ૨૪-૧૨, મું. ૧૫ મહર્ઘ, સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૩૫ થી સૂર્યાસ્ત. લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ, ઉપનયન. શુભ દિવસ.

ગુરુવાર, વૈશાખ વદ-૩, તા. ૧૫મી, નક્ષત્ર જયેષ્ઠા બપોરે ક. ૧૪-૦૭ સુધી, પછી મૂળ. ચંદ્ર વૃશ્ચિકમાં બપોરે ક. ૧૪-૦૭ સુધી, પછી ધનુ રાશિ પર જન્માક્ષર. અગસ્ત્ય અસ્ત, વિંછુડો સમાપ્તિ બપોરે ક. ૧૪-૦૮, ભદ્રા બપોરે ક. ૧૫-૨૦થી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૦૪ (તા. ૧૬). લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા, વાસ્તુકળશ. શુભ દિવસ.

શુક્રવાર, વૈશાખ વદ-૪, તા. ૧૬મી, નક્ષત્ર મૂળ સાંજે ક. ૧૬-૦૭ સુધી, પછી પૂર્વાષાઢા. ચંદ્ર ધનુ રાશિ પર જન્માક્ષર. સંકષ્ટ ચતુર્થી, ચંદ્રોદય રાત્રે ક. ૨૨-૨૮. લગ્ન મુહૂર્ત રિક્તાતિથિમાં ગ્રાહ્ય છે. સામાન્ય દિવસ.

શનિવાર, વૈશાખ વદ-૫, તા. ૧૭મી, નક્ષત્ર પૂર્વાષાઢા સાંજે ક. ૧૭-૪૩ સુધી, પછી ઉત્તરાષાઢા. ચંદ્ર ધનુમાં મધ્યરાત્રે ક. ૨૪-૦૩ સુધી, પછી મકર રાશિ પર જન્માક્ષર. શ્રી ભુવનેશ્વરી માતાનો પાટોત્સવ (ગોંડલ). લગ્ન, ખાતમુહૂર્ત, સર્વદેવ પ્રતિષ્ઠા. શુભ દિવસ. ■

# હિમાચલ પ્રદેશના નવ જિલ્લામાં વાવાઝોડાં માટે યલો એલર્ટ જારી

શિમલાઃ હિમાચલ પ્રદેશના નવ જિલ્લામાં વાવાઝોડા અને ઝડપી પવન માટે સોમવાર સુધી 'યલો એલર્ટ'ની ચેતવણી જારી કરવામાં આવી છે, એમ સ્થાનિક હવામાન વિભાગે જણાવ્યું હતું.

વિભાગે જણાવ્યું હતું કે રાજ્યના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો છે, જેમાં શિલારૂમાં સૌથી વધુ ૪૩.૬ મિમી વરસાદ પડ્યો છે, ત્યારબાદ જુબ્બરહટ્ટીમાં ૩૪.૫ મિમી, કટૌલામાં ૨૯.૩ મિમી, જટ્ટો બરાગમાં ૨૨ મિમી, મંડીમાં ૨૧.૨ મિમી, સરાહનમાં ૧૯.૫ મિમી, નારકંડામાં ૧૬ મિમી, શિમલામાં ૧૨.૪ મિમી અને ચોપાલમાં ૧૦ મિમી વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગ અનુસાર, શિમલા, જુબ્બરહટ્ટી, મુરારી દેવી અને સુંદરનગરમાં વાવાઝોડા સાથે વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે ઉના, બિલપસુર અને હમીરપુર સિવાયના ૧૨ જિલ્લાઓમાંથી નવમાં સોમવાર સુધી રાજ્યનાં છૂટાછવાયાં સ્થળોએ ૩૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે વીજળી અને તોફાની પવન સાથે વાવાઝોડાની 'પીળી' ચેતવણી જારી કરી હતી.

તેમણે ૧૬ મે સુધી રાજ્યનાં છૂટાછવાયાં સ્થળોએ વરસાદની આગાહી પણ કરી હતી.

હવામાન અધિકારીએ જણાવ્યું હતું કે, લઘુતમ તાપમાનમાં કોઈ નોંધપાત્ર ફેરફાર થયો નથી, જેમાં આદિવાસી લાહૌલ અને સ્પીતિ જિલ્લામાં કુકુમસેરી રાત્રે સૌથી ઠંડું ૪.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ■

# પાકિસ્તાની ગોળીબારમાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૧૦ લાખ રૂપિયાની સહાયની ઓમર અબ્દુલ્લાની જાહેરાત

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ શનિવારે કેન્દ્રશાસિત પ્રદેશમાં પાકિસ્તાની ગોળીબારમાં જીવ ગુમાવનારાઓના પરિવારજનો માટે પ્રત્યેકને ૧૦ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી હતી.

છેલ્લા ચાર દિવસમાં પૂંછ, રાજૌરી, જમ્મુ અને બારામુલા સેક્ટરમાં

પાકિસ્તાની ગોળીબારમાં એક એડિશનલ જિલ્લા વિકાસ કમિશનર સહિત ૧૯ લોકો માર્યા ગયા હતા.

બુધવારે પૂંચમાં ૧૨ નાગરિકો માર્યા ગયા હતા, જ્યારે શુક્રવારે ઉરી અને પૂંછમાં બે અન્ય નાગરિકો માર્યા ગયા હતા. શનિવારે સવારે પાકિસ્તાની ગોળીબારમાં એક વરિષ્ઠ સરકારી અધિકારી સહિત છ નાગરિકે જીવ ગુમાવ્યા હતા.

ઓમરે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે ''પાકિસ્તાન તરફથી થયેલા તાજેતરના ગોળીબારમાં નિર્દોષ લોકોના મોતથી ખૂબ દુઃખ થયું છે. આ દુઃખની ઘડીમાં અમે દરેક અસરગ્રસ્ત પરિવાર સાથે ઊભા છીએ. મારી સરકાર આપણા લોકોની મુશ્કેલીઓ ઘટાડવા માટે શક્ય તેટલા બધાં પગલાં લઈ રહી છે,''

મુખ્ય પ્રધાનના કાર્યાલય દ્વારા શેર કરાયેલી પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે કોઈ પણ વળતર ક્યારેય કોઈ પ્રિયજનનું સ્થાન લઈ શકતું નથી અથવા પરિવારને થયેલા આઘાતને મટાડી શકતું નથી, પરંતુ સમર્થન અને એકતાના સંકેત તરીકે, મૃતકોના પરિવારોને ૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. ■

# ₹ ૩૬ લાખની સાયબર છેતરપિંડીના આરોપસર બેની ધરપકડ

નવી દિલ્હીઃ આઇપીઓ અને શેરમાં રોકાણ કરવાના બહાને દિલ્હીની એક વ્યક્તિ સાથે રૂ. ૩૬.૪૮ લાખની છેતરપિંડી આચરવામાં આવી હોવાના અહેવાલ છે. આ મામલે બે સાયબર ઠગોની ધરપકડ પણ કરવામાં આવી છે. આ માહિતી પોલીસે શુક્રવારે આપી હતી.

આરોપીની ઓળખ પ્રશાંત જાંગીડ(૨૫) અને પ્રદ્યુમન સિંહ ચૌહાણ(૨૬) તરીકે થઇ છે. તેઓ રાજસ્થાનના જયપુરના રહેવાસી છે. બંનેની વિગતવાર તપાસ બાદ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર દિલ્હીના પાલમ ગામના રહેવાસી સેમ્યુઅલ થોમસે નવેમ્બર ૨૦૨૩માં નકલી ઓનલાઇન ટ્રેડિંગ સ્કીમ દ્વારા છેતરપિંડીનો ભોગ બન્યા બાદ સાયબર પોલીસનો સંપર્ક કર્યો હતો.

થોમસે પોલીસને જણાવ્યું કે તેને એક મેસેન્જર ગ્રૂપમાં જોડવામાં આવ્યો હતો. જે એક વ્યક્તિ દ્વારા ચલાવવામાં આવતા તાલીમ કાર્યક્રમનો પ્રચાર કરતું હતું. જે શેર અને આઇપીઓ રોકાણ દ્વારા આકર્ષક વળતરનું વચન આપતું હતું. અધિકારીએ જણાવ્યું કે ત્યારબાદ થોમસને ઘણી ટ્રેડિંગ એપ્લિકેશનો ડાઉનલોડ કરવાનું કહેવામાં આવ્યું હતું.

તેમણે જણાવ્યું કે થોમસને શરૂઆતમાં નાની રકમ ઉપાડવાની છૂટ આપવામાં આવી હતી. જેથી તેમનો વિશ્વાસ વધ્યો હતો, પરંતુ જ્યારે તેણે મોટી રકમ ઉપાડવાનો પ્રયાસ કર્યો ત્યારે તેમને પૈસા મળ્યા નહીં. અધિકારીએ વધુમાં જણાવ્યું કે થોમસે ત્યાં સુધીમાં અનેક વ્યવહારો દ્વારા ૩૬.૪૮ લાખ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. તેમણે જણાવ્યું કે તેમની ફરિયાદના આધારે પોલીસની એક ટીમે ઊંડી તપાસ શરૂ કરી હતી. નાણાકીય વ્યવહારો વિશે વિગતો મેળવ્યા પછી અને ડિજિટલ પુરાવાઓનું વિશ્લેષણ કર્યા બાદ પોલીસને જાણવા મળ્યું કે છેતરપિંડી કરાયેલી રકમ નકલી કંપનીઓ સાથે જોડાયેલા ખાતાઓ દ્વારા મોકલવામાં આવી હતી.

પોલીસે જણાવ્યું કે સૌ પ્રથમ પંજાબના મોહાલીના ખરાર શહેરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી ૪ મેના રોજ જાંગીડની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે ચૌહાણની બીજા દિવસે ઉત્તર પ્રદેશના આગ્રાથી ધરપકડ કરવામાં આવી હતી. બંને પાસેથી વ્યવહારોમાં ઉપયોગમાં લેવાયેલા ત્રણ સ્માર્ટફોન, બે સિમ કાર્ડ અને એક ડેબિટ કાર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા. તેમણે પૂછપરછ દરમિયાન ગુનો કબૂલી લીધો હોવાનું પોલીસે જણાવ્યું હતું. ■

# જમ્મુના અખનૂર સેક્ટરમાં બીએસએફે કર્યો આતંકીઓના લૉન્ચ પૅડનો નાશ

સુરેશ એસ. ડુગ્ગર

જમ્મુઃ અહીંના અખનૂર સેક્ટરમાં બીએસએફના જવાનોએ આતંકીઓના લૉન્ચ પૅડનો નાશ કર્યો હતો. પાકિસ્તાનની સેના આ લૉન્ચ પૅડનો ઉપયોગ આતંકવાદીઓને ભારતમાં ઘૂસણખોરી કરાવવા માટે કરતી હતી.

પાકિસ્તાનની સેનાએ શનિવારે સવારે કાશ્મીરને નિશાન બનાવી મિસાઈલ હુમલો કર્યો હતો. શ્રીનગરને નિશાન બનાવીને કરેલા મિસાઈલ હુમલામાંની મિસાઈલ જેવી એક વસ્તુ દાલ લૅકમાં પડી હતી જેને કારણે થયેલા વિસ્ફોટને લીધે અનેક શિકારા ઊંધા વળી ગયા હતા. આ વસ્તુના કાટમાળને તપાસ માટે મોકલી આપવામાં આવ્યો છે.

પાક સેના દ્વારા એલઓસી પર કરવામાં આવેલા તોપમારામાં ભારતને પણ નુકસાન થયું હતું. જોકે ભારતીય સેનાએ વળતો જવાબ આપતાં ઍન્ટિ ટૅન્ક ગાઈડેડ મિસાઈલથી કરેલા હુમલામાં પાકિસ્તાનના અનેક બંકરો અને ચોકીઓનો નાશ થયો હતો.

સીમા સુરક્ષા દળના જણાવ્યાનુસાર શુક્રવારે રાત્રે નવ વાગ્યે પાકિસ્તાની સેનાએ જમ્મુ સેક્ટરમાં બીએસએફની ચોકી પર કરેલા હુમલાના જવાબમાં તેમણે જમ્મુ સરહદે અખનૂરની સામેની બાજુએ એક આતંકવાદી લૉન્ચ પૅડને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કર્યું હતું. આ લૉન્ચ પૅડ પાકિસ્તાનના સિયાલકોટ જિલ્લાના લૂનીમાં આવેલું હતું. ભારતીય સેના દ્વારા કરવામાં આવેલી જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાની રેન્જર્સની ચોકીઓ અને સંપત્તિને પણ વ્યાપક નુકસાન થયું હતું.

દરમિયાન આતંકવાદ અને પાકિસ્તાન વિરુદ્ધની આ લડતમાં સ્થાનિક લોકોએ ભારતીય સેનાની પડખે રહેવાની બાંયધરી આપી છે. ■

## પહેલા પાનાનું

### ભારતે પાકને

ત્રાસવાદને લાંબા-ગાળા સુધી દબાણ હેઠળ રાખી શકશે. ભવિષ્યમાં જો આવી કોઇ ઘટના બને તો ભારત પાકિસ્તાનના ટુકડા કરી નાખે એવો ભય હંમેશાં સતાવ્યા કરશે. પાકિસ્તાને પોતાની ત્રાસવાદી પ્રવૃત્તિ પણ લાંબા સમય સુધી બંધ કરવી પડશે અને ત્રાસવાદીઓને તાલીમ આપતા કેન્દ્રો જલદી શરૂ કરી નહિ શકે.

#### આર્થિક મહાસત્તા

ભારતની લશ્કરી તાકાત જોઇને હવે ભારતમાં રોકાણ કરવા વિદેશી રોકાણકારો વિના સંકોચ આવે એવી આશા રખાય છે અને તેને લીધે ભારત આર્થિક મહાસત્તા બનવાની દિશામાં ઝડપથી આગળ વધી શકશે. રોકાણકારો હવે ભારતને રોકાણ માટે વધુ સલામત દેશ ગણવા લાગે એવી આશા રખાય છે. ■

### પાકને નુકસાન

દ્વારા ભારતના જમ્મુ અને કાશ્મીર તેમ જ પંજાબમાંના મુલકી આંતરિકમાળખાને અને સામાન્ય નાગરિકોને લક્ષ્ય બનાવાયા હતા.

કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું કે પાકિસ્તાનના લશ્કરે શ્રીનગર, અવંતિપોરા અને ઉધમપુરમાંની શાળાઓ તેમ જ મેડિકેર સેન્ટર પર પણ હુમલા કર્યા હતા.

તેમણે જણાવ્યું હતું કે પાકિસ્તાન દ્વારા ભારત અંગે વિવિધ માધ્યમ દ્વારા ખોટી માહિતી ફેલાવાઇ હતી. પાકિસ્તાનના હુમલામાં ભારતના કોઇ ઍર-બેઝ, મિસાઇલ સાઇટ્સ, રડાર અને ઍર ડિફેન્સ સિસ્ટમને મોટું નુકસાન પહોંચાડ્યું હોવાની વાત માત્ર અફવા જ છે. ભુજ-નલિયા સહિત કોઇ ઍર-બેઝને કોઇ હાનિ નથી પહોંચી.

ભારતીય સંરક્ષણ વિભાગે જણાવ્યું હતું કે ભારત ભવિષ્યમાં દુશ્મનોના કોઇ પણ પ્રકારના હુમલાનો સામનો કરવા તૈયાર જ રહેશે. (એજન્સી) ■

### પંજાબમાં અંધારપટ

ઉઠાવી લીધાં હતાં. સંગરુરમાં રાતે આઠ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી અંધારપટનો આપેલો આદેશ પાછો ખેંચ્યો હતો.

પટિયાલાનાં ડેપ્યુટી કમિશનર પ્રીતિ યાદવે સાર્વજનિક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે લાદેલા યુદ્ધને લગતાં બધાં નિયંત્રણ ઉઠાવી લઇએ છીએ. જનતાએ આપેલા સાથસહકાર બદલ આભાર.

જલંધરના ડેપ્યુટી કમિશનર હિમાંશુ અગરવાલ અને હોશિયારપુરનાં ડેપ્યુટી કમિશનર આશિકા જૈને પણ આવો જ આદેશ બહાર પાડ્યો હતો અને પરિસ્થિતિ ફરી સામાન્ય બનવાની આશા વ્યક્ત કરી હતી. (એજન્સી) ■

### ભાવિ આતંકવાદી

કરે છે અને બાવીસ એપ્રિલે પહલગામમાં કરવામાં આવેલો આતંકવાદી હુમલો તેનું તાજું ઉદાહરણ છે. વર્ષ ૨૦૧૪માં સત્તા પર આવેલી મોદી સરકારે પાક પ્રેરિત આતંકવાદી હુમલાઓને મક્કમપણે જવાબ આપવાનું શરૂ કરી તેમની પાંખ કાપવાનું શરૂ કરી દીધું હતું. (એજન્સી) ■

### ઑપરેશન સિંદૂર

ઈન્ડિયન ઍરલાઈન્સના આઈસી-૮૧૪ વિમાનના અપહરણનો માસ્ટરમાઈન્ડ હતો. વિમાનનું અપહરણ કર્યા બાદ આતંકવાદીઓ તેને દક્ષિણ અફઘાનિસ્તાનના કંદહાર લઈ ગયા હતા. વિમાનના પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બરોને સુરક્ષિત છોડી દેવાના બદલામાં બે અન્ય આતંકવાદી સહિત મોહમ્મદ યુસુફ અઝહરને પણ છોડી દેવામાં આવ્યો હતો.

ઑપરેશન સિંદૂર અંતર્ગત હુમલો કરવામાં આવ્યો તે સમયે મોહમ્મદ યુસુફ અઝહર તેના પરિવારના સભ્યો સાથે બહવાલપુરસ્થિત જૈશે મોહમ્મદના વડા મથકમાં હતો. આ વડામથકમાં જ આતંકવાદીઓને શસ્ત્રોની તાલીમ આપવામાં આવતી હતી.

આ હુમલામાં મસૂદ અઝહરના અન્ય એક સાળા હાફિઝ મોહમ્મદ જામિલનું પણ મોત નીપજ્યું હતું. જામિલ બહવાલપુરસ્થિત જૈશે મોહમ્મદના તાલીમ કેન્દ્ર 'માર્કઝ શુભાનલ્લાહ'નો ઈન્ચાર્જ હતો. જામિલ સંગઠન માટે ભંડોળ ઊભું કરવા સહિત યુવાનોની ભરતી કરવા જેવી પ્રવૃત્તિ સંભાળતો હતો.

ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા હુમલામાં લશ્કરે તૈયબાનો આતંકવાદી મુદસ્સર ખાદિઆન ખાસ ઉર્ફે અબુ જુન્દાલ પણ ઠાર મરાયો હતો. જુન્દાલ મુરીદકેસ્થિત લશ્કરે તૈયબાના તાલીમ કેન્દ્રનો ઈન્ચાર્જ હતો.

જુન્દાલની અંતિમક્રિયામાં પાકિસ્તાનની સેનાએ ભાગ લીધો હતો અને તેને ગાર્ડ ઑફ ઑનરથી સન્માન આપવામાં આવ્યું હતું. પાક સેનાના વડા અને ભૂતપૂર્વ વડા પ્રધાન નવાઝ શરીફની પુત્રી તેમ જ પાકિસ્તાનના વડા પ્રધાન શેહબાઝ શરીફની ભત્રીજી પંજાબનાં મુખ્ય પ્રધાન મરિયમ નવાઝ વતી જુન્દાલને પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

વૈશ્વિક આતંકવાદી જાહેર કરાયેલા જમાત-અલ-દાવાના વડા હાફિઝ અલ રઉફના વડપણ હેઠળ જુન્દાલની અંતિમક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતિમક્રિયામાં પાકિસ્તાનની સેનાના વર્તમાન લે. જનરલ, પંજાબ પોલીસના આઈજીએ પણ હાજરી આપી હતી.

લશ્કરે તૈયબાના આતંકવાદી ખાલિદ ઉર્ફે અબુ અકશા જમ્મુ-કાશ્મીરમાં કરવામાં આવેલા અનેક આતંકવાદી હુમલામાં તેમ જ અફઘાનિસ્તાનમાંથી શસ્ત્રોની દાણચોરીમાં સંડોવાયેલો હતો. ખાલિદની અંતિમક્રિયા ફૈઝલાબાદમાં કરવામાં આવી હતી અને પાક સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને ફૈઝલાબાદના નાયબ કમિશનરે તેમાં હાજરી આપી હતી.

પીઓકેમાં ઑપરેશનલ કમાન્ડર મુફ્તિ અઝગર ખાન કાશ્મીરનો પુત્ર મોહમ્મદ હસન ખાન પણ આ હુમલામાં ઠાર મરાયો હતો. જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલા કરાવવા આતંકવાદીઓનું કોર્ડિનેશન કરવાની ચાવીરૂપ ભૂમિકા તે ભજવતો હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. આ તમામ બાબતે પાકિસ્તાનની સેના અને આતંકવાદી સંગઠનો વચ્ચેની સાઠગાંઠને ઉઘાડી પાડી દીધી હતી. સોશ્યલ મીડિયા પર આ વીડિયો ખૂબ વાઈરલ થયો હતો. (એજન્સી) ■

# રાજ્યના આરોગ્ય વિભાગમાં ૫૩ હેડ ક્લાર્કની બઢતી સાથે બદલીનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યની ૧૩ જેટલી મેડિકલ કોલેજ, સિવિલ હૉસ્પિટલ અને ઈન્સ્ટિટ્યુટમાં ૫૩ હેડ ક્લાર્કની બઢતી સાથે બદલીનો ઓર્ડર આપવામાં આવ્યો છે. રાજકોટની પીડીયુ મેડિકલ કોલેજ અને સિવિલ હૉસ્પિટલમાં ફરજ બજાવતા ચાર હેડ ક્લાર્કના એક જ કેમ્પસમાં અરસપરસ પ્રમોશન સાથે બદલી કરવામાં આવી હતી. આ સાથે વધુ નવા ત્રણ હેડ ક્લાર્કની નિમણૂક કરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રાજ્યની સિવિલ હૉસ્પિટલ અને મેડિકલ કોલેજોમાં હેડ ક્લાર્કની ખાલી જગ્યા હોવાથી વહીવટી પ્રક્રિયાના કામો ધીમી ગતિથી ચાલતા હતા. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ૧૩ જેટલી મેડિકલ કોલેજમાં ફરજ બજાવતા ૫૩ હેડ ક્લાર્કની બઢતી સાથે બદલીના ઓર્ડર કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત જામનગર મેડિકલ કોલજ-સિવિલ હૉસ્પિટલ, સરકારી મેડિકલ કોલેજ ભાવનગર, એમ.એન્ડ જે ઓપ્થલમા ઈન્સ્ટિટ્યુટ અમદાવાદ, સરકારી મેડિકલ કોલેજ સિવિલ હોસ્પિટલ વડોદરા,ડીએમઆર ગાંધીનગર, સિદ્ધપૂર નર્સિંગ કોલેજ, સિવિલ હૉસ્પિટલ અમદાવાદ, પાટણ નર્સિંગ કોલેજ, ગર્વ સ્પાઈન સેન્ટર અમદાવાદ, સરકારી મેડિકલ કોલેજ-સિવિલ હૉસ્પિટલ સુરતના હેડ ક્લાર્કના બઢતી સાથે બદલી કરવામાં આવી છે.

આ તમામ વિભાગના કર્મચારીઓને ૧૦ દિવસમાં હાજર થઈ સંસ્થાના વડાને રિપોર્ટ કરવા તબીબી શિક્ષણના અધિક નિયામક ગાંધીનગરથી જણાવવામાં આવ્યું છે. ■

# ગુજરાતના સાપુતારામાં વાદળ ફાટતાં પૂર્ણા નદીમાં પૂરની સ્થિતિ સર્જાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે.ભરઉનાળે વાતાવરણમાં પલટો આવતા ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ચોમાસા જેવી સ્થિતિ સર્જાઈ હતી. સાપુતારા અને તળેટી વિસ્તારમાં વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાયું હતું.ખેડૂતોના ઊભા પાકને ભારે નુકસાન થયું હતું.

ગુજરાતના ડાંગ જિલ્લાના ગિરિમથક સાપુતારા તેમજ કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. ત્યારબાદ વાદળ ફાટતાં પૂર્ણા નદીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી.જેના કારણે નીચાળવાળા વિસ્તારોમાં પાણી ફરી વળતા સ્થાનિક લોકોના ઘરમાં પાણી ફરી વળતા મુશ્કેલીમાં મુકાયા હતા.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ચાર દિવસમાં ભારે પવન અને કમોસમી વરસાદની આગાહી કરી હતી. ત્યારે શનિવારે સવારે રાજ્યભરના અમુક શહેરોમાં વરસાદ વરસ્યો હતો. ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં આગામી દિવસોમાં વરસાદ વરસવાની શક્યતા છે.જેમાં સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, બોટાદ, ભાવનગર, ગીર સોમનાથ સહિત સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ખેડા, પંચમહાલ, વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. ■

# અમદાવાદમાં નવ લોકોને કચડનાર તથ્ય પટેલના સાત દિવસના જામીન મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઇસ્કોન બ્રિજ પર દોઢેક વર્ષ પહેલા મધરાત્રે બેફામ રીતે જગુઆર કાર ચલાવી ૯ લોકોનો ભોગ લેનાર તથ્ય પટેલના સાત દિવસના જામીન ગુજરાત હાઈ કોર્ટે મંજૂર કર્યા હતા. આ પહેલા પણ તથ્યએ જેલમાંથી બહાર આવવા પણ પ્રયત્નો કર્યો હતો, પરંતુ તે સફળ થયો ન હતો. અંતે તથ્યએ તેની માતાની કરોડરજ્જુની મોટી સર્જરી માટે જામીનની અરજી કરી હતી, જે હાઈ કોર્ટે મંજૂર કરી હતી.

નવ લોકોના જીવ લેનાર આરોપી તથ્ય પટેલે ગુજરાત હાઈ કોર્ટમાં જામીન અરજી કરતા રજૂઆત કરી હતી કે, આગામી ૧૨ મેના રોજ માતાને કરોડરજ્જુની સર્જરી થવાની છે. જે થોડી જોખમી હોવાથી માતાને ૨૫ દિવસ સુધી હૉસ્પિટલમાં રખાશે, જેથી તેમની પાસે રહેવું પડે તેમ છે. જેને ધ્યાને રાખીને ન્યાયાધીશ એમ.આર. મેંગડે માતાની સારવાર માટે એક હેડ કોન્સ્ટેબલ અને બે કોન્સ્ટેબલની નજર હેઠળ સાત દિવસના જામીન મંજૂર કર્યા હતા અને સાત દિવસ પૂર્ણ થતા જ તેને જાતે જ જેલમાં પહોંચવા કોર્ટે આદેશ આપ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક વર્ષ પહેલા તથ્ય પટેલ પોતાના દાદાનું મોત થતા તેમની અંતિમવિધિમાં હાજર રહેલા માટે પોલીસ જાપ્તી સાથે જામીન પર બહાર આવ્યો હતો. જે બાદ તે ઘણા સમયથી જેલમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. આ માટે સુપ્રીમ કોર્ટમાં પણ પહોંચ્યો હતો અને પિતાની બીમારીનું કારણ આપી જામીન માટે અરજી કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે તેની અરજી ફગાવી દીધી હતી. જે બાદ હવે તેણે હાઈ કોર્ટમાં માતાની સર્જરીનું કહી જામીન મેળવ્યા છે. ■

# સૌરાષ્ટ્રમાં ભરઉનાળે ચોમાસા જેવો માહોલ સર્જાયો, જૂનાગઢમાં ભારે પવન અને ગાજવીજ સાથે બે ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના ભાગરૂપે ગત રવિવારથી ગુજરાતના હવામાનમાં પલટો જોવા મળી રહ્યો છે. જે અંતર્ગત છેલ્લા કેટલાક દિવસથી દેશના અલગ-અલગ જિલ્લાઓમાં વરસાદી માહોલ જામી રહ્યો છે. એવામાં શનિવારે પણ સૌરાષ્ટ્રના અલગ-અલગ ભાગોમાં મેઘાવી માહોલ જામ્યો હતો.

સૌરાષ્ટ્રમાં પણ શનિવારે બપોર બાદ કમોસમી વરસાદ ખાબક્યો હતો. રાજકોટ, જૂનાગઢ અને ગીર-સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં તોફાની પવન ફૂંકાવા સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો.

જૂનાગઢ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં માત્ર એક કલાકમાં જ એકથી બે ઈંચ જેટલો મૂશળધાર વરસાદ ખાબકતાં અનેક ઠેકાણે જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ભારે પવનના કારણે ઠેક-ઠેકાણે વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થઈ ગયા હતા. જેના પગલે અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

ભારે વરસાદના પગલે ખેડૂતોના પાકને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું. ખાસ કરીને આંબાવાડીઓમાં તૈયાર થયેલી કેરીઓ ખરી પડવાના કારણે ખેડૂતોને મોટું આર્થિક નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. કપાસ અને અન્ય પાકોને પણ વરસાદના કારણે નુકસાન થયું હોવાનું પ્રાથમિક અહેવાલોમાં જાણવા મળ્યું હતું.

સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નુકસાનીનો તાગ મેળવવા માટે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં હળવા વરસાદની આગાહી કરી છે. ત્યારે ખેડૂતો અને સ્થાનિક લોકોને સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે. વીજળીના થાંભલા અને ધરાશાયી થયેલાં વૃક્ષોથી દૂર રહેવા પણ સૂચના આપવામાં આવી છે. ■

# દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ગાજવીજ સાથે માવઠાની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં હવામાનમાં પલટો આવ્યો છે. ઉનાળામાં પણ વરસાદી માહોલ સર્જાયો છે. સતત કેટલાક દિવસથી ગુજરાતમાં વરસાદી માહોલ સર્જાયેલો રહે છે. આ દરમિયાન હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગ પ્રમાણે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી કરવામાં આવી હતી.

હવામાન વિભાગે ફરી ત્રણ દિવસ માટે વરસાદની આગાહી કરતા જણાવ્યું હતું કે, રાજ્યના દક્ષિણ ગુજરાતના વડોદરા, છોટાઉદેપુર, ભરુચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ અને તાપી, દમણ, દાદરા નગર હવેલીમાં વાવાઝોડાં તેમજ ગાજવીજ સાથે વરસાદ પડશે.

ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ અને મહિસાગમાં ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરી હતી. તેમજ સૌરાષ્ટ્રના રાજકોટ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા દર્શાવી હતી.

હવામાન વિભાગ પ્રમાણે શનિવારના દિવસે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ, આણંદ, જામનગર, સુરેન્દ્રનગર, પોરબંદર, મોરબી, દ્વારકા, બોટાદ અને કચ્છમાં પણ વરસાદ પડવાની શક્યતા છે. ■

# વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર દારૂનો જથ્થો ભરેલું કન્ટેઈનર જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને વડોદરા - અમદાવાદ એક્સપ્રેસ હાઈવે ઉપરથી કૂલર અને કપડાના જથ્થાની આડમાં દારૂનો જથ્થો ભરેલ કુખ્યાત બુટલેગર અલ્પુ સિંધીના કન્ટેનરને ચાલક સાથે ઝડપી પાડી કુલ દારૂ -બિયરના ૯૦૦૩ નંગ સહિત રૂ. ૪૪.૯૭ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી અલ્પુ સહિત અન્ય ચાર શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા હતા.

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, દારૂનો જથ્થો ભરેલ બંધ બોડીનું કન્ટેનર વડોદરાથી અમદાવાદ એક્સપ્રેસ હાઈવે તરફ પસાર થઈ રહ્યું છે. તારીખ ૮ મે ગુરૂવારના રોજ રાત્રે એક્સપ્રેસ હાઈવે પર કન્ટેનર ચાલકને પોલીસ પીછો કરી રહી હોવાની ગંધ આવી જતા પકડાઈ જવાની બીકે કન્ટેનર આંકલવાડી ગામ પાસે હાઈવેની સાઇડમાં ઊભું કરી ગામ તરફ નાસી છૂટવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. આ સમયે પડી જવાથી કન્ટેનર ચાલકને માથાના ભાગે ઇજા પહોંચી હતી. પોલીસની પ્રાથમિક પૂછતાછમાં ચાલક રહમુદ્દીન ખાલિદ મેવ (રહે - તીજરા, અલવર,રાજસ્થાન) હોવાનું બહાર આવ્યું હતું. ઘટના અંગે પોલીસ કંટ્રોલને જાણ કરતા વાસદ પોલીસની હદ હોય વાસદ પોલીસ સ્થળ પર દોડી ગઈ હતી. કન્ટેનરનું સીલ તોડી આગળથી કુલર અને બોક્સ હટાવી જોતા દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

વાસદ પોલીસે દારૂનો જથ્થો ભરી આપનાર અલ્પેશ ઉર્ફે અલ્પુ હરમલદાસ વાઘવાણી (રહે - સંતકવર કોલોની, વારસિયા, વડોદરા), કન્ટેનર માલિક, અલ્પુનો સાગરીત તથા દારૂનો જથ્થો મગાવનાર અજાણ્યા શખ્સ વિરુદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી કન્ટેનર ચાલકની અટકાયત કરી રૂ.૨૯,૪૦,૬૪૦ની કિંમતના દારૂની નાની મોટી બોટલો તથા બિયરના ટીન કુલ નંગ ૯૦૦૩, રૂ.૨૪ હજારની કિંમતના ૮ મોટા કુલર, રૂ. ૨૦ હજારની કિંમતના ૧૦ નાના કુલર, કપડા ભરેલ ૧૪ પુઠ્ઠાના બોક્સ, આરોપી પાસેથી મળી આવેલ રોકડ રૂ.૪,૩૫૦, એક મોબાઈલ ફોન તથા રૂ.૧૫ લાખની કિંમતનું કન્ટેનર સહિત કુલ રૂ. ૪૪,૯૭,૯૯૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# સગીરથી ગર્ભવતી થયેલી સુરતની શિક્ષિકાની ગર્ભપાતની મંજૂરી માટે કોર્ટમાં અરજી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના પુણામાં ૧૩ વર્ષના સગીરનું અપહરણ કરીને ત્રણ દિવસ બાદ પકડાયેલી શિક્ષિકાએ ગર્ભપાત કરાવવા માટે કોર્ટની પરવાનગી માગી છે. શિક્ષિકાએ અરજીમાં જણાવ્યું હતું કે, ૧૩ વર્ષના સગીરના સિમેનથી જો બાળકનો જન્મ થાય તો તે મેડિકલ સાયન્સ પ્રમાણે કુપોષિત થશે. આ ઉપરાંત બાળકના ભરણપોષણ અંગે પણ વિચારવાનો સમય હોવાનું કહીને ગર્ભપાત કરાવવા અરજી કરી છે. આ કેસમાં આગામી સોમવારે આ અરજીની સુનાવણી હાથ ધરાશે. આ કેસની વિગત મુજબ પુણા વિસ્તારમાં રહેતાં ૧૩ વર્ષીય સગીરનું અપહરણ તેને ટ્યૂશન કરાવતી અને ધોરણ ચારમાં વર્ગ શિક્ષિકા રહેલી ૨૩ વર્ષીય યુવતી ભગાવી ગયાની ઘટના બાદ તે પાંચમા દિવસે રાજસ્થાન બોર્ડર પરથી આ સગીર સાથે પકડાઈ હતી. તેની ધરપકડ સાથે પ્રેગ્નેન્સી ટેસ્ટ કરતાં નવો ઘટસ્ફોટ થયો હતો. આ શિક્ષિકાને ૨૦ અઠવાડિયાનો એટલે કે પાંચ મહિનાનો ગર્ભ હોવાનો ખુલાસો થયો હતો.

આ શિક્ષિકા સગીર વિદ્યાર્થીનું ૧૨ વર્ષનો હતો ત્યારથી જ તેની સાથે શારીરિક સંબંધો બાંધતી હોવાનું અને આ વિદ્યાર્થી થકી જ તેને ગર્ભ રહ્યાનું જણાવતાં પોલીસે બંનેના ડી.એન.એ. ટેસ્ટ માટેના સેમ્પલ્સ પણ લીધા હતા. ટોક ઑફ ધ ટાઉન બનેલા આ કિસ્સામાં ગર્ભવતી શિક્ષિકાએ એડવોકેટ વાજીદ શેખ મારફતે ૨૦ અઠવાડિયાના ગર્ભને ગર્ભપાત કરાવવા માટે કોર્ટની પરવાનગી લેવામાં આવી હતી.

જેમાં તેણીએ જણાવ્યું હતું કે, બાળકનો જન્મ થાય તો તે અસામાન્યતાઓથી પીડાશે અને વિકલાંગ થવાની શક્યતા છે. બાળક જન્મશે તો તેનું ભરણપોષણ કોણ કરશે તે એક વિચારવાનો વિષય છે. બાળકના પિતાની ઉંમર માત્ર ૧૩ વર્ષ છે એટલે જન્મ લેવાવાળા બાળકની સ્વીકાર્યતા નથી. મેડિકલ સાયન્સ પ્રમાણે ૧૩ વર્ષિય સગીરના મેલ સિમેનથી બાળક કુપોષિત જન્મી શકે છે. સિવિલ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન ડિલિવરી સમયે બાળક અથવા માતા બંનેમાંથી એકને જ બચાવી શકાય તેવી સ્થિતિ પણ ઊભી થઈ શકે તેથી ગર્ભપાત કરાવવો જરૂરી છે તેમ અરજીમાં જણાવ્યું હતું. આ અરજીની વધુ સુનાવણી આગામી તારીખ ૧૨મી મેને સોમવારે હાથ ધરવામાં આવશે.■

# સુરતમાં ગુજસીટોકના આરોપીનું રિકન્સ્ટ્રક્શનઃ ઘરનું સર્ચ કરતા પોલીસને ૨૩ જીવતાં કારતૂસ અને એક મૅગઝિન મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ગુજસીટોકના આરોપીનું રિકન્સ્ટ્રક્શન કરાયું હતું, જેમાં સજ્જુ કોઠારી અને તેના ભાઈનું પોલીસે રિકન્સ્ટ્રક્શન કર્યું હતું અને તેમના ઘરમાં સર્ચ ઓપરેશન પણ હાથ ધર્યું હતું, ઘરનું સર્ચ કરતા પોલીસને ૨૩ જીવતા કારતૂસ અને ૧ મેગઝીન મળી આવ્યા હતા, જે વોશિંગ મશીનમાં છુપાવ્યા હતા. કારતૂસ અને મેગઝિન તો પોલીસે તેનો પણ અલગથી ગુનો નોંધ્યો હતો.

સુરતમાં માથાભારે આરોપી સજ્જુ કોઠારી પર ૩૫ થી વધુ ગુના દાખલ છે, બે વાર ગુજસીટોકના ગુના દાખલ કરવામાં આવ્યા છે.

પોલીસે સજ્જુ અને તેના ભાઈની ધરપકડ કરી હતી, સજ્જુ કોઠારી અને તેના ભાઈનું પોલીસે રિકન્સ્ટ્રક્શન કરી પંચનામું કર્યુ હતું, આટલી મોટી માત્રામાં મેગઝિન અને કારતૂસ મળી આવતા પોલીસ પણ ચોંકી ઊઠી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સજ્જુ કોઠારીએ ખંડણી, હત્યા વગેરે ગુના કરી રૂપિયા ભેગા કર્યા છે. આઈટી વિભાગ બેનામી ઍક્ટ હેઠળ કાર્યવાહી કરી શકે છે, જેમાં માથાભારે સજ્જુ કોઠારીની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

ઈડી બાદ હવે આવકવેરા વિભાગની એન્ટ્રી થઇ છે. તેમાં કેટલી મિલકત બેનામી હેઠળ આવે છે તેની તપાસનો ધમધમાટ શરૂ થયો છે. આઈટીએ ૩૧ મિલકતનાં નાણાં ક્યાથી આવ્યા તેની તપાસ શરૂ કરી છે. માથાભારે સજ્જુ કોઠારીની ઈડીએ ૩૧ મિલકત જપ્ત કરી હતી. ■

# અમદાવાદના ચંડોળા તળાવમાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોને ઈડબ્લ્યુએસ આવાસ ફાળવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના દાણીલીમડા વોર્ડમાં આવેલા ચંડોળા તળાવની જગ્યાનું હાલમાં કોની પાસે પઝેશન છે એનો મ્યુનિ.તંત્રના અધિકારીઓ જવાબ આપતા નથી. તળાવની જગ્યામાં ૧૦ હજાર કાચા-પાકા ગેરકાયદે દબાણ યથાવત્ છે. ૨.૫૦ લાખ ચોરસમીટર જગ્યામાં દબાણ હટાવવાની કામગીરી કરવાની બાકી છે. આમ છતાં તળાવની જગ્યામાં રહેતા બાંગ્લાદેશી સિવાયના લોકોનો સર્વે કરી ઈ.ડબ્લ્યુ. એસ. યોજના હેઠળ ૧ ડિસેમ્બર-૨૦૧૦ પહેલાથી રહેતા હોવાના પુરાવા રજૂ કરનારાને આવાસ ફાળવવા સ્ટેન્ડિંગ કમિટીમાં તાકીદની દરખાસ્ત મંજૂર કરાઈ હતી. તળાવની જગ્યામાં બાકી રહેતા દબાણ દૂર કરવાની કામગીરી ટૂંક સમયમાં શરુ કરાશે એમ જાણવા મળ્યું હતું.

૧૧ લાખ ચોરસમીટર વિસ્તારમાં ફેલાયેલા ચંડોળા તળાવની જગ્યામાં અંદાજે ચાર લાખ ચોરસમીટર જગ્યામાં ગેરકાયદેસર કાચા-પાકા બાંધકામ અને દબાણ કરાયા હતા. આ પૈકી ૧.૫૦ લાખ ચોરસમીટર જગ્યા ખુલ્લી કરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કામગીરી આટોપી લેવામાં આવી હતી. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(એસ્ટેટ) રિદ્ધેશ રાવલે જણાવ્યું હતું, તંત્ર દ્વારા કરવામાં આવેલા ડ્રોન સર્વેમાં હજુ ૨.૫૦ લાખ ચોરસમીટર જગ્યામાં કામગીરી કરવાની બાકી છે.

અગાઉ ડિમોલિશનની કામગીરી સમયે ચાર હજાર કાચા-પાકા બાંધકામના ગેરકાયદે દબાણ દુર કરાયા હતા. એક અંદાજ મુજબ ૧૫ હજાર લોકો તળાવની જગ્યામાં વસવાટ કરે છે. વર્ષ-૨૦૧૫માં અમદાવાદ કલેકટર દ્વારા તળાવની જગ્યામાં કરાયેલા સર્વેમાં ૮૫૦૦ લોકો વસવાટ કરતા હતા.તળાવની જગ્યાનું પઝેશન હાલમાં કોની પાસે છે એ અંગે તેઓએ જવાબ આપવાનું ટાળ્યું હતું. તળાવની ચોકકસ કેટલી જગ્યા છે એ જાણવા કલેકટર કચેરી અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડીમાર્કેશનની કામગીરી શરુ કરવામાં આવી છે.

ચંડોળા તળાવની જગ્યામાં હાલમાં ગેરકાયદે રહેતા લોકોને સ્વૈચ્છિક રીતે ઘરવખરી, માલસામાન લઈ જઈ સ્વૈચ્છાએ મકાન ખાલી કરવા મ્યુનિ.તંત્રે સૂચના આપવી શરૂ કરી છે. તળાવની જગ્યામાં ગેરકાયદે રહેતા લોકો બાંગ્લાદેશી છે કે આ અંગે જાણવા પોલીસ વેરિફિકેશન તેમજ સર્વે કરાવાશે. ■

# ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામની જાહેરાત બાદ જામનગરમાં બ્લેકઆઉટ રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લા કેટલાક દિવસો સુધી તંગ પરિસ્થિતિ સર્જાઈ હતી. જેના પગલે જામનગરમાં ૧૦ મે, ૨૦૨૫ શનિવારની રાત્રિના રોજ બ્લેકઆઉટ જાહેર કરાયું હતું.

જો કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ જાહેર થતાં જામનગર જિલ્લામાં જાહેર કરાયેલા બ્લેકઆઉટને રદ કરવામાં આવ્યું હતું. આ અંગે જામનગરના કલેક્ટર કેતન ઠક્કરે જણાવ્યું હતું કે, નવી માહિતી મળી છે તે મુજબ હવે અગાઉ જાહેર કરાયેલી આજે રાત્રે ૮ કલાકથી આવતીકાલે સવારે છ વાગ્યા સુધીના બ્લેકઆઉટની સૂચનાને રદ કરવામાં આવે છે. આમ છતાં જામનગરના લોકોને સાવચેત રહેવા અને સહાય માટે જિલ્લા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા સૂચના આપવામાં આવે છે. ■

# સુરત ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા, પાંડેસરામાં ₹ ૫૯.૫૫ લાખના ગાંજા સાથે બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે પાંડેસરા વિસ્તારમાંથી ૫૯.૫૫ લાખની કિંમતના ૧ કિલો ૯૮૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત પોલીસે બે આરોપીને પણ ઝડપી પાડ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરત ક્રાઈમ બ્રાંચની ટીમે પાંડેસરા એલઆઈજી ગુજરાત હાઉસિંગ આવાસ બિલ્ડિંગ નંબર એલઆઈજી-૪૩૨ બી/૨૨૨ના ધાબા ઉપર જાહેરમાંથી પ્રતિબંધિત હાઈબ્રીડ ગાંજો લઈને આવનાર આદિત્ય ઉર્ફે આદી યોગેન્દ્રસિંગ તથા પીયુષ ઉર્ફે કલ્લુ ઉર્ફે શ્રેયાંસ ગુલાબ પટેલને ઝડપી પાડ્યા હતા. પોલીસે ૫૯.૫૫ લાખની કિંમતનો ૧ કિલો ૯૮૫ ગ્રામ હાઈબ્રીડ ગાંજાનો જથ્થો, એક મોબાઈલ ફોન, રોકડા રૂપિયા ૪૦૦ મળી કુલ ૫૯,૭૦,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સમગ્ર મામલે ડીસીબી પોલીસે એનડીપીએસ ઍક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે ડીસીપી ભાવેશ રોજીયાએ જણાવ્યું હતું કે બંને આરોપીઓના કબ્જામાંથી મળી આવેલા હાઈબ્રીડ ગાંજાનો જથ્થો ક્યાંથી અને કોની પાસેથી લાવ્યા હતા તેમ જ કોને વેચાણથી આપવાના હતા તે અંગેની તપાસ ચાલુ છે. પકડાયેલા આરોપીઓનો કોઈ ગુનાહિત ઈતિહાસ મળી આવ્યો નથી આ મામલે હાલ વધુ તપાસ ચાલુ છે. ■

# ગુજરાતની ચાર રામસર સાઈટમાં ૧૪.૨૦ લાખથી વધુ યાયાવર પક્ષીઓ મહેમાન બન્યા

અમદાવાદઃ ગુજરાત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે ૧૦ મેના રોજ ‘વિશ્વ સ્થળાંતર-યાયાવર પક્ષી’ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, આ વર્ષે ‘પક્ષી-મૈત્રીપૂર્ણ શહેરો અને સમુદાયોનું નિર્માણ’ નક્કી કરવામાં આવ્યું છે. છેલ્લા બે વર્ષમાં રાજ્યની ચાર ‘રામસર સાઈટ’ વિસ્તારમાં લગભગ ૧૪.૨૦ લાખથી વધુ યાયાવર પક્ષીઓ ગુજરાતના મહેમાન બન્યાં હતાં. વન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પક્ષી અભ્યારણ્યમાં ગુજરાતને સૌ પ્રથમ પસંદગીનું સુરક્ષિત અને મૈત્રીપૂર્ણનું રાજ્ય બન્યું છે. જે ગુજરાત માટે ગૌરવની વાત છે.

અમદાવાદના નળ સરોવરમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૭૬ પ્રજાતિઓના સૌથી વધુ કુલ ૬.૯૧ લાખથી વધુ યાયાવર પક્ષીઓ નળસરોવરની મુલાકાતે આવ્યાં હતાં. આ પક્ષીઓમાં મુખ્યત્વે સોવલર, પિન્ટેલ, ગોડવિટ, ગુઝ, પેલિકન, ફ્લેમિંગો, ગર્ગીની, પોચારડ, ઇગલ, ક્રેન, વેડર્સ, સ્ટ્રોક, કૂટ, સ્પૂન બિલ, ઇગ્રેટની વગેરેના પ્રજાતિઓના પક્ષીઓ જોવા મળ્યા હતા. નળ સરોવરને વર્ષ ૧૯૬૯માં પક્ષી અભયારણ્યનો અને વર્ષ ૨૦૧૨માં ‘રામસર સાઇટ’નો દરજ્જો આપવામાં આવ્યો હતો. નળ સરોવરમાં કુલ ૩૨૮ કરતા વધારે પક્ષીઓની જાતો નોંધવામાં આવી હતી. વન વિભાગ દ્વારા દર બે વર્ષે પક્ષીઓની અંદાજિત ગણતરી કરવામાં આવતી હોય છે.

આ સિવાય જામનગર જિલ્લામાં આવેલા મરીન નેશનલ પાર્ક-ખીજડીયા પણ પક્ષી અભયારણ્ય માટે ખાસ જાણીતું છે. દર વર્ષે શિયાળામાં અહીં પણ અલગ-અલગ જાતીના પક્ષીઓ આવતાં હોય છે. ખીજડીયા પક્ષી અભયારણ્યમાં પાણી પર, જમીન પર, ઝાડ પર, કાદવ કીચડ, શિકારી તથા લાંબા પગ પગવાળા વગેરે પક્ષીઓ જોવા મળે છે. ખીજડીયા પક્ષી અભયારણ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩૧૪ જેટલી પક્ષીની પ્રજાતિઓ જોવાં મળી છે. જેમાં ૧૭૦ જેટલાં યાયાવર પક્ષીઓ જેવા કે સાઈબેરીયા, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, મોંગોલીયા, ઈરાક, ઇરાન, યુરોપ, સાઉથ અમેરિકા વગેરે જેવા દેશોમાંથી આવીને ખીજડીયાના મહેમાન બની અભયારણ્યની શાનમાં વધારો કરતા હોય છે. આ અભયારણ્યને વર્ષ ૨૦૨૧માં ‘રામસર સાઈટ’નો દરજ્જો આપવામાં આવ્યો હતો. વઢવાણા સરોવરને વર્ષ ૨૦૨૧માં ‘રામસર સાઈટ’નો દરજ્જો આપવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૬૭ પ્રજાતિઓના કુલ ૫૮,૧૩૮ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૪૫ પ્રજાતિઓના ૫૪,૧૬૯ યાયાવર પક્ષીઓએ વઢવાણા સરોવરની મુલાકાત લીધી હતી. જેમાં મુખ્યત્વે નોર્ધન પીન ટેઈલ, કોમન ટીલ, રૂડી શેલડક, ગ્રે લેગ ગ્રીમ, સ્પુન બિલ્સ, પોન્ડ હેરોન, ગ્રેટર હેરોન, કોરમોરન્ટ, ડાર્ટર, સ્પોટ બીલ ડક, બ્લેક ટેલ ગોડબીટ, વેઈન્ટેડ સ્ટોર્ક, નોર્ધન શોવેલર, કુટ, બ્લેક વિન્મડ સ્ટીલ્ટ, રોસી સ્ટાર્લીંગ જેવા પક્ષીઓનો સમાવેશ થાય છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# હવે ડમ્પિંગ ટ્રકમાંથી કચરો બહાર પડશે નહીં: આવી રહ્યાં છે આધુનિક વાહનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (ઘનકચરા વ્યવસ્થાપન)ની ગુણવત્તા વધારવા તરફ એક મોટું પગલું ભરતા મુંબઈ મહાનગરપાલિકાએ સર્વિસ બેઝ્ડ કૉન્ટ્રેક્ટ સિસ્ટમનો પ્રસ્તાવ મૂક્યો છે. આ પહેલ હેઠળ અમુક વોર્ડને બાદ કરતા સમગ્ર મુંબઈમાં હવે કચરો ઉપાડવાની ગાડીથી લઈને કચરો ભેગો કરીને તેને ડમ્પિંગ ગ્રાઉન્ડ સુધી ઠાલવવાનું કામ કૉન્ટ્રેક્ટરનું રહેશે. તેમ જ કચરો ભેગો કરવા માટે ઉચ્ચ ક્ષમતાના આકર્ષક દેખાય એવી ડિઝાઈન કરેલા વાહનો ઉપયોગ કરવામાં આવશે, જેમાં કુલ વાહનોમાંથી ૧૦થી ૧૫ ટકા વાહનો ઈલેક્ટ્રિક હશે. કચરો ઉપાડનારા આ વાહનો બંધ હશે, જેથી રસ્તાઓ પર કચરો ઢોળાય નહીં અને કચરાની દુર્ગંધ ફેલાય નહીં. તેમ જ કચરા સંબંધી ફરિયાદ કરવા હવે નાગરિકો માટે અલાયદો કોલ સેન્ટર પણ ચાલુ કરવામાં આવવાનો છે.

એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ જણાવ્યું હતું કે ઘનકચરા વ્યવસ્થાપન સેવા વધુ પ્રભાવી રીતે અને ગુણવત્તાપૂર્ણ કરવા પર ભાર આપવામાં આવવાનો છે, જેમાં કચરો ઉપાડવા માટે નવા વાહનો પરંપરાગત જૂના વાહનો ભાડા પર લેવાની સરખામણીમાં પચીસ ટકા ખર્ચ ઘટાડશે. મુંબઈમાં હાલમાં દરરોજ લગભગ ૭,૨૦૦થી ૭,૩૦૦ ટન કચરો નીકળે છે, જેના માટે ૧,૩૩૪થી વધુ વાહનોની આવશ્યકતા છે. આ વાહનો પાલિકાની માલિકીના સાથે જ કૉન્ટ્રેક્ટર પાસેથી લીધેલા વાહનોનો સમાવેશ થાય છે.

એડિશનલ કમિશનરના જણાવ્યા મુજબ મુંબઈના ૨૪ પ્રશાસકીય વોર્ડને ૧૪ના ગ્રૂપમાં વહેંચી નાખીને કૉન્ટ્રેક્ટરને નીમવામાં આવ્યો છે. આ કૉન્ટ્રેક્ટર સર્વિસ બેઝ્ડ (સેવા આધારિત) અને હાયરિંગ બેસ્ડ (ભાડા પર) પર સેવા આપશે, જેમાં સર્વિસ બેઝ્ડ કચરો ભેગો કરીને તેને ડમ્પિંગ ગ્રાઉન્ડ સુધી લાગનારી તમામ યંત્રણા કૉન્ટ્રેક્ટરની હશે. તો હાયરિંગ બેઝ્ડમાં ફક્ત વાહનો કૉન્ટ્રેક્ટરના હશે અને બાકીની તમામ યંત્રણા પાલિકાની હશે. હાયરિંગ બેઝ્ડ કૉન્ટ્રેક્ટરની સરખામણીમાં સર્વિસ બેઝ્ડ કૉન્ટ્રેક્ટમાં લગભગ પચીસ ટકા ખર્ચ ઓછો આવે છે, જે આર્થિક રીતે પરવડશે. આ સેવા પાલિકાના એલ વોર્ડ (કુર્લા), એમ (પૂર્વ) ગોવંડી અને એમ (પશ્ચિમ) ચેમ્બુરને બાકત કરતા તમામ મુંબઈમાં અમલમાં મૂકવામાં આવશે.

નવી સિસ્ટમ અમલમાં મૂકવાની સાથે જ કચરો ભેગો કરવા માટે પણ હવે નવી બંધ ગાડીનો ઉપયોગ કરશે. જેને કારણે રસ્તા પર કચરાનું ગંદું પાણી ઢોળાશે નહીં અને આ પાણીનો સંગ્રહ કચરાની ગાડીમાં થશે અને ડમ્પિંગ ગ્રાઉન્ડમાં આ પાણીનો ઉપયોગ વૈજ્ઞાનિક પદ્ધતિએ કરવામાં આવશે. તેમ જ ગાડીમાં કચરો જમા કરવામાં આવશે તે ડબ્બો પણ બંધ હશે તેથી ગાડી રસ્તા પરથી પસાર થાય ત્યારે તેમાંથી દુર્ગંધ પણ ફેલાશે નહીં. આમાંથી ૧૦થી ૧૫ ટકા વાહનો ઈલેક્ટ્રિક સ્વરૂપના હશે.

એ સાથે જ હવેથી મુંબઈમાં લગભગ ૨,૮૦૦ કિલોમીટર લંબાઈના રસ્તાની દિવસમાં બે વખત સફાઈ કરવાનો પણ પાલિકાએ નિર્ણય લીધો છે. અત્યાર સુધી મુંબઈમાં ફક્ત દક્ષિણ મુંબઈના વીઆઈપી રસ્તાઓની જ સફાઈ બે વખત થતી હતી પણ હવેથી તમામ રસ્તોની બે શિફ્ટમાં સફાઈ થશે. ■

# ઉદ્ધવના નેતૃત્વ હેઠળની સેના ક્યારેય સમાધાન નથી કરતી, લડવામાં માને છેઃ સંજય રાઉત

મુંબઈ: એનસીપી (એસપી)નું અજિત પવારના નેતૃત્વ હેઠળની એનસીપીમાં વિલિનીકરણ કરવાની ચાલી રહેલી હિલચાલ પર શરદ પવારના નેતૃત્વ હેઠળની પાર્ટીની ટીકા કરતાં શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે જણાવ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની સેના ક્યારેય પોતાના વલણ પર સમાધાન કરતી નથી, તે લડી લેવામાં માને છે.

શિવસેના યુબીટીના નેતાઓ પાસે સહકારી સાકર કારખાનાની કે પછી શિક્ષણ સંસ્થાનોની માલિકી નથી, જેનાથી એનસીપી અને એનસીપી (એસપી)ના નેતાઓને પ્લેટફોર્મ મળે છે, એમ રાઉતે કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવાર, પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ સુપ્રિયા સુળે, નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર જેઓ એનસીપીના અધ્યક્ષ છે અને બંને જૂથોના અનેક નેતાઓએ રયત શિક્ષણ સંસ્થાની એક બેઠકમાં હાજરી આપી હતી. રયત શિક્ષણ સંસ્થાની માલિકી શરદ પવારની છે.

તેઓ (શરદ પવાર અને અજિત પવાર) સાથે જ છે. તેઓ અમારા જેવા નથી. અમારી આત્મસન્માનની સ્થિતિ અમારી પાર્ટીમાં ભંગાણ પાડનારા, સરકારનું પતન કરાવનારા, સત્તા અને નાણાંનો દુરપયોગ કરીને મહારાષ્ટ્રની પીઠમાં ખંજર ભોંકનારા સાથે હાથ મિલાવવામાં નથી, એમ સંજય રાઉતે કહ્યું હતું.

તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે ભાજપે નાયબ મુખ્ય પ્રધાનો એકનાથ શિંદે અને અજિત પવારને પોતપોતાની પાર્ટીમાં બળવો કરવા માટે પીઠબળ આપ્યું હતું.

તેમણે કહ્યું હતું કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળની મૂળ શિવસેના અત્યંત સ્પષ્ટ છે કે કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરીને વિપક્ષને ધમકાવનારાઓથી દૂર રહેવું.

અમે લડનારા લોકો છીએ, સમાધાન કરનારા લોકો નથી.

કેટલીક પાર્ટીઓ ઘણી વધુ ઉદારવાદી છે અને કહે છે કે પાર્ટીના કાર્યકર્તાઓને પૂછીને (વિલિનીકરણ કરવું કે નહીં)નો નિર્ણય લેવામાં આવશે, એમ રાઉતે કહ્યું હતું.

જોકે તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે તેમને શરદ પવાર સામે કોઈ ફરિયાદ નથી. ■

## બંને જૂથો સાથે આવે તો આનંદ: એનસીપી (એસપી)ના વિધાનસભ્ય

શરદ પવાર અને અજિત પવારની પાર્ટી અત્યારે રાજ્યમાં અલગ અલગ ભૂમિકામાં છે, પરંતુ આ બંને પક્ષોના વિલિનીકરણના પ્રયાસો ચાલી રહ્યા છે અને બંનેનું વિલીનીકરણ થાય તો આનંદ થશે એમ માઢાના વિધાનસભ્ય અભિજીત પાટીલે કહ્યું છે.

તેમણે કહ્યું હતું કે જયંત પાટીલ સાથે આ મુદ્દે ચર્ચા થઈ છે અને સંસદસભ્ય સુપ્રિયા સુળે સાથે અછડતી ચર્ચા થઈ છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અમારા મતદારસંઘના કામ માટે સકારાત્મક સંકેત આપી રહ્યા છે.

તેઓ અમારા કામમાં અવરોધ ઊભા કરતા નથી. આપણે પણ આવું જ સકારાત્મક વલણ અપનાવવું જોઈએ એમ સિનિયરોને કહ્યું છે. યુદ્ધ જેવી સ્થિતિ છે તે શાંત થયા બાદ વિધાનસભ્યોની બેઠકમાં આ અંગે નિર્ણય થઈ શકે છે, એમ અભિજીત પાટીલે કહ્યું હતું.

### કૅફે માલિકની ગોળી મારી હત્યા

# હિરણવાર ગૅન્ગના પાંચ પકડાયા

નાગપુર: પોતાના કૅફેની બહાર મૅનેજર સાથે ચર્ચા કરતા આઈસક્રીમ ખાઈ રહેલા કૅફે માલિકની અંધાધૂંધ ગોળીબાર કરી હત્યા કરવાના કેસમાં નાગપુર ક્રાઈમ બ્રાન્ચે કુખ્યાત હિરણવાર ગૅન્ગના પાંચ સભ્યની ધરપકડ કરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ ૧૫ એપ્રિલની રાતે કૅફેના માલિક અવિનાશ ભુસારીની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે શૈલેષ ઉર્ફે બંટી હિરણવાર (૩૧), અંકિત હિરણવાર (૨૧), આદર્શ ઉર્ફે ગોટ્યા વાલકર (૨૦), શિબ્બુ રાજેશ યાદવ (૨૦) અને રોહિલ ઉર્ફે ભિકુ મેશ્રામ (૨૦)ની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપી નાગપુરના કાચિપુરા વિસ્તારના રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) રાહુલ માકનિકરે જણાવ્યું હતું કે ૧૪ એપ્રિલે આંબેડકર જયંતીના સરઘસ વખતે વિરોધી ટોળકીના બેમાંથી એક સભ્યને ગોળીએ દઈ દંગલનો માહોલ ઊભો કરવાની યોજના હિરણવાર ગૅન્ગે બનાવી હતી. આ માટે બે ટાર્ગેટ પણ નક્કી કરાયા હતા, પરંતુ સરઘસમાં બન્નેમાંથી એકેય સામેલ ન થયાં કાવતરાને અંજામ આપી શકાયો નહોતો.

આખરે બીજે દિવસે ગૅન્ગના સભ્યોએ ગોકુળપેઠ વિસ્તારમાં કૅફે બહાર ભુસારી પર હુમલો કરવામાં આવ્યો હતો. ભુસારી તેના કૅફેની બહાર મૅનેજર સાથે આઈસક્રીમ ખાતો ચર્ચા કરી રહ્યો હતો ત્યારે બે બાઈક પર હુમલાખોર આવ્યા હતા. પિસ્તોલમાંથી પાંચ રાઉન્ડ ભુસારી પર ફાયર કરવામાં આવ્યા હતા, જેમાં ઘટનાસ્થળે જ તેનું મોત નીપજ્યું હતું.

પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓની શોધ માટે સ્પેશિયલ ટીમો બનાવવામાં આવી હતી. ભોપાલ, કોલકતા, વિશાખાપટ્ટનમ, તિરુપતિ અને ગોંદિયામાં સર્ચ ઑપરેશન હાથ ધરાયું હતું. આરોપીઓ તેમનું લૉકેશન પોલીસને ન મળે તે માટે વારંવાર મોબાઈલ ફોન અને સિમ કાર્ડ બદલતા હતા. પોલીસે અમુક આરોપીને નવેગાંવ બંધ રેલવે સ્ટેશન અને અન્યોને ગોંદિયા બસ સ્ટેશન ખાતેથી પકડી પાડ્યા હતા. આ કેસમાં વધુ છ આરોપીની પોલીસ શોધ ચલાવી રહી છે.

હુમલા માટે ગૅન્ગે ત્રણ પિસ્તોલ ખરીદી હતી. ગોળીબારમાં ઉપયોગમાં લેવાયેલી પિસ્તોલ હસ્તગત કરવા પોલીસ આરોપીઓની પૂછપરછ કરી રહી છે. (પીટીઆઈ) ■

# સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ એક્સટેન્શન તૈયાર, ટ્રાફિક હળવો તો થશે જ પણ...

## પ્રોજેક્ટમાંની ખામીને લીધે ભાવિ પડકારો સામે નિષ્ણાતોનું ચેતવણીનું લાલ સિગ્નલ

મુંબઈ: મુંબઈનો પહેલો ડબલ-ડેકર ફ્લાયઓવર સાન્તાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ (એસસીએલઆર) ૨૦૧૪ માં ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પશ્ચિમમાં કાપડિયા નગરને પૂર્વીય એક્સપ્રેસ હાઇવે પર અમર મહેલ જંકશન સાથે જોડતો આ લિંક રોડ શહેરના ઉપનગરો વચ્ચે ઝડપી મુસાફરી કરી શકાય તે રીતે ડિઝાઇન કરવામાં આવ્યો હતો. પરંતુ, પ્રોજેક્ટમાં રહેલી ખામીઓને કારણે વિવિધ જંકશન પર, ખાસ કરીને વાકોલા વિસ્તારની આસપાસ, ટ્રાફિક જામની સમસ્યા વધુ વકરી હતી .

આ ખામીઓને ધ્યાનમાં રાખીને, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટીએ મૂળ માર્ગમાં આવતી અડચણોને દૂર કરવા માટે એસસીએલઆરનો વિસ્તાર કરવાનો નિર્ણય લીધો હતો. આ વિસ્તરણનું બાંધકામ ૨૦૧૬ માં શરૂ થયું હતું, પરંતુ ,સંરક્ષણ જમીન સંપાદન અને સંરક્ષણ મંત્રાલય સાથે વળતર અંગે પાલિકા સાથેની વાટાઘાટોને કારણે, પ્રોજેક્ટમાં વિલંબ થયો હતો. આ અડચણો છતાં, વિસ્તરણ હાથ ધરવામાં આવ્યું હતું, અને નોંધપાત્ર ભાગ પહેલાથી જ પૂર્ણ થઈ ગયો છે. જ્યારે એસસીએલઆરના વિસ્તરણથી રાહત મળવાની અપેક્ષા છે, ત્યારે વિવેક પાઈ જેવા પરિવહન નિષ્ણાતો ચેતવણી આપે છે કે મુંબઈના રસ્તાઓ પર વાહનોની સંખ્યામાં ઝડપી વધારો લાંબા ગાળે ફાયદાને બદલે નુકસાન કરી શકે છે. પાઈની દલીલ છે કે વાહન માલિકી અંગેના નિયમો વિના, આવા માળખાગત પ્રોજેક્ટ્સ ફક્ત કામચલાઉ ઉકેલો છે, જેના કારણે વધુ કાર રસ્તાઓ પર ઉતરી જતાં વધુ ભીડ થશે. ''ફ્લાયઓવર, એલિવેટેડ રોડ અને ડબલ-ડેક બ્રિજના નિર્માણથી ટ્રાફિક સમસ્યાનો ઉકેલ આવશે નહીં. જીકછ એક્સટેન્શન પ્રોજેક્ટ પણ હાલના જીકછ પ્રોજેક્ટની જેમ એક દાયકા પછી વધતા ટ્રાફિકને પહોંચી વળવા માટે અસમર્થ રહેશે. આગામી ગોરેગાંવ મુલુંડ લિંક રોડ પણ પૂર્વ અને પશ્ચિમને જોડવાનો છે. આમ, અનેક રસ્તાઓ હોવા છતાં, ટ્રાફિક સમસ્યા વધુ ખરાબ થઈ રહી છે અને તેથી વાહન માલિકી પરના નિયમો જરૂરી છે,'' પાઈએ જણાવ્યું. આ વિસ્તરણ મુસાફરોને પશ્ચિમ અને પૂર્વીય એક્સપ્રેસ હાઇવે વચ્ચે સીધી કનેક્ટિવિટી પૂરી પાડતા મુસાફરીનો સમય નોંધપાત્ર રીતે ઘટશે અને વાકોલા જંક્શન જેવા ગીચ વિસ્તારોમાં રાહત થશે. આ મહત્વપૂર્ણ માળખાગત સુવિધાઓના અપગ્રેડથી હજારો દૈનિક મુસાફરોને ફાયદો થવાની અપેક્ષા છે, જેનાથી શહેરના મુખ્ય વ્યવસાય અને રહેણાંક કેન્દ્રો સુધી પહોંચવું સરળ થશે. એકવાર ખુલી ગયા પછી, તે પૂર્વીય અને પશ્ચિમી એક્સપ્રેસ હાઇવે વચ્ચેનો મુસાફરીનો સમય લગભગ ૪૫ મિનિટ ઘટાડશે. ■

# મહારાષ્ટ્રમાં સાયબર સુરક્ષા માટે દેશમાં સૌથી અદ્યતન સુવિધાઓ છેઃ ફડણવીસ

મુંબઈ: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે જણાવ્યું હતું કે રાજ્યમાં સાયબર સુરક્ષા માટે દેશની સૌથી અદ્યતન સુવિધાઓ છે અને ઓનલાઈન ગુનાઓ સામે નાગરિકોમાં જાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

ફડણવીસ મહારાષ્ટ્ર સાયબરના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ચેટબોટ અને સાયબર જાગૃતિ દસ્તાવેજી ફિલ્મના લોન્ચિંગ પ્રસંગે બોલી રહ્યા હતા.

મહારાષ્ટ્ર સાયબર રાજ્ય પોલીસ દળ હેઠળની સાયબર ક્રાઇમ ડિટેક્શન એજન્સી છે. તે રાજ્યમાં સાયબર ગુના તપાસ અને સાયબર સુરક્ષા જાળવણી માટે નોડલ ઓફિસ તરીકે સેવા આપે છે.

'મહારાષ્ટ્રમાં સાયબર સુરક્ષા માટે દેશમાં સૌથી અદ્યતન સુવિધાઓ છે. આ (ચેટબોટ અને દસ્તાવેજી) દ્વારા લોકોને સાયબર ગુનાઓ અને માનવ તસ્કરીથી બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે,' એમ ફડણવીસે જણાવ્યું હતું.

આ પ્રસંગે સાયબર સુરક્ષા પર એક દસ્તાવેજી ફિલ્મ બતાવવામાં આવી હતી. અભિનેતા શરદ કેળકર અને અભિનેત્રી અમીષા પટેલ મરાઠી અને હિન્દીમાં આ દસ્તાવેજી ફિલ્મનો ભાગ છે.

મહારાષ્ટ્ર સાયબરનું ચેટબોટ '૧૯૪૫' હેલ્પલાઇન સાથે જોડાયેલ છે. સાયબર ગુના અને ફરિયાદ કેવી રીતે નોંધાવવી તે અંગેની માહિતી આ ચેટબોટમાં ઉપલબ્ધ થશે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે, સાયબર છેતરપિંડી સંબંધિત મોટી સંખ્યામાં કોલ આવે છે અને તે બધાને સાવધાની સાથે જવાબ આપવો જરૂરી છે.

'તેથી ચેટબોટ્સ અને ડોક્યુમેન્ટ્રી ફિલ્મ આવા કોલનો જવાબ આપવા અને નાગરિકોને માહિતી પૂરી પાડવા માટે લાભદાયક છે. સાયબર ગુનાઓ બનતા પહેલા તેને રોકવા માટે જાગૃતિ જરૂરી છે. આવા કાર્યમાં શરદ કેળકર અને અભિનેત્રી અમીષા પટેલ જેવા કલાકારોની ભાગીદારી નાગરિકોને સારો સંદેશ આપશે,' એમ તેમણે ઉમેર્યું હતું.

રોજગાર આપવાના બહાને લોકોને વિદેશ લઈ જવા અને ત્યાં વેચવા જેવી ઘટનાઓને રોકવા માટે ભવિષ્યમાં જનજાગૃતિ પણ ઉભી કરવી જોઈએ, એમ પણ તેમણે કહ્યું હતું.

માનવ તસ્કરી જેવા અમાનવીય સ્વરૂપોને રોકવા માટે મહારાષ્ટ્ર સાયબરે જનજાગૃતિ પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ, એમ તેમણે કહ્યું હતું. 'મને આ પહેલનો ભાગ બનવાનો આનંદ છે અને આનાથી મોટા પાયે જાગૃતિ આવશે. મહારાષ્ટ્ર સાયબર દ્વારા શરૂ કરાયેલ સાયબર સુરક્ષા હેલ્પલાઇન નંબર વર્તમાન સમયમાં ઉપયોગી છે,' એમ તેમણે કહ્યું હતું. ■

બારમાં પાનાનું ચાલુ

## લાડકી બહેન કૌભાંડ

વકીલ સૈયદ ખાનની પત્નીને જાણવા મળ્યું હતું કે લાડકી બહેન યોજના માટે ખાતું ખોલવામાં આવ્યા બાદ ૧,૫૦૦ રૂપિયા મળે છે. આથી ખાનની પત્ની અવિનાશ કાંબળેનો સંપર્ક કરતાં તેને નવું સિમકાર્ડ વાપરીને બૅંક ખાતું ખોલવાનું કહેવામાં આવ્યું હતું. ઉપરાંત આધાર કાર્ડ અને પેનકાર્ડ રજૂ કરવાનું કહેવાયું હતું. ખાન તેની પત્ની સાથે બૅંકમાં ગયો અને ખાતું ખોલાવ્યું હતું. આ માટે તેમને ૧,૦૦૦ રૂપિયા પણ અપાયા હતા. બાદમાં અન્ય કેટલાક લોકોને બૅંક ખાતું ખોલવામાં મદદ કરવા માટે અવિનાશનો સંપર્ક કરાયો હતો, પણ અવિનાશ પર શંકા જતાં પોલીસને જાણ કરાઇ હતી.

પોલીસે બાદમાં અવિનાશ અમૃત કાંબળેને તાબામાં લીધો હતો. તેને એક બૅંક ખાતું ખોલવા માટે ચાર હજાર રૂપિયા મળતા હતા. આ પ્રકરણે તપાસ કરીને પોલીસે ગુનામાં સામેલ શ્રુતિ રાઉત અને ફાલ્ગુનીની પણ બાદમાં ધરપકડ કરી હતી.

દરમિયાન ૧૦૦ બૅંક ખાતાંની તપાસ કરાતાં તેમાં કરોડો રૂપિયાના વ્યવહાર થયા હોવાનું જાણવા મળ્યું હતું. એકલા ૧૦ ખાતાંમાં ૧૪ કરોડ રૂપિયાના વ્યવહાર થયા હતા, જ્યારે બીજા ચાર ખાતાંમાં ૨૫ લાખના વ્યવહાર થયા હતા. એકલા નેહરુનગરમાંથી ૩૦૦ જેટલાં બૅંક ખાતાં ખોલવામાં આવ્યાં હતા, એવું જાણવા મળ્યું હતું. ■

## વરલી સુધીની

શુક્રવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરાયું હતું. એ નિમિત્તે તેમણે જાહેરાત કરી હતી કે દક્ષિણ મુંબઈના કફ પરેડ અને વરલી વચ્ચેના અંતિમ તબક્કો પણ ઓગસ્ટમાં કાર્યરત થશે.

મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (એમએમઆરસી)ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે શનિવારે સવારે ૬.૩૦ કલાકે વરલી નાકા સ્ટેશનથી પ્રથમ ટ્રેન રવાના થઇ હતી, જ્યારે જેવીએલઆર આરેથી પણ તે સમયે જ ટ્રેન ઉપડી હતી. આ રૂટની સેવા સોમથી શનિ સવારે ૬.૩૦ કલાકથી રાત્રે ૧૦.૩૦ કલાક સુધી રહેશે, જ્યારે રવિવાર માટેનો સમય સવારે ૮.૩૦ કલાકથી રાત્રે ૧૦.૩૦ કલાક રહેશે.

સવારે શિતળાદેવી સ્ટેશનથી સિદ્ધિવિનાયક સુધીનો પ્રવાસ કરનાર એક પ્રવાસીએ સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરી હતી કે ટ્રેન એકદમ ખાલી હતી, કારણ કે અનેક લોકોને ખબર જ નથી કે આ રૂટની સેવા લંબાવવામાં આવી છે. મેટ્રો-થ્રીના આ ટૂ-એ તબક્કો ૯.૭૭ કિલોમીટર લાંબો છે અને મીઠી નદીની નીચેથી પસાર થાય છે. આ રૂટ પર છ સ્ટેશન છે જેમાં ધારાવી, શિતળાદેવી, દાદર પશ્ચિમ, સિદ્ધિવિનાયક, વરલી અને આચાર્ય અત્રે ચોકનો સમાવેશ થાય છે.

એમએમઆરસીના સૂત્રોએ જણાવ્યું હતું કે આ મેટ્રો ટૂ-એ તબક્કાનું લઘુતમ ભાડું ૧૦ રૂપિયા અને મહત્તમ ભાડું ૪૦ રૂપિયા રહેશે, જ્યારે જેવીએલઆરથી આચાર્ય અત્રે ચોક સુધીનું ભાડું ૬૦ રૂપિયા રહેશે.

આઠ મેટ્રો દ્વારા દિવસ દરમિયાન ૨૪૪ સર્વિસ રહેશે. બીકેસીથી આચાર્ય અત્રે ચોક સુધીના પ્રવાસનો સમય અંદાજે ૧૫-૨૦ મિનિટ તથા આરે જેવીએલઆરથી આચાર્ય અત્રે ચોક સુધીનો પ્રવાસનો સમય ૩૬ મિનિટ રહેશે. ■

# હિન્દુ મરણ

પ્રવિણભાઈ મોહનભાઈ ડુમલાવકર (ઉં. વ. ૬૪) ગામ ડુમલાવ, હાલ મીરા રોડ, તે વિમલબેનના પતિ. જિનેશ, જયશ્રી અને જીજ્ઞાશાના પિતા. નિધીના સસરા. સ્વ. નવિનભાઈ, ભરતભાઈ, ભુપેન્દ્રભાઈ, હિતેન્દ્રભાઈ, વિરેન્દ્રભાઈ, સુરેન્દ્રભાઈ અને રમિલાબેનના મોટા ભાઈ બુધવાર, તા. ૭-૫-૨૫ના રોજ અવસાન પામ્યા છે. બેસણું અને ધાર્મિક વિધિ તા. ૧૭-૫-૨૫ના રોજ ગામ ડુમલાવના નિવાસસ્થાને રાખેલ છે.

**હાલાઈ ભાટિયા**

મૂળ ગામ ધરણગામ, હાલ નાલાસોપારા નિવાસી સ્વ. મોહનલાલ દ્વારકાદાસ ઉદેશીના પત્ની ગં.સ્વ. કલાવતી મોહનલાલ ઉદેશી (ઉં. વ. ૮૯) સ્વ. ગોકલદાસભાઈ, સ્વ. બાબુભાઈ, સ્વ. સુકલાલભાઈના ભાભી. મંજુલાબેન હરિશભાઈ આશર, સંધ્યાબેન કિશોરભાઈ આશર, માધુરીબેન મહેશભાઈ આશરના માતુશ્રી તા. ૯-૫-૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મુલબાઈ (ગગીબાઈ) જેરામ રાયમંગ્યાના પુત્રવધૂ. સ્વ. મુલજી જેરામ રાયમંગ્યાના ધર્મપત્ની ગં.સ્વ. સાવિત્રીબેન (ઉં. વ. ૯૦) કચ્છ ગામ સોનારાવાળી ટપ્પર હાલ મુલુંડ તે સ્વ. વેજાબેન કાનજીભાઈ સોમૈયા કચ્છ ગામ કેરાની સુપુત્રી શુક્રવાર તા. ૯-૫-૨૫ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તે જગદિશ, ભુપેન્દ્ર, રમેશ, અનુસયા હરજીવન ચંદે, સ્વ. વાસંતી વસંતકુમાર રાયકુંડલીયાના માતુશ્રી. ચંદ્રીકાબેન, શોભાબેન તથા સ્વ. રૂપાબેનના સાસુમા. હેતલબેનના દાદી સાસુમા. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. પ્રેમાબેન દયારામ ભાણજી ચંદન ગામ માતાજીનાં નેત્રા (કચ્છ)ના વચેટ પુત્ર પ્રતાપસિંહ દયારામ ચંદન (ઉં. વ. ૮૪) હાલે મુલુંડ કોલોની તે સ્વ. વિમળાબેનના પતિ. તે ધર્મેશ અને લાભશંકરના પિતા. તે સ્વ. મણીબેન કરશનદાસ હંસરાજ પલણ ગામ વિંઝાણવાળાના જમાઈ. તે અલકાના સસરા. તે સ્વ. ગોપાલભાઈ, ગં.સ્વ. મણિબેન રણછોડદાસ કતીરા, સ્વ. જયાબેન બળવંતભાઈ દેસાઈ, ગં.સ્વ. પ્રફુલાબેન હેમંતભાઈ ઠક્કર અને બહાદૂરભાઈના ભાઈ તા. ૧૦-૫-૨૫, શનિવારના શ્રીરામશરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧૧-૫-૨૫ના ગોપુરમ હોલ, જ્ઞાનસરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ), સાંજે ૫.૩૦થી ૭. બૈરાઓએ તે જ દિવસે આવી જવું. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**

સ્વ. મગનલાલ શામજી મહેતાના પત્ની ગં.સ્વ. મંજુલાબેન મગનલાલ મહેતા (ઉં. વ. ૮૩) જામનગર નિવાસી હાલ મુંબઈ તા. ૧૦-૫-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ગલાલબેન ગોવિંદજી ગણાત્રાના પુત્રી. સ્વ. નયના વિનોદકુમાર રાચ, સ્વ. જગદીશ, નિતા અને હરેશના મમ્મી. ચંદ્રેશ જયંતીલાલ શાહ અને રેણુકાના સાસુ. અંકિતા, દર્શના, વિશાલ અને ફોરમના નાની. તેમની પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સેવક બ્રાહ્મણ**

ગામ ભુજપર કચ્છ હાલે મલાડ મુંબઈ નિવાસી, અ. સૌ. હંસાબેન જયંતીલાલ રાસ્તે (ઉં. વ. ૭૨) તા. ૯ મે ૨૫ના મુંબઈ મધ્યે રામશરણ પામ્યા છે. તે જયંતીલાલ નાનાલાલ રાસ્તેના ધર્મપત્ની. સ્વ. શામજી હિરાદાસ કાનડે સિનુગરાના પુત્રી. ઉર્વીના માતુશ્રી. ગં. સ્વં. ભાનુ બેન , સ્વ. કીશોરભાઈ, નવિનભાઇ, અને જગદીશભાઈના ભાભી. જીગર, ભાવિન, રાહુલ, સારિકા, ભરત, પ્રતીક, મોનાના મોટીબા. ચેતન અને રાજેશના મામી. પ્રાર્થના સભા રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં.

**કપોળ**

શિહોરવાળા હાલ વિલેપાર્લે નિવાસી સ્વ. વિપીનચંદ્ર ચંપકલાલ સંઘવીના પત્ની ઈલાબેન સંઘવી (ઉં. વ. ૮૩) શુક્રવાર, તા. ૯-૫-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે ઉદય, ભાવના તુષાર મહેતા અને જીજ્ઞા વિજય ચૌહાણના માતુશ્રી. નિતીકાના સાસુ. સ્વ. શશીકાંતભાઈ, દિલીપભાઈ, અનીલભાઈ, સ્વ. ઇન્દુબેન પ્રતાપરાય, મંજુલાબેન ભૂપતરાય, સ્વ. જ્યોત્સનાબેન રસીકલાલ તથા દિપ્તી ભૂપેન્દ્રભાઈના ભાભી. સ્વ. નીલાબેન, જયશ્રીબેન તથા જ્યોતિબેનના જેઠાણી. સ્વ. વ્રજલાલ મનોરદાસ વળીયાના દિકરી. પ્રાર્થનાસભાઃ રવિવાર, તા. ૧૧-૫-૨૫ના સાંજે ૫ થી ૭ સ્થળઃ જલારામ હોલ, એન.એસ.રોડ નં. ૬, જે.વી.પી.ડી. સ્કીમ, જુહુ-વિલેપાર્લે (વેસ્ટ).

**દશા પોરવાળ વૈષ્ણવ**

મૂળગામ અલીબાગવાળા હાલ બોરીવલી જયકિશનદાસ જગન્નાથ મોદીના ધર્મપત્ની અ.સૌ. રશ્મીબેન મોદી (ઉં. વ. ૮૯) તે તા.૮-૫-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે જયેન તથા અશ્વિનીના માતુશ્રી. ચારૂ તથા સચિન દુષ્યંતભાઈ પોપટાણીના સાસુ. નાનાભાઈ, પ્રકાશભાઈ, રમેશભાઈ, નિર્મળાબેન મોદી તથા અંજલીબેન નિકોલસનના ભાભી. પિયરપક્ષે સ્વ. અરૂણભાઈ, અનિલભાઈ વરજીવનદાસ શાહ તથા ઉષાબેન દેસાઈના બહેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર-સુથાર**

ગામ જેસરવાળા, હાલ મીરારોડ, સ્વ. ભુપતભાઈ દેવજીભાઇ પરમાર (ઉં. વ. ૭૯) ગં.સ્વ. સુધાબેનના પતિ, તે હરેશ, સુભાષ, સચીનના પિતા. તે દિપાબેન, બિક્ટ્રમબેન, જ્યોતિબેનના સસરા. સ્વ.લાલજીભાઈ, સ્વ.ખીમજીભાઈ, સ્વ.વનમાળીભાઈ, ગં.સ્વ. કાંતાબેન રતીભાઈ સિદ્ધપૂરા, સ્વ. હીરાબેન શિવરામભાઈ કવાના નાના ભાઈ. ધાંધળીવાળા મોહનભાઈ ડાયાભાઈ મકવાણાના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૧૨-૫-૨૫ને સોમવાર સાંજે ૫ થી ૭. સ્થાનઃ લુહાર વેલફેર સેન્ટર, બોરીવલી (ઈસ્ટ).

**સુતાર જ્ઞાતિ**

ગામ કછોલીવાળા હાલ બોરીવલી રમેશચંદ્ર નગીનદાસ મિસ્ત્રી (ઉં. વ. ૭૭) તે તા. ૬-

## કાંદિવલી

બદલાવી લેવું. આગ લાગે એવી સ્થિતિમાં ક્યા રસ્તેથી બહાર નીકળવું તે નક્કી કરી રાખવું અને તે રસ્તો ખાલી રાખવો. એક જ પ્લગમાં અનેક વિદ્યુત ઉપકરણો લગાવવાનું ટાળવું. ઓવરલોડિંગ ટાળવું. એસીની સર્વિસ કરાવીને જ તેનો ઉપયોગ કરવો. ઇમારતોમાં ફાયર સેફ્ટી સિસ્ટમ ચકાસી લેવી. ■

# પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

# જૈન મરણ

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

મંજલ (રે.)ના ધનજી હરશી ગોસર (ઉં. વ. ૬૯) તા. ૮-૫-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન હરશીના પુત્ર. રજનીના પતિ. હીરલ, તિર્થના પિતાજી. જબલપુર સરોજ જ્ઞાનચંદના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. ધનજી હરશી, ફ્લેટ નંબર-૨, ગ્રાઉન્ડ ફ્લોર, બિલ્ડીંગ નં. ૪, પુનીત નગર, સાવંતપાર્ક, અંબરનાથ (ઇ).

**ઘોઘારી દશા શ્રીમાળી જૈન**

સોનગઢ નિવાસી, હાલ ગોરેગામ વાસંતીબેન ભુપતરાય મહેતા (ઉં. વ. ૮૨) તા. ૯-૫-૨૫ના રોજ અરિહંતશરણ પામેલ છે. તેઓ ગઢડા નિવાસી સ્વ.સવિતાબેન કરસનદાસ ભાયાણીના સુપુત્રી તેમજ સોનગઢ નિવાસી સ્વ.રંભાબેન અમૃતલાલ મહેતાના પુત્રવધૂ. સ્વ.સંજય, દર્શના, સુરભી, સંગીતા તથા નીપાના માતુશ્રી. તેમજ કલ્પના, નરેશકુમાર, સ્વ.જયેશકુમાર ,અજયકુમાર તેમજ સમીરકુમારના સાસુ. મોહિત અને ખ્યાતિના દાદી. રહેઠાણઃ મોહિત સંજય મહેતા. ૨૦૧, ઇકો ટાવર, એસ.વી.રોડ, ગોરેગામ (વે). પ્રાર્થનાસભા રાખેલ નથી તેમ જ લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ મીરારોડ સ્વ. કંચનબેન રવિચંદભાઈ મોહનલાલ શેઠના પુત્ર અવિનાશભાઈ (ઉં. વ. ૬૫) તા. ૯-૫-૨૫ના શુક્રવારે નાંણ શારદામાં શરણ પામેલ છે. તે રક્ષાબેનના પતિ. સ્વ. મોહિની, જીગીશાના પિતા. તે સ્વ. પ્રભાબેન બળવંતરાય મેહતાના જમાઈ. તે સ્વ. શૈલેષભાઈ, રાજુલબેન ભરતભાઈ શાહ, તૃષ્ણા પરેશભાઈ બાવિસીના ભાઈ. તે મંજલના કાકા. તે અલ્પાબેન શૈલેષભાઈના દિયર. લૌકિક વ્યવહાર બંધ છે.

---

૫-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે રંજનબેનના પતિ. જતીન તથા વૈશાલીના પિતા. સોની તથા શૈલેષ રાણેના સસરા. સ્વ. ભરત, સ્વ. નરેન્દ્ર, જયંતના ભાઈ. સ્વ. ડાહ્યાભાઈ નારણજી પંચાલ બીલીમોરાના જમાઈ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૨-૫-૨૫ના રોજ ૪ થી ૬ કલાકે નિર્મલા હોલ, ઠાકુર કોમ્પ્લેક્સ, ૯૦ ફિટ રોડ, આશા નગર, કાંદિવલી ઇસ્ટ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

મોટા દડવા નિવાસી હાલ મલાડ સ્વ. ચંપાબેન કેશવલાલ ધોળકીયાના પુત્રવધૂ જાગૃતિબેન મુકુંદભાઇ ધોળકીયા (ઉં. વ. ૬૭) શુક્રવાર તા. ૯-૫-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સુશીલાબેન અમૃતલાલ દેસાઈના પુત્રી. કેતકીબેન અજયભાઈ દેસાઈના બેન. ગં.સ્વ. મૃદુલાબેન જેઠાલાલ ધ્રુવના ભાભી. તે ધરાના માતુશ્રી તથા મિથુનકુમાર કિરીટભાઈ વોરાના સાસુ. ગં.સ્વ. રશ્મિબેન ભરતભાઈ ધોળકીયાના દેરાણી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ પાલિતાણા, હાલ કાંદિવલી ગં.સ્વ. કોકિલાબેન, સ્વ.ભારતીબેન અરવિંદભાઈ પુરુષોત્તમભાઈ પરમારના દિકરી સ્વ. દિપ્તીબેન (ઉં. વ. ૪૯) તા. ૮-૫-૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે કિરણભાઈ લાલજીભાઈ ચુડાસમા ગામ પાલિતાણા હાલ ભાયંદરના ધર્મપત્ની. તે ઉમંગના માતુશ્રી. તે પરેશભાઈ, હિતેષભાઇ, દર્શનાબેન ભાવેશભાઈ રાઠોડના બેન. તે રંજીતાબેન તથા ભાવનાબેનના નણંદ. તેમની પ્રાર્થનાસભા તા. ૧૨-૦૫-૨૫ સોમવારે સાંજે ૫ થી ૭. સ્થળઃ લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં.૩, બોરીવલી (ઇસ્ટ).

**ઝાલાવાડી સઈ સુતાર જ્ઞાતિ**

સુદામડા નિવાસી હાલ પનવેલ સ્વ. પ્રભુદાસ વિઠલદાસ સોલંકી (પાણસણિયા)ના પુત્ર અરવિંદભાઈ(ઉં. વ. ૮૦) તા. ૯-૫-૨૫ના શ્રીજીશરણ પામેલ છે. તે વાસંતીબેનના પતિ. વિશાલના પિતાશ્રી. તે મીનલના સસરા. સ્વ. વિજુબેન કેશવલાલ અદાણી. સ્વ. અમૃતલાલ પ્રભુદાસ સોલંકીના નાનાભાઈ. અનિલ દિપક સોલંકી, રીટા નિતિનકુમાર પરમાર, દક્ષા પરેશકુમાર વઢવાણાના કાકા. તે સુરેન્દ્રનગર નિવાસી મનોહરદાસ મુળજીભાઈ સોલંકીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૧-૫-૨૫ને રવિવારે ૫ થી ૭. સરનામુઃ સિંધી પંચાયત હોલ, વિશ્રાલી નાકા લિખીતે હોસ્પિટલની સામે ઑલ્ડ પનવેલ.

**કપોળ**

રાજુલાવાળા હાલ ચેમ્બુર, ધીરજલાલ તાપીદાસ ભવાનીદાસ વોરા (ઉં. વ. ૯૨) તા. ૯-૫-૨૫ના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે ગ. સ્વ પદમાબેનના પતિ. જયંત-જયશ્રી, ભાવેશ-સ્વ. મીતા, ભાવના-ધર્મેન્દ્ર શેઠ, મેહુલ-જાગૃતિના પિતાશ્રી. સ્વ. વસંતબેન સંઘવી, સ્વ. મંજુલાબેન મહેતા, નવનીતરાય વોરા તથા સ્વ. મૃદુલાબેન વાલિયાના ભાઈ. પ્રાણજીવન જીવાભાઈ મહેતાના જમાઈ, બાબુભાઈ-શામળદાસ ત્રિભોવનદાસ મહેતાના ભાણેજ. પ્રાર્થનાસભા રવિવાર તા. ૧૧-૫-૨૫ ના રોજ સાંજે ૪ થી ૬ કલાકે સ્વામિનારાયણ હોલ, ૯૦ ફૂટ રોડ, ગરોડિયા નગર, ઘાટકોપર પૂર્વ.

**કપોળ**

સાવરકુંડલાવાળા (હાલ ઘાટકોપર) સ્વ. લીલાવંતીબેન મગનલાલ પોપટલાલ મહેતાના જ્યેષ્ઠ પુત્ર. મધુસૂદનભાઈ (ઉં. વ. ૯૦) તે સ્વ. મંજુલાબેનના પતિ. ભાવનાબેન, સ્વ. મિલન તથા તેજસના પિતા. તે ગં.સ્વ. નિશાબેન, અ.સૌ પૂર્વીબેન તથા દિપકકુમારના સસરા. તે ઢાંગળાવાળા સ્વ. દિવાળીબેન હરગોવિંદદાસ મહેતાના જમાઈ. તે અનંતરાય, લીલાબેન, મધુબેન, તથા મંગળાબેનના બનેવી તા. ૯-૫-૨૫ ના શુક્રવારે મુંબઇ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**ઔદીચ્ય સહસ્ત્ર (ચોખડા) બ્રાહ્મણ સમાજ**

ગામ ખેડબ્રહ્મા હાલ મુંબઈ નિવાસી સ્વ. ચેતનભાઈ અનિલભાઈ જોષી (ઉં. વ. ૬૦) તા. ૮-૫-૨૫, ગુરૂવાર ને મુંબઈ મુકામે દેવલોક પામ્યા છે. તેઓ શિલ્પાબેનના પતિ. સ્વ. હીરાબેન તથા મણિશંકર દેવશંકરના પૌત્ર. સ્વ. લીલાબેન તથા અનિલભાઈના સુપુત્ર, રોનકભાઈ અને પલકના પિતા. સોનાલીબેનના સસરા. કિરણભાઈ, હિતેશભાઇ, યોગેશભાઈ, ભાવીનભાઈ, નિકુંજના ભાઈ. પ્રાર્થનાસભા તા. ૧૨-૫-૨૫ (ભાઈઓ અને બહેનોની સાથે) સોમવારના રોજ સાંજે ૫ થી ૭ માધવબાગ સી.પી.ટેક સર્કલ મુંબઈ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૧૧-૫-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ
feedback@bombaysamachar.com

### આમ તો ભારત પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ છે ત્યારે...

# હવે આંતરિક સુરક્ષા ને પ્રજાની શિસ્ત અતિ મહત્ત્વની છે

**'ઑપરેશન સિંદૂર' દ્વારા સરકારે અને ભારતીય સૈન્યએ દુશ્મન એવા પાડોશી પાકિસ્તાનને જોઈતાં પાઠ ભણાવી દીધા છે... આપણા સીમાડાની સુરક્ષા માટે ભારતીય સૈન્ય સતર્ક છે. આમ છતાં, પ્રજા તરીકે આપણે પણ અમુક ફરજ પૂરતી ગંભીરતાથી બજાવવાની છે.**



ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યારે યુદ્ધના તણાવનો માહોલ છે. પહલગામમાં પાકિસ્તાન પ્રેરિત-સંચાલિત આતંકવાદી હુમલામાં ૨૮ પર્યટકોનાં અકાળ મોત થયાં પછી દેશભરમાં જોરદાર આક્રોશ છે.. પાકિસ્તાને કરેલી નીચ હરકતનો જવાબ આપવા ભારતે પણ દુશ્મન પાકિસ્તાન પર ત્રાટકવું જોઈએ એવી લોકોની પ્રબળ લાગણી હતી. પાકિસ્તાનને એક વાર તો પાઠ ભણાવવો જોઈએ એવી લોકોની મનસા હતી. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે લોકોની લાગણીને સમજીને પાકિસ્તાન સામે જોઈતી લશ્કરી કાર્યવાહી કરીને ૧૦૦થી વધારે આતંકવાદીઓને ઉપર પહોંચાડી દીધા છે. આતંકવાદી અડ્ડાઓનો સફાયો કરી નાખ્યો અને છેક પાકિસ્તાનના પંજાબ લગી ઘૂસી જઈને ભારતની તાકાતનો પરચો આપી દીધો છે.

પાકિસ્તાને ભારત પાસેથી આવા તાત્કાલિક તેજાબી જવાબની અપેક્ષા નહોતી રાખી તેથી આપણા પ્રતિ- હુમલાને કારણે પાકિસ્તાન બઘવાઈ ગયું છે. પાકિસ્તાને નાક બચાવવા માટે ભારત પર હુમલાના પ્રયત્નો કરી જોયા, પણ ફાવ્યા નથી. પાકિસ્તાની ડ્રોન અને મિસાઈલોના ભુક્કા બોલાવી દઈને પાકિસ્તાનના નાપાક બદઈરાદા પર આપણા સૈન્યએ પાણી ફેરવી દીધું છે.

આ લખાઈ રહ્યું છે ત્યારે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની જાહેરાત થઈ છે. આમ છતાં, પાકિસ્તાન તેની જાત બતાવ્યા વિના રહેવાનું નથી તેથી હજુ ભવિષ્યમાં અવળચંડાઈઓ કરશે જ. પાકિસ્તાનની ભારત પર સીધું આક્રમણ કરવાની હિંમત નથી ને હૈસિયત પણ નથી. ભારતની લશ્કરી તાકાત પાકિસ્તાન કરતાં અનેક ગણી વધારે છે. આ સંજોગોમાં ભારત પર આક્રમણ કરે તો ભારત ગણતરીના કલાકોમાં પાકિસ્તાનનો ખેલ ખતમ કરી નાખે એ વાત પાકિસ્તાન સારી રીતે જાણે છે તેથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ફુલ ફ્લેજ્ડ - સીધા યુદ્ધની શક્યતા નહિવત છે , પણ આડકતરો જંગ ચાલુ રહે એ શક્યતા નકારી ના શકાય. ભારતે પણ 'ઑપરેશન સિંદૂર' પૂર્ણ થઈ ગયું છે એવું ન જાહેર કરતા પાકિસ્તાનને કડક શબ્દોમાં એવી ચીમકી પણ આપી છે કે અમારી વિરુદ્ધ કોઈ પણ જાતની આતંકવાદી પ્રવૃતીને અમે દેશ પર આક્રમણ સમજીને વળતાં પ્રહાર કરીશું!

આવા સંજોગોમાં એ સવાલ અત્યારે મહત્ત્વનો છે કે જંગ ફરી શરૂ થઈ જાય તો શું કરવું એ સરકારે નિર્ણય લેવાનો છે અને આર્મીએ તેનો અમલ કરવાનો છે. સરકાર અને આર્મી પોતાની ફરજ અત્યારે બજાવી રહ્યાં છે પણ યુદ્ધ જેવી સ્થિતિ ચાલુ રહે તો રાજ્ય સરકારોએ પણ સજ્જતા બતાવીને આંતરિક સુરક્ષા મજબૂત કરવી પડે. સાથે સાથે પ્રજાએ પણ હકારાત્મક ભૂમિકા ભજવવા તૈયાર રહેવું પડે, કેમ કે યુદ્ધની સામાજિક, આર્થિક, માનસિક એમ તમામ પ્રકારની અસર પડતી હોય છે.

યુદ્ધમાં જોડાનારી પ્રજાએ આર્થિક નુકસાની માટે પણ તૈયાર રહેવું પડે અને સુખ-સગવડો જતી કરવા પણ તૈયાર રહેવું પડે. બ્લેકઆઉટ જાહેર થાય તો લાઈટો બંધ કરીને બંધ ઘરમાં લાઈટો વિના ગરમીમાં બફાવા પણ તૈયાર રહેવું પડે ને ટીવી-ઈન્ટરનેટ બંધ થઈ જાય તો મનોરંજન વિના પણ ચલાવવું પડે. યુદ્ધના કારણે અનિશ્ચિતતાની સ્થિતિ હોય છે તેથી સતત અસલામતીનો અનુભવ થાય ને માનસિક તણાવ પણ થાય. આ માનસિક તણાવ માટે પણ લોકોએ તૈયાર રહેવું પડે. યુદ્ધ દરમિયાન વસ્તુઓની અછત સર્જાય એ સામાન્ય વાત છે તેથી તેના માટે પણ સજ્જતા કેળવવી પડે.

ભારતની આજની પ્રજા માટે આ બધી વાત નવી છે કેમ કે ભારતની પ્રજાએ છેલ્લે યુદ્ધ જેવી સ્થિતિ કારગિલ યુદ્ધ વખતે ૧૯૯૯માં જોઈ હતી. પાકિસ્તાને કારગિલમાં સીધું આક્રમણ નહોતું કર્યું પણ આતંકવાદીઓની સાથે પોતાના સૈનિકોને કારગિલમાં ઘૂસાડી દીધા હતા, પણ ભારતીય લશ્કરે 'ઓપરેશન વિજય' હાથ ધર્યું અને પાકિસ્તાનના લશ્કરને ખદેડીને છેવટે પોતાના વિસ્તારો પાછા કબજે કર્યા હતા. કારગિલ વિજય સાથે ઈન્ડિયન આર્મીની યશગાથામાં વધુ એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું અને પાકિસ્તાનની કલંકગાથામાં વધુ એક કાળું પ્રકરણ ત્યારે ઉમેરાયું હતું.

કારગિલમાં ભારત અને પાકિસ્તાનનાં આર્મી સામસામે લડ્યાં ખરાં પણ એ પૂર્ણ યુદ્ધ નહોતું. કારગિલ યુદ્ધ કારગિલ પૂરતું મર્યાદિત હતું. કારગિલ યુદ્ધને ૨૬ વર્ષ થઈ ગયાં તેથી એ યુદ્ધ જોનારી પેઢી પણ અત્યારે મોટી થઈ ગઈ છે.

ભારત છેલ્લે પૂર્ણ કક્ષાનું યુદ્ધ ૧૯૭૧માં લડ્યું હતું જ્યારે બાંગ્લાદેશને આઝાદ કરાવવા ઈન્દિરા ગાંધીએ ભારતીય લશ્કરને મોકલ્યું હતું. ૧૯૭૧ના યુદ્ધની અસર પાકિસ્તાન સાથેની સરહદે જોડાયેલાં બધાં રાજ્યોમાં હતી તેથી તેને ભારતે જોયેલું છેલ્લું યુદ્ધ કહી શકાય. બાંગ્લાદેશ યુદ્ધને ૫૫ વર્ષ થઈ ગયાં ને એ યુદ્ધ જોનારી પેઢીમાંથી મોટા ભાગનાં લોકો હયાત નથી. એ પછીની બે-ત્રણ પેઢીએ કદી યુદ્ધ જોયું નથી. ૧૯૭૧ના યુદ્ધ પછી જન્મેલા ભારતીયોમાં મોટા ભાગના લોકો દાદા-દાદી કે નાના-નાની બની ગયાં છે.

આ પેઢીએ પોતાનાં માતા-પિતા કે દાદા-દાદી ને નાના-નાની પાસેથી યુદ્ધની વાતો સાંભળી હતી, યુદ્ધના અનુભવો પણ સાંભળ્યા પણ એમની પાસે પોતાનાં સંતાનોને સંભળાવવા માટે યુદ્ધની કથાઓ નહોતી ને પોતાના પૌત્ર-દોહિત્રોને કહેવા માટે યુદ્ધના અનુભવો નથી. આ કારણે હાલના ભારતમાં જેમને સંપૂર્ણ યુદ્ધનો અનુભવ હોય કે સાક્ષી હોય એવા લોકોની સંખ્યા બહુ ઓછી છે.

આજની પેઢીને યુદ્ધનો અનુભવ નથી. તેના કારણે યુદ્ધ જેવી સ્થિતિમાં શું કરવું તેની પણ એમને સમજણ નથી. સરકારે મોક ડ્રીલ સહિતના કાર્યક્રમો દ્વારા લોકોમાં એ સમજણ અને જાગૃતિ લાવવાની કોશિશ કરી છે, પણ સરકાર પર બધું ના છોડાય. લોકોએ પોતાની રીતે શિસ્તબદ્ધ બનીને વર્તવું જરૂરી છે.

ભારતીયોએ આ શિસ્ત એટલે પણ કેળવવી પડે કેમ કે ભારત ચોતરફથી દુશ્મનોથી ઘેરાયેલું છે. પાકિસ્તાન તો આપણું દુશ્મન છે જ પણ બાંગ્લાદેશ, ચીન કે નેપાળ પણ આપણાં દોસ્ત નથી. બાંગ્લાદેશ, ચીન અને પાકિસ્તાનનું ત્રેડ રચાઈ ગયું. આ ત્રણેય દેશોનો એક કોમન એજન્ડા ભારતની બરબાદી છે. ત્રણેય ભેગાં થઈને પણ ભારતને સીધા યુદ્ધમાં હરાવી શકે તેમ નથી તેથી પાકિસ્તાનને આગળ કરીને ચીન અને બાંગ્લાદેશ ભારતને પરેશાન કરવા મથ્યા કરશે. આ સંજોગોમાં ભારતના નાગરિકોની જવાબદારી વધી જશે.

દુનિયામાં ઈઝરાયલ સહિતના ઘણા દેશો સતત યુદ્ધના માહોલમાં જ રહે છે તેથી આ દેશોના નાગરિકોની સજ્જતા વધારે હોય છે. મોટા ભાગના નાગરિકોએ મિલિટરી ટ્રેનિંગ લીધેલી હોય છે. આ કારણે સામાન્ય નાગરિકોમાં પણ જોરદાર શિસ્ત હોય છે. ભારતીયોમાં એ પ્રકારની શિસ્ત નથી એ જોતાં ભવિષ્યની પેઢીઓ માટે મિલિટરી ટ્રેઈનિંગ ફરજિયાત બને એવું પણ થાય. ભારતીયોએ અત્યારથી પોતાની માનસિક સજ્જતા બતાવવી પડે.

આંતરિક સુરક્ષા પણ મહત્ત્વની છે કેમ કે આતંકવાદી હુમલા મોટા ભાગે આંતરિક સુરક્ષામાં ચૂકના કારણે થતા હોય છે અને ભારત આ બંને મોરચે થોડુંક વધારે સતર્ક થાય તો બહારના અને અંદરના દુશ્મનોને એ જરૂર હંફાવી શકે. ■

---

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# મધર્સ-ડે પહેલાંની માતાઃ ભારત માતા કી જય!

આજે આંતરરાષ્ટ્રીય માતૃત્વ દિવસ છે. સૌ જાણે છે તેમ આ દિવસની ઉજવણી ૧૯૦૮માં અમેરિકામાં થઇ હતી. એનરીવ્ઝ જાર્વિસ નામની એક મહિલાએ ૧૮૫૦ના દાયકામાં રોગચાળા અને ખરાબ દૂધનો નાશ કરવા માટે મહિલાની ક્લબ શરૂ કરી હતી.

એનાને એની માતા સાથે વિશેષ જોડાણ હતું. એણે લગ્ન કર્યાં નહોતાં અને માતા સાથે રહેતી હતી. માતાનું નિધન થયા પછી એણે આ ક્લબ શરૂ કરી. આ મહિલાઓ ગૃહ યુદ્ધમાં ઘાયલ સૈનિકોની સારવાર પણ કરતી હતી. એનાએ આપસમાં લડતા સૈનિકોના ઘરની સ્ત્રીઓ માટે પિકનિક પાર્ટીઓ પણ યોજી હતી. ધીમે ધીમે આ પ્રવૃત્તિ મહિલા દિવસમાં પરિવર્તિત થઇ ગઈ ...


આધુનિક સમયમાં નારીવાદી ચળવળમાં જોર આવ્યું તે પછી મહિલા દિવસનું મહત્ત્વ વધવા લાગ્યું હતું અને આજે તો તે દરેક દેશમાં અલગ અલગ રીતે મનાવવામાં આવે છે. એવું નથી કે માતાનું મહત્ત્વ આજે જ સમજાયું છે. આધુનિક સમય હોય કે પૌરાણિક, માતાની છબી અનન્ય રહી છે.

ભારતીય પૌરાણિક કથાઓમાં, માતા શક્તિ, પ્રેમ, બલિદાન અને માતૃત્વનું પ્રતીક હોવાનું કહેવાય છે. ભારતમાં

મા શક્તિ તમામ દેવતાની માતા ગણાય છે. એ પૃથ્વીને દુષ્ટ શક્તિઓથી સુરક્ષિત કરે છે. આપણે ત્યાં બધી પૌરાણિક કથાઓમાં, માતાઓને દૈવી પાત્ર તરીકે રજૂ કરવામાં આવી છે. એને ખબર છે કે ભક્તોની સંભાળ બાળકની જેમ રાખવી જોઈએ. અમુક નામો કેટલાં જ્વલંત છે, જેમકે...

મા દુર્ગા, મા અન્નપુર્ણા, માતા પાર્વતી, યશોદા, સીતામાતા, માતા કૌશલ્યા...

માતા એનાં સંતાન માટે ઘણી મુશ્કેલીઓ વેઠીને એનો ઉછેર કરે છે માતા એના બાળક માટે જેટલું સહન કરે છે, તેટલું કોઈ નથી કરતું એટલા માટે ધરતીને મા કહેવામાં આવે છે-



આપણે કહીએ છીએ કે પૃથ્વી મારી માતા છે અને હું એનો પુત્ર છું.

નારીવાદ આજે ભલે સૌથી વધુ તાકાતવર હોય, પરંતુ હિંદુ, બૌદ્ધ અને જૈન લોકકથાઓમાં સ્ત્રીને સ્વતંત્ર અને સશક્ત બતાવવામાં આવી છે. વેદ કથાઓમાં સ્ત્રીઓ જાતે પોતાના નિર્ણયો કરે છે. પશ્ચિમમાં પુરુષસત્તા અને નારીવાદને પરસ્પર વિરોધી તરીકે જોવામાં આવે છે. ભારતમાં સદીઓથી બંનેનું સહઅસ્તિત્વ છે.

આપણે તો ભારત દેશની કલ્પના જ માતા તરીકે કરી છે. તેનું એક ચિત્ર પણ લોકોની ચેતનામાં જોડાયેલું છે. 'ભારત માતા'ની સચિત્ર કલ્પના પહેલીવાર કવિ રવીન્દ્રનાથ ટાગોરના ચિત્રકાર ભત્રીજા અભિન્દ્રનાથ ટાગોરે ૧૯૦૫માં કરી હતી. ૧૯૦૫માં લોર્ડ કર્ઝને હિંદુ-મુસ્લિમ આબાદીના આધારે બંગાળનું વિભાજન કર્યું, ત્યારે એની પ્રતિક્રિયા રૂપે રાષ્ટ્રવાદી અભિન્દ્રનાથ ટાગોરે ભારત ભૂમિને ભગવી સાડીમાં સજ્જ એક એવી માતાના રૂપમાં ચીતરી હતી, જેના ચાર હાથ છે, એક હાથમાં પુસ્તક (શિક્ષા), બીજા હાથમાં ડાંગરનાં ડોડવાં (અન્ન), ત્રીજા હાથમાં સફેદ કપડું (વસ્ત્ર) અને ચોથા હાથમાં માળા (દીક્ષા) છે.....

**બનાવટથી ભરેલી આ દુનિયામાં બાળક પ્રત્યેનો માતાનો પ્રેમ જ વાસ્તવિક છે. કહેવાય છે કે ભગવાન તો સુખ અને દુખ આપે છે, પરંતુ માતા તો પોતાના બાળકને સુખ અને સુખ જ આપે છે.**

એનું મૂળ નામ (બંગાળ પરથી) 'બંગ માતા' હતું, જે પાછળથી 'ભારત માતા' થયું. ભારતવર્ષને માતા તરીકે જોવાની શરૂઆત જ ૧૯મી સદીમાં થઇ હતી અને અભિન્દ્રનાથ ટાગોરે એ કલ્પનાને પહેલીવાર ચિત્રરૂપે કાગળ પર ઉતારી હતી. ૨૦૧૬માં આ ચિત્રને પહેલીવાર કોલકત્તાના વિક્ટોરિયા મેમોરિયલ હોલમાં પ્રદર્શન માટે મૂકવામાં આવ્યું હતું. સિસ્ટર નિવેદિતાએ આ ચિત્ર માટે કહ્યું હતું, 'મારું ચાલે તો હું હજારોની સંખ્યામાં આ ચિત્રને છાપું અને દરેક ખેડૂત અને દરેક કારીગરની ઝૂંપડીમાં દીવાલ પર લટકતું જોઉં...'

દુનિયામાં ૫૦ જેટલી ભાષા કે દેશોમાં પિતૃભૂમિ અથવા તો તેનો સમકક્ષ શબ્દ વપરાય છે. મોટાભાગે પિતૃભૂમિ શબ્દ યુરોપિયન દેશોનો છે. બાકીના દેશો માતૃભૂમિ શબ્દ વાપરે છે. જર્મન લોકો એમના દેશને ફાધરલેન્ડ કહે છે. રશિયામાં મધરલેન્ડ છે. આપણે 'ભારત માતા કી જય' કહીએ છીએ. એના પરથી ભારત માતૃભૂમિ છે તે સ્પષ્ટ થાય છે.

ભારતની ભૂમિને માતા તરીકે જોવાની કલ્પના બહુ જૂની છે, અને મોટાભાગે સાંસ્કૃતિક પરંપરામાંથી આવે છે. બીજી તરફ. એને દેવીની કક્ષાએ મૂકવામાં આવી છે તે પણ હકીકત છે અને મોટાભાગે એમાં રાજનૈતિક ચળવળોની હિસ્સેદારી છે.

વારાણસીમાં ભારત-અંબાનું મંદિર છે, જેમાં ભારતના નકશા સાથેની ભારત માતાની માર્બલની પ્રતિમા છે. ગાંધીજીએ ૧૯૩૬માં મંદિર ખુલ્લું મૂકતાં કહ્યું હતું કે, 'મને આશા છે કે મંદિર હરિજન સહિતની તમામ જાતિઓ અને દરેક ધર્મ અને પંથના લોકો વચ્ચે ધાર્મિક એકતા, શાંતિ અને પ્રેમનું સ્થાન બની રહેશે.'

જન્મભૂમિને માતા તરીકે જોવાની વાત સર્વકાલીન છે, પરંતુ માત્ર ભારતના કિસ્સામાં આઝાદી આંદોલનને કારણે માતાએ દુર્ગાનું સ્વરૂપ પણ ધારણ કર્યું છે. મુસ્લિમોને દેવત્વારોપણ સામે વાંધો છે, કારણ કે ઇસ્લામમાં મૂર્તિપૂજા વર્જિત છે. પાકિસ્તાન તેની ભૂમિ માટે 'વતન' શબ્દ વાપરે છે, જે પિતૃભૂમિનો દ્યોષક છે.

આજથી ૧૦૦ વર્ષ પૂર્વે ૧૯૦૫માં કનૈયાલાલ મુન્શીએ અરવિંદ ઘોષને પૂછેલું, 'દેશપ્રેમી કેવી રીતે બનાય?' ત્યારે અરવિંદે બ્રિટિશ ઇન્ડિયાનો નકશો બતાવીને જવાબ આપેલો, 'આ નકશો દેખાય છે? નકશો નથી, પણ ભારત માતાનું ચિત્ર છે. એનાં શહેરો, પર્વતો, નદીઓ ને જંગલોથી અને શરીર બને છે. ભારતને એક જીવતી માની જેમ ધારી લો, અને નવવિધા ભક્તિથી એની પૂજા કરો.'

અગાઉ ૧૮૮૨માં આવેલી બંકીમચન્દ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથા 'આનંદમઠ'માં માતાની કલ્પના શિવજીની છાતી પર નૃત્ય કરતી કાલિકા અને દસ હાથવાળી દુર્ગા તરીકે કરવામાં આવી હતી. અવનીન્દ્રનાથે એમના ચિત્રમાં વૈભવ અને સમૃદ્ધિની દેવી લક્ષ્મી તરીકે એની કલ્પના કરી હતી.

ભારત માતાનો બીજો એક અવતાર ભારતીય ગૃહિણી તરીકેનો છે. પશ્ચિમની દુનિયાને ભારતીય કળાનો પરિચય કરાવનારા તમિળ ઇતિહાસકાર કુમાર સ્વામીએ એક કહાનીમાં 'ઊંચી, ગોરી અને યુવાન સ્ત્રી' તરીકે ભારત માતાનું ચિત્રણ કર્યું હતું. ૧૯૩૫માં ચિત્રકાર અમૃતા શેરગિલે ભારત માતાને આદિવાસી સ્ત્રી તરીકે દોરી હતી.

ગુલામી અને પછાતપણાની માનસિકતામાં સડતા ભારતીય સમાજમાં ચેતના જગાવવા માટે ભારત માતાની કોરી કલ્પના એક સશક્ત પ્રતીક તરીકે ઊભરી આવી તે સાચું, પરંતુ એ કરોડો લોકોની એક દેવી બની જાય અને બહુમતી હિન્દુઓના પ્રભુત્વની લાકડી બની જાય તેની ચિંતા ત્યારે પણ થઈ હતી.

૧૯૨૦માં એક લેખમાં રાષ્ટ્રપ્રેમી અરવિંદ ઘોષે લખેલું, 'કૉંગ્રેસની જે ભારત માતાની આપણે પૂજા કરીએ છીએ તે કૃત્રિમ છે અને બ્રિટિશરોની ગુલામ છે, આપણી મા નથી. જે દિવસે આપણે અખંડ ભારતમાનાં દર્શન કરીશું ત્યારે ભારતની સ્વતંત્રતા, એકતા અને વિકાસનો માર્ગ ખૂલી જશે, પણ આપણે હિન્દુ માતા કે હિન્દુ રાષ્ટ્રવાદનાં દર્શન પર ભાર મૂકીશું તો ભયાનક ભૂલ હશે, અને આપણું રાષ્ટ્રત્વ પૂરેપૂરું ખીલી નહીં શકે...' ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




ચૌબેજીએ મોરે સાથેની મુલાકાત બાદ અધૂરી ફિલ્મનો અંત શું હોઇ શકે એની કલ્પના કરવાનું શરૂ કરી દીધું હતું. એ પોતે સુસજ્જ નાટ્યલેખક ને કાબેલ નાટ્ય દિગ્દર્શક તો હતા જ. તેથી એમના મનમાં ખૂની સુધી લઇ જતી દરેક કાલ્પનિક ઘટના સહજ રૂપે આકાર લેવા માંડી હતી. હા, એ ફિલ્મ જો બની હોત તો એનો અંત નિઃશંકપણે અલગ હોત. ચૌબેજીને એક વાત મુંઝવતી રહી કે એસીપી મોરે ફિક્શનને આધારે મર્ડર કેસનો ધી એન્ડ કરશે તો શું થશે, પણ પછી એમણે એક તબક્કે વિચાર્યું કે મારે ફિલ્મના વાસ્તવિક કે અવાસ્તવિક અંતનો વિચાર કરવાનો નથી. કોઇ એકને માટે વાસ્તવિક લાગતો અંત અન્ય કોઇ માટે અવાસ્તવિક હોઇ શકે. મારું કામ સર્જન કરવાનું છે. હું ખૂની સુધી દોરી જતી ટૂંકી પટકથા લખી આપીશ. ફિલ્મી પટકથાનો મારો આ પહેલો પ્રયોગ ગણીશ. એસીપી મોરે એને જે ગણવું હોય તે ગણે...જે કરવું હોય તે કરે. આખરે તો હું અધૂરી બાયોપિકનો ઘોસ્ટ રાઇટર છું. ચૌબેજી બાયોપિક અને ફિક્શનનું ક્રિયેટીવ કોકટેલ કરવા લાગ્યા.

********************

સીમાએ બોલાવેલી મીટિંગમાંથી ચૌબેજીના ગયા પછી બધા સસ્પેન્સને લઇને ગૂંચવાયેલાં હતાં.

'ચૌબેજીને સસ્પેન્સ ક્યું રખા.?' સીમાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'હો સકતા હૈ સ્ક્રિપ્ટ ચૌબેજીને લિખી હો. ઉનકે પાસ હી હોગી.' ટંડને કહ્યું.

'લેકિન ચૌબેજી સ્ક્રીન રાઇટર નહીં હૈ.' સુખીએ કહ્યું.

'અભિ કિસી સે ભી લિખવા સકતા હૈ.. આખિર વો ચૌબેજી કો અપના ગુરુ માનતા થા.' અકબરે કહ્યું.

'ગુરુ તો મૈં ભી હું...અભિ કો ભોપાલ સે બમ્બઇ લાને મેં મેરા ભી હાથ થા.' ટંડન જાતે જ શ્રેય લેવા માંડ્યા.

'સવાલ યે નહીં હૈ કી ગુરુ કૌન હૈ...સવાલ યે હૈ કી જબ ચૌબેજીને ખુદને કહા કી ઉસને સ્ક્રિપ્ટ નહીં લિખી તો ઉન્હોને સસ્પેન્સ ક્યું છોડા.? અકબરભાઈ, મુઝે એસીપી મોરે ઔર ચૌબેજી કી મીટિંગ કા રાઝ જાનના હૈ.' સીમાએ કહ્યું.

****************

પ્રિયા મુરઝાયેલા ચહેરે પિન્ટોની કેબિનમાં બેઠી હતી. અભિના મર્ડર અને એસીપી મોરેની ઊલટતપાસ પછી એ ઉદાસ રહેતી હતી. કોઇ કામમાં એનું મન લાગતું નહતું.

'મૈંને મેરી કરીઅર મેં અભિ જેસા અજીબ કલાકાર નહીં દેખા. હી વોઝ એ ગ્રે શેડ કેરેક્ટર....હી વોઝ નોટ બ્લેક ઔર વ્હાઇટ. પ્રિયા, યુ ડોન્ટ વરી...મૈંને પોલીસ કમિશનર સે બાત કી હૈ. એસીપી મોરે તુમ્હે બહુત હી ઝરૂરી હોગા તો હી બુલાયેગા....ઔર મૈં તુમ્હારે સાથ આયેગા. બટ હુ કિલ્ડ અભિ ઇન હીઝ ઔન હાઉસ.?' કેબિન પર ટકોરા પડ્યા. કમ ઇન. પિન્ટો બોલ્યો ને અકબર દાખલ થયો. પ્રિયા ઊઠીને જવા લાગી.

'તુમ બૈઠો પ્રિયા. આઇ હોપ યુ ડોન્ટ માઇન્ડ અકબર. મૈં આઉટ ઓફ ઇન્ડિયા થા. અભિ કા પતા ચલા....બહુત સેડ હુઆ. ક્યા પ્રોગ્રેસ હૈ કેસ કા.?' પિન્ટોએ કહ્યું.

'બહુત પેચીદા મામલા હૈ, સર. અભિને અપને જીવન પર એક ફિલ્મ બનાઇ હૈ...ફિલ્મ કી કોઇ સ્ક્રિપ્ટ યા સ્કિનપ્લે નહીં હૈ. એસીપી મોરે કો વો સ્ક્રિપ્ટ ચાહિયે. પ્રિયા, તુમ્હે કૂછ પતા હૈ.?'

પ્રિયાએ પિન્ટોની સામે આશ્ચર્યથી જોતાં કહ્યું: 'અભિને બાયોપિક બનાઇ હૈ.?'

'બટ મોરે કો સ્ક્રિપ્ટ ક્યું ચાહિયે.?' પિન્ટોએ પૂછ્યું.

'સર, ફિલ્મ મેં અભિ કા ઇન્ટરવલ સે પહેલે મર્ડર હોતા હૈ.....એસીપી મોરે કા માનના હે કી ફિલ્મ કી સ્ક્રિપ્ટ મેં સે ખૂની કા પતા ચલ સકતા હૈ.'

'એસીપી મોરે મેડ હૈ. યે કૈસા પોલીસ ઇન્ક્વાયરી હૈ કહાની મેં સે ખૂની કો પકડને કા.'

'સર, એસીપી મોરે શાયદ સ્ક્રિપ્ટ કે લિયે ચૌબેજી સે મિલે થે. હો સકતા હૈ ઉન્હોને લિખી હો. આપ ઉનકે દોસ્ત હો....આપ પતા કર કે..' અકબર બોલ્યો.

'ચૌબે ભી પાગલ હૈ.' કહીને પિન્ટો ડાયલ કરવા લાગ્યો.

'અકબરભાઇ, તમને પણ લાગે છે કે મર્ડર મેં કર્યું છે.?'

'પોલીસે કેસ ગૂંચવી નાખ્યો છે. સ્ક્રિપ્ટ મળતી નથી.'

'મારે ફિલ્મ જોવી છે.' પ્રિયા બોલી.

'પ્રિન્ટ પોલીસના કબ્જામાં છે.' અકબરે કહ્યું ને પિન્ટોનો ફોન લાગ્યો.

'હેલો ચૌબે, મૈં સૂના તુને અભિ કી બાયોપિક કા સ્ક્રિપ્ટ લિખા હૈ.'

'ક્યું....ક્યા તેરા વિચાર અભિ કી અધૂરી ફિલ્મ કા પ્રોડ્યુસર બનને કા હૈ.?' ચૌબેજીએ સામો સવાલ કર્યો.

'મૈં એડ ફિલ્મ બનાતા હું...અભિ કા જૈસા મેડ ફિલ્મ નહીં.'

'તૂમ ક્યું પૂછ રહે હો.?' ચૌબેજીએ પૂછ્યું.

'અગર તુને લિખી હૈ તો મુઝે બતા કી ફિલ્મ કે એન્ડ મેં ખૂની કૌન નીકલતા હૈ.?'

પુલીસ ખૂનીકો ઢૂંઢ રહી હૈ....ચૌબેજીએ કહ્યું.

પુલીસ તો સ્ક્રિપ્ટ ઢૂંઢ રહી હૈ...પિન્ટો બોલ્યો.

'એડમેન પિન્ટો, તૂ મુઝે બીસ સાલ સે જાનતા હૈ....કિતની ઓફર આઇ, મૈંને કભી ફિલ્મ કી સ્ક્રિપ્ટ નહીં લિખી.'

'તો ફિર સસ્પેન્સ ક્યું ક્રિયેટ કરતા હૈ.?' પિન્ટોએ કહ્યું.

'ક્યું કી મૈં નાટક આદમી હું ઔર ઓનેસ્ટ હિપોક્રેટ ભી. એક બડે ઇંગ્લિશ ડ્રામા ક્રીટિક વિલિયમ હેઝલિટને કહા હૈ કી ઓન્લી ડ્રામા આર્ટિસ્ટ્સ આર ઓનેસ્ટ હિપોક્રેટ્સ.' ચૌબેજીએ હસીને જવાબ આપ્યો.

'મિ. હિપોક્રેટ, આઇ એમ વરીડ ફોર પ્રિયા.' પિન્ટો બોલ્યો.

ફિલ્મ દેખ કર મૈં ખુદ હેરાન હું કી ખૂની કૌન હો સકતા હૈ...ચૌબેજીએ કહ્યું.

'ફિલ્મ ઔર પોલિટીક્સ મેં એક બાત કોમન હૈ. કબ કહાની મેં ટ્વિસ્ટ આ જાયે ઉસકા પતા નહીં ચલતા.'

'તુમકો કિસ પે શક હૈ..?' પિન્ટોએ પ્રિયા અને અકબરની સામે જોતાં પૂછ્યું.

'એસીપી મોરે નામ બતાયેંગેં' ચૌબેજીએ કહીને ફોન કાપી નાખ્યો.

'ચૌબેને કભી વર્ડસ કો ચુરા કર બાત નહીં કરતા....આજ પહલી બાર વો કૂછ છૂપા રહા થા.' પિન્ટો બોલ્યો.

*****************

અભિના મર્ડરથી આદિલ ખાન અંદરથી ખૂબ ખુશ હતો. અભિના સમાચાર મળ્યા પછી સૌથી પહેલા સીમા પાસે ખરખરો કરવા પહોંચી જનારામાં આદિલ ખાન અને હનુમંતરાવ હતા. એ લોકો સીમાને મળ્યા ત્યારે અકબર પીઆર પણ હાજર હતો.

'મેરે ઔર અભિ કે બીચ દુશ્મની નહીં સ્પર્ધા થી....અખબારોને ઉસ ચીઝ કા ગલત ફાયદા ઉઠાયા. અલ્લાહ ઉસે જન્નત બક્ષે.' આદિલ ખાન સીમાની સામે નજર મિલાવ્યા વિના બોલતો રહ્યો. હળાહળ જૂઠું બોલનારા કદી આંખ મિલાવીને વાત કરતા નથી.

'અભિ ઔર આદિલ કી સ્પર્ધા રાજનીતિ કે મૈદાન મેં ઊતરનેવાલી થી.....મૈં ઔર અપ્પા સાહેબ દોનોં ખુશ થે.' હનુમંતરાવે કહ્યું.

'લેકિન મૈં ખુશ નહીં થી....ક્યું કી મુજે રાજનીતિ બિલકુલ પસંદ નહીં.'

હનુમંતરાવ અને આદિલ ખાને વધુ મગરમચ્છના આંસુ વહેડાવ્યા વિના ઔપચારિકતા બતાવીને ચાલ્યા જવાનું યોગ્ય માન્યું. રસ્તામાં આદિલ ખાને હનુમંતરાવને કહ્યું: 'અબ ઇલેક્શન મેં મેરી જીત પક્કી હૈ.'

'આદિલ, ફિલ્મ ઔર પોલિટીક્સ મેં એક બાત કોમન હૈ. કબ કહાની મેં ટ્વિસ્ટ આ જાયે ઉસકા પતા નહીં ચલતા.' હનુમંતરાવે કારનો કાચ ચડાવતા કહ્યું હતું. એ જ દિવસે રાતે હનુમંતરાવે અપ્પા સાહેબને ફોન કરીને પૂછ્યું હતું કે 'મુઝે દુઃખ હૈ કી આપકા શક્તિમાન કેન્ડિડેટ નહીં રહા. અબ આપ કિસકો મૈદાન મેં ઉતારોગે.?'

'હનુમંતરાવ, સમઝ લો કી મૈં ઇલેક્શન હાર ગયા.'

રાજકારણના અઠંગ ખેલાડી અપ્પા સાહેબે હનુમંતરાવને ચકિત કરી દીધા હતા. હવે હનુમંતરાવે એમની આગલી અકળ ચાલનો વિચાર કરવાનો હતો.

*****************

એસીપી મોરે એક્ટર્સ અડ્ડામાં ચૌબેજીની રાહ જોતા બેઠા હતા. અચાનક એમનું ધ્યાન એક છોકરી પર પડ્યું. છોકરી એમની તરફ આવી રહી હતી.

મોરેને એ છોકરીને ઓળખવામાં વાર ન લાગી.

'સર, ચૌબેજીને આપકે લિયે મેસેજ દિયા હૈ કિ વો થોડે લેટ આયેંગેં. આપ ચાય લેંગેં.?'

'નો થેન્કસ...તુમ વોહી હોના જિસને અભિ કી ફિલ્મમેં સીમા કા રોલ કિયા હૈ.?'

'હાં સર,..'

'ક્યા નામ હૈ તુમ્હારા.?'

'શીલા.'

'તુમ ચૌબેજી કો કૈસે જાનતી હો.?'

'મૈં ઔર અભિ ઉનકે નાટક મેં કામ કરતે થે.'

'તુમકો અભિ કી ફિલ્મ કા અંત પતા હોગા.....ખૂની કૌન થા.?'

'નહીં સર, મુઝે ઇતના હી પતા થા કી અભિ કા ઇન્ટરવલ સે પહેલે મર્ડર હોતા હૈ....બાદમેં ઉનકા ઘરમેં સચમૂચ કા મર્ડર હુઆ. અગર વો ફિલ્મ પુરી હો જાતી તો મેરી કરીઅર બન જાતી.'

'ઇતના ભરોસા થા ખુદ કી એક્ટિંગ પર?' મોરેએ પૂછ્યું.

'મુઝે ભરોસા થા અભિ પર...વો મેરી કરીઅર બના દેતા થા'

આ છોકરી કેટલી ખુદગર્ઝ છે. એને અભિના મોતનો શોક નથી, પોતાની કરીઅરની ચિંતા છે. મોરે વિચારમાં પડી ગયા.

'પ્રિયા કા રોલ કિસને કિયા થા.?'

'આકાંક્ષાને.'

'વો યહા આતી હૈ..?'

'હાં....લેકિન વો શીમલા ગઇ હૈ...અપને ઘર.'

'ઉસકો ભી અપની કરીઅર કી ચિંતા હોગી?' મોરેએ કહ્યું.

'નહીં, વો સદમે મેં હૈ....અભિ કી મૌત કે ગમ સે ઉભરી નહીં.'

'ક્યા ચૌબેજી કો પતા થા કી ઉનકી નાટકમંડલી કે લોગ ફિલ્મ મેં રોલ કર રહે હૈ.?'

'હાં....પતા થા.' એવામાં ચૌબેજી આવી પહોંચ્યા.

'માફી ચાહતા હું....લેટ હુઆ.' એમણે બેસતાની સાથે કહ્યું. શીલા ઊઠીને જતી રહી.

'કોઇ બાત નહીં જી....તબતક આપકી હિરોઇન શીલા ઉર્ફ સીમાને મુઝે અચ્છી કંપની દી.'

'મેરે બચ્ચોં કો મૈંને હી રોલ દિલવાયા થા.' ચૌબેજીએ બગલથેલામાંથી મોટું એન્વલપ કાઢીને એમના હાથમાં મૂક્યું. મોરેએ હથેળી પર રાખીને એને તોળતાં કહ્યું: 'બસ ઇતના હી.?'

'ઔર ભી મિલેગા..' ચૌબેજી બોલ્યા. અને શીલા ટેબલ પર બે ચાના કપ મૂકીને...મોરેને સ્માઇલ આપીને જતી રહી.

*****************

એસીપી મોરે ચૌબેજીએ આપેલા એન્વલપમાંથી સ્ક્રિપ્ટ કાઢીને વાંચી રહ્યા હતા. એના ફોનની ઘંટડી વાગી. મોરેએ ફોન ઊંચક્યો.

'મોરે સાહબ, સાયન પોલીસ સ્ટેશન સે સિનિયર ઇન્સ્પેક્ટર વાગલે બોલ રહા હું. અભિ મર્ડર કેસ કે બારે કૂછ બતાના થા.'

'બોલ.' મોરેએ કહ્યું.

'ફોન પર નહીં શામ કો પુલીસ જીમખાના-કલબ મેં મિલો.'

(ક્રમશઃ)■

આકાશ મારી પાંખમાં

ડૉ. કલ્પના દવે
feedback@bombaysamachar.com

# જનનીની જોડ...



*અમૃતભરેલું અંતર જેનું, સાગર જેવું સત.*
*જો, દીકરી વહાલનો દરિયો,*
*તો દીકરો વહાલનું આકાશ,*
*મારી મા છે વહાલનો મહાસાગર, પિતાનું હૈયું જાણે હિમાલય.*
*કૌટુંબિક સંબંધોની આવી મધુરતા થકી જ જીવન ધન્ય બને છે.*
*મીઠા મધુને મીઠા મેહુલા રે, લોલ*
*એથી મીઠી તે મોરી માત રે,*
*જનનીની જોડ જગે નહીં જડે રે લોલ*

આપણા કવિ બોટાદકરે માતૃવંદનાનું આ અદ્ભુત કાવ્ય લખ્યું છે. આ કાવ્યને મુકત કંઠે ગાવાનો આનંદ અનેરો જ છે. પ્રેમની એ સાક્ષાત મૂર્તિ રૂપ તમારી માતા જો હયાત હોય તો એને રોજ પ્રણામ કરજો.

મે મહિનાનો બીજો રવિવાર (આજે ૧૧મી મે) એટલે પશ્ચિમી સંસ્કૃતિ જોડે આપણે પણ મધર્સ ડે તરીકે ઉજવીએ છીએ. બાકી આપણી ભારતીય સંસ્કૃતિમાં તો હંમેશા માતૃદેવોભવનો ભાવ છે. મા સદૈવ પૂજનીય છે.

આજે બસ, આપણે માતૃવંદનાની જ વાત કરવી છે.

પોતાના ગર્ભમાં શિશુનું પાલન કરનાર મા પ્રસૂતિવેદનાને સહન કરીને નવજાત શિશુને જન્મ આપે છે. મા જન્મદાત્રી છે. તો બાળકના જન્મ થકી જ તેને પૂર્ણ સ્ત્રીનું સ્વરૂપ, માતૃત્વ પદ મળે છે. બાળક થકી જ સ્ત્રીને માતૃત્વશક્તિનું દિવ્યતેજ પ્રાપ્ત થાય છે.

કવિ ભગવતી શર્મા લખે છે-મા ને આકાશ જેટલું ચાહી શકાય, દેવમૂર્તિની જેમ પૂજી શકાય અને એ પાછું એવું કે એ કશું વિચારે, ઈચ્છે, કે માંગે નહીં.

માતૃત્વના અમીઝરણાંમાં પાવન થવા મળે એ જ સદ્-ભાગ્ય છે.

લગ્નના આઠ મહિના થયા હશે કાજલ એની સમવયસ્ક સખીઓ સાથે વીકએન્ડ માણવા લકઝરી બસમાં લોનાવાલા જઈ રહી હતી, ત્યારે નિમિષાએ પૂછ્યું- હાય, હની અને મૂનને યાદ કરીને કહે-કાજલ. ગુડ ન્યુઝ કયારે આપે છે?

નવોઢાની જેમ શરમાતાં-મીઠું હાસ્ય વેરતા કાજલે કહ્યુ- યાર, નોટ સો અર્લી, રાજેશ હમણાં જ સી.એ થયો છે, જરા એની પ્રેક્ટિસ જામે, સેટલ થાય પછી. હમણાં તો બસ એન્જોય કરવું છે.

મસ્તીભરી અદામાં જાગૃતિએ કહ્યું- સાચું કહું તો લગ્ન કરવા, બાળકોને ઉછેરવા એ મોટી જવાબદારી મને જોઈએ જ નહીં. લગ્નની પળોજણમાં પડીએ એના કરતાં ફ્રીલાઈફ એન્જોય ના કરીએ.

મેડમ કોઈ માલેતુજાર હીરો મળશે ને તો શું કરીશ? નિમિષાએ કહ્યું.

પણ, નિમિષા તુ બધું કેવી રીતે મેનેજ કરે છે- જોબ, જોઈંટ ફેમિલી, બે વર્ષનો દીકરો દેવાંગ અને તારી પર્સનલ લાઈફ. કાજલે પૂછ્યું.

જો કાજલ, જોઈંટ ફેમિલીમાં એકબીજા માટે રિસ્પેકટ અને અંડરસ્ટેન્ડીંગ જરૂરી છે. મારાં સાસુમા અને પપ્પાજી ખૂબ કોઓપરેટ કરે છે. કાજલ. ટુ બીકમ અ મધર ઈઝ વેરી સ્પેશીયલ એન્ડ એકસાઈટીંગ એકસપીરીયન્સ અને બાળકનો ઉછેર એ માતા-પિતાની સહિયારી જવાબદારી છે. એન્ડ ઈટસ ગ્રેટ ટાઈમ ફોર એવરીવન ઈન ફેમિલી.

આજની યુવાપેઢી ભૌતિક સુખ માટે ખૂબ સજાગ છે પણ સાથે સાથે જીવનના કૌટુંબિક આનંદને માણે એ પણ જરૂરી છે.

પોતાના માતૃત્વ પદની એ ક્ષણ કેમ ભૂલાય? ૬૫ વર્ષીય ક્રીષ્ણાબેન કહે છે- મારા બે સંતાનો દીકરો આકાશ અને દીકરી સોનાલી આજે તો શિક્ષિત અને વેલસેટલ્ડ છે, પણ સોનાલી મારા હૈયાનો ધબકાર છે, જયારે આકાશ મારી આંખનું રતન છે. તેમને જોતાં હું ગર્વ અનુભવું છું.

હા, મને એ ક્ષણ બરાબર યાદ છે. મારી ઉંમર ૨૪ વર્ષની હતી. પ્રથમ ગર્ભાવસ્થાના એ સુખદ સ્પંદનો, એ દોહદનો ભાવ, એક ન સમજાય તેવા સ્પંદનોનો રોમાંચ. મારા ગર્ભમાં શિશુનું ફરકવું. એ મીઠી વેદના અને કોઈ અદ્ભુત આનંદ મારા અસ્તિત્વને અજવાળી રહ્યો હતો.

સાતમો મહિનો પૂરો થવાનો હતો ત્યારે શ્રીમંતવિધિ- બેબીશાવરનો એ ઉત્સવ. વડીલોના આશિષ, મિત્રોની શુભેચ્છાના એ વરસાદમાં હું તરબતર થઈ ઊઠી. હવે મને પ્રતિક્ષા હતી મારા શિશુના જન્મની, એ દિવ્યક્ષણની.

એ રાત્રિએ જ મારા ગર્ભના શિશુએ ઉત્પાત માંડયો. મેં અને મારા પતિ શ્રીકાંતે બે હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું- પ્રભુ, અમે આપની રાહ જોઈ રહ્યા છીએ. આપ યથાસમયે પધારજો.

પછી મેં અને શ્રીકાંતે મારા પેટ પર હાથ ફેરવતાં ગર્ભબાળને વહાલ કર્યું, અને સાચે જ ગર્ભશિશુ શાંત થઈ ગયું. એ જ દિવસે વહેલી સવારે મને સપનામાં બાળ કનૈયો આવ્યો અને મારા હાથે મેં એને માખણ ખવડાવ્યું. હું સપનામાં ધન્યતા અનુભવી રહી.

પ્રસૂતિકાળના નવ મહિના અને પંદર દિવસે મને પ્રસૂતિવેદના ઉપડી. મલાડના એ નાના મેટરનીટી હોમમાં મેં એક સુંદર પુત્રરત્નને જન્મ આપ્યો.

એ વખતે બોલાયેલા ડોકટરના આ શબ્દો મને હજુ યાદ છે- નોર્મલ ડિલીવરી-હેલ્ધી ચાઈલ્ડ.. હાંફતા હૈયે આ શબ્દો મારા કાને અથડાયા ને હું માતૃત્વની પરિતૃપ્તિ માણી રહી. મારી છાતીમાંથી જાણે દૂધ ઉછળી રહ્યું હતું. નર્સે બાળકને મારા બેડ પર મૂક્યો, મારા હૈયાના અમૃતને એ ઝીલી રહ્યો હતો ત્યારે મારા શિશુની આંખમાં જ મારું આખું વિશ્વ સમાઈ ગયું અને મારા અણુએ અણુમાં આનંદસાગર ઉમટ્યો.

ગૌરવર્ણ, સુંદર વાંકડીયા વાળ અને તેજસ્વી આંખો ધરાવતો એ કાનુડો આકાશ જેટલું વહાલ લઈને આવ્યો છે મેં એનું નામ પાડયું આકાશ. આકાશનું મૃદુહાસ્ય- એનું રૂદન, એનું ઘોડીયામાં ઝૂલવું આ બધી જ બાળલીલા આજે પણ મનને સભર કરી દે છે.

આજે પણ આકાશ અને સોનાલીના મમ્મી શબ્દ સાંભળું છું, ત્યારે મારું હૈયુ નાચી ઉઠે.

કૌટુંબિક જીવનના આવા મધુર સંબંધોને આપણે માણીએ એ જ સાચો મધર્સ ડે.

મા, મને કક્કો શીખવાડ કાવ્યમાં કવિ મુકેશ જોશી કહે છે-

*મા અહીં દુનિયાના તીણા સવાલ મને*
*કેટલીય વાર જાય વાગી,*
*મા તારા ખોળામાં માથું મૂકૂ પછી આપું-*
*જવાબ જાય ભાગી.*
*મા તારા સ્પર્શે તો ત્રુણ થાય પહાડ-*
*મા મને કક્કો શીખવાડ.*
*અમૃત ભરેલું અંતર ધરાવતી મા ને પ્રણામ.* ■

વિશેષ પ્લસ

રેખા દેશરાજ
feedback@bombaysamachar.com

# સેલ્ફ હેલ્પ દ્વારા મેન્ટલ હેલ્થના ચક્રમાંથી મેળવો મુક્તિ...

વાત એવી છે કે તમે કદાચ જાણતા હશો, પણ અત્યારે તમારા ધ્યાનમાં નહીં હોય. જોકે, તમારા નહીં જાણવાથી એ હકીકત નહીં બદલાઈ જાય કે ૧૫થી ૩૫ વર્ષનો ભારતીય યુવા વર્ગ દુનિયામાં સૌથી વધુ માનસિક પરેશાનીઓનો શિકાર છે. ૨૦૨૦ના લાસેન્ટ સાઇક્રેટિક રિપોર્ટ અનુસાર ૨૦ કરોડ ભારતીય યુવાનો માનસિક સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓથી પરેશાન છે. આ આંકડો દેશની જનસંખ્યાના ૧૫ ટકા હતો. ૧૫થી ૩૪ વર્ષના ભારતીય યુવા વર્ગમાં હતાશા, ચિંતા અને આત્મહત્યાના વિચારો જેવી ગંભીર સમસ્યાઓ જોવા મળી હતી. ૨૦૨૧માં પ્રસિદ્ધ થયેલા યુનિસેફના 'સ્ટેટ ઓફ વર્લ્ડ ચિલ્ડ્રન' રિપોર્ટ અનુસાર ભારતમાં ૧૫થી ૨૪ વર્ષના ભારતીય યુવા વર્ગના ૧૦માંથી સાત જણ ક્યારેક તો ડિપ્રેશન- હતાશાનો ભોગ બને છે અને એમાંથી ૧૪થી ૧૫ ટકા યુવાવર્ગ નિયમિતપણે મેન્ટલ હેલ્થ સ્ટ્રગલનો સામનો કરી રહ્યા છે.

એકંદરે જોવા જઈએ તો ૧૮થી ૩૦ વર્ષના ભારતીય યુવા વર્ગમાં આત્મહત્યાના કેસ સૌથી વધારે છે. જોકે, ટકાવારીના હિસાબે અમેરિકા અને બ્રિટનના યુવાન ભારતીયોમાં ઘણી વધુ માત્રામાં આત્મહત્યા કે આત્મહત્યાની કોશિશ થાય છે. પણ, સંખ્યાની દ્રષ્ટિએ ભારતમાં લગભગ ૩૭ કરોડ યુવાનો કોઈને કોઈ સ્વરૂપમાં આત્મહત્યાની સમસ્યાનો સામનો કરતા હોય છે. હકીકત એ છે કે ભારતમાં મેન્ટલ હેલ્થ - માનસિક આરોગ્ય બહુ મોટી સમસ્યા છે. અલબત્ત આ સમસ્યા મેન્ટલ હેલ્થ પ્રત્યે સજાગ રહી પૂરી નહીં થાય. કારણ કે ભારતમાં મેન્ટલ હેલ્થની સમસ્યા અન્ય વિકરાળ સમસ્યાઓમાંથી નીપજે છે, પણ દેશમાં સાર્વજનિક સ્વાસ્થ્યનો જે ઢાંચો છે એ જોતા દરેક વ્યક્તિને માનસિક સ્વાસ્થ્યની સમસ્યામાંથી મુક્ત થવા માટે જરૂરી સહાય નથી મળતી. ટૂંકમાં ભારતમાં મોટા પાયે યુવાનોમાં માનસિક સ્વાસ્થ્યની સમસ્યા જોવા મળે છે. યુવા વર્ગ વધુ ને વધુ સેલ્ફ હેલ્પનો આશરો લે એ જરૂરી છે. આ કેવી રીતે સંભવ છે એની છણાવટ કરતા પહેલા એ જાણી લઈએ કે ભારતમાં મેન્ટલ હેલ્થ આટલી મોટી સમસ્યા શું કામ છે?

માનસિક અસ્વસ્થતાનાં કારણો

દેશમાં ૧૫થી ૩૫ વર્ષના યુવાનોમાં સૌથી મોટી આરોગ્યની સમસ્યા માનસિક સ્વાસ્થ્યની સમસ્યા છે. દેશમાં લગભગ દરેક યુવાન તણાવ અને હતાશાથી પરેશાન છે. એ વાત જુદી છે કે એમની ગણતરી બીમાર લોકોમાં નથી થતી. એનાં એક નહીં અનેક કારણો છે, જેમ કે -



ભારતીય યુવા વર્ગ પરીક્ષા, નોકરીની અસુરક્ષા અને અનિશ્ચિત ભવિષ્યને કારણે કરિયર બનાવવાનું પ્રેશર અનુભવે છે. બીજી તરફ ઓછી તક મળતી હોવાથી અને નોકરી ઈચ્છુક ઉમેદવારોની સંખ્યા ઘણી મોટી હોવાથી ભારતીય યુવા વર્ગને સતત હરીફાઈનો સામનો કરવો પડે છે. આ પરિસ્થિતિ જ તણાવ અને હતાશાને જન્મ આપે છે.

સોશિયલ મીડિયાનો પ્રભાવ, ઘર અને પરિવારની સામાજિક અપેક્ષાઓ અને સરખામણી કરવાની ચેષ્ટાને કારણે ભારતીય યુવા વર્ગ મેન્ટલ હેલ્થના દુષ્ચક્રમાં અટવાઈ જાય છે. ભારતીય સમાજમાં સરખામણી થતી હોવાથી યુવા વર્ગ અસુરક્ષિતતાનો સામનો કરે છે. સાથે સાથે યુવાન થતા જ લગ્ન, પૈસા અને સેટલ થવા જેવી સમસ્યાઓ મોઢું ફાડી ઊભી રહે છે. આવા વિષચક્રને કારણે એ લોકો મોજ મસ્તીથી નથી જીવી શકતા અને માનસિક બીમારીઓના સકંજામાં આવી જાય છે.

શારીરિક પ્રવૃત્તિ ઓછી થતી હોવાથી તેમજ મોબાઈલની ઘેલછાને કારણે શહેરમાં વસતા મોટાભાગના યુવાનો અનિદ્રાનો શિકાર બને છે. અનિદ્રાની તકલીફ માનસિક બીમારીને આમંત્રણ આપે છે. ભારતીય યુવાનો દુનિયાના અન્ય દેશોની સરખામણીએ ઓછી એક્સરસાઇઝ કરે છે અને આપણી ખાણીપીણી આદતો પણ ઘણે અંશે નકારાત્મક છે. તેલયુક્ત અને મેંદાનો ખોરાક વધુ પ્રમાણમાં લેવાતો હોવાથી મેદસ્વિતા આવે છે જે માનસિક પરેશાનીનું કારણ છે.

આ બધી સમસ્યાઓમાંથી બહાર નીકળવું આસાન છે. જોકે, એને માટે તમારી પાસે પૈસા હોવા જરૂરી છે અને દેશમાં બધા માટે ઉપલબ્ધ હોય એવી યોગ્ય ચિકિત્સા વ્યવસ્થા અને બધા સારવાર મેળવી શકે એવો ઢાંચો હોવો જરૂરી છે. કોરોનાના સમયમાં જોવા મળ્યું હતું કે ભારતમાં ફક્ત ૨૦ ટકા ઉચ્ચ અને ઉચ્ચ મધ્યમ વર્ગ જ સહેલાઈથી તબીબી સુવિધાઓ મેળવી શકે છે. એટલે ઓછી આવક ધરાવતા આપણા દેશના યુવાનો માટે આ સમસ્યાનો સામનો કરવા માટે સેલ્ફ હેલ્પની મદદ લેવી શ્રેષ્ઠ વિકલ્પ સાબિત થઈ શકે છે. હવે સવાલ એ છે એના માટે શું કરવું?

સૌથી પહેલા દિનચર્યામાં સુધારો -

દરરોજ ઓછામાં ઓછી ૭થી ૮ કલાકની ઊંઘ લેવી જોઈએ.

દરરોજ ઓછામાં ઓછી ૩૦ મિનિટ શારીરિક વ્યાયામ અને એટલો જ સમય યોગ, પ્રાણાયામ જેવી સોફ્ટ એક્સરસાઈઝ કરવી જોઈએ.

દરરોજ સમતોલ આહાર લેવો. બહારના તળેલા - શેકેલા પદાર્થો ઓછા આરોગવા.

દરરોજ કમ સે કમ બે કલાક સોશિયલ મીડિયા અને મોબાઈલથી સંપૂર્ણપણે દૂર રહેવું જોઈએ. એનાથી ડિજિટલ ડીટોક્સ સંભવ બનશે. માનસિક રીતે સ્વસ્થ રહેવા આ જરૂરી છે.

લાગણીઓ કાબૂમાં રાખવી અને આવેશમાં ન આવી જવું. વધુ પડતો ગુસ્સો, ભય કે દુઃખ જેવી લાગણીઓ કોઈ પણ સંજોગોમાં દબાવી ન રાખવા જોઈએ. એને સ્વીકારતા શીખો અને જો લાગણીઓ ઠાલવવા યોગ્ય વ્યક્તિ ન મળે તો જાત સાથે સંવાદ સાધવો જોઈએ.

દરરોજ ૫થી ૧૦ મિનિટ ધ્યાનની મુદ્રા અપનાવવી જોઈએ. ૫થી ૧૦ મિનિટ ઊંડા અને લાંબા શ્વાસ લેવા જોઈએ.

આ બધા ઉપાયોથી માનસિક સ્વાસ્થ્ય બહેતર બનાવી શકાય છે. ■

ઈકો-સ્પેશિયલ
જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# પાકિસ્તાન-અમેરિકાને એમની જ ભાષામાં કરારા જવાબ!

## વિશ્વ વેપાર અને યુદ્ધના તનાવ વચ્ચે પણ ભારત સરકારની પ્રશંસનીય વ્યૂહરચના

હમણાં એપ્રિલમાં યુએસ પ્રેસિડન્ટ ડોનલ્ડ ટ્રમ્પે ટ્રેડ ટૅરિફ યુદ્ધનો ધડાકો કરીને વૈશ્વિક સ્તરે અનિશ્ચિતતા ઊભી કરી એ પછી શ્વાનની પૂંછડી જેવા પાકિસ્તાન પ્રેરિત-સંયોજિત આતંકવાદીઓએ કાશ્મીરમાં નિર્દોષ ભારતીય હિંદુ નાગરિકોની હત્યા કરીને જે માહોલ ઊભો કર્યો પછી ભારત એક એવો દેશ છે જે યુએસ- પાકિસ્તાન બન્નેને તેમની ભાષામાં જવાબ આપવા સજ્જ બન્યો છે.

આમ તો અમેરિકાની ટૅરિફ પોલિસીના આંચકાઓ હાલ એકંદરે શાંત પડી ગયા હોવાનું જણાય છે. જોકે આ આંચકાઓ વચ્ચે ભારતે સાનુકૂળ માર્ગ શોધીને તેને અમલમાં મૂકવાનું શરૂ કરી દીધું છે.

અમેરિકા સાથે ભારતે બળ કરતાં કળથી કામ લેવાનું મુનાસિબ ગણ્યું છે, જેમાં શાણપણ અને ડહાપણ પણ છે. ચીન ભલે અમેરિકા સામે બાંયો ચડાવે, ભારતે અમેરિકા સાથે એવી સમજૂતીના મંડાણ કર્યા છે, જેમાં યુએસની નવી ટૅરિફ પોલીસીના માહોલમાં ભારત એની સાથે વેપાર કરાર કરનાર પ્રથમ રાષ્ટ્ર બનશે. બીજીબાજુ, ભારતે તાજેતરમાં જ યુકે સાથે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવાનો નિર્ણય લઈ બીજી સફળ બાજી મારી છે અને ત્રીજી બાજીમાં ભારત યુરોપિયન દેશો સાથે વાતચીત કરી રહ્યું છે. આમ એક તરફ આપણો દેશ પહલગામની ઘટના બાદ પાકિસ્તાન સામે વિવિધ સ્તરે તનાવમાં વ્યસ્ત છે ત્યારે એના સમાંતરે અર્થતંત્રના હિતમાં એક પછી એક પગલાં ભરવામાં પણ સક્રિય રહ્યું છે. આને રાજકીય સાથે આર્થિક કુનેહ કહી શકાય. આવા માહોલમાં પણ દેશના આર્થિક હિતમાં વિરાટ મનોરંજન ઉદ્યોગને આવરી લેતા 'વેવ્સ' જેવા કાર્યક્રમો યોજીને સરકાર પોતાની સમતુલા દર્શાવી રહ્યું છે.

### ભારત સરકારની તારીફયુકત કુનેહ

'ઑપરેશન સિંદૂર' દ્વારા દેશની સરકાર-સૈન્ય પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપી રહયા છે. આ તો હજુ એક ઝલક જ છે. એ પછી વિવિધ સ્ટ્રાઈકિંગ એકશન પણ ચાલુ છે. એ પાછી પણ જરૂર પડશે તો 'સિંદૂર : ૦૨' અને બીજા લશ્કરી પગલાં પણ બાકી છે.

જોકે, દેશનો એક ચોકકસ વર્ગ હાલ પહલગામની ઘટના પછી સરકાર પર તૂટી પડયો છે, વિશ્વમાંથી પણ વિવિધ દબાણ થઈ રહ્યાં છે ત્યારે ભારત સરકાર સમતુલા જાળવીને પોતાની રીતે આગળ વધી રહી છે. મોટા ભાગની પ્રજા વડા પ્રધાન મોદીની સાથે છે. 'મોદી અપરાધીઓને છોડશે નહીં' એવો વિશ્વાસ સૌને છે.

### મહત્વનું ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન

આવી બધી રાજકીય લશ્કરી કાર્યવાહીને લીધે એની આર્થિક અસર મોટી અને નકકર સ્વરૂપે થવાની છે. આમ છતાં ભારત એક મજબૂત નિર્ણયશક્તિ ધરાવતો દેશ છે એ ફરી એક વાર જગત સામે સાબિત થયું છે. આર્થિક વાતો પર પાછાં ફરીએ તો આજે ઘણાં દેશ ભારત સાથે વેપાર કરવા- વધારવા આતુર છે. દેશમાં આવતો વિદેશી




રોકાણ પ્રવાહ પણ આપણા અર્થતંત્ર-રાજતંત્ર અને દૂરંદેશી-વિઝનના પુરાવા સમાન છે. શૅરબજાર હોય કે સીધું વિદેશી રોકાણ હોય, ભારત હાલમાં આકર્ષક ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બની રહ્યું છે. ભારતના આર્થિક વિકાસનો દર ૬ ટકા ઉપર રહેવાનો આશાવાદ અકબંધ છે.

તાજેતરમાં જ 'એપલ' ફોન વિશેના વહેતા થયેલા અહેવાલ કહે છે કે ભારતમાં બનતા 'એપલ' ફોન અમેરિકા જાય છે, જયારે કે આ ફોન કંપની ખુદ અમેરિકાની જ છે, અર્થાત્ અમેરિકાની જ વસ્તુ ભારત અમેરિકાને નિકાસ માર્ગે મોકલે છે. આમ ભારત ધીમી ગતિએ મેન્યુફેકચરિંગ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે. સર્વિસ સેકટરમાં પણ ભારતની ગતિવિધિ બહેતર બનતી જાય છે.

### યુકે - ઈયુ સાથે વેપારનું મહત્ત્વ

તાજેતરમાં યુકે સાથે થયેલા 'એફટીએ' (ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ) પણ મહત્ત્વની ઘટના છે. આ કરાર વિશ્વના પાંચમા અને છઠ્ઠા ક્રમના અર્થતંત્ર વચ્ચેના કરાર છે. આમાં પરસ્પર લાભ અને હિતોનું ધ્યાન રખાયું હોવાથી તેની સફળતાની શકયતા પણ ઊંચી રહેશે. આને પગલે ભારતની નિકાસને પ્રોત્સાહન મળશે તેમ જ રોજગાર સર્જનને પણ બળ મળશે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે તાજેતરમાં કરેલા નિવેદન અનુસાર ભારત યુરોપિયન યુનિયન સાથે ટોચની પ્રાયોરિટી સાથે વેપારની વાટાઘાટ કરી રહ્યું છે.

અલબત્ત, આ બધી ગતિવિધિ વચ્ચે ભારતે વિશ્વ બજારમાં સતત કોમ્પિટિટિવ (સ્પર્ધાત્મક) બનવું જોઈશે. તેની સામે હરીફાઈમાં ચીન જેવું મહાકાય રાષ્ટ્ર છે. ભારતે તેની પ્રોડકટ-સર્વિસીસ ગુણવત્તામાં સુધારા કરતા જવું પડશે. સપ્લાય ચેઈનમાં પણ સુધારા જરૂરી બનશે. હાલ તો આપણો દેશ વિશ્વ વેપારમાં પોતાનું સ્થાન મજબૂત બનાવવાની દિશામાં મહત્ત્વના નકકર કદમ ભરી રહ્યો હોવાના ઘણાં સકારાત્મક સંકેતો આપી રહ્યો છે. ■

હેં... ખરેખર?!
પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# બે ટાપુ ત્રણેક કિ.મી.ના અંતરે પણ બન્નેમાં દિવસ અલગ!

આ દુનિયામાં ઘણું માનવામાં ન આવે એવું છે. એમાં એક ઉદાહરણ છે લિટલ ડાયોમિડ અને બીગ ડાયોમીડ ટાપુ. આમાં લિટલ અને બીગ સમજાય પણ ડાયોમીડ કેમ અને શા માટે! આ બન્ને ટાપુનાં નામ ગ્રીક સંત ડાયોમીડીસ પરથી રાખવામાં આવ્યા છે. ઈ.સ. ૧૭૨૮ની ૧૬મી ઑગસ્ટે ડેનિશ-રશિયન નેવીગેટર વ્હાઈટ બેરિંગ દ્વારા શોધાયેલા આ બે ટાપુના નામમાં વધુ એક શબ્દ-વિશેષણ ઉમેરાયેલું છે. હા, યસ્ટરડેઝ લિટલ ડાયોમીડ અને ટુમોરોઝ બીગ ડાયોમીડ આ વિશેષણમાં જ ટાપુઓની વિશિષ્ટતા સમાયેલી છે.

મજાની વાત એ છે કે બીગ ડાયોમીડ ટાપુ રશિયાનો છે અને લીગલ ડાયોમીડ ટાપુ અમેરિકાનો છે. બન્ને વચ્ચે માત્ર ૩.૮ કિલોમીટર (૨.૪ માઈલ) અંતર છે, પરંતુ પેસિફિક (ભુમધ્ય) સમુદ્રમાં આ બેઉ ટાપુ વચ્ચેથી ઈન્ટરનેશનલ ડેટ લાઈન પસાર થાય છે. આને પ્રતાપે બન્ને ટાપુ વચ્ચેના સમયમાં ૨૧ કલાકનો ફરક પડી જાય છે. એટલે એક ટાપુ પરથી બીજા ટાપુમાં જાઓ તો સમય ૨૧ કલાક આગળ થઈ જાય કાં પાછળ થઈ જાય. આ કારણસર બીગ ડાયોમીડને ટુમોરો આઈલેન્ડ કહે છે, તો લિટલ ડાયોમીડને યસ્ટરડે આઈલેન્ડ. દિવસ વચ્ચેની સીમા નક્કી કરતી કેલેન્ડરમાં આંતરરાષ્ટ્રીય તિથિ રેખા (અર્થાત ઈન્ટરનેશનલ ડેટ લાઈન) કાલ્પનિક છે, પણ તે પૃથ્વીની સપાટીને ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવથી અલગ પાડે છે. કોઈ વ્યક્તિ પશ્ચિમ દિશા તરફ આગળ વધે તો એને લગભગ એક દિવસનો લાભ થાય, પણ જો પૂર્વ તરફ જાય તો એક દિવસ ઘટી જાય.

આમાંના બીગ આઈલેન્ડ એકદમ ખાલીખમ છે એ સંપૂર્ણ નિર્જન છે. જ્યારે લિટલ આઈલેન્ડમાં લગભગ એક સો માણસોની વસતિ છે ખરી. હકીકત એ છે કે બીજા વિશ્વયુદ્ધ પછી બીગ આઈલેન્ડના રહેવાસીઓ રશિયા જતા રહ્યા હતા. આજે ય બન્ને ટાપુ પર આસાનીથી અવરજવર શકય છે. હકીકતમાં તો આ બન્ને પુલ એટલા નજીક છે કે શિયાળામાં બરફનો પુલ બનવાથી પગપાળા જઈ શકાય પણ એમ કરી શકાતું નથી. બન્ને ટાપુ એકમેકના પાડોશી છે, એક જ સમુદ્રની અંદર છે, પરંતુ બન્નેના ભૌગોલિક-રાજકીય સીમાડા અલગ છે. હા, આ બન્ને વચ્ચે બિયરિંગ સ્ટ્રેટ અર્થાત પાણીનો સાંકડો રસ્તો છે પણ મુસાફરીની મંજૂરી નથી.







આપણે ટાઈમ ટ્રાવેલ વિશે કેટલું નવું વાંચીએ, વિચારીએ છીએ એ વિજ્ઞાનીઓ દાયકાથી ભેજાનું દહીં કરી રહ્યા છે, પણ આ બે ટાપુ પર અવરજવર કરવામાં ખરેખર ટાઈમ ટ્રાવેલ થઈ જાય છે. આપણી સમજ એવી છે કે કાયમ એકમેક પર છવાઈ જવાની મથામણમાં ગળાડૂબ બે મહાસત્તા, અમેરિકા અને રશિયા એકમેકથી ઘણી દૂર છે, પરંતુ પૃથ્વી ગોળ હોવાથી અહીં બન્નેની સરહદ ખૂબ નજીક છે. કહો કે એકમેકના પાડોશી જેવા છે. અલાસ્કા અને સાઈબીરિયા વચ્ચે આ બન્ને ટાપુ બેરિંગ સ્ટ્રેટ પર છે.

રસપ્રદ હકીકત એ છે કે આ યસ્ટરડે અને ટુમોરો ટાપુ વચ્ચેના માર્ગને આઈસ કર્ટેઈન (બરફીલો પડદો) પણ કહેવાય છે. આ નામ ટાઢાબોળ હવામાનને લીધે નહીં પણ બંને મહાસત્તા વચ્ચે ખૂબ લાંબો સમય ચાલેલા કોલ્ડ વોર-શીત યુદ્ધને લીધે પડયું છે.

શિયાળામાં તો પાણી જામી જાય એટલે બરફ પર ચાલીને એક ટાપુ પરથી બીજા ટાપુમાં જઈ શકાય પણ મંજૂરી નથી હોતી એ અલગ બાબત છે.

કલ્પના કરો કે બે ભાઈ, મિત્ર, પતિ-પત્ની કે પ્રેમીયુગલ અલગ-અલગ ટાપુ પર બેસે તો એક પર રવિવારના બપોરના ત્રણ વાગ્યા હોય ત્યારે બીજા માટે સોમવારના બપોરના ૧૨ વાગ્યા હોય! આમ તો બન્ને ટાપુ વચ્ચે ૨૧ કલાકનું અંતર હોય જે ઉનાળામાં ઘટીને ૨૦ કલાકનું થઈ જાય છે.

ઈતિહાસમાં થોડા ઊંડા ઊતરીએ તો ભૂતકાળમાં આ બન્ને ટાપુ રશિયાના જ હતા. ૧૮૬૭માં રશિયાએ અલાસ્કા અમેરિકાને વેચી દીધું હતું આને લીધે સ્થાનિક એસ્કિમો પ્રજા માટે એકદમ દુવિધા ઊભી થઈ ગઈ. એ સમયે માત્ર એસ્કિમોને સગા-સંબંધીને મળવા માટે એકથી બીજા ટાપુ પર જવાના વિઝા અપાતા હતા. જોકે લાંબા સમયથી રશિયન ટાપુ પર કોઈ રહેતું નથી.

અહીં નવ મહિનાના આકરા શિયાળામાં રહેવું અશક્ય છે. છતાં અહીં સૈનિકોએ રહેવું પડે અને ત્યારે કેવો અનુભવ થતો હશે! અહીં આપણા સિયાચીન ગ્લેશિયર જેવો જ સીનારિયો લાગે છે ને? વર્ષના ૩૦૦ દિવસ આકરી ઠંડી અને ધુમ્મસ હોય. બે-ચાર મહિને હેલિકૉપ્ટર ઊડીને આવી શકે ત્યારે ખાદ્યસામગ્રી અને ટપાલ મળી શકે.

એ કે આ વિઘ્ન અને વિપદા વચ્ચે અમેરિકન લોંગ ડિસ્ટન્સ સ્વિમર લિન કોક્સે ટાઢા બોળ પાણીમાં બન્ને ટાપુ વચ્ચેનું અંતર તરીને કાપ્યું હતું ખરું! એના ચાર મહિના બાદ બન્ને દેશના તાત્કાલીન વડા મિખાઈલ ગોર્બાચોક અને રોનાલ્ડ રિગને તેમને અભિનંદન આપ્યા હતા. ■

કરિયર
નરેન્દ્ર કુમાર
feedback@bombaysamachar.com

## જોબ માર્કેટ ૨૦૨૫

# અત્યાર જેવી પ્રતિસ્પર્ધા અગાઉ ક્યારેય જોઈ નથી!

જોબ માર્કેટ પર લિંકડઇનના તાજેતરના રિપોર્ટ 'સ્કિલ્સ ઓન ધ રાઇઝ ૨૦૨૫'ને જોઇએ તો ખ્યાલ આવે છે કે નોકરીના માર્કેટમાં હાલ જેવી પ્રતિસ્પર્ધા અગાઉ ક્યારેય જોઇ નથી. આ રિપોર્ટ અનુસાર, નોકરીદાતા આજના ઝડપથી બદલાતા પ્રોફેશનલ પરિદૃશ્યને નેવિગેટ કરવા માટે પોતાના કર્મચારીઓમાં ટેક્નિકલ કુશળતા અને સોફ્ટ સ્કિલનું મિશ્રણની શોધ કરતા હોય છે. વાસ્તવમાં ડિજિટલ પરિવર્તન, એઆઇ ઉન્નતિ અને માનવ કેન્દ્રિત કૌશલની વધતી પ્રતિસ્પર્ધાના કારણે આખી દુનિયાના નોકરીના માર્કેટની હાલત ખૂબ ખરાબ થઇ ગઇ છે. આ કારણે નોકરીના માર્કેટ ખૂબ ઝડપથી નવા રંગ રૂપમાં ઢળી રહ્યું છે. જેમ જેમ ઉદ્યોગ નવા પડકારો સામે ઢળે છે, પ્રોફેશનલને પ્રતિસ્પર્ધામાં ટકી રહેવા માટે ઊભરતા કૌશલ સાથે તાલમેલ બેસાડવો જરૂરી હોય છે.





### જ્યારે આવ્યું હતું કમ્પ્યૂટર...

અનેક દાયકાઓ અગાઉ ભારતમાં જ્યારે કમ્પ્યૂટર આવ્યું હતું તો વર્ષો સુધી લગભગ અનેક ક્ષેત્રમાં તમામ જૂના કર્મચારીઓ પોતાની જીદના કારણે કમ્પ્યૂટર શીખ્યા નહીં. બેન્કો, ન્યૂઝપેપરની ઓફિસોમાં કમ્પ્યૂટર ન શીખવાની જીદમાં અડેલા અનેક કર્મચારીઓએ વર્ષો સુધી મનમાની કરી હતી. પરંતુ કમ્પ્યૂટરે પારંપરિક કર્મચારીઓને એડજસ્ટ થવા અને પોતાની જિદના કારણે કરિયર પૂરું કરવાની જે છૂટ આપી હતી તે છૂટ આજના ડિજિટલ ટેક્નોલોજી અને એઆઇ કાર્યક્ષમતા આપતી નથી. જો તમે પણ આ ટેક્નોલોજી સાથે તાલમેલ નથી બેસાડી શકતા એટલે કે તેને શીખતા નથી તો તમને નોકરીના માર્કેટમાં એક દિવસનો પણ સમય મળતો નથી. તમારે અહીંથી બિસ્તરા ઉપાડીને નીકળવું જ પડશે. જો પ્રતિસ્પર્ધા અને પરેશાનીની આ કસોટીઓમાં જોઇએ તો વર્ષ ૨૦૨૫માં જેવી નોકરીઓમાં સ્પર્ધા છે તેવી અગાઉ ક્યારેય નહોતી. આ પાછળ અનેક કારણો છે જેમ કે ટેક્નોલોજી, જનસંખ્યામાં વધારો અને બદલતા વર્ક ટ્રેન્ડ્સ સામેલ છે.

### એઆઇ અને રોબોટિક્સ...

આજે જોબ માર્કેટમાં એઆઇ અને રોબોટિક્સે અનેક નોકરીઓનું સ્થાન લઇ લીધું છે. ખાસ કરીને ડેટા એન્ટ્રી, મેન્યુફેકચરિંગ, કસ્ટમર સર્વિસ જેવા ફિલ્ડ છે. કંપનીઓ ઓછામાં ઓછા લોકો પાસે વધુને વધુ કામ કરાવવા માટે ઓટોમેશનને અપનાવી રહી છે. જ્યારે ભારતમાં દર વર્ષે લાખો વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએટ થઇ રહ્યા છે. પરંતુ જોબ ગ્રોથ એ ગતિથી આગળ વધી રહ્યું નથી કારણ કે સરકારની નોકરીઓની સંખ્યા સીમિત થઇ ગઇ છે અને દિવસે ને દિવસે ઘટી રહી છે. એટલા માટે પ્રાઇવેટ સેક્ટરમાં વધુ સ્પર્ધા થઇ રહી છે.

### વર્ક ફ્રોમ-એનિવેર કલ્ચર...

એક જમાનો હતો જ્યારે જ્યાં તમે કામ કરો છો ત્યાં જવું પડતું હતું, પરંતુ આજે હાઇ એન્ડ કમ્યુનિકેશન ટેક્નોલોજીના કારણે ડઝનેક ક્ષેત્રોમાં કામ દુનિયામાં ક્યાંય પણ બેસીને કરી શકાય છે. વર્ક ફ્રોમ હોમ અને રિમોટ વર્ક કલ્ચરના કારણે યુરોપ અને અમેરિકાની હજારો કંપનીઓ આજે ભારતમાં રહેતા કર્મચારીઓ પાસે કામ કરાવી રહી છે. આ એનિવેર કલ્ચર પણ છે. જેના કારણે આજે ભારત સસ્તા શ્રમિક દુનિયાભરના શ્રમિકોને જોરદાર સ્પર્ધા આપી રહ્યું છે, પરંતુ એક તરફી નથી. આજે જો ભારતીય દુનિયાભરમાંથી નોકરીઓ લઇ રહ્યા છે તો ભારતીય જોબ માર્કેટમાં પણ હજારો વિદેશી ફ્રિલાન્સર એક્સપર્ટ્સ રીતે કામ કરીને ભારતીય ટેલેન્ટને પડકાર આપી રહ્યા છે.

### મજબૂત થશે ગિગ કલ્ચર...

આજે કંપનીઓ ફૂલ ટાઇમ જોબના બદલે કોન્ટ્રાક્ટ અને ફ્રિલાન્સર્સને પ્રાથમિકતા આપી રહી છે. જેનો અર્થ એ છે કે સ્થાયી નોકરીઓ ઓછી અને અસ્થાયી નોકરીઓ વધી રહી છે. વાસ્તવમાં તમામ ઇન્ડસ્ટ્રીઝમાં જે સ્તરની નવી ટેક્નોલોજીની ડિમાન્ડ છે તેના કારણે ટેકનો એક્સપર્ટ લોકોની ડિમાન્ડ વધુ છે જેનાથી અનેક સ્થાયી નોકરીઓ કરવાના બદલે તેઓ ફ્રિલાન્સ વર્કને પ્રાથમિકતા આપી રહ્યા છે. એ સ્થિતિ બનેલી છે કે તાજેતરનાં વર્ષોમાં ખૂબ ઝડપથી જૂની સ્કિલ્સ અપ્રાસંગિક થઇ ગઇ છે અને નવી ટેકનોલોજી પર પક્કડ ન ધરાવતા લોકો માટે નોકરીઓ ઘટી રહી છે. આજે લગભગ તમામ કંપનીઓને ડેટા સાયન્સ, ક્લાઉડ કમ્પ્યૂટિંગ, સાઇબર સિક્યોરિટી, રોબોટિક્સ જેવી નવી સ્કિલ્સ ધરાવતા લોકો જોઇએ છે.

### આ સ્થિતિનો કેવી રીતે સામનો કરવો?

#### હાઈ ડિમાન્ડ સ્કિલ્સ શીખો

ટેક્નોલોજી ફ્રેન્ડલી બનો. ડેટા સાયન્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ, ક્લાઉડ કમ્પ્યૂટિંગ જેવી સ્કિલ્સ ધરાવતા લોકોની આજે ખૂબ જરૂર છે. આ સાથે જ ડિજિટલ માર્કેટિંગ, એનઆઇઓ, ગ્રાફિક ડિઝાઇનિંગ, યુઆઇ-વીએક્સ જેવી સ્કિલ્સ ફ્રિલાન્સિંગમાં મદદ કરી રહ્યા છે. હેલ્થકેર, બાયોટેક અને ગ્રીન એનર્જીમાં કરિયર બનાવો. જ્યાં નોકરીઓની માગ વધુ છે.

#### મલ્ટી સ્કિલ્ડ બનો

આજે દુનિયામાં જે વ્યક્તિ એક જ સ્કિલ જાણે છે તેની સામે અસુરક્ષાની તલવાર લટકતી રહે છે. એટલા માટે કરિયરની નજરે સુરક્ષિત અનુભવવા માટે મલ્ટી સ્કિલ્ડ બનો. સતત પોતાને અપગ્રેડ બનાવવા માટે કોર્સ અને સર્ટિફિકેશન કરો જેથી તમારી વેલ્યૂ માર્કેટમાં જળવાઇ રહે. જો સંભવ હોય તો ઇન્ટરનેશનલ લેવલના કોઇ સ્કિલ્સ ડેવલપ કરો જેનાથી તમે ગ્લોબલ જોબ માર્કેટમાં એપ્લાય કરી શકો છો.

#### પર્સનલ બ્રાન્ડિંગ કરો

લિંકડઇન પ્રોફેશનલ નેટવર્કિંગ પ્લેટફોર્મ્સ પર એક્ટિવ રહો. બ્લોગ, યુટ્યુબ, ઓનલાઇન કોર્સ મારફતે પોતાની પર્સનલ બ્રાન્ડિંગ કરો. સાથે જ ઇન્ડસ્ટ્રીઝ લીડર્સ અને એક્સપર્ટ્સ સાથે કનેક્ટ થઇને નવા અવસર શોધો. સાથે જ ભારતની બહાર પણ નોકરીના અવસરો પર નજર રાખો. જર્મની, જાપાની, ફ્રેન્ચ અથવા ચીની જેવી વિદેશી ભાષામાંથી કોઇ એક વિદેશી ભાષા શીખી લો તો ખૂબ સારું રહેશે. એક રીતે જોઇએ તો વર્ષ ૨૦૨૫માં જોબ માર્કેટ અગાઉ કરતાં વધુ પડકારજનક છે. પરંતુ જો યોગ્ય સ્કિલ્સ અને અપ્રોચ અપનાવવામાં આવે તો નોકરી મેળવવી મુશ્કેલ નહીં હોય. ટેક્નોલોજી, નેટવર્કિંગ અને અપસ્કિલિંગ પર ધ્યાન આપીને તમે આ સ્પર્ધામાં ટકી શકો છો અને તમારા કરિયરને નવી ઊંચાઇઓ સુધી લઇ જઇ શકો છો. ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# યુદ્ધ સમાપ્ત થાય છે, યુદ્ધનો યુગ નહીં



યુદ્ધ કરવું એ માનવ સ્વભાવનું લક્ષણ છે. યુદ્ધના મૂળમાં સ્વરક્ષણ, સ્વાર્થ, મહત્ત્વાકાંક્ષા કે અહંકારની ભાવના જોવા મળે છે. યુદ્ધને સાર્થક સાબિત કરવા વિવિધ દલીલ કરવામાં આવતી હોય છે પણ યુદ્ધ કાયમ તારાજીને જ નોતરું આપે છે. ખુવારીની ખાતરી હોવા છતાં મનુષ્ય યુદ્ધ કરતો રહ્યો છે અને કરતો રહેશે. જોકે, ભારતે ક્યારેય અંગત સ્વાર્થ સિદ્ધ કરવા યુદ્ધનું રણશીંગુ નથી ફૂંક્યું. હા, જાહોજલાલી ધરાવતા આપણા દેશને લૂંટવા વિદેશી આક્રમણોની કોઈ નવાઈ નથી. ભારતે યુદ્ધ નથી કર્યા એવું નથી પણ જ્યારે થયા છે એ કેવળ રક્ષણ માટે. યુદ્ધની કથાનું વર્ણન કરતાં પુસ્તકો લખાયાં છે અને રૂપેરી પડદે એની ફિલ્મો પણ જોવા મળી છે. ભાષામાં – સાહિત્યમાં પણ યુદ્ધની હાજરી જોવા મળે છે.

યુદ્ધસ્ય કથા રમ્યા કેમ કહેવાય છે? માણસને યુદ્ધ કેમ ગમે છે? અન્ય પર સત્તા ચલાવવાની અભિલાષા માણસને યુયુત્સુ બનાવે છે. **યુયુત્સુ એટલે લડવા માટે તત્પર.** જગવિખ્યાત રશિયન ફિલોસોફર અને લેખક લિઓ ટોલસ્ટોય અદ્‌ભુત વાત લખે છે 'માણસ, યુદ્ધના મેદાનમાંથી પાછો આવી શકે છે પણ યુદ્ધના સમયમાંથી કે યુદ્ધનાં યુગમાંથી ક્યારેય પૂરેપૂરો પાછો ફરી શકતો નથી.' એના માનસપટ પરથી યુદ્ધના ઓળા ક્યારેય મિટાવી નથી શકાતા. **યુદ્ધખોર** એટલે બિનજરૂરી લડાયક વૃત્તિ ધરાવતી કે લડી લેવા માગતી વ્યક્તિ. યુદ્ધે ચડવાનો આવેશ આવે કે ઝનૂન ચડે એ **યુદ્ધજ્વર** તરીકે ઓળખાય છે. યુદ્ધ કરવાની વૃત્તિ ધરાવતી વ્યક્તિ **યુદ્ધપરસ્ત અથવા યુદ્ધપરાયણ** કહેવાય છે. લડાયક ખમીર ધરાવતી વ્યક્તિ **યુદ્ધશાળી** કહેવાય છે. યુદ્ધ અને લડાઈમાં વ્યાપ – વિસ્તારનો ફરક હોય છે. લડાઈનું સ્વરૂપ સીમિત જ્યારે યુદ્ધ વિશાળ – વિકરાળ હોય છે. ઈ.સ. પૂર્વે ૧૪મી સદીથી આપણા દેશમાં યુદ્ધ થતા આવ્યા છે અને કુરુક્ષેત્રના યુદ્ધથી બધા વાકેફ છે. !

મધ્યકાલીન સાહિત્યમાં યુદ્ધના ખમીર વિશે વર્ણન જોવા મળે છે. હેમચંદ્રાચાર્યજી લખી ગયા છે કે 'ભલ્લા હુઆ જુ મારિઆ બહિણી મારા કન્તુ, લજ્જેજ્જં તુ વયંસિઅહુ જઈ ભગ્ગા ઘરુ એન્તુ' (બહેન, મારો પતિ યુદ્ધમાં ખપી ગયો એ સારું થયું, જો યુદ્ધભૂમિમાંથી ભાગી ઘરે આવ્યો હોત તો સખીઓ વચ્ચે લાજી મરવાનો વખત આવ્યો હોત) અને તેમણે એમ પણ લખ્યું છે કે 'પુત્તેં જાયેં કવણુ ગુણ, અવગુણુ કવણુ મૂએણ, જા બપ્પીકી ભૂંહડી, ચંપી જઈ અવરેણ' (એવા પુત્રના જન્મથી શેનો આનંદ ને મૃત્યુથી કેવો શોક, જેના જીવતા પિતાની ભૂમિ દુશ્મનોના પગ તળે ચંપાય). હેમચંદ્રાચાર્યની આ પંક્તિઓ પણ દિલ દિમાગમાં સંગ્રહી રાખવા જેવી છે' અમ્હે થોવા રિઉ બહુવ, કાયર એમ્વ ભણન્તી, મુદ્ધિ નિહાલ હિ ગયણયલુ કોઈ જોણ્હ કરન્તિ (અમે થોડા, દુશ્મન ઘણા એવા રોદણાં કાયર રડતો હોય છે, ઉપર જોશો તો ખ્યાલ આવશે કે ગગન પર ઉજાસ કોણ કરે છે). વિશાળ આકાશમાં એક ચંદ્રમા અજવાળું પાથરી શકે છે એની આ વાત છે. કવિ ન્હાનાલાલની કુંતી તો કહે છે કે 'પાર્થને કહો ચડાવે બાણ. હવે તો યુદ્ધ એ જ કલ્યાણ, કહો, કુંતાની છે આણ, પાર્થને કહો ચડાવે બાણ.'

## ENગ્લિશ વિંGLISH

## WAR IDIOMS



The world has seen numerous wars throughout history, including large-scale global conflicts like World War I and World War II, as well as numerous smaller, regional conflicts and civil wars. Some of the most impactful wars include the American Civil War, the Vietnam War, and ongoing conflicts like the Russo-Ukrainian War and the Syrian Civil War. વિશ્વએ અનેક યુદ્ધ નિહાળ્યા છે. ઈ.સ. પૂર્વે ૨૭૦૦માં મેસોપોટેમીયાના સુમેર અને એલામ વચ્ચે જગતમાં પહેલું યુદ્ધ ખેલાયું હોવાનું માનવામાં આવે છે. ત્યારથી અત્યાર સુધીના રશિયા – યુક્રેન યુદ્ધ સહિત અનેક વોર થયા છે. There have been quite a few meaningful idioms and phrases related to war. યુદ્ધ સંબંધિત ઘણી અર્થપૂર્ણ કહેવતો અને રૂઢિપ્રયોગો જોવા મળે છે.

If you want peace, (you must) prepare for war. સાનમાં ઘણું સમજાવી જાય છે આ કહેવત. જો કોઈ દેશ શસ્ત્રોથી સજ્જ હોય તો દુશ્મન દેશ હુમલો કરતા બે વાર વિચાર કરે. બીજા વિશ્વયુદ્ધ વખતે શસ્ત્રવિરામની વાત કરતા લોકોને યુએસ આર્મી ઓફિસર વિલબર જવાબ આપતા કે Getting rid of our weapons won't promote peace. If you want peace, you must prepare for war. 'શસ્ત્રો હેઠાં મૂકી દેવાથી કે ત્યજી દેવાથી શાંતિ નહીં સ્થપાય. શાંતિ ઈચ્છતા હો તો યુદ્ધની તૈયારી કરો' મતલબ કે તમને શસ્ત્રસજ્જ જોઈ દુશ્મન યુદ્ધ કરવાનું માંડી વાળશે અને સરવાળે શાંતિ જળવાશે. લડાઈમાં તાકાત અને ધગશ એ બે ખૂબ મહત્ત્વ ધરાવતી બાબત છે. એના વિશે એક રૂઢિપ્રયોગ છે કે To fight tooth and nail. This means To battle with all one's strength and determination. પોતાની પૂર્ણ તાકાત અને દ્રઢ મનોબળ કામે લગાડી લડી લેવું એ આ પ્રયોગથી વ્યક્ત થાય છે. This phrase dates back to the 1500s when people literally used their teeth and nails as weapons during close combat. આ રૂઢિપ્રયોગ હજારેક વર્ષ જૂનો છે. એ સમયે હાથોહાથની લડાઈમાં લોકો દાંત અને ખીલાનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરતા હતા. યુદ્ધ અર્થહીન છે એ Beat swords into ploughshare કહેવતમાં સુપેરે પ્રગટ થાય છે. કહેવતમાં સોર્ડ – તલવાર અને પ્લાઉ – હળ એ અત્યંત વિપરીત ભાવાર્થ ધરાવતા ઓજારનો ઉલ્લેખ છે. એનો ભાવાર્થ એમ છે કે જો દુનિયા ધન સંપત્તિનો ઉપયોગ શસ્ત્રો ખરીદવા કે નિર્માણ માટે કરવાને બદલે જો માનવતાવાદી કાર્યો માટે કરે તો જગતમાં યુદ્ધ નહીં થાય, શાંતિ સ્થપાઈ જાય.

## રાષ્ટ્ર ભાષા

## युद्ध की कहावतें ओर मुहावरे

યુદ્ધ અને લડાઈ સરખા માનવામાં આવે છે, પણ બંનેના અર્થમાં અંતર છે. **युद्ध और लडाई में अंतर है. यह एक लंबी अवधि का सहस्त्र संघर्ष है जिसमें दो या अधिक राज्य या सरकारे शामिल होती हैं। यह एक व्यापक रणनीति और संसाधनों के उपयोग के साथ होता है, और ईसमें कई लडाइयाँ शामिल हो सकती हैं. युद्ध के उदाहरणों में प्रथम विश्व युद्ध, द्वितीय विश्व युद्ध, और कारगिल युद्ध शामिल है. लडाई युद्ध का एक हिस्सा है। यह एक विशिष्ट सैन्य संघर्ष है जो एक सीमित क्षेत्र में, एक सीमत समय में होता है. लडाइयों के उदाहरणों में प्लासी की लडाई और घाघरा की लडाई शामिल है.** યુદ્ધ સંદર્ભની કેટલીક કહેવતો જોઈએ. **एक लडाई हारने से पूरा युद्ध नही हार जाता.** કોઈ એક નાનકડી લડાઈ હારી જવાથી સમગ્ર યુદ્ધમાં પરાજિત થયા એવું ન કહેવાય. ક્યારેક રણ નીતિના ભાગરૂપે એક નાનકડી લડાઈ ઈરાદાપૂર્વક હારી જવામાં આવે જેથી લશ્કર લાંબા સમય સુધી ચાલનારા યુદ્ધ માટે સજ્જ રહી શકે. બીજા વિશ્વયુદ્ધમાં ફ્રાન્સ જર્મની સામેની લડાઈ હારી ગયું હતું, પણ મિત્ર રાષ્ટ્રો (ફ્રાન્સ એનો હિસ્સો હતું) યુદ્ધ જીતી ગયા હતા. **युद्ध में तीन गाय की तुलना में शांति में एक गाय बेहतर हैं.** યુદ્ધના સમયમાં ત્રણ ગાય હોય એના કરતાં શાંતિના સમયમાં એક ગાય વધુ સારી ગણાય છે. યુદ્ધ નહીં, શાંતિ આવકાર્ય છે. પરિસ્થિતિ અનુસાર પરિણામ મહત્ત્વ ધરાવે છે એ આ કહેવત પરથી સમજાય છે. હવે લડાઈના રૂઢિપ્રયોગ જોઈએ. **लडाई खडी करना** એટલે આફતને આમંત્રણ, પેટ ચોળી શૂળ ઊભું કરવું. **लडाई ठानना** એટલે દુશ્મની કરી લેવી. **लडाई नांघना** એટલે લડાઈ સતત ચાલુ રહેવી. **लडाई मोल लेना** એટલે કારણ વિના કોઈ સાથે લડાઈ – ઝઘડા કરવા કે પછી એવી પરિસ્થિતિ માટે નિમિત્ત બનવું.

## સગ્ગી બહિણ

## युद्धाच्या म्हणी

વિષ્ણુ વામન શિરવાડકર – વિ. વા. શિરવાડકર 'કુસુમાગ્રજ' મરાઠી સાહિત્ય વિશ્વના તેજસ્વી તારલા છે, આદરણીય સર્જક છે. ચાર દાયકા સુધી મરાઠીભાષી જનતાની અભિરુચિ પર પ્રભાવ પાડનારા આ મૂઠી ઊંચેરા સર્જકનું સાહિત્યમાં અનન્ય યોગદાન છે. મનુષ્ય વૃત્તિનો અભ્યાસ કરી એની ફરતે સર્જન કરનારા 'કુસુમાગ્રજ'ના સાહિત્યિક પ્રદાનમાં કવિતાનો પણ સમાવેશ છે. **१९६२च्या भारत चीन युद्ध पृष्ठभूमीवर कुसुमाग्रज यांनी लिहिलेली कवितेच्या सुरुआतीच्या ओळी आहे बर्फाचे तट पेटूनि उठले, सदन शिवाचे कोसळले, रक्त आपुल्या प्रिय आईचे, शुभ हिमावर ओघळते!** ૧૯૬૨માં થયેલા ભારત – ચીન યુદ્ધની પાર્શ્વભૂમિ પર તેમણે લખેલા કાવ્યની શરૂઆતની પંક્તિઓ આ પ્રમાણે છે: બરફની દીવાલો સળગી ઊઠી છે, શિવજીનું ઘર ધરાશાયી થયું છે, આપણી વહાલસોયી પ્રિય માતાનું લોહી સફેદ બરફ પર વહી રહ્યું છે. નિસર્ગ, ધાર્મિક આસ્થા અને હૃદયની ભાવના એક સાથે વણી લઈ યુદ્ધને કારણે થતી પીડાનું કેવું મર્મવેધક નિરૂપણ થયું છે. યુદ્ધની નિરર્થકતા ઊડીને આંખે વળગે છે. યુદ્ધ સંદર્ભે અનેક કહેવતો – રૂઢિપ્રયોગો અસ્તિત્વ ધરાવે છે. એક ખાસ નોંધી રાખવા જેવી કહેવત છે **युद्धाने माणसे मरतात, पण सत्य मरत नाही.** યુદ્ધમાં માણસ જીવ ગુમાવે છે, મૃત્યુ પામે છે, પણ સત્ય કદી નાશ પામતું નથી. એ તો છડી પોકારી બોલે છે.બીજા વિશ્વયુદ્ધ દરમિયાન હિટલરનું મૃત્યુ કે ૧૯૭૧ના યુદ્ધમાં પાકિસ્તાનના બે ટુકડા એના બોલકા ઉદાહરણ છે. **शांततेत युद्धाची तयारी करा, युद्धात शांततेची तयारी करा** કહેવત પણ અર્થપૂર્ણ છે. શાંતિ જળવાઈ રહી હોય ત્યારે જો બેઉ મોરચે યુદ્ધની તૈયારી થઈ રહી હોય તો એને કારણે યુદ્ધ ટળી ગયા હોય એવા ઉદાહરણ છે. અને જો યુદ્ધ અચાનક ફાટી નીકળે તો તૈયારીના કારણે ઊંઘતા ઝડપાઈ જવાનો વારો ન આવે. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# ગોટલીના આટલા અ..ધ..ધ..ધ પૈસા?



'કેરીનો શું ભાવ છે?' રાજુ રદીએ છગનને પૂછ્યું.

રાજુ રદી ખખડધજ સાઇકલનો માલિક હતો.પંકચર્ડ સાઇકલની જેમ રાજુનું કિસ્મત પંકચર્ડ હતું.

'કેરી ખરીદવાની તારી ઓકાત છે?' છગને તુમાખીથી પૂછ્યું.

'તમે કિંમત કહો. મારી ત્રેવડ હશે તો કેરી ખરીદીશ.' રાજુ રદીએ જવાબ આપ્યો.

'કેરીના ભાવની ઇન્કવાયરી કરવા માટે ૩૫૦ રૂપિયા રજિસ્ટ્રેશન ફી ઓનલાઇન ભરવી પડશે. જે નોનરિફંડેબલ છે.' છગને ટર્મ્સ એન્ડ કંડિશન કહી. રાજુ રદીએ મની એપથી ૩૫૦ રૂપિયા કેરીવાળાના બેંક એકાઉન્ટમાં જમા કરાવ્યા, જેમાં રાજુ રદીને એક રૂપિયો ત્રેસઠ પૈસા જેટલું જંગી કેશબેક મળ્યું.

'રૂપિયા એક લાખ.' છગને ભાવ કહ્યો.

'આ એક ક્વિન્ટલનો ભાવ છે?' રાજુ રદીએ પૂછ્યું.

'ના એટલે ના' છગને કહ્યું.

'વીસ કિલોનો ભાવ છે?' રાજુ રદીએ ડરતા ડરતા પૂછ્યું.

'ના. ધંધાના સમયે ખાલીપીલી ટાઇમ વેસ્ટ ના કર.' છગને ગુસ્સે થઇ કહ્યું.

'તો એક કિલો કે ડઝન કેરીનો ભાવ છે?' રાજુ રદીએ અચકાતા અચકાતા પૂછી જ લીધું.

'અરે, શું ક્યારનો લપ્પનછપ્પન કરે છે?' પેલાએ રાજુને ખખડાવ્યો.

'સોરી, છગનભૈ. એક નંગ કેરીનો ભાવ બહુ વધારે કહેવાય' રાજુએ છગનને કહ્યું.

'અરે ઓ ભેજાગેપ, કેરીની એક ચીરીના ભાવ છે. ચીરીની સાઇઝ ત્રણ સેમી બાય દોઢ સેમી હશે.' છગનને કેરીના ભાવ પરનો રહસ્યનો પડદો હટાવ્યો.

'હેહેહેં' રાજુ રદીએ ૧ લાખ બાય ૪ લાખ બાય કરોડ સાઇઝનો નિસાસો નાખ્યો.પછી રાજુ રદીએ જવા પગ ઉપાડ્યો.

'એ ઘનચક્કર એક હજાર રૂપિયા ઢીલા કર.' છગને કહ્યું.

'પરંતુ, શેના? મેં કેરી ખરીદ કરી નથી તો મારે કેમ પૈસા આપવાના?' રાજુએ સવાલ પૂછ્યો.

'શું કેરી મફતમાં જોવા મળશે? તે કેરી જોઇ. વળી તેની ઓર્ગેનિક સુગંધ લીધી કે નહીં?' છગને બોમ્બ ફેંક્યો. જૂના જમાનામાં દુલ્હનની મુંહ દિખાઇ રસમ થતી, જેમાં દુલ્હનનું મુખારવિંદ જોનાર સ્ત્રીઓ દુલ્હનને રોકડ રકમ આપતા હતા. બસ, આવી જ 'કેરી દેખાઇ રસમ' છગને રાખી હતી કે શું?

ઉપતોકત દશ્ય કાલ્પનિક છે. ૨૧૫૦ની સાલમાં ભજવાશે તેવી ગણપત ગાંગડાની આગાહી છે.

જગતમાં એક પણ વ્યક્તિ એવી નહીં હોય જેણે શૈશવમાં જાહેર કે ખાનગી આંબાને પથ્થર મારી કાચી કેરી ચોરીને ખાધી ન હોય દરેકના જીવનમાં ચોકીદાર આવે અને ભાગવા જતાં પગે પાટો આવ્યાની શૈશવની સ્મૃતિ મનમાં ધરબાયેલી હશે અને એનું કળતર આજે પણ થતું હશે.ચોરેલી કેરીના સ્મશાન કે અવાવરૂ જગ્યાએ ભાગ પાડીને ચડ્ડીના કે સ્કર્ટના ખિસ્સા છલોછલ ભર્યા પણ હશે. તમે જેને તમારા હૃદયમાં આજસુધી બેસાડી રાખી કે રાખ્યો હોય એના સાચુકલા સમ ખાઇને કહેજો કે ત્યારે તમે તમારી જાતને ટાટાબિરલા કરતાં વધારે ધનવાન માનતા હતા કે નહીં? 'સ્ટોલન કિસીસ આર ઓલવેયઝ સ્વીટ' એમ કહેવાય છે. સ્ટોલન મેંગોઝ માટે એવું કેમ ન કહી શકાય?ચોરેલી કેરી ખાટી હોય તો યે તેનું સ્મરણ મધ કરતાં પણ મિષ્ટ હોય છે.

ખરલમાં અફીણ ઘૂંટાય તેમ ઉનાળો ચોમેર તેનો પંજો સમગ્ર સૃષ્ટિ પર ફેલાવી રહ્યો છે. ઉનાળો આકરો હોય છે. બોરિંગ હસબન્ડ જેવો બબુચક હોય છે અને પત્ની જેવો શુષ્ક હોય છે. ઉનાળાની રાત અરેબિયન નાઇટ જેવી મેજિકલ હોય છે. ઉનાળો કેરી, શરબત, શેરડીનો રસ, ટેટી, તરબૂચ, ફાલસા માણવાનો મહોત્સવ હોય છે.

કેરી આબાલવૃદ્ધને પ્રિય હોય છે. કેરી કાપીને કે ચૂસીને આત્મસાત કરવાની વાત જ ન્યારી છે.. દુનિયાભરમાં લોકો કેરીના દીવાના હોય છે. મોટા શહેરમાં મેંગો ફેસ્ટિવલ યોજાય છે.આપણે કેસર, આફૂસ, જમાદારથી માંડીને જાતભાતના નામવાળી ચાર હજાર જાતની કેરી મળે છે. કેરીનું જીવન વીમા નિગમ જેવું છે. લંચ કે પહેલે આમ, લંચ કે બાદ ભી આમ..... એક આમ જિંદગી બદલ દે એમ પણ કહી શકાય. 'હાંય.... આમ નહીં ખાયા તો તુમને કુછ નહીં ખાયા ઔર બહૌત કુછ ખોયા હાંહાય....' એમ બચ્ચનની જેમ કહી શકાય.

કેરી ખરીદવાની આપણી કેપેસિટી કેટલી? એક પેટીના હજાર-દોઢ હજાર રૂપિયા? કેરીની સિઝનની શરૂઆતમાં કેરીના બોકસના ત્રણ-ચાર હજાર રૂપિયા ભાવ હોય તો હાયકારો થઇ જાય. ડુંગરે દવ લાગ્યો હોય એવી અગનબળતરા થાય. કેરીના ભાવ વધુમાં વધુ કેટલા હોય? રૂપિયા ૧૦ હજાર-૨૦ કે પછી ૫૦ હજાર? જો આ તમારી કલ્પના હોય તો બોસ, તમારું જીવનધોરણ BPL છે. અર્થાત તમે બિલો ધ પોવર્ટી લાઈન જીવો છો- તમે ગરીબીરેખાની નીચે જીવો છો.

હવે તમે દિલ થામ કે બેઠો બરખુદાર, જાપાનની મિયાઝાકી કેરીનું નામ સાંભળ્યું છે? ફોટો જોયો છે?. આ કેરીની પ્રતિ કિલો કિંમત માત્ર રૂપિયા ૨,૭૫,૦૦૦થી ૩,૫૦,૦૦૦ રૂપિયા છે.કેરીનું વજન એક કિલો કરતાં ઓછું હોય છે. આ કેરીની એક ચીરીની કિંમતમાં કેસર કેરીની બે પેટી આવી જાય તેટલી એટલે કે ૧,૫૦૦ રૂપિયા હોય છે!

આ બધું જાણતો અમારો રાજુ રદી કેરીની ખરીદીને ખોટનો સોદો ગણે છે. રાજકોટના ચેવડાબજારમાં ચેવડાની સાથે ચટણી તદન મફતમાં મળતી નથી. ચટણીના અલગ પૈસા ચૂકવવા પડે છે. કેટલીક રેસ્ટોરન્ટમાં એકાદ વાટકી સંભાર આપ્યા બાદ વધુ સંભારનો એકસ્ટ્રા ચાર્જ વસૂલ કરવામાં આવે છે. મીઠાઇની ખરીદીમાં પેકિંગના બોકસની રકમ મીઠાઇની કિંમતે વસૂલ કરવામાં આવે છે. જે ગ્રાહક માટે નુકસાનકારક હોય છે. મિયાઝાકી કે અન્ય કેરીમાં આશરે ત્રીસ ગ્રામ જેટલી ગોટલી હોય છે. એક કિલો કેરીના ૨.૭૫ લાખ રૂપિયા ચુકવીએ તો તમે ગોટલીના રૂપિયા ૮૨૫૦ રૂપિયા ચૂકવો છો, જેનું કોઇ રીફંડ ચૂકવવામાં આવતું નથી આટલા રૂપિયામાં તો આખી સિઝનની કેરી ખરીદી શકાય.

રાજુ રદી ગૂગલ, ઇનસ્ટાગ્રામ, ટેલિગ્રામ, થ્રેડ વગેરે સર્ચ કરીને સિડલેસ ખજૂર કે દ્રાક્ષની માફક સિડલેસ મેંગો ખરીદ કરવા માગે છે. તમારી પાસે સિડલેસ મેંગોની માહિતી હોય તો રાજુ રદીને મોકલી આપવા વિનંતી છે. બાકી સપનામાં કેરી ખાવ અને મસ્ત રહો... ■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@bombaysamachar.com

# એક ખાલી કોરું પેટથી એક ભરપૂર જીવન સુધીની કચ્છી યુવતીની અનોખી યાત્રા...



ડૉ. કાયનાત

આજે ડો. કાયનાતનો દીકરો જેહાન ત્રણ વર્ષનો છે પણ વાત એના જન્મ પહેલાની છે. કાયનાતના ગર્ભધારણના સાડા ચાર મહિનામાં મિસકેરેજનો કારમો કાળ જાણે આથા દંપતી પર વરસી પડ્યો. હજુ પૂર્ણતઃ એ બાળકીનો ઘાટ ઘડાય એ પહેલાં એને કુદરતે પોતાની સેવામાં સમેટી લીધી. કાયનાતના ગર્ભધારણ કર્યા પછીના દિવસો સામાન્ય રીતે પસાર થઈ રહ્યા હતા અને ત્યાં જ અંધારી રાતનું અધુરો સપનું એ માતાના કાળજાને કંપાવી ગયું. કાયનાતની વાત માંડું એ પહેલા જરૂરી વાત, આજકાલ મિસકેરેજના વધતા કિસ્સામાં માતાએ સભાનતા કેળવવી પડશે.

ડગમગેલું માતૃહૃદય સાવ સુનપમાં દિવસો પસાર કરી રહ્યું હતું. રડતા – રડતા કાયનાત આ કિસ્સો જણાવતા બોલ્યા, 'મારું પેટ ખાલી થઈ ગયું તો જાણે મારું જીવન પણ ખાલી થઈ ગયું, એવું લાગતું હતું.' એ બોલ્યા, 'હું પથારી પર પડી રહેતી, અચાનક રડવા મંડી જાઉં તો અચાનક બાથરૂમમાં જઈને ટોયલેટ ક્લીનરથી સફાઈ કરવા લાગી જતી. આ પરિસ્થિતિમાં મને જોઈને મારા પતિ રવીશ ખૂબ રડી પડ્યા. મારી જિંદગીમાં પહેલીવાર મેં તેમને રડતા જોયા હતા. બસ, પછી તો થોડી ક્ષણો પછી મને અહેસાસ થયો કે મારા લીધે સૌ તૂટી ગયા છે. આ પ્રસંગે કુદરતી રીતે જ મારામાં સાહસ આવ્યું અને હું ઉદાસીનતામાંથી બહાર નીકળતા પોતાને અને રવીશને સંભાળવા લાગી.' એક માની દુનિયામાંથી જાણે તમામ રંગો ઊડી ગયા હતા પણ નિસંદેહ પતિની મનોદશાએ આપોઆપ એ સ્ત્રીને હિંમતવાન બનાવી દીધા. જીવનમાં આવા અનેક પ્રસંગોમાં સ્ત્રીના સાહસના, સમર્પણના કે વાત્સલ્યના કિસ્સાઓ ઘટિત થાય છે. એ પછી તો કાયનાતે બમણી હિંમત સાથે જાતને અને કામને સંભાળ્યું. નિર્મલ ભાસતું, હિંમતી હૃદય પણ નારી વ્યક્તિત્વનું પ્રતિબિંબ છે.



એ પછી તો ઈશ્વરકૃપાથી જેહાને આ ખોટ પૂરી કરી દીધી છે. એક રડતી રાતમાંથી ઊગે છે સૂરજ, માતા બનેલી સ્ત્રી છે સાહસનો પુરજોશ કરજ.

કોસ્મેટીક ફીઝીશિયન 'લેઝર લેડી' તરીકે જાણીતા ડો કાયનાત અન્સારી આથાનું જીવન ખરેખર રોમાંચથી ભરેલું છે. માતા હરિયાણાના જાટ ને પિતા મધ્ય પ્રદેશના મુસ્લિમ છે. તો તેના પતિ કચ્છી લોહાણા અને જેઠાણી જૈન. જાણે મિની ભારત વસે છે તેમના પરિવારમાં. કોમી એકતાની મિસાલ તો જુઓ કે, તેના ઘરમાં ચાતુર્માસ ચાલતા હોય ત્યારે સૌ ચોવીઆર કરી લે, અને કાયનાતે રમજાનના રોજા રાખ્યા હોય ત્યારે તેમના જેઠાણી જ ખજૂરનું પાણી બનાવીને રોજા છોડાવતા હોય. ખુદ કાયનાત જ ઘરમાં દરરોજ સવારે મનની શાંતિ માટે હનુમાન ચાલીસા સાંભળે છે, તો તહેવારોમાં નમાજ પણ પઢે છે. વિવિધ જગ્યાએ અભ્યાસ અને નોકરી કર્યા પછી ૨૦૧૪માં આ દંપતી, પોતાના પરિવાર અને વતન ગાંધીધામમાં કાયમી સ્થાયી થયાં છે. અહીં તેમણે પોતાનું કોસ્મો સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ ઊભું કર્યું છે. આ હોસ્પિટલ સેટ અપ કરવામાં કાયનાતે ખૂબ મહેનત કરેલી. મિસીસ ઇન્ડિયા પ્રતિયોગીતામાં પણ કાયનાતે ટોપ -૮ માં સ્થાન હાંસલ કર્યું હતું. ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ગુડગાંવ ખાતે યોજાયેલી સ્પર્ધામાં તેમણે મિસિસ ઇન્ડિયા સેન્ટ્રલ ઝોન, મિસિસ બ્યુટીફુલ સ્માઇલ, મિસિસ બોલ્ડ એન્ડ બ્યુટીફુલ, મિસિસ બ્યુટીફુલ હેર સહિતના ચાર ટાઇટલ પોતાના નામે જીતીને ગાંધીધામ અને કચ્છનું નામ રોશન કર્યુ હતું. ખુશમિજાજી, હાજરજવાબી વ્યક્તિત્વ ધરાવતી કાયનાતે છેલ્લાં થોડા સમયથી પોતાને સમાજસેવાનાં વિવિધ કાર્યોમાં વ્યસ્ત કરી દીધી છે.

અન્ય એક માતૃત્વનો દાખલો કાયનાતના ઘરેથી તેના સાસુમાનો છે. ડો રવીશ અને કાયનાતે ૨૦૧૦માં આર્ય સમાજની વિધિથી લગ્ન કર્યા હતા. શરૂઆતમાં તો અબોલા બનેલા બંનેના પરિવારે સમય વીતતાં દંપતીને ખુશ જાણી લગ્ન અને બાળકો બંનેને સ્વીકારી લીધા અને આજે તેઓ સંયુક્ત પરિવારમાં એકસાથે રહે છે. આનો તમામ શ્રેય કાયનાત તેના સાસુ પુષ્પાબેનને આપે છે. કારણકે ઘણીવાર સંકુચિત માનસિકતા પરિવારમાં ગૃહિણી થકી જ પુરુષોના નિર્ણયમાં છલકતી હોય છે, પરંતુ અહીંયાં પુષ્પાબેનનો વિચાર એવો હતો કે, મારા જ્ઞાતિની આવીને મારા ઘરમાં સુખ-ચેન રહેવા દેશે જ, એવું ક્યાં નક્કી છે? દીકરા અને પરિવારની શાંતિને સર્વોપરી માનીને તેમણે બંને વહુઓને સ્વીકારી લીધા. માત્ર જન્મ આપવું માતૃત્વ નથી, પણ સંતાનસુખમાં આશા ઉગાડવી, એ છે સાચી માઁ. એક તરફ જૈન મહિલા કાંદા લસણ પણ ખાતી નથી અને બીજી તરફ બીજી વહુ માંસાહારનું સેવન કરતી હોય એ દિનચર્યા કેવી નમૂનાદાર હશે નહીં! ■

## સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# આફ્રિકા મારા પર આફરીન થયું...







કાંતિ મડિયાનાં ત્રણ નાટક સાથે ઈસ્ટ આફ્રિકાના પ્રવાસે નીકળવાની વાત આગળ ચલાવતા પહેલા ગયા અઠવાડિયે મેં મારી બીજી દીકરીને નાટકમાં કામ કરવાની મળેલી તક અને એના લવ મેરેજની વાત કરી હતી. આ બધું હું આફ્રિકા જવા રવાના થઈ એ પહેલાં બન્યું હોવાથી ફ્લેશબેકમાં જઈ એની માંડણી કરી 'મુંબઈ સમાચાર'ના પ્રિય વાચકોને જણાવવું મને જરૂરી લાગ્યું હતું. દીકરીને સાસરે વળાવી હું મારા રૂટિનમાં ગોઠવાઈ ગઈ. એ વખતે મુંબઈમાં 'સંતાનોના વાંકે' નાટકના મારા શો ચાલી રહ્યા હતા. જૂની રંગભૂમિનાં યાદગાર નાટકોમાંનું એક. અગાઉ મેં 'વડીલોના વાંકે' નાટકમાં પણ કામ કર્યું હતું. મને યાદ છે ત્યાં સુધી છગન રોમિયો સુધ્ધાં બંને નાટકમાં અભિનયના અજવાળા પાથરી ચુક્યા હતા.

'સંતાનોના વાંકે' નાટકના શો ફક્ત રવિવારે થતા અને બાકીના દિવસોમાં મડિયાના ત્રણ નાટકના રિહર્સલ ચાલુ થઈ ગયા હતા. આ રિહર્સલ કાંતિભાઈના ઘરમાં જ થતા હતા. એનું કારણ તેમની કામ કરવાની શૈલી હતી. નાટ્ય વાંચનનો તેમનો આગ્રહ રહેતો. પંદરેક દિવસ રીડિંગ સેશન ચાલે. અમુક ડાયલોગ અલગ શૈલીથી બોલવાનો કે તમુક શબ્દ ભાર આપી કેવી રીતે બોલવો એ અમને શીખવતા અને એ શું કામ જરૂરી છે એ પણ સમજાવતા. એમને સંતોષ ન થાય ત્યાં સુધી પ્રેક્ટિસ કરાવતા જાય. શૈલેષ દવે પણ આવો જ આગ્રહ રાખતા હતા. એટલે મને આ બંને દિગ્દર્શકના નાટકમાં કામ કરતી વખતે બહુ આનંદ આવતો અને નવું નવું શીખવાથી કલાકાર તરીકે મારું ઘડતર પણ થતું.

કાંતિભાઈએ ત્રણેય નાટકમાં મારી વરણી કરી હતી. એક મહિનામાં ત્રણ રોલ માટે મારે તૈયાર થવાનું હતું. 'અમે બરફના પંખી'નો મારો રોલ બહુ મહેનત માગી લે એવો હતો. જોકે, એનું પાત્રાલેખન અને મડિયાનાં કાબેલ દિગ્દર્શનને કારણે હું એમાં બહુ જલદી ઓતપ્રોત થઈ ગઈ હતી. બીજું નાટક હતું 'સ્નેહરંગ' જે સિદ્ધહસ્ત લેખક વસંત કાનેટકરના મરાઠી નાટક 'પ્રેમા તુઝા રંગ કસા'નું રૂપાંતર હતું. મૂળ મરાઠી નાટક મેં જોયું હતું અને પ્રેમના વિવિધ રંગ એમાં સરસ રીતે ઉપસતા હતા. માર્મિક અને વિનોદી ઢબના આ નાટક માટે હું ખૂબ ઉત્સુક હતી. ત્રીજું નાટક હતું તારક મહેતાનું રહસ્ય પ્રધાન 'અમે તમે ને રતનિયો.' આમ તો નાટક બંધ પડે એ કોઈ પણ કલાકારને ગમે નહીં, પણ 'સંતાનોના વાંકે' નાટકના શો પૂરા થયા એનાથી મને રાહત જરૂર થઈ કારણ કે એક મહિનામાં ત્રણ નાટક તૈયાર કરવા પર હું હવે વધુ ધ્યાન આપી શકું એમ હતી.

એમ કરતા આફ્રિકા જવાનો સમય આવી ગયો અને અમારો કાફલો ઉપડ્યો. અમારો પહેલો મુકામ હતો નૈરોબી. ઈસ્ટ આફ્રિકા વીસેક દેશનો સમૂહ છે. એમાંથી કેન્યા, યુગાન્ડા અને ટાન્ઝાનિયા આ ત્રણ દેશ ગુજરાતી પ્રજામાં ખાસ્સા જાણીતા છે. ૧૯૩૦થી ૧૯૫૦ દરમિયાન અનેક ગુજરાતી વેપારીઓએ ઈસ્ટ આફ્રિકાની વાટ પકડી ત્યાં સ્થાયી થઈ બે પાંદડે થયા હતા. આર્થિક સમૃદ્ધિ મેળવી હતી. એમાંય કેન્યા તો ગુજરાતીઓનું ફેવરિટ હતું. નૈરોબી કેન્યાની રાજધાની. એરપોર્ટથી અમે ઉતારા પર પહોંચ્યાં ત્યારે જગ્યા અને શહેરનું વાતાવરણ જોઈ બધા કલાકાર આનંદમાં આવી ગયા. જે રૂમ મને ફાળવવામાં આવી હતી એમાં મારી સાથે વંદના પાઠક અને મીનળ પડિયાર એ બે અભિનેત્રી હતી. જોકે, રૂમ જોઈ પહેલા તો અમે ચોંકી ગયા, કારણ કે એમાં નહોતું એર - કન્ડિશનર કે નહોતા પંખા. પછી મને ખબર પડી કે નૈરોબીના મોટાભાગનાં ઘરોમાં આ ઉપકરણ નથી રાખવામાં આવતાં. એનું કારણ ત્યાંનું વાતાવરણ એવું મજાનું કે પંખા - એસીની જરૂર જ ન પડે.

નૈરોબીનું થિયેટર પણ બહુ જ સુંદર હતું. જોતાવેંત બધા ઉત્સાહમાં આવી ગયા. મારા માટે તો આહ્‌લાદક અનુભવ હતો. ખાડાની કંપનીમાં કામ કરતી મહેશ્વરી લંડન શો કરી હવે આફ્રિકાના નાટ્યગૃહમાં શો કરવા પહોંચી હતી. ઈશ્વર અને રંગદેવતાના આશીર્વાદ. પહેલો શો 'અમે બરફના પંખી'નો હતો. આ નાટક થોડું ભારેખમ અને ટ્રેજિક હતું. કદાચ એટલે નાટકને મળવો જોઈએ એવો પ્રતિસાદ નહોતો મળી રહ્યો. જોકે, થોડા દિવસ વીત્યા પછી બધાને સમજાઈ ગયું કે અહીંની પ્રજાને કોમેડી નાટકો વધુ પસંદ છે. એટલે જ 'સ્નેહરંગ' પ્રેક્ષકોને બહુ જ પસંદ પડ્યું. વાત ભલે પ્રેમની હતી, પણ એમાં કોમેડી હતી, ફારસ હતું જેમાં પ્રેક્ષકોને આનંદ આવી રહ્યો હતો. નૈરોબીથી અમે કેન્યાના મુખ્ય બંદર મોમ્બાસા ગયા. ત્યાં પણ નાટકના શો કરી, આનંદ અને આમદની મેળવી નૈરોબી પાછા ફર્યા.

ઈસ્ટ આફ્રિકામાં એકાદ મહિનો રોકાઈ ત્રણેય નાટકના શો કર્યા અને ત્યાંથી અમારો કાફલો ઊપડ્યો સેન્ટ્રલ આફ્રિકા જવા. અમારો મુકામ હતો સરોવર, નદી અને ધોધના રમણીય શહેર ઝામ્બિયામાં. અહીં બધા કલાકાર એક સાથે રહી શકે એવી નૈરોબી જેવી વ્યવસ્થા નહોતી. એટલે અમે બધા અલગ અલગ ઘરોમાં રહેવા માટે વહેંચાઈ ગયા. નવી વ્યવસ્થામાં હું, મીનળ પડિયાર અને મુંબઈના સ્પોન્સરની બહેન એમ ત્રણ સાથે હતા. વંદના પાઠક છૂટી પડી ગઈ.

ઝામ્બિયામાં પણ પહેલું નાટક 'અમે બરફના પંખી' જ કર્યું. જોકે, અહીંના લોકોને આ નાટક બહુ પસંદ પડ્યું. ગુજરાતીમાં કહેવત છે ને કે 'બાર ગાઉએ બોલી બદલાય'. એ રીતે શું અમુક ગામે લોકોનો ટેસ્ટ પણ બદલાતો હશે એવો વિચાર મને આવ્યો ને મનોમન હસી પડી. અધિક આનંદ એ વાતનો હતો કે ત્રણેય નાટકમાં મારા રોલ સુંદર હતા અને એ ભજવવામાં પણ મને મજા આવતી હતી. કાંતિ મડિયાની હું આજીવન ઋણી છું કારણ કે તેમણે મને સારા રોલ આપ્યા અને એમની સાથે કામ કરવાથી મને સતત કશુંક શીખવા મળ્યું અને એને કારણે અભિનેત્રી તરીકે મારી પ્રગતિ થતી રહી. હું એક એક પગથિયું ઉપર ચડતી ગઈ.

નૈરોબી અને ઝામ્બિયાના મુકામમાં મને એક ફરક દેખાયો. ઝામ્બિયામાં નાટ્ય રસિકો ઘરે મળવા પણ આવતા હતા. નાટકના કલાકારો સાથે અંગત ઓળખાણ રાખવી તેમને ગમતું હતું. અહીં અમે જે પરિવાર સાથે રહેતા હતા એ લોકો ખૂબ મિલનસાર, મળતાવડા સ્વભાવના હતા. એમનો સામાજિક મોભો પણ ઊંચો હતો અને એટલે એમને ત્યાં લોકોની આવન જાવન બહુ રહેતી હતી. મેં જોયું કે આવનારા લોકો મને મળવાનો, મારી સાથે વાતચીત કરવાનો ને ફોટોગ્રાફ પડાવવાનો બહુ આગ્રહ રાખતા હતા. મારા પર લોકો ફિદા હતા એ મને સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું. 'અહીં તો તારો વટ પડે છે' એમ કોઈ સાથી કલાકારે પણ મને કહ્યું ત્યારે હું થોડી શરમાઈ ગઈ હતી, પણ અંદરખાને એ બધું બહુ ગમી રહ્યું હતું. કોને ન ગમે? એક ફોટોગ્રાફર ભાઈએ તો મારા ઢગલાબંધ ફોટોગ્રાફ પાડ્યા અને એમનો આખો સ્ટુડિયો મારી તસવીરોથી સજાવી દીધો. મને ખાસ જોવા પણ બોલાવી હતી. આફ્રિકા જાણે મારા પર આફરીન થઈ ગયું હોય એવી લાગણી હું અનુભવી રહી હતી. અહીં વિવિધ શહેરોમાં પણ નાટક શનિ - રવિ દરમિયાન જ ભજવાતાં અને બાકીના દિવસો દરમિયાન કોઈને ત્યાં જમણવાર તો કોઈને ત્યાં પાર્ટી જેવા અલકમલકના કાર્યક્રમ થયા કરતા હતા.

દિવસો આનંદમાં પસાર થઈ રહ્યા હતા. એક દિવસ અમે કોઈ મહેમાનના આમંત્રણથી એમના ફાર્મહાઉસ જઈ રહ્યા હતા ત્યારે અચાનક એવું થયું કે... ■

## 'એક ઉંદર અને જદુનાથ'

હતાશા જીવનને ઘેરી વળે અને આયુષ્ય વ્યર્થહીન છે એવી લાગણી થાય ત્યારે મનુષ્યને એબ્સર્ડ (અર્થહીન - અર્થશૂન્ય) વિચારો ઘેરી વળતા હોય છે. બીજા વિશ્વયુદ્ધ પછી આવી માનસિકતા જગતના અનેક સંવેદનશીલ સર્જકોને ઘેરી વળી હતી. આ માનસિકતામાંથી 'એબ્સર્ડ થિયેટર'નો જન્મ થયો હોવાનું માનવામાં આવે છે. ૧૯૫૩માં સૌપ્રથમ વાર ભજવાયેલું આઈરીશ લેખક સેમ્યુઅલ બેકેટનું 'વેઈટિંગ ફોર ગોદો' અને બ્રિટિશ નાટ્યકાર હેરલ્ડ પિન્ટરનું 'ધ બર્થ ડે પાર્ટી' એબ્સર્ડ નાટકના જગવિખ્યાત ઉદાહરણ છે. પશ્ચિમી વિચારધારાથી પરિચિત રહેતા ગુજરાતી નાટ્ય સર્જકોની કોશિશથી ગુજરાતમાં પણ ઍબ્સર્ડ શૈલીનાં નાટક લખવાના અને ભજવવાના પ્રયાસો લાભશંકર ઠાકર, આદિલ મન્સૂરી, સુભાષ શાહ, મનહર ઠક્કર, ચિનુ મોદી ઈત્યાદિ સર્જકોએ કર્યા છે. અલબત્ત આ પ્રકારના નાટકોનો પ્રેક્ષક વર્ગ મર્યાદિત હતો. ૧૯૬૬માં ભજવાયેલું લાભશંકર ઠાકર અને સુભાષ શાહનું 'એક ઉંદર અને જદુનાથ' તખ્તા પર રજૂ થયેલું સર્વપ્રથમ ગુજરાતી નાટક તરીકે ખ્યાતિ ધરાવે છે. બે અનામી પાત્રો, 'જદુનાથ' અને 'ઉંદર'ની પ્રતીક્ષા, બંધ હોટલ વગેરે દ્વારા જીવન અર્થહીન છે એવું દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ડો. મીનુ કાપડિયાએ બેકેટના જ 'ક્રેપ્સ લાસ્ટ ટેપ'નું ગુજરાતી સંસ્કરણ ભજવ્યું હતું. ૭૦ વર્ષના મુરબ્બી મિસ્ટર ક્રેપ પોતાની વરસગાંઠના દિવસે પોતાના જ જૂના રેકોર્ડિંગ સાંભળે છે. નાટકમાં યુવાનીની મહત્ત્વકાંક્ષા અને વર્તમાનની વાસ્તવિકતા વચ્ચેની વિષમતા પર ફોકસ કરવામાં આવ્યું હતું. અલબત્ત એકંદરે એબ્સર્ડ નાટ્ય પ્રકાર ગુજરાતી રંગભૂમિ પર પકડ જમાવી શકવામાં નિષ્ફળ રહ્યું એ હકીકત છે. એબ્સર્ડ નાટકની અસફળતા માટે જે વિવિધ કારણો આપવામાં આવ્યાં એમાં ગુજરાતી પ્રજા જીવનમાં ખાલીપણાનો અનુભવ નથી કરતી એવી એક દલીલ કરવામાં આવી હતી. ■

## બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# યુદ્ધના સમયે બ્રાન્ડનો અભિગમ કેવો હોવો જોઈએ...




થોડા દિવસ પહેલાં પહલગામમાં જે થયું તેનો ઉચિત જવાબ આપણે દુશમન દેશને આપ્યો. આપણે જાણીએ છીએ કે યુદ્ધ કોઈ પણ કાળે લોકો નથી ઇચ્છતા, કારણ અંતે તેના દ્વારા કેટલાંય ઘર-પરિવાર અનાથ થાય છે, પણ દેશની રક્ષા- સુરક્ષા માટે યુદ્ધ જરૂરી પણ છે.

જવાદો આપણો વિષય યુદ્ધનો નથી, પણ યુદ્ધના સમયે બ્રાન્ડ અથવા વેપારે કેવો અભિગમ રાખવો તેની વાત કરવાનો છે. આપણે એવા સમયમાં નથી જીવી રહ્યા, જ્યાં આવા સમયે તમે કયો અભિગમ રાખ્યો તે લોકોને ખબર ના પડે.

આજે સોશિયલ મીડિયાના જમાનામાં કન્ઝ્યુમરનું ધ્યાન તમારા તરફ હોય છે. એ જોવે છે કે તમારો અભિગમ આવા સમયે શું છે.

આનું વિશલેષણ કરીયે તો, થોડા સમય પહેલા અને હજુ પણ ચાલી રહેલું રશિયા અને યુક્રેનના યુદ્ધનું ઉદાહરણ લેવું પડે. જયારે આ યુદ્ધની શરૂઆત થઇ ત્યારે ગ્લોબલ બ્રાન્ડ્સ માટે મોટો પડકાર હતો કોની બાજુ લેવી? કારણ એમની બ્રાન્ડ્સ બંને દેશમાં સક્રિય હતી. આવા સમયે જરૂરી થઇ પડે છે કે તમે કોની સાથે ઊભા છો. કોકાકોલા, મૅકડોનાલ્ડ્સ અને તેના જેવી બીજી ઘણી મોટી બ્રાન્ડ્સ અને કંપનીઓએ રાતોરાત નક્કી કરી પોતાનો વેપાર રશિયામાં બંધ કર્યો. માનવતાના ધોરણે એમને તે યોગ્ય લાગ્યું અને નિર્ણય લીધો. ત્યારે એક અભ્યાસ કરવામાં આવ્યો, જેનું તાત્પર્ય હતું કે બ્રાન્ડ્સ માટે જાહેર વલણ અપનાવવું જરૂરી છે. આવા સમયે એ શાંત ના બેસી શકે. મોટાભાગના લોકોએ કહ્યું અમે એવી બ્રાન્ડ પાસેથી માલ ખરીદશું, જે રશિયા સાથે વેપાર કરવાનું બંધ કરે....

આવી ગ્લોબલ બ્રાન્ડ્સ માટે રાતોરાત આવા નિર્ણયો લેવા આસાન નથી. એક તરફ કન્ઝ્યુમર સેન્ટિમેન્ટ છે તો બીજી તરફ એમની કંપનીઓમાં કામ કરી રહેલા કર્મચારીઓ છે, જેમને પણ સાચવવાના છે. બ્રાન્ડ માટે આ કઠિન સમય છે અને જે-તે નિર્ણય કે અભિગમ બ્રાન્ડ અપનાવે છે તેના સહારે કન્ઝ્યુમર અને કર્મચારીઓની નજરમાં એમની ઇમેજ બને છે. 'તમે વેપાર બંધ કર્યો છે, તમે કર્મચારીઓને સાચવ્યા છે, તમે સૈન્યની આર્થિક સહાય કરી છે...' આવી વાતો જયારે કન્ઝ્યુમર જાણે છે ત્યારે તે તમને માનની નજરથી જોવે છે.

આની બીજી બાજુ તે પણ છે કે આવી વાતોના બણગા ફૂંકવા પણ ભારે પડી શકે છે. લોકો તમને તકવાદી તરીકે ના જોવે તેની કાળજી પણ લેવી જરૂરી છે. જેમ અભિગમ એક વાત છે તેમ આવા સમયે તમારું કોમ્યૂનિકેશન અર્થાત જાહેરાતોને તમે કઇ રીતે પ્લાન કરો છો એ પણ જરૂરી છે. આપણને જ્ઞાત છે કે જાહેરાત એક શક્તિશાળી સાધન છે, જે લાખો લોકોને પ્રભાવિત કરી શકે છે, તેથી તેનો ઉપયોગ સમજદારીપૂર્વક કરવો જોઈએ. જાહેરાતો વર્ષોથી ગ્રાહકો સાથે ઊંડા જોડાણ સ્થાપિત કરવાનું એક સશક્ત માધ્યમ છે. જાહેરાતની શક્તિ ખાસ કરીને સંઘર્ષ અને કટોકટીની પરિસ્થિતિ દરમિયાન વધુ સ્પષ્ટ થાય છે જ્યારે યોગ્ય સંદેશ લોકોને અર્થપૂર્ણ પગલાં લેવા માટે પ્રેરણા આપી શકે .

આજની તારીખે સોશિયલ મીડિયા પર મોમેન્ટ માર્કેટિંગ મહત્ત્વનો ભાગ ભજવે છે. બ્રાન્ડ્સ માટે મોમેન્ટ માર્કેટિંગના નામે વર્તમાન વલણ અને ઇવેન્ટ્સનો ઉપયોગ કરીને એમની બ્રાન્ડનો પ્રચાર કરવો એ એકદમ સામાન્ય વાત છે. તમારી આ પ્રકારની જાહેરાત કઈ દિશામાં જશે તે કહેવાય નહિ. અમુક સમયે તે સફળ પણ રહે અને ક્યારેક તેનો પલટવાર પણ જોવા મળે છે. આવા સંજોગોમાં નેગેટિવે પબ્લિસિટી ઇસ અ ગુડ પબ્લિસિટી પણ નહિ ગણાય. આવા સમયે બને તો જાહેરાત કરવાની ટાળો.

....

આજના ગ્રાહકો હોશિયાર છે અને જાહેરાતો પાછળના હેતુને સમજી શકે છે. જે બ્રાન્ડ્સ ફક્ત ધ્યાન ખેંચવા માટે જાહેરાત બનાવે છે એમને લોકો અસંવેદનશીલ બ્રાન્ડ માનશે.

રશિયા અને યુક્રેનના યુદ્ધ વખતે તો ગ્લોબલ બ્રાન્ડ માટે દ્વિધા ઉભી થઇ હતી કે કોનો સાથ દેવો. એકનો સાથ દઈ બીજો નારાજ થશે તે નિશ્ચિત હતું .

આવા સમયે બ્રાન્ડ્સ પાસેથી સ્ટેન્ડ લેવાની અપેક્ષા રાખવામાં આવે છે. ઘણીવાર બે દેશની જેમ કોઈ એક દેશના બે રાજકીય પક્ષ અથવા વિભિન્ન વિચારધારા વચ્ચે પણ સંતુલન રાખવું પડે છે.

હવે પ્રશ્ન થશે કે શું આવા સમયે આપણે ચુપચાપ બેઠા રહેવું. જવાબ છે ના, કારણ કે તમારો અભિગમ આવી પરિસ્થિતિઓમાં શું છે તે જાણવા કન્ઝ્યુમર ઉત્સુક છે. આજનો કન્ઝ્યુમર સિક્કાની બંને બાજુ જોઈ શકે છે એટલે બને તો જાહેરાતોથી દૂર રહો. આવી પરિસ્થિતિમાં મહત્ત્વની વાત એટલે તમે લોકોને કેટલા મદદગાર થયા, તમે દેશ માટે, સમાજ માટે શું કર્યું એ લોકો જોશે. આવા સમયે વ્યક્તિ અને બ્રાન્ડ બંને માટે જરૂરી છે તમે એક સંવેદનશીલ કંપનીની બ્રાન્ડ તરીકેની છાપ ઊભી કરો, નહીં કે કોઈ કોઈ તકવાદી તરીકેની છાપ છોડો. ■

## કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# ટોળામાંથી ધણ થવામાં બહુ વાર લાગતી નથી!

## સંઘભાવનાનો જાદુ અનેરો છે




**યુદ્ધના** સંજોગ ઘટ્ટ થઈ રહ્યાં છે. ઘેર બેઠા બેઠા ઘણા બધા લાઈવ મેચ કે વીડિયો ગેમ જોતા હોય એ રીતે રિએક્ટ કરી રહ્યા છે. પ્રોબ્લેમ એ છે કે ભારત દોઢસો કરોડ લોકોનું ટોળું છે. ટોળામાંથી ધણ બની ન જાય તેની તકેદારી રાખવી પડે, જેમકે.....

૨૦૦૬ : સ્થળ આર્જેન્ટિનાનું પાટનગર બ્યૂનસ આયર્સ. આર્જેન્ટિના ફૂટબોલ એસોસિએશનની જગ્યા જ્યાં મેસી જેવા મહાન ખેલાડીએ ટ્રેનિંગ લીધી છે ત્યાં બીજે દિવસે જે અતિ મહત્ત્વની મેચ રમાવાની હતી તેની સ્ટ્રેટેજી ખેલાડીઓ વચ્ચે બંધ બારણે પ્લાન આઉટ થઇ રહી. ત્યાં ટકોરા સંભળાયા. ટીમના કોચે દરવાજો ખોલ્યો. જોયું તો એક નાનકડો છોકરો હતો, એનું નામ હતું જુઆન. એ કોચને કહે કે એ બધાને મળવા આવ્યો છે અને બધા ખેલાડીઓને ચર્ચ લઇ જવા માગે છે. કોચે હસીને શાંતિથી જવાબ આપ્યો કે આભાર, પણ અત્યારે ચર્ચ જવાનો સમય નથી. પણ એ બાળકે હઠ પકડી કે ના, તમે બધા મારી સાથે ચર્ચ આવો... કોચ તો પણ ન માન્યો તો પેલા છોકરાએ બહુ અચરજભરી વાત કરી કે મારા પર વિશ્વાસ રાખો. બધા ખેલાડીઓ મારી સાથે ચર્ચ આવશે અને અહીં એના રૂમ પર પરત ફરી રહ્યા હશે ત્યારે અમુક ખેલાડીઓ દેખતા થઇ જશે. આવું સાંભળીને એક ખેલાડી ઊભો થયો ને કડક ટોનમાં કહ્યું, કે જો હું તારી સાથે ચર્ચ આવું અને દેખતો થઇ જઉં તો આવતીકાલની ફૂટબોલ મેચ હારી જઈશ અને તને ખૂબ મારીશ! પેલો છોકરો ભાગ્યો અને બધા ખેલાડીઓ બીજા દિવસની ગેમ પ્લાનિંગની ચર્ચામાં લાગી પડ્યા.

હા, બધા જ ખેલાડીઓ અંધ હતા, કોચ સિવાય. બીજા દિવસે બધા બસમાં ફૂટબોલના મેદાને પહોંચ્યા તો આ કોચ સાથે એક સિલ્વીઓ નામનો ખેલાડી હતો. એણે કોચને કહ્યું કે મને આજુબાજુના પરિસરની બધી જ માહિતી આપો. કોચે શક્ય એટલી માહિતી આપી. સિલ્વીઓને સંતોષ ન થતાં એણે પૂછ્યું કે ક્યાંય તમને મારા શહેર 'સાન પેડ્રોનો' ઝંડો દેખાય છે? કોચે હજારોના ઓડિયન્સમાં નજર નાખીને પેલો ઝંડો ગોત્યો. સિલ્વીઓ કહે કે એ મારી પત્ની છે. એણે પત્નીની દિશામાં હાથ હલાવ્યો. એ સાઈડના લોકોએ સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું. પછી મેચ શરૂ થઈ. અંધ ખેલાડીઓને બોલ ક્યાં છે એ ખબર પડે એટલે બોલની અંદરથી અવાજ આવતો હોય માટે હજારો દર્શકોમાંથી કોઈને પણ જરાય અવાજ કરવાની છૂટ ન હોય. નિરવ શાંતિ હતી અને ન જીતી શકાય એવી અઘરી મેચ આર્જેન્ટિનાના ખેલાડીઓ જીતી ગયા અને અચાનક એ નિરવ શાંતિ વચ્ચે ગગનભેદી હર્ષનાદોથી આ અંધ ખેલાડીઓને વધાવી લેવામાં આવ્યા...

આ વાત જ્યારે કોચ ગોન્ઝાલો વિલેરીનો કહે છે ત્યારે ઓડિન્સમાંથી ઘણા બધાની આંખ ભીની થઈ. ફૂટબોલ મેચ ક્યારેય નિહાળી પણ ન હોય એવી ટીમ અશક્યને શક્યમાં ફેરવી શકી એનું કારણ હતું એમનું જબરદસ્ત ટીમવર્ક.

માણસ સમૂહાચારી હતો ને હજુય છે, પણ ટોળું જેમ જેમ સિવિલાઈઝડ થતું ગયું સંસ્કારી થતું ગયું એમ સમાજ સ્થપાતો ગયો.

સમાજ એટલે શું? એટલે એક ટીમ ગણોને.. પણ ઉત્ક્રાંતિ દરમિયાન પેલા ગુફા સમયના ટોળાના જનીનો હજુ સાવ ભૂંસાયા નહિ, કેટલાય દેશની જેમ આપણા દેશવાસીઓમાં પણ ટીમ સ્પિરિટ વિકસવાને બદલે ટોળાપણું વિકસ્યું. વસ્તારી કુટુંબમાં જન્મેલા સરેરાશ બાળકમાં તો આ ટોળાશાહીનાં લક્ષણ બાય ડિફોલ્ટ- મૂળભૂત રીતે આવી જ જાય છે. બાળકનો જો નાના સ્વતંત્ર ફેમિલીમાં જન્મ થયો હોય તો તો વધુ પ્રોબ્લેમ, ટોળાં પ્રત્યે એને વધુ આકર્ષણ થશે, શેરિંગના ગુણના અભાવે. આજુબાજુ નજર કરો. ટાટિયાખેંચની પ્રવૃત્તિ, ચડસાચડસીની વૃત્તિ, દંભખોરીની મસલત જ ચાલ્યા કરે. સોશિયલ મીડ્યિા પર નાની નાની અમર્થી વાહિયાત વાતોમાં આખો દેશ સામૂહિક સમય બગાડે. દિશાહીનતા એ ટોળાનું પહેલું લક્ષણ હોય છે જે આપણી લક્ઝરી બની ગઈ છે.

ટીમ-સંઘ ભાવના એટલે શું એ ખરેખર આપણે સમજ્યા નથી. આઝાદીનાં વર્ષો પછી પણ અમુક મહાન ચિંતકો ચર્ચા કર્યા કરે છે કે ગાંધીજી એકને કારણે કંઈ આઝાદી નથી મળી આપણને. અરે ભાઈ, ગાંધીજીએ ભારત આવીને પહેલું કામ એ જ કર્યું, ટીમ બનાવવાનું જેના એ લીડર બન્યા. નીલ આર્મસ્ટ્રોંગ ચંદ્ર ઉપર પહેલો પગ ત્યારે મૂકી શક્યો જ્યારે એની પાછળ ચાલીસ હજારથી વધુ નિષ્ણાતોની ટીમની વર્ષોની મહેનત હતી. શેરલોક હોમ્સનું રિયલ લાઈફ અસ્તિત્વ ન હોવા છતાં પણ કરોડો લોકો એને રોજ યાદ કરે છે, કારણ કે ડો. વોટસન સાથે એની ટીમ હતી. 'અમે તો જિસસ કરતાં પણ વધુ પ્રખ્યાત થઇ ગયા છીએ', એવું સિંગર જહોન લેનન ત્યારે બોલી શકે જ્યારે બીટલ્સ જેવું અલ્ટ્રા સ્ટ્રોંગ ગ્રૂપ હોય. આખી દુનિયાને હંફાવનાર લાદેનની છાતીમાં ગોળીઓ કોઈ એક ટીમ ધરબી શકે, એકલદોકલ માણસ નહિ. ટીમ એ સફળતાનું કન્ફર્મેશન છે-પુરાવો છે...અને જો ટીમ બનાવ્યા પછી પણ ધારી સફળતા ન મળી તો સમજવું કે ટીમના એકાદ-બે મેમ્બરમાં પેલા ટોળાશાહીનાં જનીન (આનુવંશિક લાક્ષણિકતા) સુષુપ્ત પડેલા છે.

ટીમવર્ક શીખવું- ટીમસ્પિરિટ આત્મસાત કરવી બહુ જ જરૂરી છે ભલે ને તમે એકલા કામ કરતા હો તો પણ. વીસમી સદીમાં બધું જ મહત્ત્વનું થઇ ગયું છે. આઈનસ્ટાઇન પણ આવી ગયો ને ગાંધીજી પણ ગયા. હવે કોઈ ક્રાંતિકારી કદમ ભરવું એ એકલદોકલ ઇન્સાનની વાત નથી. સ્ટિવ જોબ્સની પણ 'એપલ' ટીમમાંથી હક્કાલપટ્ટી થઇ શકે જો એ ટીમનો ભાગ બનીને ન રહે તો. શેરિંગ એન્ડ કેરિંગનો સમય છે તો આપણી આજુબાજુના બધાનું ભલું થાય એ ખેવનાથી આગળ વધીએ તો જ આપણો વિકાસ થાય. આ ફિલસૂફી નહિં પણ પાયાગત વિજ્ઞાન છે. જહોન નેશ 'અ બ્યુટીફૂલ માઈન્ડ'માં ગણિત દ્વારા એવા મતલબનું સમજાવે છે કે કેન્ટિનમાં પાંચ છોકરાની સામે માત્ર ત્રણ છોકરી છે. જો બધા વારાફરતી કોઈ એક છોકરી પાસે જશું તો રિજેક્ટ થવાના ચાન્સ વધુ છે અને કોઈને છોકરી નહિ મળે એના કરતાં આપણે ટીમ બનાવીને એમની રાહ જોઈએ તો એટલીસ્ટ, આપણા પાંચમાંથી ત્રણ તો ખાલી હાથ નહિ જાય!

આ છે ટોળા અને ટીમ વચ્ચેનો તફાવત છે કે તમે ભલે એકલા હો, પણ ટીમસ્પિરિટ નહિ હોય તો ફેંકાઈ જશો. ગૂગલ જેવી કંપની એટલે જ સતત સફળ થતી રહી છે, કારણ કે ત્યાં ટીમ-ભાવના છે. સ્ટાફને ટોળાના ગણીને યુનિફોર્મ પહેરાવીને પંચ મશીનમાં એન્ટ્રી ફરજિયાત નથી કરાવતા, પણ એમને છુટ્ટોદોર આપે છે એટલે સ્ટાફમાં આપોઆપ સંઘભાવના જન્મે છે અને વર્લ્ડ બેસ્ટ રિઝલ્ટ આવે છે, જેનું પરિણામ તમારી સામે છે.

આ સાદી વાત જો મા-બાપ, સ્કૂલે જતાં સંતાનો અને એમના શિક્ષકો, કોઈ પણ સંસ્થા-કંપની, ખાસ કરીને યુવાનો અને સરકાર અપનાવી લે તો..... પણ ટોળાના વંટોળમાં મીણબત્તી કેટલો સમય રહી શકે? ટીમ રચવા માટે લીડર-કેપ્ટન પણ એવા દમદાર જોઈએ, પણ હવે ગાંધી કે પટેલ ફરી ક્યારે મળશે? ■

સુખનો પાસવર્ડ
આશુ પટેલ
feedback@bombaysamachar.com

# પોતાની માન્યતા પ્રત્યે વફાદાર રહેવું જોઈએ...

## સરકાર વિરોધી કવિતા લખવા માટે શાયર મજરૂહ સુલતાનપુરીને કહેવાયું કે કા તો માફી માગી લો નહીં તો જેલમાં જવું પડશે ત્યારે મજરૂહે જેલમાં જવાનું પસંદ કર્યું હતું!

એક દિન બિક જાયેગા, માટી કે મોલ
જગ મેં રહ જાયેંગે, પ્યારે તેરે બોલ
દૂજે જે હોઠો કો, દેકર અપને ગીત
કોઈ નિશાની છોડ ફિર દુનિયા સે ડોલ

અનહોની પગ મેં કાંટે લાખ બિછાયે
હોની તો ફિર ભી બિછડા યાર મિલાયે
યે બિરહા યે દૂરી, દો પલ કી મજબૂરી

ફિર કોઈ દિલવાલા કાહે ઘબરાયે,

તરમ્પમ ધારા તો બહતી હૈ, બહતે રહતી હૈ
બહતી ધારા બન જા, ફિર દુનિયા સે બોલ

પરદે કે પીછે બૈઠી સાંવલી ગોરી
થામ કે તેરે મેરે મન કી દોરી
યે ડોરી ના છૂટે, યે બંધન ના ટૂટે

ભોર હોનેવાલી હૈ અબ રૈના હૈ થોડી,

સર કો ઝુકાએ તૂ, બૈઠા ક્યા હૈ યાર
ગોરી સે નૈના જોડ, ફિર દુનિયા સે બોલ

એક દિન બિક જાયેગા, માટી કે મોલ
જગ મેં રહ જાયેંગે, પ્યારે તેરે બોલ.

– મજરૂહ સુલતાનપુરી.
**************


મજરૂહ સુલતાનપુરી

૧ ડિસેમ્બર, ૧૯૭૫ના દિવસે રિલીઝ થયેલી ‘ધરમ કરમ’ ફિલ્મનું, આર.ડી બર્મને કમ્પોઝ કરેલું અને મુકેશે ગાયેલું આ ગીત વાચકોએ સાંભળ્યું જ હશે. આ ગીત વીસમી સદીના વિખ્યાત કવિ અને સેંકડો હિન્દી ફિલ્મોના ગીતકાર મજરૂહ સુલતાનપુરીએ લખ્યું હતું. એ ગીત લખવા પાછળની વાત જાણવા જેવી છે.

મજરૂહ સુલતાનપુરીએ ૧૯૫૧માં તત્કાલીન સરકારના વિરોધમાં એક કવિતા લખી હતી, જેમાં એમણે નહેરુની સરખામણી હિટલર સાથે કરી હતી. એ કવિતાનું એમણે પઠન પણ કર્યું હતું. એને કારણે એ નહેરુ અને કેન્દ્ર સરકારના રોષનો ભોગ બન્યા. એમને કહેવાયું કે ‘તમે આ કવિતા લખવા માટે માફી માગી લો નહીં તો તમારે જેલમાં જવું પડશે.’

મજરૂહ સુલતાનપુરીએ જવાબમાં કહ્યું: ‘મેં જે લખ્યું છે એને હું વળગી રહું છું. હું માફી માગવાનો નથી. મારે જેલમાં જવું પડે તો મને મંજૂર છે.’

–અને ખરેખર મજરૂહ સુલતાનપુરીને સરકારે જેલમાં ધકેલી દીધા! મજરૂહ સુલતાનપુરી બે વર્ષ માટે જેલમાં રહ્યા. એ દરમિયાન એમના કુટુંબની આર્થિક સ્થિતિ બહુ ખરાબ થઈ ગઈ. પોતે જેલમાં હતા અને એમની કમાણી સંપૂર્ણપણે બંધ થઈ ચૂકી હતી.

એ સમયમાં અભિનેતા રાજ કપૂરને એમની ચિંતા થઈ અને એમને મળવા એ જેલમાં ગયા. જેલમાં મજરૂહને મળ્યા ને કહ્યું: ‘મારે તમને મદદ કરવી છે.’

મજરૂહે કહ્યું: ‘હું કોઈની આર્થિક મદદ નહીં લઉં.’

મજરૂહ ખુદ્દાર આદમી હતા. એ વાતની રાજ કપૂરને ખબર હતી. એટલે રાજ કપૂરે તરત કહ્યું: ‘ચાલો, એ વાત જવા દો. મારે તમારી પાસે એક ગીત લખાવું છે. લખી આપશો?’

મજરૂહે જેલમાં બેઠાંબેઠાં રાજ કપૂરને એક ગીત લખી આપ્યું (જે લેખની શરૂઆતમાં મૂક્યું છે). એ એમની એ વખતની મનોસ્થિતિને કારણે લખાયું હતું.

બે વર્ષ પછી મજરૂહ જેલની બહાર આવ્યા. એમણે ફરી ગીતો લખવાનું શરૂ કર્યું, પરંતુ રાજ કપૂરે એમના પેલા જેલવાળા ગીતનો ઉપયોગ ક્યાંય કર્યો નહોતો. એ ગીતનો ઉપયોગ એમણે છેક ૧૯૭૫માં ‘ધરમ કરમ’ ફિલ્મમાં કર્યો.

એ ફિલ્મનાં બીજાં ગીતો બહુ ચાલ્યા નહીં, પરંતુ મજરૂહ સુલતાનપુરીએ ૧૯૫૧માં જેલવાસ દરમિયાન લખી આપેલું આ ગીત સુપરહિટ સાબિત થઈ ગયું.

સરકારોને, શાસકોને પોતાની વિરુદ્ધ કોઈ અવાજ ઉઠાવે એ ગમતું નથી હોતું. નહેરુને પણ નહોતું ગમતું એટલે એમણે મજરૂહ ને જેલમાં નખાવી દીધા હતા.

મજરૂહ સુલતાનપુરીની જગ્યાએ બીજો કોઈ કવિ હોત તો કદાચ એણે માફી માગી લીધી હોત, પરંતુ મજરૂહે પોતાની માન્યતા છોડવાને બદલે પોતે જે લખ્યું છે તેને મક્કમ રીતે વળગી રહીને જેલમાં જવાનું પસંદ કર્યું. આ ઘટના પરથી બે બોધ લેવા જેવા છે. એક તો એ કે મિત્ર મુશ્કેલીમાં હોય ત્યારે એની ખુદ્દારી જળવાય એ રીતે એને મદદ કરવી જોઈએ અને બીજો એ કે પોતાની માન્યતા પ્રત્યે વફાદાર રહેવા માટે કોઈ પણ કિંમત ચૂકવવી પડે તો પાછા ન પડવું જોઈએ. ■

મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# ‘મા’ નામે મહાકથા... કોમળ-કુનેહબાજ ને ક્રાંતિકારી

*ટાઇટલ્સ:*
*માતૃપ્રેમ માર્કેટીંગની ચીજ નથી! (છેલવાણી)*

‘મા’ વહાલનો દરિયો, સદા રાહ જોતી મૂર્તિ, આશીર્વાદનો ભંડાર વગેરે વાતો તો આજે ‘મધર્સ-ડે’ પર થશે જ પણ આજે અમુક અલગ માતાઓની વાત કરીશું, જે માતાઓ મધઝરતી ચાસણીમાં ડૂબાડેલાં ચીકણા-ચૂપડાં વર્ણનોની સીમામાં સમાતી નથી.

વાત્સલ્યની મૂર્તિ ગણાતી માતામાં ઠંડી ક્રૂરતા હોઇ શકે?

ફ્રાંસની વૃદ્ધ વિધવા સાવેરીનીના દીકરાને કોઇ ગુંડો મારી નાખે છે. સાવેરીની એના દીકરાની લાશ પર કરચલીવાળો હાથ ફેરવીને ધ્રુજતા અવાજે કહે છે : ‘દીકરા, તારું વેર તો લેવાશે!’

દીકરાનો હત્યારો નિકોલા ભાગીને સામેની પહાડી પર છુપાઈ ગયો, પણ અશક્ત ને વૃદ્ધ સાવેરીની રોજ બારીની બહાર જોઈને વિચારે છે કે મરતાં પહેલાં બદલો કેવી રીતે લઉં? એક રાતે સાવેરીનીની કૂતરીએ ભસવાનું શરૂ કર્યું ત્યારે એને અચાનક ભયાનક વિચાર આવ્યો. સવારે એણે ઘરના આંગણામાં ઝાડ સાથે કૂતરીને બાંધી અને બે દિવસ કંઇ જ ખાવાનું આપ્યું નહીં. કૂતરી ભૂખથી ગુસ્સે થઈને જોરજોરથી સાંકળ ખેંચીને ભસતી હતી. સાવેરીનીએ પતિના જૂના કપડાંમાં ઘાસ ભરી માણસ જેવો આકાર આપી એના ગળામાં માંસનો ટુકડો બાંધ્યો. બાંધેલી કૂતરીની સામે પૂતળાને બાંધી દીધું ને પછી કૂતરીને છોડી મૂકી. ભૂખી કૂતરીએ છલાંગ મારીને પૂતળાનાં ગળાને ફાડીને ટુકડે ટુકડાં કરી નાખ્યાં. ત્યારે વૃદ્ધ માતા સાવેરીની મૌન અને સ્થિર નજરે જોતી રહી.

આ જ રીતે મહિના સુધી એણે કૂતરીને દાંત-પંજાથી ખાવાનું ઝપટવાની તાલીમ આપી. હવે કૂતરી જેવી પૂતળામાં માનવ આકૃતિ જોતી ત્યારે ભસતી અને પછી સાવેરીની એની આંગળીથી ઈશારો કરતી: ‘જા’ ત્યારે કૂતરી પૂતળા પર તૂટી પડતી. પછી એક દિવસ સાવેરીની કૂતરી સાથે હત્યારા નિકોલાના ગામે પહોંચી. એનું સરનામું શોધ્યું અને ત્યાં ગઇ, જ્યાં એક દુકાનમાં એ કામ કરતો હતો. સાવેરીનીએ ધીમેકથી દુકાનનું બારણું ખોલી નિકોલાને બૂમ પાડી. નિકોલાએ જેવું સાવેરીની તરફ પાછા ફરીને જોયું કે સાવરીનીએ ત્રાડ પાડીને- ‘જા’ કહીને કૂતરીને છોડી મૂકી. બે દિવસથી ભૂખી ને ઉશ્કેરાયેલી કૂતરીએ તરાપ મારી હત્યારા નિકોલાનું ગળું પાશવી રીતે ફાડી ખાધું...!

એ પછી સાંજે થાકેલી વૃદ્ધ માતા સાવેરીની ઘરે આવીને શાંતિથી સૂતી, જાણે આજે એણે દીકરાનું ખરું તર્પણ ના કર્યું હોય! ફ્રેંચ લેખક મોપાસૉંની આ કાતિલાના



કથાનાં માતૃત્વમાં લાચારી નહીં, પણ ખૂનખાર ખુમારી છે. આપણે ત્યાંની ‘બેટા, થાળી પીરસું?’-વાળી પોચટ વાર્તાઓથી ઔર ભી અધર મધર હૈ, ઝમાને મેં.

*ઇંટરવલ:*
*મોડે મોડે ખબર પડી,*
*બા, તું જ જ્યોર્તિધામ (કરસનદાસ માણેક)*

જંગલી જાનવરનું મોઘમ માતૃત્વ જોયું છે? થોડા સમય પહેલા મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના તાડોબા ટાઈગર પાર્કમાં પ્રવાસીઓએ મધુ નામની વાઘણને તારૂ નામના વાઘ સાથે સંભોગ કરતા જોઈ, પણ જ્યારે તારૂ- મધુ સંભોગ કરી રહ્યા હતા ત્યારે મધુના ૧૬ મહિનાના ૩ બચ્ચા ગભરાઈને ઝાડીમાં છુપાઈને બેઠાં હતાં. સામાન્ય રીતે વાઘ વાઘણ સાથે સેક્સ કરતાં પહેલાં બીજા વાઘથી થયેલા વાઘણનાં બચ્ચાંઓને મારી નાખે છે એટલે બચ્ચા ૨ વર્ષથી નાના હોય ત્યારે વાઘણ લાચાર માતૃપ્રેમના કારણે અન્ય વાઘને સંભોગ કરવા દે છે, જેથી એના બચ્ચાંઓ સલામત રહે!

પશુઓમાં પણ કેવી ‘મા’ હોય છે, જે પોતાના સંતાનને બચાવવા શું શું કરી શકે છે અને એ વાત જ કેટલી અજબ છે. કહે છે કે ‘ક્રાંતિ’ પોતાનાં જ સંતાનોને ભરખી જાય છે! પણ માભોમ માટે હાથ ફેલાવી મોતને બોલાવનારા ક્રાંતિકારી સંતાનોની માતાઓ પર શું વિતતું હોય છે, કોઇએ વિચાર્યું છે?

આવા જ એક ક્રાંતિકારી લાલની વિધવા મા જાનકી. લાલ અંગ્રેજોના અત્યાચારનો વિરોધ કરનારા નવયુવકોનો લીડર છે. લાલના ક્રાંતિકારી મિત્રો જ્યારે ઘરે આવે ત્યારે જાનકી બધાંને હોંશે હોંશે પ્રેમથી જમાડતી. એક દિવસ એણે લાલ અને એના મિત્રોને વાત કરતા સાંભળ્યા કે, ‘પોલીસ, માત્ર શકને લીધે નિર્દોષ છોકરાઓને પકડીને, માર મારીને સતાવે છે. આવા નીચ શાસનને ખતમ કરી નાખવું જોઈએ.’ બિચારી જાનકીને શું ખબર કે લાલ અને મિત્રો બળવો પોકારવાની ફિરાકમાં હતા! પછી લાલ અને સાથીદારો હથિયાર રાખવાના જૂઠાં આરોપસર પકડાઈ જાય છે.

જાનકી પોતાના ઘરેણાં, વાસણ બધું વેંચીસાટીને સવાર-સાંજ છોકરાઓને જેલમાં ખાવાનું પહોંચાડતી. વકીલોને ત્યાં ધક્કા ખાઇને કહેતી, ‘આ બધું જુઠ્ઠું છે. છોકરાઓ નિર્દોષ છે માત્ર ક્રાંતિની વાતો કરતા હતા!’ જાનકીનું શરીર સુકાઇને કાંટા જેવું થઇ ગયું, કમર વળીને ધનુષ્ય જેવી બની ગઇ, આંખો નિસ્તેજ થઇ ગઇ, છતાં છોકરાઓ માટે દોડાદોડ બંધ ન કરી. જાનકીને ભરોસો હતો એક દિવસ છોકરાઓ નિર્દોષ છૂટી જશે ને ઘરે આવીને ફરી ધમાલ-મસ્તી કરશે..પણ જ્યારે લાલ ને એના મિત્રોને ફાંસીની સજા ફરમાવામાં આવી ત્યારે જાનકી ભાંગી ગઈ.

કમરથી વળી ગયેલી જાનકીને કોર્ટમાં લાલે જોઈ ત્યારે બોલી પડ્યો, ‘એ બા, તું કેટલી સૂકાઇ ગઇ છે....જો હવે સાંભળ, હું જ્યાં જવાનો છું ત્યાં તું પણ વહેલી વહેલી આવી જજે હોંને?....આવીશ ને બા? જાનકી સ્તબ્ધ બનીને લાલને જોતી રહી. ફાંસીના એક દિવસ પહેલા લાલ માને કાગળ લખે છે : ‘બા, તને આ પત્ર મળશે ત્યારે હું નહીં હોઉં, પણ યાદ રાખજે, આપણે મળ્યા હતા, મળ્યા છીએ અને ફરી મળીશું.’

એક તરફ લાલને ફાંસી અપાય છે ને બીજી બાજુ, વૃદ્ધ મા પત્ર વાંચીને ફસડાઈને મરી જાય છે. શહાદતના માર્ગ પર મૃત્યુનાં વળાંકે મા-દીકરાને મૂકી દેતી, હિંદી લેખક બેચેન શર્મા ‘ઉગ્ર’ની વાર્તા આપણને જો ઉગ્ર ના કરી મૂકે તો પછી એ ‘મધર્સ-ડે’ શેનો?

*એંડ-ટાઇટલ્સ:*
*આદમ: કેમ ખુશ છે?*
*ઈવ: મારે સાસુ નથી ને!* ■

ફોકસ પ્લસ
ધીરજ બસાક
feedback@bombaysamachar.com

## માઉન્ટ આબુ ગ્રીષ્મ ઉત્સવ:

# આદિવાસી રીત-રિવાજો ને લોકરંગી પરંપરાનું ફ્યુઝન







રાજસ્થાનના એકમાત્ર હિલ સ્ટેશન માઉન્ટ આબુમાં દર વર્ષે બુદ્ધ પૂર્ણિમાના સમયે ત્રણ દિવસીય ‘માઉન્ટ આબુ સમર ફેસ્ટિવલ’ આયોજિત કરવામાં આવે છે જેમાં લય અને તાલની રમઝટ બોલાવવામાં આવતી હોય છે. આ વર્ષે આ ફેસ્ટિવલનું આયોજન ૧૦મી મેથી ૧૨મી મેએ બુદ્ધ પૂર્ણિમા સુધી કરવામાં આવ્યું છે. આ બહુરંગી કાર્નિવલમાં લોકનૃત્ય, સંગીત, રંગબેરંગી સરઘસ કાઢવામાં આવે છે અને વિવિધ પ્રકારની રોમાંચક સ્પર્ધાઓ યોજવામાં આવતી હોય છે. આ ત્રણ દિવસના ઉત્સવમાં માઉન્ટ આબુમાં આવેલી નખી લેકમાં નૌકાદોડ, સ્કેટિંગ રેસ, મટકા ફોડ, રસ્સાકશી જેવી સ્પર્ધાઓ અને સાંજને સુંદર બનાવતી શામ-એ-કવ્વાલીના કાર્યક્રમો યોજાતા હોય છે. રાજસ્થાની સંસ્કૃતિ, આદિવાસી રીત-રિવાજો અને લોકરંગી પરંપરાઓનું ફ્યુઝન માઉન્ટ આબુના ગ્રીષ્મોત્સવમાં જોવા મળે છે એવો લોકધર્મી આનંદોત્સવ કદાચ જ ક્યાંક જોવા મળતો હશે.

આ રાજસ્થાનના સૌથી લોકપ્રિય સાંસ્કૃતિક ઉત્સવોમાંથી એક છે જે તેની લોકસંસ્કૃતિનું પ્રતીક છે. મે મહિનામાં જ્યારે રાજસ્થાન જ નહીં, પરંતુ સંપૂર્ણ ઉત્તર પ્રદેશની ધરતી તપી રહી હોય છે ત્યારે આ રણ પ્રદેશના એકમાત્ર હિલ સ્ટેશન ગણાતા માઉન્ટ આબુ લોકોને ઠંડો ખોળો પૂરો પાડે છે. આ ગ્રીષ્મોત્સવ અહીં આવનારા પર્યટકોને ચોમાસા પહેલા કલા અને સંસ્કૃતિની આનંદમય વર્ષાનો અનુભવ કરાવે છે. અહીંની ટેકરીઓ, સ્થિર સરોવરો આ ઉત્સવમાં ચાર ચાંદ લગાવે છે.

બુદ્ધ પૂર્ણિમા નિમિત્તે યોજાયેલા આ મહોત્સવ પહાડી ક્ષેત્રમાં રહેતા લોકોની સંસ્કૃતિ અને તેમની મહેનતનો ખજાનો રજૂ કરે છે. યુવાનો આ ઉત્સવમાં ફક્ત ખાણીપીણીથી આનંદ જ મનાવતા નથી, પરંતુ પોતાની માટે જીવનસાથીની શોધ પણ કરી લેતા હોય છે. આ લોકોત્સવમાં ગવરી, ઘૂમર, ગેર, દાંડિયા જેવી લોકપ્રિય રાજસ્થાની નૃત્ય પરંપરા જોવા મળતી હોય છે. સાંજના સમયે ભજન, કવ્વાલી, લોકસંગીતના કાર્યક્રમોથી માઉન્ટ આબુ ગૂંજી ઉઠતું હોય છે.

માઉન્ટ આબુનો ફેસ્ટિવલ રાજસ્થાની હસ્તશિલ્પ અને લોકકલાનો પણ નાયાબ મંચ છે જેમાં ઠેકઠેકાણેથી આવેલા કલાકારો પોતાની અદ્ભુત કલાકૃતિઓ રજૂ કરે છે. કલાકૃતિઓની રંગોળી સાથે ખાણીપીણીની મોજ પણ ફેસ્ટિવલમાં જોવા મળે છે. અહીંની ફેવરિટ ગણાતી ગટ્ટે કી સબજી, મિરચી વડા અને દાલબાટી ચૂરમા દૂર-દૂર સુધી લોકપ્રિય છે. રાજસ્થાનના ખૂણેખૂણે બનતી ત્રણ ડઝનથી પણ વધુ મીઠાઇઓ ચાખવાનો લાભ આ જ ફેસ્ટિવલમાં મળે છે. આ સ્વાદ હજી પણ કેટલાંક જૂના લોકોને કારણે જ ચાખવા મળે છે.

દર વર્ષે દેશ-વિદેશના લાખો પર્યટકો આ મહોત્સવમાં જરૂરથી ભાગ લેતા હોય છે. ગુજરાત, પંજાબ, દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાંથી હજારો પર્યટકો અહીં આવતા હોય છે તથા વિદેશીઓમાં યુરોપ કન્ટ્રીથી આવેલા પર્યટકોની સંખ્યા વધુ હોય છે. દર વર્ષે પર્યટકોની સંખ્યામાં વધારો થતો જ જાય છે, કારણ કે કેટલાક વર્ષોથી સોશિયલ મીડિયાને કારણે આ ફેસ્ટિવલની લોકપ્રિયતા વધતી જ જઇ રહી છે.

ત્રણ દિવસના આ ફેસ્ટિવલમાં ફક્ત રાજસ્થાનના ભૂતકાળની જ ઝાંખી નથી રજૂ કરવામાં આવતી, પરંતુ વર્તમાનમાં આ રાજ્યએ કરેલી ઉપલબ્ધીઓથી પણ પર્યટકોને અવગત કરાવવામાં આવે છે. તેથી જ લોકકલા, સંગીત, ભોજન અને શિલ્પનો આ માઉન્ટ આબુ ગ્રીષ્મ ઉત્સવ દુનિયામાં સૌથી લોકપ્રિય ઉત્સવોમાંથી એક બની ગયો છે. ■

આજે આટલું જ
શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# હું અસહમત થાઉં છું...



જી હા, પાકિસ્તાનના આ તાયફાથી અને ભારતના, આંતરરાષ્ટ્રીય દબાણને કદાચ વશ થઈને યુદ્ધવિરામ માટે સહમત થવાના વલણ સાથે અસહમત થાઉં છું.

લઘુબંધુ કુલદિપે બહુ સરસ વાત કરી હતી, જગજીતજી જ્યારે પકિસ્તાન જઈ આવ્યા ત્યારે કે પાકિસ્તાનનો ગૃહઉદ્યોગ, મુખ્ય ઉદ્યોગ, લઘુ ઉદ્યોગ છે ક્રિકેટનો જુગાર અને આતંકવાદ. હવે આ વાતને તમે જોડો IMFની ૧ બિલિયન ડૉલર્સ (૯૦ હજાર કરોડ ભારતીય રૂપિયા)ની LOAN સાથે. આ ૯૦ હજાર કરોડ રૂપિયામાંથી ૪૫ હજાર કરોડ રૂપિયા જશે પાકિસ્તાનના લાંચિયા, લંપટ, લોલૂપ તંત્ર પાસે અને ૪૫ હજાર કરોડ રૂપિયાના ખરીદાશે નવા શસ્ત્રો યુરોપિયન-અમેરિકન મેન્યુફેક્ચરર્સ પાસેથી. આ લોકો ભારતને આ ઓથાર દેખાડીને મજબૂર કરશે નવા શસ્ત્રો ખરીદવા કે પાકિસ્તાન પાસે તો 'આવા' મહાઅદ્યતન શસ્ત્રો છે. તમારા માટે આને નામશેષ કરી નાંખે એવા ખાસ શસ્ત્રો બનાવીશું. આમ લઢાવી, મરાવીને જ તો ટકી રહ્યા છે યુરોપના કહેવાતા સમૃદ્ધ, ટચલી આંગળીની ટોચ જેવડા દેશ. પાકિસ્તાન તો એટલું લાંચિયું છે કે એ તો ક્યારેય નથી સમજવાનું આટઆટલા વડા પ્રધાનો/શાસકો હણાયા છતાંય. ભારત બહાર આવી ગયું છે સૂટ, બૂટ, શારીરિક ઊંચાઈ અને ત્વચાના રંગે રંગાઈ જવાથી, છતાં ય... ક્યાંક સાંભળેલું અને પછી ઈન્ટરનેટ પરથી ખોટીખરી કરી પણ હતી કે શસ્ત્રોના કારખાનાના માલિકો, કેટલીક ઈન્ટરનેશનલ ફાર્મા કંપનીઓના શેઠિયાઓ, બહુ મોટી સ્વિસ બેન્કોના કાળાબજારિયા પૈસા છુપાવીને પૈસાનો નીચ ધંધો કરતા ઉદ્યોગપતિઓ અને ચરસ - ગાંજા - કોકેઈન - હેરોઈનના ધંધાને લગાતાર તેજી પૂરી પાડતા મૂળ ગમે ત્યાંના પણ અત્યારે તો અમેરિકન માફિયાઓ ઇત્યાદિ કુલ્લે 100 Families આખા જગતનું ધારાધોરણ નક્કી કરે છે, બગાડે છે. એમની પહોંચથી દેશના મુખ્ય શાસકો નક્કી થાય છે અને વિરોધ પક્ષ પણ એ જ નક્કી કરે છે. ચિત્ત ભી મેરી પટ ભી મેરી. અને આ બધા પાસે જરા પણ સમય નથી સકંજામાં સપડાયેલા દેશોની ભૂખ, કોશિયા માણસની હાલત કે અડધા જગતની વસ્ત્રવિહીનતાનો. એ ભલા, દર વરસે બે દિવસ માટે જગતનો સંચાલનક્રમ નક્કી કરવા માટેની એમની કોન્ફરન્સો ભલી અને એમના ખર્વો નિખર્વો ડોલરના નક્કી થતા લાંચિયા મહેનતાણા ભલા. 'પરમ' 'આનંદ' અને 'સંતોષ'ની વાત એક જ છે કે આ ૧૦૦ ફેમિલીઝ દોઢ સદીથી તો છે જ અને વિસ્તરી રહ્યા છે.

બે ટકાનું પાકિસ્તાન એના ૭૦%, ભૂખથી સબડતા નાગરિકોની ચિંતા છોડીને ૭૭-૭૮ વર્ષથી માત્ર મુલ્લાઓ અને પાજી પ્રમુખોને પોષી રહ્યું છે. ભારતની સક્ષમતામાં દર વરસે વૃદ્ધિ મહેસૂસ કરાય છે, છતાંય આંતરરાષ્ટ્રીય ખંધાઈ અને મા વેચીને બાપ બજારમાં ઊભો રાખવાની નાગાઈમાં રત જગત દબાણ લાવે તો મોદી બિચારા શું કરે? 'બિચારા'નો અર્થ 'જ્ઞાની'ઓએ દેશ બચાવવાના હિતમાં લાચાર એમ કરવો.

આ સરકાર ચોક્કસ ઉપરનાં કોઈ પણ વિવરણ કરતાં વધારે ચતુર, સજ્જ અને બાહોશ છે. કારણ? શપથગ્રહણ વખતે આખા દેશ સમક્ષ નીડરતાના સોગંદ પણ લીધા જ છે.

હું શોભિત દેસાઈ, માટે જ જાહેર કરું છું કે હું મારા મતાધિકારના સોગંદ પર કહું છું કે પાકિસ્તાન નામના ડામ્મીસ દેશને મોટો સબક શિખવાડ્યા સિવાય બે દિવસ તો શું એક મિનીટનોય સમય ન અપાય.

મહેંદી હસન - The ગઝલ ગાયક અને પરવિન શાકીર The કવયિત્રીના સુસ્મરણ સાથે,

*તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે,*
*એકલો જાને એકલો જાને એકલો જાને રે...*

*જો સૌનાં મો સીવાય,*
*ઓરે ઓરે ઓ અભાગી, સૌના મોં સીવાય*
*જ્યારે સૌએ બેસે મોં ફેરવી, સૌએ ફરી જાય...*
*ત્યારે હૈયું ખોલી અરે તું મો મૂકી*
*તારા મનનું ગાણું એકલો ગાને રે...*
*તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે...*

*જો સૌએ પાછાં જાય,*
*ઓરે ઓરે ઓ અભાગી, સૌ એ પાછાં જાય...*
*જ્યારે રણવગડે નીસરવા ટાણે સૌ ખૂણે સંતાય*
*ત્યારે કાંટા રાને તું લોહી નીગળતે ચરણે ભાઈ એકલો ધાને રે...*
*તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે...*

*જો દીવો ન ધરે કોઈ,*
*ઓરે ઓરે ઓ અભાગી! દીવો ન ધરે કોઈ,*
*જ્યારે ઘનઘેરી તોફાની રાતે દ્વાર વાસે તને જોઈ*
*ત્યારે આભની વીજે, તું સળગી જઈ સૌનો દીવો એકલો થાને રે...*
*તારી જો હાક સુણી કોઈ ના આવે તો એકલો જાને રે....*

*- રવીન્દ્રનાથ ટાગોર (અનુ. મહાદેવભાઈ દેસાઈ)*

આજે આટલું જ... ■

ટેક વ્યૂહ
વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ગૂગલ સર્ચના વળતાં પાણી?

## ના, ડેટાની સરળ પ્રાપ્યતા સામે આ સર્ચ એન્જિનમાં આવી રહ્યા છે મોટા ફેરફાર...ચેટ GPT અને AI બધુ નહીં કરી શકે.




ચેટ GPT અને AI કોઈ પણ જગ્યાએથી બધુ જ કરી શકે છે એવું ઘણા લોકો માની રહ્યા છે. ખાસ કરીને જર્મનીથી લઈને બ્રિટન સુધીના એજ્યુકેશન ક્ષેત્રમાં આ બન્ને વિષય પર અનેક એવી સ્ટ્રીમની દિશા ખૂલી છે. પ્રોગ્રામિંગથી લઈને પ્રોજેક્ટ સુધી અને ડેટા રિસર્ચથી લઈને ડેટા સાયન્સ સુધી. આ બધા વચ્ચે એક નાનકડું જોખમ ગૂગલ સર્ચ સામે ઊભું થયું છે. પાણી આવે એ પહેલા જ પાળ બાંધીએ એવું જાણીને ગૂગલની સ્વામીત્વ કંપની 'આલ્ફાબેટે' ઘણા બધા ફેરફાર લાવવાનું નક્કી કર્યું છે. એંધાણ એવા પણ છે કે, ફરજિયાતપણે ગૂગલના શરણે આવવું પડશે એવા દિવસો છે. ગૂગલના વાર્ષિક સંમેલનમાં પ્રોગ્રામર્સ વચ્ચે થયેલી ચર્ચા ત્યાં સુધી કહે છે કે, સર્ચ વધુ સરળ અને સચોટ બની રહેશે. મીડિયા રિપોર્ટ ત્યાં સુધી કહે છે કે, જે રીતે મોબાઈલ ફોનમાં આસિસ્ટ ફંક્શન કામ કરે છે એ કક્ષાથી પણ ઉપર સર્ચને લઈ જવાની તૈયારીઓ થઈ રહી છે.

વર્ષ ૧૯૯૦ના દાયકામાં એવું કહેવાતું હતું કે, સર્ચ કરવાથી તમામ માહિતી સ્ક્રિન પર તૈયાર મળી રહે છે. એ પણ ફોટો સાથે. હવે સમય એ આવ્યો છે કે, માહિતીને ફિલ્ટર કરવાની પણ મહેનત નથી કરવાની. ચોક્કસ શબ્દો કે પ્રોમ્પ્ટ AI કે ચેટ જીપીટીમાં મૂકો એટલે નિબંધ તૈયાર. બ્રિટનની ઘણી સ્કૂલમાં તો કોમ્પ્યુટરમાંથી આ સર્વિસ બ્લોક કરી દેવામાં આવી છે, કારણ કે વિદ્યાર્થીઓ પોતાના થિસિસ આમાંથી બેઠા કોપી મારતા હતા. ઘણી ટેક કંપનીઓ AI બેઝ સર્ચને પ્રમોટ કરવાના મૂડમાં છે. એમાં ગૂગલ પણ સામેલ છે. ગૂગલ કંપનીએ ઘણે મોડેથી આની શરૂઆત કરી છે, પણ દુનિયાને આશ્ચર્યમાં મૂકશે એમાં કોઈ બેમત નથી.ઓપન AI, ચેટજીપીટી અને જેવાં ટુલ્સ પાસે ડેટા તો છે, પણ તમામ માહિતીનો ઢગલો છે. એમાંથી પણ વર્ગીકરણ કરવાનું કામ વ્યક્તિના દિમાગ પર જ છે.

રિપોર્ટ એવું પણ કહે છે કે, સર્ચ ટુલ્સમાં વધારો થઈ શકે છે. સમયની સાથોસાથ નજીકના સ્થળ અંગે પણ પ્રોમ્પ્ટ મળે તો નવાઈ નહીં. ગૂગલના સુંદર પિચાઈએ એક સમિટમાં ત્યાં સુધી કહ્યું હતું કે, માત્ર સર્ચ જ નહીં, ગૂગલમાં પણ ઘણા મોટા ફેરફારો આવી રહ્યા છે. એવી ટેકનોલોજી પર કામ થઈ રહ્યું છે, જે ભવિષ્યમાં ખૂબ જ ઉપયોગી પુરવાર થઈ શકે છે. સર્ચ એન્જિનમાં જ પાવરફૂલ AI ટુલ્સ આવી જતા ઘણા બધા પ્રશ્નોના ઉકેલ સરળતાથી મળી રહેશે. ખાસ કરીને ડેટા પર કોઈ સચોટ અને ચોક્કસ માહિતીના વિષયને મર્યાદિત કરવો હોય તો થશે. દાખલા તરીકે : ટ્રાવેલ્સ પ્લાનિંગ કરતા હોવ અને એક શહેરમાં ફરવાનો પ્લાન હોય તો શહેરના ૧૦૦ કિલોમીટરનાં વિસ્તારમાં ક્યાં અને શું ફરવા જેવું છે એની પૂરતી માહિતી મળી રહેશે. આની પાછળ કામ કરશે સર્ચ AI. એ સર્ચને વધારે સરળ અને સ્પષ્ટ કરવા માટે હાલમાં ઘણા મુદ્દા પર કામ થઈ રહ્યું છે. AI પ્રોજેક્ટની સાથે AI પ્રૉડેક્ટ કે સર્વિસ શરૂ થાય તો પણ કંઈક નવું થશે. એસ્ટ્રા, જેમીની, ડીપ સર્ચ, મલ્ટિ મોડ્યુલ AI જેવી સર્વિસ આવતા માહિતી વધારે ચોક્કસ થશે.

ગૂગલ સર્ચમાં આવતા પરિવર્તનથી યુઝર્સને એક જ વિષય પર વ્યાપક પરિણામો મળી રહેતા ઘણું વૈવિધ્ય માહિતીમાં મળી રહેશે.

આ સાથે ગૂગલ સર્વિસની મોટાભાગની એપ્લિકેશન પાયાથી અપગ્રેડ થશે . ઈમેજમાં આવેલી અપડેટથી ઘણું કામ આસાન થયું છે. ઈન્સ્ટાગ્રામમાં મૂકેલો ફોટો અને સારી રીતે વાયરલ થયેલો ફોટો પણ ગૂગલ ઈમેજમાં જોવા મળે છે. આ ઉપરાંત, ગૂગલ લેન્સ પછીનું પણ કંઈક નવું વર્ઝન આપશે. વોઈસ સર્ચથી લઈને વર્ડ સર્ચ સુધીની સગવડ આપ્યા બાદ કંપની એક પગલું આગળનું વિચારે છે. ઈમેજ જનરેટરથી લઈ મેપ્સ સુધી નવી કોઈ સર્વિસ આવશે. કંપનીએ આ માટે તૈયારીઓ પણ કરી લીધી છે. ગૂગલ સર્ચનો અંત નથી, પણ કંઈક નવી શરૂઆત થશે એ પાક્કું છે.


જોઈએ, માઈક્રોસોફ્ટ જેવી વિવિધતા સાથે કંપની શું નવું આપીને દુનિયાને ચોંકાવશે. હા, એપલ આની સામે કંઈક પોતાનું માર્કેટમાં લાવે તો ખરા અર્થમાં એક વિરાટ પગલું ગણાશે, પણ એપલની સામે એન્ડ્રોઈડ વાપરનારા આપણા દેશમાં કરોડોમાં છે. એટલે આ મુદ્દો વિચારીને જ કંપની કંઈક લાવશે.

### આઉટ ઓફ બોક્સ

*વર્ષ ૧૯૬૬માં દુનિયાનું પહેલું મેસેજિંગ ચેટબોટ તૈયાર થયું હતું. એનું નામ એલિઝા હતું. એમાં માત્ર ચાર જ સર્વિસ હતી. આ જ અભિગમ બાદ વેબ ચેટબોટ આજે મોટાભાગની સાઈટ પર જોવા મળે છે.*

ફોકસ
વીણા ગૌતમ
feedback@bombaysamachar.com

# આ ગોદાવરી નદી છે દક્ષિણ ભાગની જીવનરેખા



કુદરતે આપણને ખળખળ વહેતી નદીની અમૂલ્ય ભેટ આપી છે. એના જળ જીવસૃષ્ટિને જીવન આપીને પોષણ કરે છે. નદી કિનારે તમામ સભ્યતા અને સંસ્કૃતિનો વિકાસ થયો છે. નદી વગર તો જીવન શક્ય જ નથી. જળવાયુ પરિવર્તન, વધતી જનસંખ્યા અને નદી પ્રત્યેનું ઓરમાયું વર્તન જળસંકટ વધી રહ્યું છે. નદીના અસ્તિત્વ પર પણ જોખમનાં વાદળ ઘેરાયા છે. એથી નદીઓનું ન માત્ર સંરક્ષણ જરૂરી છે, પરંતુ આપણે તેમના પ્રતિ સંવેદનશીલ પણ બનવું જોઈએ. જેથી તેનું અસ્તિત્વ જળવાઈ રહે. આજે આપણે વાત કરીશું ગોદાવરી નદીની.

મહારાષ્ટ્રના નાશિક શહેરથી લગભગ ૫૦ કિલોમિટર દૂર ત્ર્યંબકેશ્વરના બ્રહ્મગિરિ પહાડમાંથી નીકળતી ગોદાવરી નદીને દક્ષિણ ગંગા અથવા દક્ષિણ ભાગની જીવનરેખા કહેવામાં આવે છે. એનું ઉદ્‌ગમ સ્થળ ત્ર્યંબકેશ્વર એક પ્રમુખ જ્યોતિર્લિંગ છે. ગોદાવરી નદીનો બેસિન ઉત્તરમાં સાતમાળા પહાડો, દક્ષિણમાં અજંતા શ્રેણી અને મહાદેવ પહાડો, પૂર્વમાં પૂર્વી ઘાટ અને પશ્ચિમમાં પશ્ચિમી ઘાટથી ઘેરાયેલો છે. એનું જળગ્રહણ ક્ષેત્ર ૩,૧૨,૮૧૨ વર્ગ કિલોમીટર છે, જે ભારતના કુલ ભૌગોલિક ક્ષેત્રનો લગભગ ૧૦ ટકા છે. આ નદી મહારાષ્ટ્ર, તેલંગણા, છત્તીસગઢ, આંધ્ર પ્રદેશ અને ઓડિશા સિવાય મધ્ય પ્રદેશ, કર્ણાટક અને પોંડિચેરીના વિસ્તારમાંથી પસાર થાય છે.

ગોદાવરી નદીના કિનારે પણ નાસિક શહેરમાં ઉજ્જૈન, હરિદ્વાર અને પ્રયાગની જેમ કુંભમેળો યોજવામાં આવે છે.

ગોદાવરી નદીનો ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ છે, જેમ ગંગા, કાવેરી અને નર્મદા નદીનું છે. આ નદીઓની જેમ જ ગોદાવરી નદીમાં સ્નાન કરવાથી પાપથી મુક્તિ મળે છે. એનું વર્ણન આપણા વેદ અને પુરાણોમાં મળે છે. કાલિદાસ અને તુલસીદાસે પણ એની ગાથા વર્ણવી છે.

ગોદાવરી નદી એક જળધારા જ નથી, પરંતુ ભારતના દક્ષિણ ભાગની જીવનરેખા છે. એના કિનારે વસેલી સભ્યતા, મંદિર, તીર્થ અને સંસ્કૃતિ ભારતીય જનજીવનને દર્શાવે છે. એના કિનારે વસેલું પૈઠણ નગર સંત એકનાથની કર્મભૂમિ છે, જે નાથ સંપ્રદાયના સાંસ્કૃતિક વારસા અને પૈઠણની સિલ્ક સાડીઓ માટે ઓળખાય છે. અહીંના નાંદેડ શહેરમાં શીખોના પવિત્ર ગુરુદ્વારા હુજુર સાહિબ પણ આવેલું છે. ગોદાવરીના કિનારે જ નિઝામાબાદ જેવું ઐતિહાસિક અને શૈક્ષણિક દૃષ્ટિએ મહત્ત્વનું શહેર વસે છે. એ શહેરની આસપાસ જ ગોદાવરીની સહાયક નદીઓ પણ વહે છે. રાજા મુંદરી કાં તો મહેંદ્રવરમ શહેર પણ ગોદાવરીના કિનારે આવેલું છે, જે આંધ્ર પ્રદેશનું મહત્ત્વપૂર્ણ ધાર્મિક અને સાંસ્કૃતિક શહેર છે. જે પુષ્કર મેળાની સાથે આંધ્ર સાહિત્ય અને સિનેમાનું પણ એક કેન્દ્ર છે.

આમ, દેશની બીજી સૌથી લાંબી નદી એવી ગોદાવરીનું પણ મહત્ત્વ ગંગા નદી જેવું જ છે. ■

પ્રાસંગિક
લોકમિત્ર ગૌતમ
feedback@bombaysamachar.com

# મમ્મીને પૂરતો સમય આપવો એ જ છે મધર્સ-ડેની બેસ્ટ ગિફ્ટ...



મમ્મી પર પ્રેમ વરસાવવા માટે આપણે કોઈ દિવસના મોહતાજ નથી. માતાએ કરેલા ત્યાગ અને સમર્પણના તો આપણે આજીવન ઋણી રહેવાના છીએ. તેમનું કર્જ તો આપણે કદી ચુકવી નહીં શકીએ. એથી મમ્મીને આઇ લવ યુ કહેવુ કે પછી તેની સાથે સમય પસાર કરવા માટે તો એક દિવસ પૂરતો નથી. મમ્મી સાથે હોય તો દરરોજ મધર્સ ડે છે.

માનો પ્રેમ પામવા માટે તો ભગવાને પણ ધરતી પર જનમ લેવો પડે છે. મા હોવું એ પણ કાંઈ સહેલું નથી. તો ચાલો આજે મધર્સ ડે નિમિત્તે મમ્મીને થોડું હસાવીએ, તેના ચહેરા પર સ્માઇલ લાવીએ. ફરીથી તેના ખોળામાં માથુ નાખીને નાનાં બાળક બની જઈએ.

**મમ્મી સાથે ભોજન કરો અને જૂની યાદોને વાગોળો**

આજે તમે ભલે ગમે એટલા વ્યસ્ત હોવ, પરંતુ થોડો સમય મમ્મીને આપજો. સાથે જ પોતાને ભાગ્યશાળી ગણજો કે તમે મમ્મી સાથે બેસીને વાતચીત કરી શકો છો. તેની સાથે બેસીને નિરાંતે ભોજન કરજો. મમ્મીને ભાવતા પકવાન તમારા હાથે બનાવજો અથવા તો રેસ્ટોરાંમાંથી ઓર્ડર કરી શકો છો.

**માને આપો ભેટ**

આમ તો મમ્મી એવી ઇચ્છા નથી રાખતી કે તેમનાં સંતાનો તેમને મોંઘી ભેટ-સોગાદ આપે. જોકે તમે જ્યારે કોઈ વસ્તુ પ્રેમથી તેના માટે લાવશો તો તેની ખુશીની કોઈ સીમા નહીં રહે. તમે જો કોઈ મોંઘી ગિફ્ટ આપી તો મમ્મીને એ ચિંતા સતાવશે કે તેના દીકરા કે દીકરીએ આ ગિફ્ટ ખરીદવા માટે ખૂબ પૈસા ખર્ચ્યા છે કાં તો ખૂબ મહેનત કરી છે.

જો તમે તમારા મમ્મીથી દૂર રહેતા હોવ તો વીડિયો કૉલ પર વાત કરીને તેનું મન બહેલાવી શકો છો. લાગણીથી છલોછલ એવા મેસેજિસ મોકલી શકો છો.

**છોડ આપો ગિફ્ટમાં**

જો તમારી મમ્મીને ફૂલ, છોડની માવજત કરવાનો શોખ હોય તો આવો જ કોઈ છોડ તેને મધર્સ ડેમાં ગિફ્ટમાં આપો. જે મા પ્રત્યેના તમારા પ્રેમની નિશાની બની જશે. છોડની કાળજી લેતી વખતે મમ્મીને તમારી યાદ તો આવશે જ, પરંતુ સાથે જ તેનો ચહેરો પણ ફૂલની જેમ ખીલી જશે. સાથે જ ઘરનું વાતાવરણ પણ પ્રફુલ્લિત રહેશે.

આવી રીતે તમે મા પ્રત્યે માન-સન્માન અને લાગણીની વર્ષા કરી શકો છો. મમ્મીના દિવસને એવી રીતે મનાવો કે તેને આજીવન યાદ રહી જાય.

આવી નાની-નાની બાબતો જીવનમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે. ક્યારેક ફુરસત મળે અને પરિવાર સાથે વિતાવેલો સમય યાદ આવે તો ચહેરા પર મંદ મંદ સ્મિત આવી જ જાય છે. એથી જ કહેવાય છે કે જીવતા જીવત કદર કરતા શીખો. ■

વિશેષ પ્લસ
રશ્મિ શુકલ
feedback@bombaysamachar.com

# શું જાણો છો કોઈપણ જિલ્લાના ડીએમનો પગાર કેટલો છે?

આજે અમે તમને કલેક્ટરના પગારથી લઈને તેમના મૂલ્યાંકન સુધીની બધી માહિતી વિગતવાર આપીશું. જેથી આ પોસ્ટ મેળવવા માગતા અન્ય લોકો વધુ પ્રેરિત થઈ શકે.

જિલ્લા મેજિસ્ટ્રેટ એક આઇએએસ અધિકારી હોય છે જે સમગ્ર જિલ્લા માટે જવાબદાર હોય છે. જિલ્લામાં ડીએમથી ઉપર કોઈ વહીવટી અધિકારી નથી, સિવાય કે તે જિલ્લો વિભાગીય મુખ્યાલય હોય. આ પદ મેળવવા માટે યુપીએસસી સિવિલ પરીક્ષા જેવો મુશ્કેલ રસ્તો પાર કરવો પડે છે, પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે ડીએમ એટલે કે કલેક્ટરનો પગાર કેટલો હોય છે? જો તમને ખબર નથી, તો આજે અમે તમને કલેક્ટરના પગારથી લઈને તેમના મૂલ્યાંકન સુધીની બધી માહિતી વિગતવાર આપીશું. જેથી આ પોસ્ટ મેળવવા માગતા અન્ય લોકો વધુ પ્રેરિત થઈ શકે.

**ડીએમ કોણ છે?**

ડીએમ એ ભારત સરકારમાં એક વહીવટી પદ છે જે જિલ્લા સ્તરથી શરૂ થાય છે અને મંત્રાલયના સચિવ અને પછી વડા પ્રધાનના સચિવના પદ સુધી પહોંચે છે. પરંતુ જો આપણે કોઈ જિલ્લાના ડીએમ વિશે વાત કરીએ, તો તેમના હેઠળ ઘણી જવાબદારીઓ હોય છે અને તે જવાબદારીઓ નિભાવતી વખતે તેમને ઘણો અનુભવ મળે છે. આ માટે સરકાર દ્વારા ડીએમને ભારે પગાર અને અન્ય ભથ્થાં આપવામાં આવે છે. તાલીમ દરમિયાન જ આઇએએસ અધિકારીને માસિક ૫૦,૦૦૦ રૂપિયાનો પગાર મળવાનું શરૂ થાય છે. પરંતુ જ્યારે તેઓ પાછળથી જિલ્લાના ડીએમ બને છે, ત્યારે આ પગાર ૧ લાખ રૂપિયાથી ૧.૨૫ લાખ રૂપિયા સુધીનો હોઈ છે.

**કેટલો પગાર મળે છે?**

જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ (ડીએમ) નો પગાર તેમના પદ, અનુભવ અને પગાર પંચની ભલામણો પર આધાર રાખે છે. ડીએમ સામાન્ય રીતે આઈએએસ અધિકારીઓ હોય છે, અને તેમનો પગાર ૭મા પગાર પંચ મુજબ નક્કી થાય છે. જોકે હવે સરકાર ૮મા પગાર પંચને લાગુ કરવા જઈ રહી છે. ડીએમનો મૂળ પગાર દર મહિને રૂ. ૫૬,૧૦૦ થી રૂ. ૨,૫૦,૦૦૦ સુધીનો હોય છે. આમાં ગ્રેડ પે ૧૬,૫૦૦ રૂપિયા છે જે શરૂઆતના સ્તરે છે. આ ઉપરાંત મોંઘવારી ભથ્થું, ઘર ભાડું ભથ્થું, પરિવહન ભથ્થું જેમાં વાહન, ડ્રાઇવર વગેરેની સુવિધા આપવામાં આવે છે. આ ઉપરાંત, સરકાર આઇએએસ અધિકારીને તબીબી ભથ્થું વગેરે પણ પ્રદાન કરે છે.

**આ રીતે પ્રમોશન અને મૂલ્યાંકન મળે છે**

મૂલ્યાંકનની વાત કરીએ તો જ્યારે કોઈ આઇએએસ અધિકારી જિલ્લા કલેક્ટર (ડીએમ) બને છે, ત્યારે તે ૧૧મા સ્તર કે તેથી ઉપર હોય છે. જે પછી દર ૫-૧૦ વર્ષે પ્રમોશન મળે છે અને પગાર પણ વધે છે. કેન્દ્ર કે રાજ્ય સરકારના સર્વિસ રેકોર્ડ, કામગીરી, મૂલ્યાંકન અહેવાલના આધારે, તેમને કમિશનર, સચિવ, મુખ્ય સચિવ જેવા ઉચ્ચ હોદ્દાઓ પર બઢતી આપવામાં આવે છે. જે પછી તેમનો પગાર દર મહિને ૨ લાખ ૫૦ હજાર રૂપિયા થાય છે. ■

### ભારત-પાક વચ્ચે સંઘર્ષ

# સોશ્યલ મીડિયા પરથી ૫,૦૦૦થી વધુ દુષ્પ્રચાર કરતી પોસ્ટ દૂર કરાઇ

મુંબઈઃ મહારાષ્ટ્ર સાયબર દ્વારા ભારત અને પાકિસ્તાન વચ્ચેની લશ્કરી કાર્યવાહી અંગે ખોટા સમાચાર તથા દુષ્પ્રચાર ફેલાવતી ૫,૦૦૦થી વધુ પોસ્ટ દૂર કરવામાં આવી હતી, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

લશ્કરની કામગીરી વિશે ખોટા સમાચારો, વ્યૂહાત્મક કાર્યવાહીઓ અથવા પાડોશી દેશ દ્વારા લેવાઇ રહેલા પગલાં અંગેના ખોટા સમાચાર વગેરે સોશ્યલ મીડિયા પર જોવા મળ્યા હતા. સાયબરક્રાઇમ ડિટેકશન એજન્સીએ પણ આવા ખોટા સમાચારો અંગે એડવાઇઝરી જાહેર કરી હતી. આવી બનાવટી-ખોટી પોસ્ટ રાષ્ટ્રીય સુરક્ષા સામે જોખમ ઊભું કરી શકે છે અથવા તો બે સમુદાય વચ્ચે વિવાદ ઊભો કરી શકે છે. તેથી ગંભીર નોંધ લઇને એજન્સીએ તેને દૂર કરવા પગલાં લીધાં હતાં, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી લશ્કરી કાર્યવાહીના ખોટા સમાચાર ફેલાવનારી ૫,૦૦૦થી વધુ પોસ્ટ સોશ્યલ મીડિયા પરથી દૂર કરવામાં આવી છે. ફક્ત સાચી માહિતીઓ આપવામાં આવે તેની ખાતરી કરવા એજન્સી કટિબદ્ધ છે. લોકોને ગેરમાર્ગે દોરવામાં ન આવે તે માટે ઓનલાઇન પ્લેટફોર્મ અને એન્ફોર્સમેન્ટ એજન્સીઓને સહકાર આપવાનું ચાલુ રાખવામાં આવશે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

જાણીજોઇને અથવા અજાણતામાં પણ જો ખોટા સમાચાર ફેલાવવામાં આવે તે કાયદા હેઠળ દંડનીય અપરાધ છે, એમ તેમણે કહ્યું હતું.

કોઇ પણ પોસ્ટ કરતી વખતે તેની ખાતરી કરવા અથવા કોઇ શંકાસ્પદ અથવા બનાવટી પોસ્ટ જણાય તો તેની જાણ કરવા અને જવાબદાર નાગરિક તરીકે વર્તવાની એજન્સી દ્વારા અપીલ કરવામાં આવી હતી. (પીટીઆઇ)■

# લાડકી બહેન કૌભાંડ મુંબઈમાં, પણ એ ચલાવાતું હતું સુરતથી

## ઝૂંપડપટ્ટીની ‘લાડકી બહેનો’ને ફસાવી બૅંક ખાતાં ખોલાવાતાં અને એની વિગતો સાયબર ગુનેગારો તથા મની લૉન્ડરિંગ કરનારાઓને અપાતી

મુંબઈઃ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી ‘લાડકી બહેન’ યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે અમુક નિયમ અને શરતો લાગુ કરવામાં આવી છે. વિધાનસભાની ચૂંટણીમાં લાડકી બહેન યોજનાને કારણે સરકારને ફાયદો થયો. જોકે હવે લાડકી બહેન યોજનાને નામે મોટું રૅકેટ ચાલી રહ્યું હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી છે. જુહુ પોલીસે આ રૅકેટનો પર્દાફાશ કરીને બે મહિલા સહિત ત્રણની ધરપકડ કરી હતી. આ રૅકેટ સુરતથી ચલાવવામાં આવી રહ્યું હતું અને તેનો માસ્ટરમાઇન્ડ સુરતનો એન્જિનિયર હોવાનું પોલીસને જાણવા મળ્યું છે.

જુહુ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અવિનાશ કાંબળે, શ્રુતિ રાઉત અને ફાલ્ગુની તરીકે થઇ હતી, જ્યારે સુરતનો એન્જિનિયર પ્રતીક, ફાલ્ગુનીનો પતિ રિતેશ સહિત ત્રણ જણ ફરાર હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

આરોપીએ મુંબઈના નેહરુનગર, ડી.એન. નગર અને ધારાવી વિસ્તારમાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોને ટાર્ગેટ કર્યા હતા. તેમણે ઓછું ભણેલા લોકોને લાડકી બહેન યોજનાની લાલચ દેખાડી અને દર મહિને ૧,૫૦૦ મળશે, એવું જણાવ્યું હતું. આથી લોકોએ બૅંકોમાં જઇને ખાતાં ખોલાવ્યાં હતાં, જે માટે તેમને આરોપીએ એક હજાર રૂપિયા આપ્યા હતા. આ બૅંક ખાતાં બાદમાં આરોપીઓ સાયબર ગુનેગારોને અને મની લૉન્ડરિંગ કરનાર લોકોને વેચતા હતા. આવી રીતે તેમણે ૨,૫૦૦થી વધુ બૅંક ખાતાં ખોલાવ્યાં હતાં. પોલીસે અત્યાર સુધી ૧૦૦થી વધુ બૅંક ખાતાં ફ્રીઝ કર્યાં છે.

પાર્લા પશ્ચિમમાં નેહરુનગર ઝૂંપડપટ્ટીમાં રહેનારા (જુઓ પાનું ૪)

# વરલી સુધીની મેટ્રો પહેલા દિવસે લગભગ ખાલી દોડી

### મોટા ભાગના લોકોને આ સેવા શરૂ થઇ હોવાનો ખ્યાલ જ નથી

મુંબઈઃ બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ (બીકેસી)થી વરલીના આચાર્ય અત્રે ચોક સુધીની એક્વા લાઇન એટલે કે મુંબઈ મેટ્રો લાઇન-થ્રી શનિવારથી કાર્યરત થઇ હતી. આ અગાઉ ગયા વર્ષે મેટ્રો-થ્રીનો આરે જેવીઆરએલ અને બીકેસી વચ્ચેનો તબક્કો જનતા માટે ખુલ્લો મુકાયો હતો. તેમ છતાં બીજા શનિવારની રજા અને જનતામાં હજી સુધી આ અંગે વધુ માહિતી ન હોવાને કારણે પ્રથમ દિવસે ટ્રેનો ખાલી દોડી હોવાનું સૂત્રોનું કહેવું છે.

મુંબઈના પરાં વિસ્તારમાં મુંબઈ મેટ્રો-૧ (ઘાટકોપર-અંધેરી-વર્સોવા), મેટ્રો-ટૂએ (દહિસર પૂર્વ-અંધેરી પશ્ચિમ) અને મેટ્રો-૭ (અંધેરી પૂર્વ-દહિસર પૂર્વ) કાર્યરત થઇ ગઇ છે. બીકેસી અને વરલીના આચાર્ય અત્રે ચોક વચ્ચેના મેટ્રો-થ્રીના તબક્કાનું ઉદ્ઘાટન (જુઓ પાનું ૪)



**હાશકારો...** અંધેરી પૂર્વ અને પશ્ચિમને જોડતો મહત્ત્વનો ગોપાળકૃષ્ણ ગોખલે બ્રિજ અઢી વર્ષે આજે (૧૧મી મે, રવિવાર)ના પૂર્ણ ક્ષમતા સાથે ખુલ્લો મુકાવાનો છે. વિવિધ અડચણોને કારણે અનેક વખત તેની ડેડલાઇન ચૂકવાઇ ગઇ છે. ત્રીજી જુલાઇ, ૨૦૧૮ના તેનો અમુક હિસ્સો તૂટી પડતા બેનાં મોત થયા હતા. ત્યાર બાદ તેને જોખમી જાહેર કરી નવેમ્બર, ૨૦૨૨માં તેને સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવ્યો હતો. આ બ્રિજ શરૂ થવાને કારણે વાહનચાલકોને હાશકારો મળવાનો એ નક્કી. (જયપ્રકાશ કેળકર)

# કાંદિવલી ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં ભીષણ આગઃ જાનહાનિ નહીં

મુંબઈઃ કાંદિવલી પશ્ચિમ ખાતેના બોનાન્ઝા ઈન્ડિસ્ટ્રિયલ એસ્ટેટમાં શનિવારે સવારે સાત વાગ્યે ભીષણ આગ લાગી હતી. આ આગમાં કોઇ જાનહાનિ થઇ હોવાના અહેવાલ નથી.

કાંદિવલીના અશોક ચક્રવર્તી રોડ પર આવેલા બોનાન્ઝા ઇન્ડસ્ટ્રિલ એસ્ટેટમાં આવેલી બે માળની ઇમારતમાં સવારે સાત વાગ્યે આગ લાગી હતી. ઘટનાસ્થળે પહોંચેલા અગ્નિશમન દળે આગ લેવલ-ટૂની હોવાનું જાહેર કર્યું હતું અને તાત્કાલિક આગ બુઝાવવાની શરૂઆત કરી હતી. બે માળની ઇમારતના પહેલા માળે સૌથી પહેલા આગ લાગી હતી અને સંપૂર્ણ ઇમારતમાં ધુમાડાનું સામ્રાજ્યમાં ફેલાયું હતું. થોડા સમયમાં અગ્નિશમન દળ દ્વારા આગ પર કાબૂ મેળવી લેવાયો હતો.

ઘટનાસ્થળે પાલિકાના કર્મચારી, પોલીસ, અદાણી ઇલેક્ટ્રિસિટી, ૧૦૮ એમ્બ્યુલન્સ તથા જાહેર બાંધકામ વિભાગની ટીમ હાજર રહી હતી. આગ બુઝાવવા માટે છ ફાયર એન્જિન, બે ફાયર ટેન્ડર, છ મોટાં ટેન્કર હાજર હતા. આગમાં કોઇ જાનહાનિ થઇ નથી.

મુંબઈમાં છેલ્લા કેટલાક દિવસથી આગ લાગવાની ઘટના બની રહી છે. તાજેતરમાં જ દક્ષિણ મુંબઈમાં આવેલી ઇડીના કાર્યાલયમાં આગ લાગી હતી જેમાં મહત્ત્વના દસ્તાવેજો બળીને રાખ થઇ ગયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સોમવારે પેડર રોડ પરની એક દુકાનમાં આગ લાગી હતી. મોટા ભાગની આગ શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું જાણવા મળ્યું છે. તેથી અગ્નિશમન દળે મુંબઈગરાઓને વિશેષ સાવચેતી રાખવાની અપીલ કરી છે.

### શોર્ટ સર્કિટ ટાળવા શું કરવું?

હાલ ઉનાળાની ગરમીને કારણે વીજળીનો ઉપયોગ વધુ થઇ રહ્યો છે ત્યારે ઇલેક્ટ્રિક સિસ્ટમ પર દબાણ આવવાને કારણે શોર્ટ સર્કિટની ઘટનામાં વધારો થઇ રહ્યો છે. તેથી નાગરિકોએ કાળજી રાખવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ઘરના વીજળીના વાયરો, સ્વીચ, પ્લગ વગેરે ઉપકરણોની તપાસ કરાવી લેવી. જૂનું વાયરિંગ (જુઓ પાનું ૪)

# મધ્ય અને હાર્બરમાં આજે મેગા બ્લોક

મુંબઈઃ પ્રવાસીઓની સુરક્ષાર્થે વિવિધ સમારકામ હાથ ધરવાના હોવાથી મધ્ય રેલવે દ્વારા રવિવારે ૧૧મી મેના રોજ મેગા બ્લોક હાથ ધરવામાં આવનાર છે. બ્લોક દરમિયાન મુખ્ય લાઇન (માટુંગાથી મુલુંડ) અને હાર્બર લાઇનમાં (કુર્લાથી વાશી) સુધીની લોકલ સેવાને અસર થશે.

મુખ્ય લાઇનમાં સવારે ૧૧ કલાકથી બપોરે ૩.૩૦ કલાક સુધી બ્લોક રહેશે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)થી સવારે ૧૦.૩૦થી બપોરે ૩.૧૦ કલાક સુધીની લોકલને માટુંગા ખાતે ડાઉન સ્લો લાઇન પર ડાઇવર્ટ કરવામાં આવશે.

થાણેથી આગળ જતી ટ્રેનોને મુલુંડ ખાતે ડાઉન એક્સપ્રેસ લાઇન પર વાળવામાં આવશે. થાણેથી આવતી ટ્રેનોને પણ માટુંગા ખાતે ડાઉન સ્લો લાઇન પર ડાઇવર્ટ કરવામાં આવશે.

હાર્બર લાઇનમાં કુર્લા-વાશી વચ્ચે અપ અને ડાઉન બન્ને લાઇનમાં સવારે ૧૦.૪૦થી સાંજે ૪.૪૦ સુધી મેગા બ્લોક રહેશે. બ્લોક દરમિયાન સીએસએમટીથી વાશી/બેલાપુર/પનવેલ વચ્ચે સવારે ૯.૫૦થી સાંજે ૪.૧૦ સુધી આવનારી અને જનારી લોકલ ટ્રેનોની સેવા રદ રહેશે.

હાર્બર લાઇનના પ્રવાસીઓને થાણેથી વાશી/નેરુળ રૂટ પર સવારે ૧૦ કલાકથી સાંજે છ કલાક સુધી પ્રવાસ કરવાની પરવાનગી આપવામાં આવે છે. ■

# ઝવેરીની દુકાનમાંથી ૩૬ લાખના દાગીના ચોરવા બદલ કર્મચારીની ધરપકડ

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ઝવેરી બજાર ખાતે આવેલી ઝવેરીની દુકાનમાંથી ૩૬.૪૩ લાખ રૂપિયાના દાગીના ચોરવા બદલ એલ.ટી. માર્ગ પોલીસે તાજેતરમાં ૩૦ વર્ષના કર્મચારીની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ અનિલ રામઆશિષ તિવારી તરીકે થઇ હોઇ તે ઉત્તર પ્રદેશનો વતની છે અને કુર્લા ખાતે રહે છે, એમ પોલીસે જણાવ્યું હતું.

ફરિયાદી ઝવેરીની દુકાનમાં કામ કરનારો અનિલ તિવારી ૨૯ એપ્રિલે રાતે દુકાનમાંથી બેગ લઇને ઘરે જવા નીકળ્યો ત્યારે ઝવેરીના સંબંધીને તેના પર શંકા ગઇ હતી. તિવારીની બેગ તપાસવામાં આવતાં તેમાંથી નેકલેસ મળી આવ્યો હતો. નેકલેસ અંગે તિવારીની પૂછપરછ કરાતાં તેણે ઉડાઉ જવાબ આપ્યા હતા, પણ બાદમાં તેણે નેકલેસ દુકાનમાંથી ચોર્યાનું કબૂલ્યું હતું. ફરિયાદી બીજે દિવસે દુકાનમાં આવ્યા બાદ તેમણે તિવારીને દુકાનમાં બોલાવ્યો હતો, પણ તે ટાળાટાળ કરવા લાગ્યો હતો, જેને પગલે ફરિયાદીને શંકા ગઇ હતી. આથી તેમણે દુકાનનો સ્ટોક તપાસતાં કેટલાક દાગીના ઓછા હોવાનું જણાયું હતું. તિવારીને બાદમાં બોલાવવામાં આવ્યો હતો અને પૂછપરછ કરતાં તેણે ૧૦ એપ્રિલથી ૨૯ એપ્રિલ દરમિયાન દુકાનમાંથી ૩૬.૪૩ લાખ રૂપિયાના દાગીના ચોર્યા હોવાનું સામે આવ્યું હતું. દરમિયાન આ પ્રકરણે એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. પોલીસે તિવારીને પોલીસ સ્ટેશનમાં પૂછપરછ માટે બોલાવ્યો હતો અને ત્યાર બાદ તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

# પાયધુની પોલીસ સ્ટેશનની બહાર સબ-ઈન્સ્પેક્ટર પર હુમલોઃ ત્રણ સામે ગુનો

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં પાયધુની પોલીસ સ્ટેશનની બહાર જાહેરમાં ગાળો ભાંડીને ધિંગાણું કરવા અને પરિસ્થિતિને નિયંત્રણમાં લેવાનો પ્રયાસ કરવા માટે વચ્ચે પડેલા પોલીસ સબ-ઇન્સ્પેક્ટર પર હુમલો કરવા બદલ ત્રણ જણ સામે ગુનો દાખલ કરાયો હતો. આ ઘટના બાદ આરોપીઓ ફરાર થઇ ગયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આરોપીઓની ઓળખ અજીઝુલ સિરાજુલ શેખ, નૂરઅલી મેહરાવલી શેખ અને સૈફુદ્દીન શાહીદ શેખ તરીકે થઇ હતી.

પાયધુની પોલીસ સ્ટેશનમાં કાર્યરત સબ-ઇન્સ્પેક્ટર ઇરફાન મન્સૂર સૈયદે આ પ્રકરણે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ સબ-ઇન્સ્પેક્ટર ઇરફાન સૈયદ બુધવારે નાઇટ ડ્યૂટી પર હતો ત્યારે રાતે ૧૦.૪૫ વાગ્યે પોલીસ સ્ટેશનની બહાર ત્રણ આરોપી જોરજોરથી ગાળો ભાંડતા અને ધિંગાણું કરતાં નજરે પડ્યા હતા.

આથી ઇરફાન સૈયદ બહાર આવ્યો હતો અને ત્રણેય આરોપીને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે આરોપીઓએ સૈયદને ગાળો ભાંડી હતી અને તેની સાથે ધક્કામુક્કી કરી હતી.

આરોપીઓએ બાદમાં સૈયદ પર હુમલો કર્યો હતો અને તેને ધમકી આપી હતી. એક આરોપી બાદમાં મોબાઇલથી વીડિયો ઉતારવા લાગ્યો હતો. આ ઘટના બાદ સૈયદે ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ત્રણેય આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો. ■

# મુંબઈમાં નવમી જૂન સુધી ફટાકડા ફોડવા પર પ્રતિબંધ

મુંબઈઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવને ધ્યાનમાં રાખીને મુંબઈ પોલીસે પણ કડક પગલાં લેવાનું શરૂ કર્યું છે. મુંબઈ પોલીસ દ્વારા હવે મહાનગરમાં ફટાકડા ફોડવા પર બંધી લાદવા સંદર્ભેનો આદેશ બહાર પડાયો છે, જે ૯ જૂન સુધી અમલમાં રહેશે.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઑપરેશન્સ) અકબર પઠાણ દ્વારા શનિવારે એ આદેશ બહાર પાડવામાં આવ્યો હતો, જે અનુસાર કોઇ પણ વ્યક્તિ ૧૧ મેથી લઇ ૯ જૂન સુધી ફટાકડા કે આતશબાજી કરી નહીં શકશે. એ સિવાય કોઇ પણ રોકેટ સુધ્ધાં છોડી નહીં શકે. આ આદેશનું ઉલ્લંઘન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે, એવી તાકીદ આપવામાં આવી છે.

આ આદેશ તમામ પોલીસ સ્ટેશનોને મોકલાયો છે. બીજી તરફ આદેશની નકલ સાર્વજનિક સ્થળો પર ચોંટાડવા તથા લાઉડસ્પીકર-મેગાફોનથી તેની પ્રસિદ્ધિ આપવાના નિર્દેશ પણ આપવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પહલગામમાં આતંકવાદીઓ દ્વારા પર્યટકો પર હુમલો કરવામાં આવ્યા બાદ ભારતીય સેના દ્વારા ઑપરેશન સિંદૂર હેઠળ આતંકવાદીઓનાં ઠેકાણાંનો નાશ કરવામાં આવ્યો, જે બાદ પાકિસ્તાન સરહદો પર સતત ડ્રોન, રોકેટ અને બોમ્બથી હુમલો કરી રહ્યું હતું. ભારત પણ તેને જડબાતોડ જવાબ આપી રહ્યું હતું. યુદ્ધવિરામ થયો છે પણ હજીય ત્રાસવાદી હુમલાનો ભય છે જેને ધ્યાનમાં રાખીને મુંબઈમાં ફટાકડા અથવા આતશબાજીની આડમાં કોઇ અનિચ્છનીય કૃત્ય ન થાય તેની તકેદારી રાખવા માટે આ આદેશ બહાર પાડવામાં આવ્યો છે. ■

# માર્ગ અકસ્માતમાં મૃત્યુઃ લોકઅદાલતે અપાવ્યું ૨.૨ કરોડનું વળતર

થાણેઃ થાણે જિલ્લાની લોક અદાલતે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને ૨.૨ કરોડ રૂપિયાનું વળતર અપાવ્યું હતું જે આ વર્ષનું થાણે જિલ્લાનું અત્યાર સુધીનું સૌથી વધુ વળતર છે. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ એસ. બી. અગ્રવાલે અરજદારોને મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલના સભ્ય એસ. એન. શાહ, ડિસ્ટ્રિક્ટ લિગલ સર્વિસિસ ઓથોરિટી (ડીએલએસએ)ના સેક્રેટરી ઇશ્વર સૂર્યવંશીની હાજરીમાં ચેક સોંપ્યો હતો. પીડિત પ્રદીપ નાગતિલક (૪૪) ડોંબિવલીમાં તેના મિત્ર સાથે મોટરસાયકલ પર જઇ રહ્યો હતો. ■

# જવાનો પરનો ખતરો ઓછો કરવા સરહદે લડશે માનવીય રૉબૉ

### ડીઆરડીઓ આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ કરી રહ્યું છે

પુણેઃ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન (ડીઆરડીઓ)ના વૈજ્ઞાનિકો એવા માનવીય રૉબૉ બનાવવા પર કામ કરી રહ્યા છે જેનો ઉપયોગ લશ્કરી મિશન માટે કરવામાં આવશે, એમ એક અધિકારીએ શનિવારે જણાવ્યું હતું.

ડીઆરડીઓની મુખ્ય લૅબ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિસ્મેન્ટ (આરએન્ડડીઇ-એન્જિનિયર્સ) દ્વારા એક મશીન વિકસાવવામાં આવ્યું છે જે માનવી આદેશ પ્રમાણે જટિલ કાર્યો કરી શકે છે. આ મશીન વિકસાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય લશ્કરી જવાનો પરનું જોખમ ઓછું કરવાનો છે.

આરએન્ડડીઇ-એન્જિનિયર્સના સેન્ટર્સ ફોર સિસ્ટમ્સ એન્ડ ટેક્નોલોજીસ ફોર એડવાન્સ્ડ રૉબૉટિક્સ ખાતેના ગ્રુપ ડિરેક્ટર એસ. ઇ. તાલોલેએ જણાવ્યું હતું કે અમારી ટીમ ચાર વર્ષથી આ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. અમે શરીરના ઉપરી અને નીચલા ભાગ માટેના વિવિધ પ્રોટોટાઇપ વિકસાવ્યા છે અને આંતરીક પરીક્ષણો દરમિયાન તે યોગ્ય રીતે કાર્ય કરી રહ્યા હોવાનું જણાયું હતું.

પુણેમાં તાજેતરમાં યોજાયેલા એડવાન્સ્ડ લેગ્ડ રોબોટિક્સના નેશનલ વર્કશોપમાં આ માનવી રૉબૉ પ્રદર્શિત કરવામાં આવ્યો હતો.

હાલના તબક્કે વૈજ્ઞાનિકોની ટીમ જે તે વ્યક્તિ માનવી રોબોટને ઓપરેટ કરે તે તેને વધુ સારી રીતે સમજી શકે અને તેના નિર્દેશ પ્રમાણે વર્તી શકે એવી ક્ષમતા વધારવાના પ્રયાસ થઇ રહ્યા છે. માનવી રૉબૉમાં મુખ્ય ત્રણ વસ્તુ જરૂરી છે. એક કે તે માનવોની જેમ જ હલનચલન કરી શકે. બીજું કે તે આસપાસ શું ચાલી રહ્યું છે તેના સમયસર ડેટા ભેગા કરી તેના પર કામ કરી શકે અને ત્રીજી મહત્ત્વની વસ્તુ કે જે ડેટા કલેક્ટ કર્યા છે તેના આધારે યોગ્ય તે કાર્યવાહી કરી શકે.




આ પ્રોજેક્ટ ૨૦૨૭ સુધી પૂર્ણ થવાની આશા સેવાઇ રહી છે, એમ ડિઝાઇન ટીમના વૈજ્ઞાનિક કિરણ અકેલાએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

# કૌટુંબિક વિવાદને લઇ યુવકનું અપહરણ કરી ખંડણી માગીઃ વસઈથી એકની ધરપકડ

## ફરિયાદીને વસઇ સીતાવલી ગામમાં લઈ જવામાં આવ્યા બાદ તેની બેરહેમીથી મારપીટ કરાઈ હતી

મુંબઈઃ પોલીસ કેસ પાછો ખેંચવા માટે દબાણ લાવવા માટે ૩૬ વર્ષના યુવકનું અપહરણ કરવામાં આવ્યું હતું. અપહૃતને વસઇ લઇ જઇ તેની બેરહેમીથી મારપીટ કરાઇ હતી. અપહરણકારોએ ત્યાર બાદ યુવકના પરિવાર પાસે પાંચ લાખની ખંડણી માગી હતી અને તેની પત્ની પાસેથી દોઢ લાખ વસૂલવાનો પ્રયાસ કર્યો હતો. દહિસર પોલીસે આ પ્રકરણે આઠ લોકો સામે ગુનો દાખલ કર્યો હતો અને ખંડણીની રકમ લેવા આવેલા એકની ધરપકડ કરી હતી. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ફરિયાદી મીરા રોડનો રહેવાસી છે અને બોરીવલીમાં વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે ખાતેથી ગુરુવારે તેનું કારમાં અપહરણ કરવામાં આવ્યું હતું. ફરિયાદીને વસઇના સીતાવલી ગામમાં લઇ જવાયો હતો, જ્યાં તેની બેરહેમીથી મારપીટ કરાઇ હતી, જેમાં તેને ગંભીર ઇજા થઇ હતી.

આરોપીઓ તેમની વિરુદ્ધ દાખલ પોલીસ કેસ પાછો ખેંચવા માટે ફરિયાદી પર દબાણ કરી રહ્યા હતા અને બાદમાં તેમણે ફરિયાદીના પરિવાર પાસે પાંચ લાખ રૂપિયાની ખંડણી માગી હતી. બીજી તરફ ફરિયાદી ગુમ થતાં પરિવારજનો ચિંતિત થયા હતા. એવામાં ફરિયાદીની પત્નીને અપહરણકારોએ કૉલ કરીને ખંડણીની માગણી કરી હતી.

પાંચ લાખ રૂપિયા આપવામાં અસમર્થ ફરિયાદીની પત્નીએ અપહરણકારોને કહ્યું હતું કે તે માત્ર દોઢ લાખ રૂપિયાની વ્યવસ્થા કરી શકે છે. અપહરણકારોએ ફરિયાદીની પત્નીને ખંડણીની રકમ લઇને બોલાવી હતી ત્યારે તેણે આની જાણ પોલીસને કરી હતી. પોલીસે છટકું ગોઠવીને વસઇના આચોલે ગામના રહેવાસી આનંદ પાસવાનને પકડી પાડ્યો હતો, જે ખંડણીની રકમ લેવા આવ્યો હતો. પોલીસે ત્યાર બાદ ફરિયાદીને પણ આરોપીની ચૂંગાલમાંથી છોડાવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ફરિયાદીએ અગાઉ તેના બે મામા અને પિતરાઇ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો. આ ફરિયાદ પાછી ખેંચવા માટે ફરિયાદી પણ દબાણ લાવવા તેનું અપહરણ કરાયું હોવાનો આરોપ ફરિયાદમા કરાયો હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

# વિરાટને ઈંગ્લૅન્ડના પ્રવાસ સુધી નિવૃત્તિ ન લેવા સમજાવાઈ રહ્યો છે

**▶ કિંગ કોહલી રિટાયરમેન્ટ વિશે એક મહિનાથી બોર્ડ સાથે ચર્ચામાં: અધિકારીના મતે વિરાટ હજી ફુલ્લી ફિટ છે અને પુષ્કળ રન બનાવવા તત્પર છે**

મુંબઈ: ૨૦૨૪માં ભારતને ટી-૨૦ વર્લ્ડ કપની ટ્રોફી અપાવ્યા પછી વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટી-૨૦ ઇન્ટરનૅશનલમાંથી નિવૃત્ત જાહેર કરી દીધી એમ હવે ટેસ્ટ-ક્રિકેટમાંથી રોહિત શર્માએ થોડા દિવસ પહેલાં રિટાયરમેન્ટ જાહેર કરી દીધું એને પગલે હવે વિરાટ કોહલી પણ ટેસ્ટ છોડી દેવા માગે છે અને એ વિચાર તેણે બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) સમક્ષ વ્યક્ત કરી દીધો છે.

જોકે બીસીસીઆઇના મોવડીઓ ઇચ્છે છે કે ઇંગ્લૅન્ડ ખાતેનો ટીમ ઇન્ડિયાનો પાંચ મૅચની ટેસ્ટ શ્રેણીનો સમય બહુ દૂર નથી એટલે કોહલીએ એ સિરીઝ પૂરી થાય ત્યાં સુધી ટેસ્ટમાં રમવાનું ન છોડવું જોઈએ. બીજું, બોર્ડને એક વરિષ્ઠ અધિકારી માને છે કે 'વિરાટ કોહલી હજી ફુલ્લી ફિટ છે તેમ જ તેનામાં પુષ્કળ રન કરવાની ભૂખ છે તેમ જ જીતવાનો જુસ્સો પણ તેનામાં છે.'

અધિકારીનું એવું પણ માનવું છે કે 'કોહલી ડ્રેસિંગ-રૂમમાં હોય તો સમગ્ર ટીમનો જુસ્સો બુલંદ રહે.'

આ કારણોસર જ ક્રિકેટ બોર્ડ તેને હમણાં નિવૃત્તિ ન લેવા સમજાવી રહ્યું છે.

શનિવારે કોહલીની ટેસ્ટ-નિવૃત્તિના વિચારને લગતો અહેવાલ વાઇરલ થયો હતો અને તેના ચાહકો ચોંકી ગયા હતા.

### ક્રિકેટ બોર્ડ કોહલીને કૅપ્ટન્સી આપવા માગતું હતું

પીટીઆઇના અહેવાલ મુજબ રોહિત શર્માએ ટેસ્ટ-ક્રિકેટ રમવાનું જ છોડી દીધું એને પગલે હવે કૅપ્ટનપદે તેના અનુગામીની શોધ ચાલી રહી છે. સિલેક્ટરો શુભમન ગિલ પર કળશ ઢોળશે એવું મનાય છે, પરંતુ ઇંગ્લૅન્ડ જેવી મહત્ત્વની ટૂરમાં ગિલ પર નેતૃત્વનો બોજ નાખવો એને બદલે એ પ્રવાસમાં કોહલીને ફરી સુકાન સંભાળવાનું કહેવા બોર્ડ વિચારી રહ્યું હતું કે જેથી ગિલ તેના હાથ નીચે નેતૃત્વને લગતી તાલીમ લઈ લે. જોકે કોહલીને એ વિનંતી કરાય એ પહેલાં તેણે નિવૃત્તિનો વિચાર વ્યક્ત કરી દીધો છે.

### ગિલ કૅપ્ટન, પંત વાઇસ-કૅપ્ટન?

ઇંગ્લૅન્ડમાં ભારતની પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણી ૨૦મી જૂને શરૂ થશે અને એ માટે થોડા દિવસમાં ટીમ તથા કૅપ્ટનના નામની જાહેરાત કરવામાં આવશે. એવું મનાય છે કે જસપ્રીત બુમરાહ વારંવાર ઈજા પામતો હોવાથી અને તેના પર બોલિંગનો વર્કલૉડ પણ રહેતો હોવાથી તેના પર નેતૃત્વનો બોજ નાખવો એને બદલે ગિલને કે બીજા કોઈને કૅપ્ટન્સીની જવાબદારી સોંપવી એવું ક્રિકેટ બોર્ડનું તથા સિલેક્ટરોનું માનવું છે. પીટીઆઇના અહેવાલ મુજબ કદાચ ગિલને કૅપ્ટન્સી સોંપાશે અને વિકેટકીપર રિષભ પંતને તેનો ઉપ-કપ્તાન બનાવવામાં આવશે. ■



# કિંગ કોહલી ૫૦ રન પાર કરે એટલે જીત્યા જ સમજો! જાણો કેવી રીતે...

**▶ વિરાટના ૧,૧૪૬ રનનો અનોખો રેકૉર્ડ**

બેંગલૂરુ: આઈપીએલના ૧૮ વર્ષના ઇતિહાસમાં રમી ચૂકેલા હજારો ખેલાડીઓમાં વિરાટ કોહલીના ૮,૫૦૯ રન હાઈએસ્ટ છે, શનિવાર રાત સુધીમાં તેના આ વખતની સીઝનમાં ૫૦૫ રન હતા. શનિવારે તેણે એક અનોખો રેકોર્ડ નોંધાવ્યો હતો.


કોહલીએ આ વખતે જે સાત મેચમાં ૫૦-પ્લસ રન કર્યા એ બધી સાતેસાત મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલરુનો વિજય થયો છે. ૨૦૨૩માં શુભમન ગિલ અને ૨૦૧૬માં ડેવિડ વૉર્નરે આ સિદ્ધિ મેળવી હતી. જોકે કોહલીએ ૨૦૧૬માં પણ સાત મેચમાં ૫૦-પ્લસના સ્કોર સાથે બેંગલૂરુને જીતાડ્યું હતું એટલે એ રીતે કોહલી આ પ્રકારના રેકોર્ડમાં હવે નંબર-વન છે. આઇપીએલના ઇતિહાસમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામે વિરાટ કોહલીએ કુલ ૧,૧૪૬ રન કર્યા છે જેમાં તેના શનિવારના ૬૨ રન પણ સામેલ છે. આઇપીએલમાં કોઈ એક ખેલાડીએ કોઈ એક ટીમ સામે સૌથી વધુ રન કર્યા હોય એવી રેકોર્ડ બુકમાં કોહલીનો આ વિક્રમ છે. જેણે ડેવિડ વૉર્નરના ૧,૧૩૪ રનનો રેકોર્ડ તોડ્યો છે. વૉર્નરે આ ૧,૧૩૪ રન પંજાબની ટીમ સામે કર્યા હતા.

આઈપીએલની એક સીઝનમાં બેંગલૂરુએ ચેન્નઈને બંને મેચમાં હરાવ્યું હોય એવું પહેલી જ વખત બન્યું છે. જોકે ચેન્નઈ ત્રણ સીઝનમાં બેંગ્લૂરુને બંને લીગ મેચમાં હરાવી ચૂક્યું છે.

બેંગલૂરુની ટીમ શનિવારે રાત્રે ૧૬ પોઇન્ટ સાથે નંબર ટૂ હતી અને પ્લે-ઑફમાં પહોંચવાની તૈયારીમાં જ હતી. ■

# ભારતીય મહિલા તીરંદાજ મધુરા ત્રણ વર્ષ રૅન્ક વિનાની, હવે બની ગઈ વર્લ્ડ ચૅમ્પિયન!

**▶ અમરાવતીની ઍથ્લીટને સિલ્વર, બ્રૉન્ઝ પણ: આર્ચરીના વર્લ્ડ કપમાં ભારત પાંચ મેડલ જીત્યું**



શાંઘાઈ: મહિલાઓની તીરંદાજીમાં મહારાષ્ટ્રના અમરાવતી શહેરની મધુરા ધામણગાવકરે એવી વિરલ સિદ્ધિ મેળવી છે જે દુનિયાની ભાગ્યે જ કોઈ તીરંદાજે મેળવી હશે. તે ત્રણ વર્ષ સુધી રૅન્ક વિનાની રહી હતી, પણ શનિવારે તે ચીનના શાંઘાઈમાં આર્ચરીના વિશ્વ કપમાં ગોલ્ડ મેડલ જીતીને ચૅમ્પિયન બની ગઈ હતી. વ્યક્તિગત તીરંદાજીમાં તેનો આ પહેલો જ સુવર્ણ ચંદ્રક છે. તેના આ ગોલ્ડ સાથે ભારતે કુલ બે ગોલ્ડ, એક સિલ્વર અને બે બ્રૉન્ઝ સહિત કુલ પાંચ મેડલ જીતી લીધા છે. આ પાંચમાંથી ત્રણમાં મધુરાની ભૂમિકા હતી.

મધુરાએ ફાઇનલ રાઉન્ડમાં જબરદસ્ત કમબૅક કરીને ભારે રસાકસીમાં અમેરિકાની કાર્સન ક્રાહેને ૧૩૯-૧૩૮થી હરાવી દીધી હતી.

૨૪ વર્ષની મધુરાનો તીરંદાજી વર્લ્ડ કપમાં આ પ્રથમ ગોલ્ડ મેડલ છે. અગાઉ તે ટીમ ગેમમાં સિલ્વર મેડલ અને મિક્સ્ડ-ટીમમાં બ્રૉન્ઝ મેડલ જીતી હતી.

પુરુષોની ટીમ ઇવેન્ટમાં ભારતના અભિષેક વર્મા, ઓજસ દેવતાળે તથા રિષભ યાદવની ત્રિપુટીએ રોમાંચક ફાઇનલમાં મેક્સિકોની ટીમને ૨૩૨-૨૨૮થી પરાજિત કરીને ગોલ્ડ જીતી લીધો હતો.

મહિલાઓની ટીમ ગેમમાં પણ મધુરાએ ભાગ લીધો હતો. તેણે જ્યોતિ સુરેખા વેન્નમ તથા ચિકિતા તાનિપર્થીની ત્રિપુટીએ ફાઇનલમાં મેક્સિકન ટીમ સામેની ૨૨૧-૨૩૪ની હારને પગલે સિલ્વર મેડલ જીતી લીધો હતો.

મધુરાએ મિક્સ્ડ-ટીમ ઇવેન્ટમાં અભિષેક સાથે મળીને બ્રૉન્ઝ જીતી લીધો હતો. ■

# યશસ્વીએ પલટી મારી: ગોવા નથી જવું, મુંબઈ વતી જ રમવું છે



મુંબઈ: લેફ્ટ-હૅન્ડ ઓપનિંગ બૅટ્સમૅન યશસ્વી જયસ્વાલે મુંબઈ ક્રિકેટ ઍસોસિયેશન (એમસીએ)ને કહ્યું છે કે 'હું મુંબઈની રણજી ટીમ છોડીને ગોવાની રણજી ટીમ વતી રમવાનો હતો, પણ મેં હવે નિર્ણય બદલ્યો છે એટલે મને ફરી મુંબઈ વતી રમવાની પરવાનગી આપશો.'

યશસ્વીએ એ રીતે યુ ટર્ન લઈ લીધો છે. કહે છે કે 'મારા પરિવારે ગોવામાં સ્થાયી થવાની યોજના માંડી વાળી છે એટલે હવે હું મુંબઈમાં જ રહીશ અને મુંબઈ વતી જ રમવા માગું છું.'

યશસ્વીએ ૨૦૨૫-૨૬ની ડોમેસ્ટિક સીઝનમાં મુંબઈ વતી રમવાનું નક્કી કર્યું છે. તેને ફરી મુંબઈની ક્રિકેટમાં સામેલ કરવો કે નહીં એ વિશે પખવાડિયા પછી એમસીએની ઍપેક્સ કાઉન્સિલની મીટિંગમાં નિર્ણય લેવામાં આવશે.

યશસ્વીએ મહિના પહેલાં એમસીએ પાસેથી નો-ઑબ્જેક્શન સર્ટિફિકેટ માગ્યું હતું કે જેથી કરીને તે ગોવાની ટીમ વતી રમી શકે. ત્યારે એવી ચર્ચા હતી કે યશસ્વીને ગોવાની રણજી ટીમનો કેપ્ટન બનાવવામાં આવશે. મુંબઈ છોડીને ગોવાની રણજી ટીમમાં જોડાવાના તેના એ નિર્ણયથી એમસીએમાં તેમ જ સમગ્ર મુંબઈ ક્રિકેટમાં અને ભારતીય ક્રિકેટમાં બધાને આંચકો લાગ્યો હતો. ■

# આઈપીએલની છેલ્લે રદ કરાયેલી મૅચ ફરીથી રમાશે: અહેવાલ

**▶ અઠવાડિયામાં વિદેશી ખેલાડીઓને પાછા બોલાવવામાં મુશ્કેલી: આઇપીએલ અઠવાડિયામાં નહીં તો પછી સપ્ટેમ્બરમાં?**




ગુરુવારે ધરમશાલામાં પંજાબ-દિલ્હી મૅચ પહેલાંના સમારોહમાં કલાકારો. ભારતીય સશસ્ત્ર દળોને બિરદાવતું બોર્ડ વાંચવા મળ્યું હતું. (જમણે) (બીસીસીઆઇ)

નવી દિલ્હી: ગુરુવાર, આઠમી મેએ ભારત-પાકિસ્તાન વચ્ચેનો જંગ વકરતાં હિમાચલ પ્રદેશમાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કૅપિટલ્સ વચ્ચેની મૅચ અધવચ્ચેથી રદ કરવામાં આવી હતી અને બન્ને ટીમને એક-એક પૉઇન્ટ આપી દેવામાં આવ્યો હતો, પરંતુ હવે એવી પાકી સંભાવના છે કે સસ્પેન્ડ કરવામાં આવેલી આઇપીએલની સીઝન થોડા દિવસમાં (એક અઠવાડિયામાં) ફરી શરૂ કરાશે ત્યારે આઠમી મેની આ મૅચ ફરીથી રમાડવામાં આવશે, કારણકે પંજાબ અને દિલ્હી, બન્ને ટીમ માટે આ મૅચ પ્લે-ઑફમાં પહોંચવા માટે એ મૅચ ખૂબ જ અગત્યની છે.

ધરમશાલામાં આઠમી મેએ રાત્રે ભારત-પાકિસ્તાન જંગ ઉગ્ર બનતાં પંજાબ-દિલ્હીની મૅચ દરમ્યાન પહેલાં તો મોટા ભાગની ફ્લડલાઇટ ડિમ કર્યા બાદ બંધ કરી દેવામાં આવી હતી. ટેક્નિકલ કારણસર આ લાઇટ બંધ થઈ ગઈ હોવાનું કારણ ત્યારે લાઉડસ્પીકર પરની જાહેરાતમાં અપાયું હતું. કારણ એ છે કે બ્લૅકઆઉટના નિયમનું પાલન કરવાના હેતુથી લાઇટ બંધ કરાઈ એવું જો જાહેર કરાયું હોત તો સ્ટેડિયમમાં બેઠેલા ૨૫,૦૦૦ લોકોમાં નાસભાગ થઈ હોત અને પરિસ્થિતિ કાબૂ બહાર થઈ ગઈ હોત. જોકે એક કે બે લાઇટ ચાલુ રાખીને માત્ર ૨૦ મિનિટમાં ૨૫,૦૦૦ લોકોને સલામત રીતે સ્ટેડિયમની બહાર લઈ જવામાં આવ્યા હતા. બીજી બાજુ, ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફના મેમ્બર્સને ૪૦થી ૫૦ વાહનમાં બેસાડીને ધરમશાલાથી હોશિયારપુર થઈને જલંધર પહોંચાડવામાં આવ્યા હતા જ્યાંથી તેમને ખાસ ટ્રેનમાં દિલ્હી પહોંચાડવામાં આવ્યા અને ત્યાંથી તેઓ વિમાનમાં પોતપોતાના સ્થળે પહોંચ્યા હતા.

આઇપીએલમાં તમામ ૧૦ ટીમે ૧૪ લીગ મૅચ રમવાની છે. ચેન્નઈ, રાજસ્થાન, હૈદરાબાદની ટીમ પ્લે-ઑફ રાઉન્ડની બહાર થઈ ચૂકી છે. છઠ્ઠા નંબરનું કોલકાતા અને સાતમા નંબરનું લખનઊ પણ એક્ઝિટની નજીકમાં છે. ખરી વાત એ છે કે ટૉપ-ફાઇવ ટીમમાંથી એકેય ટીમે હજી સત્તાવાર રીતે પ્લે-ઑફમાં પ્રવેશ નથી કર્યો.


ગુજરાત (૧૬ પૉઇન્ટ) પ્રથમ નંબરે, બેંગલૂરુ (૧૬) બીજા નંબરે, પંજાબ (૧૫) ત્રીજા નંબરે, મુંબઈ (૧૪) ચોથા નંબરે અને દિલ્હી (૧૩) પાંચમા નંબરે છે.

આ પાંચ ટીમમાં પંજાબ અને દિલ્હી પ્લે-ઑફમાં પહોંચવા ઝઝૂમી રહી છે. બન્નેની ૧૧-૧૧ મૅચ થઈ ચૂકી છે. પંજાબના ૧૫ અને દિલ્હીના ૧૩ પૉઇન્ટ છે. આઠમી મેએ મૅચ રદ કરાઈ ત્યારે પંજાબનો સ્કોર ૧૦.૧ ઓવરમાં એક વિકેટે ૧૨૨ રન હતો. પ્રિયાંશ આર્યએ ૭૦ રન કર્યા હતા અને પ્રભસિમરન સિંહ ૫૦ રને રમી રહ્યો હતો. એ દિવસની મૅચ રદ કરાતાં બન્ને ટીમને એક-એક પૉઇન્ટ આપી દેવાતાં પ્લે-ઑફની બાબતમાં બેમાંથી કોઈની પણ સમસ્યા દૂર નથી થઈ. હવે આઇપીએલ ફરી થશે તો બેઉ ટીમની ૧૧-૧૧મી મૅચ ફરીથી રમાશે એટલે પ્લે-ઑફમાં જવાનો મોકો વધારવા બન્ને ટીમને સરખી તક મળશે.

બીસીસીઆઇ અઠવાડિયામાં આઇપીએલ ફરી શરૂ કરવાનું નક્કી કરશે એવું સેક્રેટરી દેવાજિત સૈકિયાએ કહ્યું છે. ભારતીય ખેલાડીઓને નવા શેડ્યૂલ મુજબ નિયત સ્થળે પહોંચી જવા માટે અત્યારથી માનસિક રીતે તૈયાર રહેવા કહેવામાં આવ્યું છે. જોકે વિદેશી ખેલાડી (જેઓ બે દિવસ પહેલાં દિલ્હીથી પોતાના દેશમાં જતા રહ્યા છે) તેમને અઠવાડિયામાં પાછા બોલાવવામાં થોડી મુશ્કેલી થઈ શકે.

એવું મનાય છે કે જો ભારત-પાકિસ્તાન યુદ્ધ લાંબું ચાલશે અને એક અઠવાડિયામાં આઇપીએલ ફરી શરૂ નહીં કરાય તો છેક સપ્ટેમ્બરમાં એ યોજવાની તક મળશે. જૂનમાં ભારતીય ક્રિકેટરો ઇંગ્લૅન્ડના લાંબા પ્રવાસે જશે અને પછી ઑગસ્ટમાં ભારતની બાંગ્લાદેશ સામે સિરીઝ રમાવાની છે. શેડ્યૂલ મુજબ સપ્ટેમ્બરમાં ભારતમાં એશિયા કપ યોજાવાનો છે, પણ ભારત-પાકિસ્તાન સંબંધો તંગ હોવાને લીધે એશિયા કપ નહીં યોજાય તો એ સમયગાળામાં આઇપીએલની બાકીની ૧૬ મૅચ (૧૨ લીગ મૅચ + પ્લેઑફની ત્રણ મૅચ + ફાઇનલ) રાખી શકાશે. ■

## જંગના માહોલમાં ઓમર અબદુલ્લા રમ્યા ક્રિકેટ



જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબદુલ્લા શુક્રવારે રાજ્યના સાંબા જિલ્લાના વિજયપુર ગામમાં પાકિસ્તાનના હુમલાને કારણે નાશ પામેલા વિસ્તારોના ભોગ બનેલા લોકોના રાધાસ્વામી સત્સંગ નામના આશ્રય સ્થાનની મુલાકાતે ગયા હતા અને ત્યાંના સ્થાનિક લોકો (ખાસ કરીને બાળકો) સાથે ક્રિકેટ રમ્યા હતા.

# ટેસ્ટ-કૅપ્ટન તરીકે ગિલ કરતાં બુમરાહ જ બેસ્ટ: મદન લાલ

નવી દિલ્હી: રોહિત શર્માએ ઇંગ્લૅન્ડ ખાતેના આગામી ટેસ્ટ પ્રવાસ માટેની ટીમ જાહેર થાય એ પહેલાં અચાનક અને તાત્કાલિક અમલમાં આવે એ રીતે ટેસ્ટમાંથી નિવૃત્તિ લેવાની જે જાહેરાત કરી એને પગલે ટીમમાં બૅટ્સમૅન તરીકે તેનો અનુગામી શોધવામાં બહુ વાર નહીં લાગે, પરંતુ તેના (રોહિતના) સ્થાને કૅપ્ટનપદે અનુગામી નક્કી કરવામાં થોડી મથામણ જરૂર થશે. જસપ્રીત બુમરાહ ત્રણ મહિના પહેલાં ઑસ્ટ્રેલિયામાં તેના સ્થાને કૅપ્ટન્સી સંભાળી ચૂક્યો હતો, પરંતુ તેને બદલે હાલમાં તો દાવેદારોમાં શુભમન ગિલનો ઘોડો આગળ છે. જોકે એક ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટર કૅપ્ટનપદે ગિલને જોવા નથી માગતા.

મધ્યમ ગતિના ભૂતપૂર્વ બોલર અને ૧૯૮૩ની વર્લ્ડ ચૅમ્પિયન ટીમના ખેલાડી મદન લાલે એક ઇન્ટરવ્યૂમાં કહ્યું છે કે 'જસપ્રીત બુમરાહ જો ફુલ્લી ફિટ અને સ્વસ્થ હોય તો તેને જ નેતૃત્વની જવાબદારી સોંપવી જોઈએ.'

બુમરાહ કૅપ્ટન તરીકે ભારતને ઘણી સફળતાઓ અપાવી શકે એમ છે, પણ તે વારંવાર ઈજા પામતો હોવાથી તેને ટેસ્ટ કૅપ્ટન બનાવવામાં સિલેક્ટરોને રિસ્ક લાગતું હશે. બીજું, તે ટીમનો મુખ્ય ફાસ્ટ બોલર હોવાથી તેના પર વર્કલૉડ પણ ઘણો હોય એટલે સૌથી સારું પર્ફોર્મ કરવાના માનસિક ભાર નીચે તે લાંબા સમય માટે કૅપ્ટન્સી સારી રીતે સંભાળી શકે કે કેમ એમાં શંકા છે. ■

# આઇપીએલના વિદેશી ખેલાડીઓ પાછા ગયા ત્યાં ભારત-પાકિસ્તાનનું થોડી વાર માટે યુદ્ધવિરામ થયું!

નવી દિલ્હી: ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધને લીધે આઇપીએલ-૨૦૨૫ની સીઝન ગુરુવાર, આઠમી મેએ અટકાવવામાં આવી અને અઠવાડિયામાં પાછી શરૂ કરાશે એવી જાહેરાતને પગલે આ સ્પર્ધામાં રમી રહેલા મોટા ભાગના વિદેશી ખેલાડીઓ શનિવારે પોતપોતાના દેશમાં જવા રવાના થયા ત્યાં તો સાંજે સમાચાર આવ્યા હતા કે ભારત અને પાકિસ્તાન યુદ્ધવિરામ માટે સહમત થઈ ગયા છે. જોકે પાકિસ્તાની થોડી જ વારમાં યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો.

આ સ્થિતિમાં અટકી પડેલી આઇપીએલ વહેલાસર પાછી શરૂ કરાશે એટલે પાછા ગયેલા ફોરેનના પ્લેયરોને તુરત પાછા બોલાવવામાં આવશે.

ગુરુવારે ધરમશાલામાં પંજાબ-દિલ્હી વચ્ચેની મૅચ પંજાબની ઇનિંગ્સની ૧૦.૧ ઓવરને અંતે ૧૨૨/૧ના સ્કોર સાથે અટકાવી દેવામાં આવી ત્યાર બાદ બીજા દિવસે (શુક્રવારે) જાહેરાત કરવામાં આવી હતી કે આઇપીએલને એક સપ્તાહ માટે મુલતવી રખાઈ છે.

રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુ (આરસીબી) તરફથી શનિવારે સાંજે નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું કે 'અમારા ખેલાડીઓ સલામત રીતે અમારા બેઝ સમાન સ્થળ બેંગલૂરુમાં પાછા આવી ગયા છે અને હવે તેઓ પોતપોતાના શહેરમાં અને દેશમાં પાછા જઈ રહ્યા છે.'

આરસીબીના વિદેશી ખેલાડીઓમાં ટિમ ડેવિડ, લિઆમ લિવિંગસ્ટન, રોમારિયો શેફર્ડ, જૅકબ બેથેલ, ફિલ સૉલ્ટ, જૉશ હૅઝલવૂડ, લુન્ગી ઍન્ગિડી અને નુવાન થુશારાનો સમાવેશ છે. ઍન્ડી ફ્લાવર આરસીબીનો હેડ-કોચ અને ઍડમ ગ્રિફિથ બોલિંગ-કોચ છે.

લખનઊની ટીમના કેટલાક વિદેશી ખેલાડીઓ પાછા જતા રહ્યા છે, જ્યારે અમુક પ્લેયરે થોડા વધુ દિવસ ભારતમાં જ રહેવાનું નક્કી કર્યું હતું. મુંબઈ તથા કોલકાતાની ટીમના પણ ઘણા ખેલાડીઓ સ્વદેશ જતા રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું. ■

# ઈમરાન ખાનના મોતની ફરી 'અફવા' વચ્ચે ભૂતપૂર્વ પત્ની રેહમ ખાનને હતી આ દહેશત...

નવી દિલ્હી: પાકિસ્તાનના ભૂતપૂર્વ ક્રિકેટ-કૅપ્ટન અને ભૂતપૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનની હત્યા થઈ અથવા તેનું મૃત્યુ થયું એવી અગાઉના છ વર્ષ દરમ્યાન કેટલીક વાર અફવા ઉડી ચૂકી છે, પરંતુ શનિવારે ભારત-પાકિસ્તાન વચ્ચેના યુદ્ધવિરામ પહેલાં બપોરથી ઇમરાનના મોતની અફવા ફરી એકવાર વાઇરલ થઈ હતી.

કેટલાક મીડિયામાં પાકિસ્તાન સરકારના વિદેશી મંત્રાલયના સત્તાવાર લેટર-હેડ નીચે ઇમરાનના મૃત્યુ વિશેની વિગતો લખવામાં આવી હતી અને એ લેટર વાઇરલ થયો હતો.

મોડી સાંજે અમુક મીડિયાએ ઇમરાનના મૃત્યુ વિશેની વિગતો આપતો અહેવાલ ઇન્ટરનેટ પરથી ડીલીટ કરી નાખ્યો હતો એ વાત અલગ છે, પણ સાંજે ઇમરાન ખાનની ભૂતપૂર્વ પત્ની રેહમ ખાનની દહેશતને લગતો એક અહેવાલ પણ ચર્ચાસ્પદ થયો હતો.

ઇમરાન ખાને ૧૯૯૫માં ઇંગ્લૅન્ડના બિઝનેસમૅન સર જેમ્સ ગોલ્ડસ્મિથની પુત્રી જેમાઇમા ગોલ્ડસ્મિથ સાથે લગ્ન કર્યા હતા. બન્નેના ૨૦૦૪માં છૂટાછેડા થયા હતા. ઇમરાનથી જેમાઇમા બાવીસ વર્ષ નાની હતી. ઇમરાને ૨૦૧૫માં બ્રિટિશ-પાકિસ્તાની પત્રકાર, લેખિકા



ઈમરાન (ડાબે). તેની ભૂતપૂર્વ પત્ની રેહમ (જમણે) અને તેનો પતિ મિર્ઝા.

તથા ફિલ્મમેકર રેહમ ખાન સાથે શાદી કરી હતી અને એ જ વર્ષમાં બન્નેએ ડિવૉર્સ લઈ લીધા હતા. ઇમરાનથી રેહમ ૨૩ વર્ષ નાની હતી. ઇમરાને રાજકીય ક્ષેત્રે સક્રિય બનવાની સાથે પોતાનાથી ૧૮ વર્ષ નાની રાજનેતા બુશરા બીબી સાથે લગ્ન કર્યા હતા.

પાકિસ્તાન તેહરિક-એ-ઇન્સાફ (પીટીઆઇ) પાર્ટીના ચીફ ઇમરાનને બે સંતાનો છે અને હાલમાં ઇમરાન જેલમાં છે. તેની બીજી પત્ની રેહમ ખાને બે દિવસ પહેલાં એવી દહેશત વ્યક્ત કરી હતી કે તેના પતિ મિર્ઝા બિલાલને ભારતથી ધમકી મળી રહી છે. રેહમે સોશિયલ મીડિયામાં એવું પણ જણાવ્યું હતું કે તેના પતિને તેમ જ તેના પરિવારને સોશિયલ મીડિયામાં ભારતીય અકાઉન્ટ પરથી મોતની ધમકી મળી રહી છે. રેહમના પતિને ભારતથી ધમકી મળવા પાછળનું કારણ એ હતું કે તેણે એક વીડિયોમાં ભારતના પાકિસ્તાન વિરોધી 'ઑપરેશન સિંદૂર'ની હાંસી ઉડાવી હતી. ■

# ત્રીસ સ્ટાર્ટઅપ્સના લગભગ ૧૦૦ અબજ ડૉલરના આઈપીઓ સામે પ્રશ્નાર્થ

નવી દિલ્હીઃ સરહદે પાકિસ્તાની લશ્કરી નાપાક હિમાકત અને યુ.એસ.માં સંભવિત આર્થિક મંદી અને પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની નવી ટેરિફ દરખાસ્તોથી સર્જાયેલ વેપાર તણાવ ભારતીય ટેક સ્ટાર્ટઅપ્સને તેમની આઈપીઓ યોજનાઓ પર પુનર્વિચાર કરવા દબાણ કરી રહ્યા છે. બજારમાં વધતી જતી અસ્થિરતાને કારણે રોકાણકારોની રૂચિ ઘટી છે, જેના કારણે ઘણી કંપનીઓ તેમના લિસ્ટિંગને સ્થગિત કરવાનું વિચારી રહી છે.

યુએસ ટેરિફ માત્ર વેપાર જ નહીં પરંતુ વૈશ્વિક સંબંધો અને કંપનીઓની ભાવિ યોજનાઓ પર પણ અસર કરે છે. જ્યાં સુધી સ્થિરતા પ્રાપ્ત નહીં થાય ત્યાં સુધી આઈપીઓ સિઝન નબળી રહેશે. પરંતુ દિવાળી પછી પરિસ્થિતિમાં સુધારો થવાની અપેક્ષા છે.

એક અહેવાલ મુજબ, લગભગ ૩૦ સ્ટાર્ટઅપ્સ, લગભગ ૧૦૦ બિલિયન ડોલરના સંયુક્ત મૂલ્ય સાથે ૨૦૨૭ સુધીમાં શેરબજારમાં પ્રવેશવાની તૈયારીમાં છે. આમાં ફ્લિપકાર્ટ, ફોનપે, લેન્સકાર્ટ, રેઝરપે, ઝેટવર્ક, મીશો અને એથર એનર્જી જેવા મોટા નામોનો સમાવેશ થાય છે.

જો કે, વર્તમાન બજારની સ્થિતિએ આમાંની ઘણી કંપનીઓના પ્લાનમાં ફેરફાર કર્યો છે. એથર એનર્જીએ આ મહિનાના અંતમાં આઈપીઓ લોન્ચ કરવાની યોજના બનાવી હતી, પરંતુ હવે એથર એનર્જી જોકે ઇશઅયૂનું કદ ઘટાડીને મૂડીબજારમાં પ્રવેશી રહી છે.

લિસ્ટેડ કંપનીઓ ટેરિફને કારણે નુકસાન સહન કરી રહી છે અને તે જ અસર સ્ટાર્ટઅપ પર પણ જોવા મળશે. આનાથી તેમના મૂલ્યાંકન અને આઈપીઓના ભાવને અસર થઈ શકે છે. ટેરિફને કારણે ભારતમાં ખાસ કરીને જાહેર બજારોમાં વિદેશી રોકાણમાં ઘટાડો થયો છે. જે કંપનીઓની આવકનો મોટો હિસ્સો વિદેશથી આવે છે અથવા જે વૈશ્વિક સપ્લાય ચેન પર નિર્ભર છે તેઓને વધુ ફટકો પડી શકે છે.

ભારતમાં ૩૦ નવી ટેક કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્ય હાલમાં ૧૧૦ બિલિયન ડોલરથી વધુ છે. તેમનું માર્કેટ કેપ ૨૦૩૦ સુધીમાં એક ટ્રિલિયન ડોલર સુધી પહોંચી શકે છે. તેનું કારણ કંપનીઓ આઈપીઓ માટે તૈયારી કરી રહી છે. ■

# સરહદી ઘમસાણ વચ્ચે વિદેશી ફંડોએ કરી ₹ ૧૮,૧૨૦ કરોડની લેવાલી, માર્કેટ કેપમાં ₹ ૧.૨૩ લાખ કરોડનો વધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતે કાયર અને ઘાતકી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હોવા છતાં સરહદી લશ્કરી અથડામણોમાં સતત વધારો થઇ રહ્યો હોવાથી સમીક્ષા હેઠળના પાછલા સપ્તાહ દરમિયાન સાવચેતીના માનસ વચ્ચે વેચવાલીનું દબાણ વધી જતાં સેન્સેક્સ અને નિફ્ટી એક ટકાથી વધુ તૂટ્યા હતા. સેન્સેક્સ ૭૯,૪૫૪.૪૭ પોઇન્ટની સપાટીએ, જ્યારે નિફ્ટી ૨૪,૦૦૮ પોઇન્ટના સ્તર પર બંધ થયો હતો.

સરહદી ઘમાસાણ વચ્ચે સપ્તાહ દરમિયાન, ઓટો અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ શેરોમાં સૌથી વધુ વૃદ્ધિ જોવા મળી અને સ્થાનિક અને સંસ્થાકીય રોકાણકારોએ કુલ ૧૮,૧૨૦ કરોડ રૂપિયાની ચોખ્ખી ખરીદી કરી હતી. નવમી મે, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ ગત સપ્તાહના શુક્રવારના ૮૦,૫૦૧.૯૯ના બંધથી ૧૦૪૭.૫૨ પોઈન્ટ્સ (૧.૩૦ ટકા) ઘટ્યો હતો. સેન્સેક્સ ૨૮ એપ્રિલ, સોમવારે ૮૦,૬૬૧.૬૨ ખૂલી એ જ દિવસે ઊંચામાં ૮૧,૦૪૯.૦૩ સુધી અને ૯ મે, શુક્રવારે નીચામાં ૭૮,૯૬૮.૩૪ સુધી જઈને અંતે ૭૯,૪૫૪.૪૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. સપ્તાહને અંતે માર્કેટ કેપ રૂ. ૪૨૨.૮૧ લાખ કરોડ રહ્યું હતું, જે પાછલા સપ્તાહના અંતે રૂ. ૪૨૧.૫૮ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૧.૨૩ લાખ કરોડનો વધારો થયો હતો.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં, અઠવાડિયા દરમિયાન બધા સૂચકાંકોમાં ઘટાડો થયો હતો, જેમાં બીએસઈ સ્મોલકેપ (૧.૩૨ ટકા), બીએસઈ ૧૦૦ (૧.૪૮ ટકા), બીએસઈ ૨૦૦ (૧.૫૫ ટકા), બીએસઈ ૫૦૦ (૧.૫૦ ટકા) અને બીએસઈ મિડકેપ (૧.૪૦ ટકા)નો સમાવેશ થાય છે. આઈપીઓ ૦.૭૩ ટકા અને એસએમઈ આઈપીઓ ૧.૪૬ ટકા ઘટ્યો હતો.

સેક્ટોરલ ઇન્ડેક્સમાં, સપ્તાહ દરમિયાન જે ક્ષેત્રોમાં સુધારો થયો તેમાં ઓટો (૧.૫૪ ટકા), કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ (૦.૬૦ ટકા), કેપિટલ ગુડ્સ (૦.૨૯ ટકા) અને ટેક (૦.૦૩ ટકા)નો સમાવેશ થાય છે, જ્યારે રિયલ્ટી (૬.૩૩ ટકા), પીએસયુ બેંકો (૪.૭૪ ટકા), પાવર (૩.૨૬ ટકા), પીએસયુ (૨.૯૩ ટકા), બેંકેક્સ (૨.૫૭ ટકા), ઓઇલ એન્ડ ગેસ (૨.૧૮ ટકા), હેલ્થકેર (૧.૮૪ ટકા), એફએમસીજી (૧.૧૨ ટકા), મેટલ (૦.૮૭ ટકા) અને આઇટી (૦.૧૫ ટકા) ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં સૌથી અધિક વધેલા પાંચ શેરમાં ટાટા મોટર્સ (૮.૦૦ ટકા), ટાઇટન (૪.૮૮ ટકા), લાર્સન (૩.૩૮ ટકા), અદાણી પોર્ટ્સ (૩.૦૬ ટકા) અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા (૧.૭૬ ટકા)નો સમાવેશ હતો, જ્યારે સૌથી અધિક ઘટેલા પાંચ શેરમાં સન ફાર્મા (૪.૮૧ ટકા), એશિયન પેઇન્ટ્સ (૪.૭૪ ટકા), એનટીપીસી (૪.૨૪ ટકા), ઇન્ડસઇન્ડ બેંક (૧.૨૧ ટકા) અને કોટક બેંક (૩.૮૬ ટકા)નો સમાવેશ હતો. એ ગ્રુપની ૭૧૬ કંપનીઓમાંથી ૨૦૩ કંપનીઓના ભાવ વધ્યા હતા, જ્યારે ૫૧૩ કંપનીઓના ભાવ ઘટ્યા હતા. એ જ રીતે, બી ગ્રુપની ૧,૨૮૭ કંપનીઓમાંથી ૨૬૦ કંપનીઓના ભાવ વધ્યા હતા અને ૧,૦૨૩ કંપનીઓના ભાવ ઘટ્યા હતા, જ્યારે ચાર કંપનીઓના ભાવ સ્થિર રહ્યા હતા.

કોર્પોરેટ હલચલમાં અદાણી જૂથે દેશનો હાઇડ્રોજનથી ચાલતો ટ્રક છત્તીસગઢમાં માઇનીંગ લોજિસ્ટિક માટે પ્રયોગમાં મૂક્યો છે, જે ૨૦૦ કિલોમીટરની રેન્જ સાથે ૪૦ ટનનું વહન કરી શકે છે. જાહેર ક્ષએત્રની ગેઇન ઇન્ડિયા લિમિટેડે કર્ણાટક સરકાર સાથે એક ગીગાવોટની ક્ષમતા ધરાવતા રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ સ્થાપવા માટે સમજૂતી કરાર કર્યા છે.

અગ્રણી આર્કિટેક્ચરલ ગ્લાસ ઉત્પાદકોમાંની એક સેજલ ગ્લાસ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના ઓડિટેડ પરિણામમાં કોન્સોલિડેટેડ ધોરણે ૪૮.૭૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૪૪.૯૫ કરોડની કુલ આવક, વાર્ષિક ધોરણે ૨૩૦.૯૩ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૧.૦૩ કરોડનો ચોખ્ખો નફો અને ૬૫.૮૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૩૪.૩૪ કરોડનો એબિટા નોંધાવ્યો હતો.

યુનિયન બેંક ઓફ ઈન્ડિયાનો માર્ચ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો ૫૦ ટકા વધીને રૂ. ૪,૯૮૫ કરોડ નોંધાયો છે. એલએન્ડટીનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ ૨૫ ટકા વધીને રૂ. ૫૪૯૭ કરોડ, જ્યારે ટાઇટનનો કોન્સોલિડેટેડ પ્રોફિટ ૧૩ ટકા વધીને ૮૭૧ કરોડ નોંધાયો છે. બ્રિટાનીયાનો ચોથા ક્વાર્ટરનો નફો ૪.૨ ટકા વધીને રૂ. ૫૫૯.૧૩ કરોડ નોંધાયો છે. રવિ ઇન્ફ્રાએ ડીઆરએચપી જમા કરાવ્યું છે. ઝાઇડસને જેનેરિક ડ્રગ્સ માટે યુએસએફડીએ મંજૂરી મળી છે.

બીએસઈ ૧૦૦માં ૨૬ કંપનીઓ વધી, ૭૪ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૨૦૦માં ૫૧ કંપનીઓ વધી, ૧૪૯ કંપનીઓ ઘટી હતી. બીએસઈ ૩૦માં ૯ કંપનીઓ વધી, ૨૧ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૧૪૩ કંપનીઓ વધી, ૩૫૭ કંપનીઓ ઘટી. મિડકેપની ૬૪ કંપનીઓ વધી, ૯૧ કંપનીઓ ઘટી હતી. સ્મોલ કેપની ૨૭૩ કંપનીઓ વધી, ૭૦૨ કંપનીઓ ઘટી અને બે સ્થિર રહી હતી.

સપ્તાહ દરમિયાન બીએસઈ અને એનએસઈ પરની સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની (ડીઆઈઆઈ)ની સંયુક્ત રૂ.૬૪,૬૩૮.૮૫ કરોડની ખરીદી અને વેચવાલી રૂ.૫૮,૧૭૫.૧૪ કરોડની રહી. આમ સ્થિનિક સંસ્થાઓની રૂ.૬,૪૬૩.૭૧ કરોડની ચોખ્ખી ખરીદી રહી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારોની (એફઆઈઆઈ) રૂ.૭૯,૭૦૪.૬૭ કરોડની ખરીદી અને રૂ.૬૮,૦૪૮.૭૩ કરોડની વેચવાલી રહી હતી. આમ એફઆઈઆઈની રૂ.૧૧,૬૫૫.૯૪ કરોડની ચોખ્ખી ખરીદી કરી હતી.

નોંધવું રહ્યું કે, ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીર (પીઓકે) અને પાકિસ્તાનમાં નવ આતંકવાદી સ્થળો પર ચોક્કસ મિસાઇલ હુમલા કર્યા હતા. આ પછી ગુરુવારે રાત્રે ભારતે જમ્મુ અને પઠાણકોટ સહિત પાકિસ્તાનના લશ્કરી સ્થળો પર ડ્રોન અને મિસાઇલોથી હુમલો કરવાના નવા પ્રયાસોને ઝડપથી નિષ્ફળ બનાવ્યા, આમ છતાં નાપાક શત્રુ રાષ્ટ્રએ સરહદે ઘમાસાણ યુદ્ધ ચાલુ રાખ્યું છે.

રસપ્રદ વાત એ છે કે, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરુવાર સુધી ભારતીય બજારમાં રોકાણ કરવાનું ચાલુ રાખ્યું હતું, જ્યારે રીટેલ રોકાણકારોમાં હાલ થોડું સાવચેતીનું માનસ જોવા મળ્યું છે. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૨,૦૦૭.૯૬ કરોડ રૂપિયાના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. ■

# ફોરેક્સ રિઝર્વમાં બે અબજ ડૉલરથી વધુનો ઘટાડો

મુંબઈ : દેશના વિદેશી મુદ્રા ભંડારમાં બે અઠવાડિયાથી ચાલી રહેલો વધારો અટકી ગયો છે. જેમાં બીજી મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં દેશના વિદેશી હૂંડિયામણ અનામતમાં ૨.૦૬ બિલિયન ડોલરનો ઘટાડો થયો હતો. આ ઘટાડા સાથે, વિદેશી મુદ્રા ભંડાર ઘટીને ૬૮૬.૦૬ બિલિયન ડોલરના સ્તરે પહોંચ્યો છે. ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ)એ જાહેર કરેલી માહીતી અનુસાર એક અઠવાડિયા પહેલા, ભારતનો વિદેશી મુદ્રા ભંડાર ૧.૯૮ બિલિયન ડોલર વધીને ૬૮૮.૧૩ બિલિયન ડોલર થયો હતો. જ્યારે, તેના એક અઠવાડિયા પહેલા, એટલે કે ૧૮ એપ્રિલના રોજ પૂરા થયેલા સપ્તાહમાં મુદ્રા ભંડારમાં ૮.૩૧ બિલિયન ડોલરનો વધારો થયો હતો. જે પછી તે ૬૮૬.૧૪ બિલિયન ડોલર થઈ ગયો હતો.

ઉલ્લેખનીય છે કે, સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંતમાં દેશનો વિદેશી મુદ્રા ભંડાર ૭૦૪.૮૯ બિલિયન ડોલરના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચી ગયો હતો. જોકે, ત્યારથી ચલણ ભંડારમાં ઘણી વધઘટ થઈ છે. ભારતીય રિઝર્વ બેંક દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, વિદેશી ચલણ સંપત્તિ, જે વિદેશી હૂંડિયામણ અનામતનો મુખ્ય ભાગ છે, તે બીજી મેના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ૫૧૪ મિલિયન ડોલર વધીને ૫૮૧.૧૮ બિલિયન ડોલરથઈ ગઈ છે. ડોલરના સંદર્ભમાં જણાવેલ વિદેશી ચલણ સંપત્તિઓમાં વિદેશી હૂંડિયામણ અનામતમાં રાખવામાં આવેલા યુરો, પાઉન્ડ અને યેન જેવા બિન-યુએસ ચલણોના મૂલ્યમાં વધારો અથવા વધારોની અસરનો સમાવેશ થાય છે.

આ સાથે, સમીક્ષા હેઠળના સપ્તાહમાં ભારતના સોનાના ભંડારનું મૂલ્ય ૨૫.૪ મિલિયન ડોલર ઘટીને ૮૧.૮૨ બિલિયન ડોલર થયું. સ્પેશિયલ ડ્રોઇંગ રાઇટ્સ (એસડીઆર) ૩૦ મિલિયન ડોલર ઘટીને ૧૮.૫૬ બિલિયન ડોલર થયા. સેન્ટ્રલ બેંકના ડેટા અનુસાર, સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (આઇએમએફ)પાસે ભારતની અનામત સ્થિતિ પણ ૩ મિલિયન ડોલર ઘટીને ૪.૫૧ બિલિયન ડોલર થઈ ગઈ છે. ■

# દેશમાં અનાજ, કઠોળ, તેલ, તેલીબિયાં, તેજાના અને ઇંધણનો ભરપૂર સ્ટોક

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ સામાન્ય રીતે યુદ્ધ અથવા સરહદે લશ્કરી અથડામણની મોટી ઘટના લાંબો સયમ ચાલે તો અનાજ, ખાદ્યપદાર્થો અને ઇંધણની અછત સર્જાતી હોય છે. તાજેતરમાં નાપાક પાડોશી દેશ સામે શરૂ કરવા પડેલા ઓપરેશન સિંદૂરને કારણે લોકોમાં આ પ્રકારની અછત ઊભી થવાની ગેરસમજ થઇ રહી હોવાથી સરકારી તંત્રો અને ઉપક્રમોએ આ બાબતે સ્પષ્ટતા કરવી પડી છે.

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતની જવાબી કાર્યવાહીને કારણે બંને દેશો વચ્ચે તણાવ નોંધપાત્ર રીતે વધી ગયો છે અને ઓપરેશન સિંદૂર હજુ ચાલુ છે, ત્યારે નવી મુંબઇના વેપારી સંગઠન અને મુંબઇના પરા વિસ્તારના કરિયાણા બજારના સંગઠને એવી માહિતી જાહેર કરી છે કે અનાજ કઠોળનો પર્યાપ્ત પુરવઠો હોવાથી ગ્રાહકોએ અછત સર્જાવાનો ભય રાખીને ખરીદી કરવા દોડી જવાની જરૂર નથી.

ખાદ્ય પદાર્થો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની અછત હોવાના અહેવાલોને જોતાં તાજેતરમાં જ, બુધવારે કેન્દ્રીય ખાદ્ય અને ગ્રાહક બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ ટ્વીટરર પર જણાવ્યું હતું કે દેશના કોઈપણ ભાગમાં ખાદ્ય પદાર્થો અને અન્ય આવશ્યક ચીજવસ્તુઓની અછત નથી અને તેમણે લોકોને અછતની અફવાઓ પર વિશ્વાસ ન કરવા વિનંતી કરી હતી. કરિયાણા બજારના વેપારી નેતાઓએ પણ ગ્રાહકોને ભયભીત થઇ કરીદી કરવા દોડી ના જવા માટે અપીલ કરી છે.

એ જ રીતે, પેટ્રોલ પમ્પની સામે ઈંધણ મેળવવા માટે કતારમાં ઉભા રહેલા લોકોના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા હોવાથી ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને ઇન્ડિયન ઓઇલ કંપનીએ દેશમાં ક્રૂડ ઓઇલની પૂરતી ઉપલબ્ધતા હોવાનું નિવેદન જારી કરતા કર્યું છે કે દેશભરમાં પેટ્રોલનો પૂરતો સ્ટોક છે અને તેની કામગીરી સરળતાથી ચાલી રહી છે.

બીપીસીએલ અને આઇઓસીએલએ લગભગ એકસરખા શબ્દોમાં જાહેર કર્યું છે કે બધા આઉટલેટ્સ પર ઇંધણ અને એલપીજી ઉપલબ્ધ છે, તેથી ગ્રાહકોએ ચિંતા ન કરવી જોઈએ. આ સાથે, ઓઇલ કંપનીએ લોકોને સંપૂર્ણપણે શાંત રહેવા અને બિનજરૂરી ચિંતા ન કરવાની સલાહ આપી છે. આ કંપનીને ઇંધણનો સરળતાથી પુરવઠો પૂરો પાડવામાં મદદ કરશે.

દરમિયાન, અનાજ કરિયાણાના વેપારી સંગઠનોએ એવી સ્પષ્ટતા કરી છે કે, ભારતની બજારોમાં અનાજ, કઠોળ, તેલ, તેલીબિયા મસાલામાં કોઈ અછત નથી. હાલ એવી પરિસ્થિતિ છે કે, દેશના કોઈ પણ કોલ્ડ સ્ટોરેજ સેન્ટ્રલ વેરહાઉસ સ્ટેટ વેરહાઉસમાં તલ મૂકવાની જગ્યા નથી, એવી જ રીતે દેશના આયાતી કઠોળના પોર્ટ ઉપર ગોદામ છલકાઈ રહ્યા છે. આ ઉપરાંત આ વરસે વીસ ટકા વરસાદને હિસાબે અનાજ કઠોળ દાળોનું તેમજ તેલીબિયાનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થયું છે, એમ ધી બોમ્બે ગ્રેન ડીલર્સ એસોસિયેશનના પ્રમુખ રમણિકલાલ જાદવજી છેડાએ મુંબઇ સમાચારને જણાવ્યું હતું.

ગુજરાતમાં રાજ્ય સરકારે ખરીદેલ મગફળી સોયાબીનના ગોદામોમાં ભરપૂર માલ છે, જનતા કોઈ ગભરાટમાં આવી ખરીદી ના કરે કેમ કે મોંઘવારીને હિસાબે ઉપભોક્તા મંત્રાલય કૃષિ મંત્રાલયે સમય સર બધી વ્યવસ્થા પાકી કરીને રાખી હતી ચોખામાં વધુ સ્ટોકને હિસાબે બાયોડિઝલ અને આલ્કોહોલની ફેક્ટરીમાં સરકારને ચોખા આપવા પડ્યા હોવાના અહેવાલ હોવાનું જણાવતાં નવી મુંબઇના હોલસેલ માર્કેટના વેપારીએ કહ્યું હતું કે, જાડા ધાન્યો મકાઈ જુવાર બાજરી રાગી વગેરેમાં પણ ચિંતાનું કારણ નથી.

સરકાર અત્યારે દેશની સીમાડા ઉપર તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં વ્યસ્ત છે, વેપાર ઉદ્યોગ જગત પણ પૂરી રીતે સરકાર સાથે હમેશાં ઊભું રહ્યું છે. સરકારે ફક્ત બહુરાષ્ટ્રીય કંપનીઓ અને ખાંડની વધુ પડતી નિકાસ ના થાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે, એવી અપીલ વેપારી સંગઠનોએ સરકારી કરી છે. હાલની દરેક જીવનાવશ્યક ચીજ વસ્તુઓની નજીકના ભવિષ્યમાં અછતની શક્યતા ના હોવાથી જનતા અને દુકાનદારો જરૂરી હોય તેટલી જ ખરીદી કરે એ દેશના હિતમાં છે. ■

# ચીનના નવા નિકાસ નિયંત્રણ આદેશને પગલે ભારતના ઇલેક્ટ્રિક વાહન ઉત્પાદકો સામે મોટી સમસ્યા

નવી દિલ્હીઃ ઇલેક્ટ્રિક વાહનો માટે જરૂરી મેગ્નેટ સહિત દુર્લભ ખનિજો પર ચીનના નવા નિકાસ નિયંત્રણ આદેશને પગલે ભારતમાં ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદન માટે ખતરો ઊભો થયો છે. નિકાસ નિયંત્રણના કારણે મેગ્નેટના પુરવઠામાં વિલંબ થશે તો, જૂનના અંત સુધી ઉત્પાદન પર અસર પડી શકે છે, કારણ કે ત્યાર સુધીમાં હાલનો સ્ટોક ખતમ થઈ જશે.

ઓટોમોબાઈલ ઉત્પાદકોના સંગઠન સિયામ દ્વારા અને ઓટોમોબાઈલ કંપનીઓએ ભારે ઉદ્યોગ મંત્રાલયને રજુઆત કરી છે કે તેઓ ચીનમાંથી દુર્લભ ખનિજોની આયાતને સરળ બનાવવા માટે ચીન સરકાર સાથે વાટાઘાટો કરે. તેમાં કહેવામાં આવ્યું છે કે જો ભારતનો કોઈ આયાતકાર ચીની નિકાસકાર પાસેથી દુર્લભ ખનિજોની આયાત કરે છે, તો આગામી છ મહિના સુધી આયાતકારને તે જ નિકાસકાર પાસેથી સમાન દુર્લભ ખનિજો મળતા રહે તે સુનિશ્ચિત કરવા માટે મંજૂરી લેવી જોઈએ.

આનાથી ભારતીય આયાતકારોને દરેક કન્સાઇન્મેન્ટ માટે ક્લિયરન્સ લેવાની જરૂરિયાત દૂર થશે, જે એક કંટાળાજનક પ્રક્રિયા છે અને ઘણો સમય લે છે. ઉદ્યોગને ડર છે કે નવા નિયમો ચીનથી મેગ્નેટની આયાતને અવરોધશે, જે ઇલેક્ટ્રિક મોટર્સ માટે મહત્વપૂર્ણ છે. ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદકોએ ચેતવણી આપી છે કે જો પ્રક્રિયાના અવરોધોને કારણે મેગ્નેટના પુરવઠામાં વિલંબ થશે, તો જૂનના અંત સુધી ઉત્પાદન પર અસર પડી શકે છે જ્યારે હાલનો સ્ટોક ખતમ થઈ જશે.

ભારત અને ચીનની સરકારો આ વસ્તુઓની આયાત મંજૂરી માટે એક માનક પ્રક્રિયા વિકસાવવાની ચર્ચા કરી રહી છે. હાલના નિયમો અનુસાર, ભારતીય આયાતકારોએ અંતિમ વપરાશકર્તા પ્રમાણપત્ર સબમિટ કરવું જરૂરી છે.

તેણે ખાતરી કરવી પડશે કે આ સામગ્રી ચીન સરકારની સંમતિ વિના કોઈપણ તૃતીય પક્ષને ટ્રાન્સફર કરવામાં આવશે નહીં. તેનો ઉપયોગ ફક્ત જાહેર કરેલા હેતુઓ માટે જ કરવામાં આવશે અને તેનો સંગ્રહ, પ્રક્રિયા અથવા અન્યથા સામૂહિક વિનાશના શસ્ત્રો માટે ઉપયોગ કરવામાં આવશે નહીં.

બેઠકમાં એવું સૂચન કરવામાં આવ્યું હતું કે ભારે ઉદ્યોગ મંત્રાલય અંતિમ વપરાશકર્તા પ્રમાણપત્રો અને અન્ય સહાયક દસ્તાવેજોની ચકાસણી માટે સિયામ અથવા ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા જેવી ઉદ્યોગ સંસ્થાને નોમિનેટ કરી શકે છે.

ચકાસણી પછી, ભારે ઉદ્યોગ મંત્રાલયે વિદેશ મંત્રાલયને આયાતકારો દ્વારા સબમિટ કરાયેલ ફોર્મ પ્રમાણિત કરવા કહેવું જોઈએ. બંને મંત્રાલયો પ્રક્રિયાની દેખરેખ માટે નોડલ અધિકારીની નિમણૂક પણ કરી શકે છે. આ મુદ્દાના વ્યવહારુ ઉકેલ સુધી પહોંચવા માટે ભારત અને ચીનની સરકારો તેમજ વાહન ઉત્પાદકો વચ્ચે ચર્ચાઓ ચાલી રહી છે. ચીનનો નિકાસ નિયંત્રણ આદેશ ૪ એપ્રિલથી અમલમાં આવ્યો અને તે બધા દેશોને લાગુ પડે છે.

જોકે, આ આદેશને અમેરિકા દ્વારા ટેરિફમાં વધારાનો પ્રતિભાવ તરીકે જોવામાં આવી રહ્યો છે. તેનો ઉદ્દેશ્ય ઇલેક્ટ્રોનિક્સ, સંરક્ષણ અને ગ્રાહક માલસામાનમાં વપરાતા મુખ્ય કાચા માલની એક્સેસને પ્રતિબંધિત કરવાનો છે. ચીન વિશ્વના દુર્લભ ખનિજોનો લગભગ ૯૦ ટકા જથ્થો પૂરો પાડે છે. આવી સ્થિતિમાં, તે વૈશ્વિક સ્તરે નિકાસને અસર કરી શકે છે. ■

# ટેરિફનો સંપૂર્ણ અમલ થશે તો ચીનઃ જાપાન અને ભારત જેવા મુખ્ય અર્થતંત્રોનો વૃદ્ધિદર ઘટશે

નવી દિલ્હી : ટેરિફ વોરનો હજું અંત આવ્યો નથી અને ડોનલ્ડ ટ્રમ્પ પર હજુ ટેરિફનું ભૂત સવાર છે, એવું એમના કથનો પરથી સ્પષ્ટ થઈ રહ્યું છે. તાજેતરમાં અમેરિકન પ્રેસિડેન્ટ ટ્રમ્પે ચીન સામેની ટેરિફ ઘટડાવાના સંકેત આપ્યા હતા, પરંતુ અન્ય દેશ બાબત કશું સ્પષ્ટ કહ્યું નથી. જો અમેરિકા બીજી એપ્રિલે જાહેર કરાયેલ પારસ્પરિક ટેરિફ લાદશે તો આગામી બે વર્ષમાં ભારત, ચીન અને જાપાન જેવી મુખ્ય એશિયા-પેસિફિક અર્થવ્યવસ્થાના વિકાસને ૦.૨-૦.૪ ટકા પોઇન્ટનો ફટકો પડી શકે છે, એમ એક અહેવાલમાં જણાવાયું હતું. રિપોર્ટમાં જણાવાયું હતું કે ટેરિફ અને તેના અમલીકરણની યુએસની ધમકી વૈશ્વિક વેપાર અને વિશ્વાસને સીધી એસર કરશે. યુ.એસ. અને ચીન પર પ્રદેશની નિકાસ નિર્ભરતાને કારણે ઉત્પાદકો અને નાની અર્થવ્યવસ્થાઓ ખાસ કરીને પ્રભાવિત થશે.

ભારત માટે, એસએન્ડપીએ માર્ચમાં ૨૦૨૫ અને ૨૦૨૬ માટે અનુક્રમે ૬.૫ ટકા અને ૬.૮ ટકા વૃદ્ધિનો અંદાજ મૂક્યો હતો. ■

# બેંકો અને એનબીએફસી દ્વારા ક્વિપ માર્ગે ભંડોળ ઊભું કરવામાં ૪૬ ટકાનો નોંધપાત્ર વધારો

નવી દિલ્હીઃ કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ક્વોલિફાઇડ ઇન્સ્ટિટયુશનલ પ્લેસમેન્ટ (ક્યુઆઈપી) રૂટ દ્વારા બેંકો અને એનબીએફસી દ્વારા એકત્ર કરાતી મૂડીમાં ૪૬ ટકાનો વધારો થતાં રૂ. ૭,૪૫૬ કરોડ રહી હતી, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં રૂ. ૫,૧૦૦ કરોડ હતી.

મૂલ્ય અને જથ્થા બંનેની દ્રષ્ટિએ ભંડોળ ઊભું કરવામાં બેન્કોનું પ્રભુત્વ હતું કારણ કે તેઓએ જાન્યુઆરી-માર્ચ સમયગાળામાં લગભગ રૂ. ૬,૧૦૦ કરોડ એકત્ર કર્યા હતા. નિષ્ણાતો કહે છે કે ક્યુઆઈપી દ્વારા બેંકોના ભંડોળ એકત્રીકરણમાં વધારો મોટે ભાગે સેબીની લઘુત્તમ પબ્લિક શેરહોલ્ડિંગ ૨૫ ટકાની જરૂરિયાતને પૂર્ણ કરવાની જરૂરિયાતને કારણે થયો હતો.

જાણકારોએ જણાવ્યું હતું કે, વર્ષ પૂર્વેના સમયગાળામાં ચ૧ઈઢર૫માં મૂડીમાં લગભગ ૫૦ ટકાનો વધારો રાજ્યની માલિકીની બેન્કો માટે સેબી દ્વારા ફરજિયાત ન્યૂનતમ પબ્લિક ફ્લોટ જરૂરિયાતોને પૂર્ણ કરવાની સરકારની ઇચ્છા દર્શાવે છે. સરકારી માલિકીની બેંકો દ્વારા મૂડી એકત્રીકરણ એ માર્જિન અને નોન-પર્ફોર્મિંગ લોન બંનેની દ્રષ્ટિએ તેમની નાણાકીય સ્થિતિમાં નોંધપાત્ર સુધારાની બજારો દ્વારા મજબૂત સમર્થન છે.

ઈન્ડિયન ઓવરસીઝ બેંક, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, પંજાબ એન્ડ સિંધ બેંક અને યુકો બેંક પાસે ૯૦ ટકા થી વધુ સરકારી શેરહોલ્ડિંગ છે. સેબીના નિયમો હેઠળ, બેંકોએ સરકારી શેરહોલ્ડિંગને મહત્તમ ૭૫ ટકા સુધી નીચે લાવવું જરૂરી છે.

યુકો બેંકે માર્ચમાં ક્યુઆઈપી મારફત રૂ. ૨,૦૦૦ કરોડ એકત્ર કર્યા હતા, જે બેંકોમાં સૌથી વધુ રકમ છે.

સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા અને ઈન્ડિયન ઓવરસીઝ બેન્કે સંસ્થાકીય રોકાણકારોને શેર વેચીને અનુક્રમે રૂ. ૧,૫૦૦ કરોડ અને રૂ. ૧,૪૩૭ કરોડ એકત્ર કર્યા હતા. બેન્કોના મૂડી આધારને મજબૂત કરીને, આ ક્યુઆઈપીમાંથી પ્રાપ્ત થતી આવક તેમને ધિરાણને વેગ આપવા અને તેમના ગ્રાહકોની ધિરાણ જરૂરિયાતોને વધુ સારી રીતે સેવા આપવા માટે સશક્ત બનાવશે.

ક્વિપને પગલે, આ જાહેર ક્ષેત્રની બેંકોમાં સરકારના શેરહોલ્ડિંગમાં માર્ચ ૨૦૨૫ સુધીમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયન ઓવરસીઝ બેંકમાં, ડિસેમ્બર ૨૦૨૪માં હિસ્સો ૯૬.૩૮ ટકાથી ઘટીને ૯૪.૬૫ ટકા થયું છે. સેન્ટ્રલ બેંકમાં, સરકારનું હોલ્ડિંગ ૯૩.૮ ટકા થી વધુ ઘટીને ૮૯.૨૭ ટકા, યુકો બેંકે સરકારી હિસ્સો ૯૫.૩૯ ટકા થી ઘટાડીને ૯૦.૯૫ ટકા અને પંજાબ એન્ડ સિંધ બેંક માટે, શેરહોલ્ડિંગ ૯૮.૨૫ ટકાથી ઘટીને ૯૩.૮૫ ટકા થયું છે. ■

# એમએ અને પીઇ સોદા ત્રણ વર્ષની ઊંચી સપાટીએઃ આંકડો ચાર અબજ ડૉલર સુધી પહોંચ્યો

નવી દિલ્હી : કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં સ્થાનિક ગ્રાહક અને રીટેલ બજારોમાં ડીલ પ્રવૃત્તિ વધીને ત્રણ વર્ષની ઊંચી સપાટીએ પહોંચી હતી, કારણ કે રોકાણકારોએ નવીનતા સાથે પરંપરાને મર્જ કરતી બ્રાન્ડ્સને સમર્થન આપ્યું હતું, ગ્રાન્ટ થોર્ન્ટન ભારતની નવીનતમ ત્રિમાસિક ડીલ ટ્રેકર રિપોર્ટ દર્શાવે છે.

આ સોદામાં મર્જર અને એક્વિઝિશન અને પ્રાઈવેટ ઈક્વિટી ટ્રાન્ઝેક્શનનો સમાવેશ થાય છે. માર્ચ ક્વાર્ટરમાં ટોચના સ્થાને બે અબજ ડોલરના સોદા હતા. પીઈ પ્લેયર ટેમાસેકનું ૧૦ ટકા હિસ્સા માટે હલ્દીરામ સ્નેક ફૂડ્સમાં એક બિલિયન ડોલરનું રોકાણ અને વિલ્મર ઈન્ટરનેશનલનું શેરહોલ્ડિંગ વધારવા માટે ૧.૪ બિલિયન ડોલરનું રોકાણ ફૂડ પ્રોસેસિંગ સેક્ટરમાં નોંધાયું છે.

ફૂડ એન્ડ બેવરેજીસ, પર્સનલ કેર અને ઈ-કોમર્સ જેવા ઉચ્ચ-સંભવિત સેગમેન્ટ્સમાં મર્જર અને એક્વિઝિશન અને ખાનગી ઈક્વિટી રોકાણો સાથે ભારતનું ગ્રાહક અને રીટેલ ક્ષેત્ર વૃદ્ધિના ગતિશીલ તબક્કામાં પ્રવેશી રહ્યું છે. ખાસ કરીને, ફૂડ એન્ડ બેવરેજીસ સ્પેસ મજબૂત વેગ જોઈ રહી છે, કારણ કે ગ્રાહકો બહેતર ઉત્પાદનો શોધે છે અને બ્રાન્ડ્સ તેમના સુધી પહોંચવા ડિજિટલ વિતરણને અપનાવે છે. ડીલ વેલ્યુ અને વોલ્યુમની દ્રષ્ટિએ, જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં ૨૦૨૩ અને ૨૦૨૪ના સમાન સમયગાળાની સરખામણીમાં ભારે વધારો જોવા મળ્યો હતો, જે મૂલ્યમાં લગભગ ચાર બિલિયન ડોલર અને સંખ્યાની દ્રષ્ટિએ ૧૩૯ સોદાને સ્પર્શે છે. આ



૨૦૨૩ના પ્રથમ ક્વાર્ટર (૧.૨૮ બિલિયન ડોલર)માં થયેલા સોદાના મૂલ્ય કરતાં ત્રણ ગણું અને ૨૦૨૪ (૧.૭૪ બિલિયન ડોલર)ના પ્રથમ ક્વાર્ટરમાં થયેલા સોદાના મૂલ્ય કરતાં બમણું છે. ■

# ટેરિફ વોરઃ ડમ્પિંગના સૌથી વધુ કેસ ચીન સામે

મુંબઈ : ટેરિફ વોર શરૂ થયા બાદ ભારતમાં સૌથી વધુ ડમ્પિંગ ચીનથી થઇ રહી છે અને તે અટકાવવા ભારત પગલાં પમ લઇ રહ્યું છે. વાણિજ્ય મંત્રાલયની તપાસ પાંખ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસ દ્વારા માર્ચમાં ૧૩ જેટલા એન્ટિડમ્પિંગ કેસના અંતિમ નિરીક્ષણ જારી કરાયા છે. મોટાભાગના કેસો ચીન વિરુદ્ધના હોવાનું એક વિશ્લેષકે જણાવ્યું હતું.

આ ઉપરાંત ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસે માર્ચ મહિનામાં બીજા ૧૧ કેસોમાં તપાસ શરૂ કરી હતી. દેશમાં ખાસ કરીને ચીન ખાતેથી વિવિધ માલના થતા ડમ્પિંગને કારણે સ્થાનિક ઉદ્યોગોને માર પડી રહ્યો છે. જે કેસોમાં અંતિમ નિરીક્ષણ જારી કરાયા છે તે કેસોમાં મુખ્યત્વે એલ્યુમિનિયમ ફોઈલ, પ્લાસ્ટિક પ્રોસેસિંગ મસીન, ડેકોર પેપર, વિટામીન-એ પામીટેટનો સમાવેશ થાય છે. ૧૩માંથી ૧૨ કેસોમાં ચીન ખાતેથીવધુ ડમ્પિંગ થતું હોવાનું જોવા મળ્યું હચું.

અન્ય દેશોમાં યુરોપ, રશિયા, જાપાન, તાઈવાનનો સમાવેશ થાય છે, એમ ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેડ રેમેડિસના સુત્રોએ જણાવ્યું હતું. હવે જ્યારે ટેરિફ વોર શરૂ થઈ છે ત્યારે ભારતમાં ખાસ કરીને ચીન ખાતેથી ડમ્પિંગમાં વધારો થવાની સરકાર તથા સ્થાનિક ઉદ્યોગોને ચિંતા સતાવી રહી છે. આ હકીકતને ધ્યાનમાં રાખી દેશમાં થતી આયાતોની ચકાસણી સખત બનાવી દેવાઈ હોવાનું સરકારી સુત્રોએ તાજેતરમાં જણાવ્યું હતું. ■



રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નંબર ૧૦ના બહેનો દ્વારા ભારતીય સેનાના જવાનોને સુરક્ષા કવચ પ્રાપ્ત થાય તે હેતુસર સુંદરકાંડના પાઠ તેમજ હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. (તસવીર– પ્રવિણ સેદાણી)

# ભારત-પાક વચ્ચે યુદ્ધવિરામ લાગુ થતાં કચ્છના કલેક્ટરે બ્લેકઆઉટ રદ કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તાણયુક્ત સંબંધો વચ્ચે ગત રાત્રે ૧૦ મે, ૨૦૨૫ ગોળીબારી અને સૈન્ય કાર્યવાહી રોકવા પર ભારતે સહમતી દાખવી હતી. ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામના અહેવાલો વહેતા થયા હતા. પાકિસ્તાન સાથે તંગદિલી વચ્ચે ગુજરાતના કચ્છ જિલ્લા કલેક્ટરે બ્લેકઆઉટની અપીલ કરી હતી.

શનિવારે પ્રાપ્ત થતી માહિતી અનુસાર ભારત-પાકિસ્તાનમાં યુદ્ધવિરામ લાગુ કરવામાં આવતા જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, 'શનિવારે રાત્રે બ્લેકઆઉટની આપેલ સૂચનાનો અમલ કરવાનો રહેતો નથી.' ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે કચ્છ જિલ્લા કલેક્ટર દ્વારા વીડિયો જાહેર કરીને નાગરિકોને ઘરમાં જ સુરક્ષિત રહેવા જણાવ્યું હતું, જ્યારે હવે ભારત અને પાકિસ્તાન બંને દેશોએ યુદ્ધવિરામમાં સહમતિ દર્શાવી છે ત્યારે અને બંને દેશોના ડીજીએમઓ વચ્ચે શનિવારે બપોરે વાતચીત થઈ હતી. ત્યારબાદ સાંજે પાંચ વાગ્યાથી યુદ્ધવિરામ લાગુ થઈ ગયું છે, ત્યારે હવે જિલ્લામાં બ્લેકઆઉટ અંગે કલેક્ટર દ્વારા આપવામાં આવેલી સૂચનાનો નાગરિકોએ અમલ કરવાનો રહેતો નથી. આથી કચ્છ જિલ્લાના તમામ નાગરિકો, સામાજિક કાર્યકારો, પદાધિકારીઓ તથા મીડિયાકર્મીઓ સહિત તમામના સાથ સહકાર બદલ જિલ્લા વહીવટી તંત્રે આભાર વ્યક્ત કર્યો હતો. ■

# સલાયામાં ડ્રોન કૅમેરાથી શૂટ કરતા વ્યક્તિની પોલીસે ધરપકડ કરી: જાહેરનામાનો ભંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલતા હુમલાઓને પગલે દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેક્ટરે ડ્રોન ઉડાડવા અને જાહેરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું હતું.

આ જાહેરનામાનો સલાયામાં એક શખ્સે ભંગ કરતા પોલીસે તેની અટકાયત કરી હતી.

સલાયાના શખ્સે જાહેરનામાનો ભંગ કરી ગેરકાયદેસર ડ્રોન કૅમેરાથી શૂટિંગ કરતા પોલીસે તેને ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર જામખંભાળિયાના નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ કોસ્ટલ સુરક્ષા અંતર્ગત સલાયા મરીન પોલીસ સ્ટેશનની મુલાકાતે આવ્યા હતા. તે દરમિયાન સલાયામાં એક ડ્રોન ઊડતું જોવા મળ્યું હતું. આ અંગે તેમણે તાત્કાલિક સલાયા મરીન પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એ. રાણાને જાણ કરી હતી.

પોલીસે વધુ તપાસ હાથ ધરતા જાણવા મળ્યું હતું કે, ફીરોજ જુમાભાઈ હિંગોરા એક સામાજિક પ્રસંગમાં ડ્રોન કૅમેરા દ્વારા શૂટિંગ કરતો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે ડ્રોન કૅમેરા કબજે કરી આરોપીની અટકાયત કરી હતી. સલાયા મરીન પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ■

નાપાક દેશ સાથે જારી યુદ્ધ વચ્ચે ભારતની

# સુરક્ષા એજન્સીઓના શંકાના રડારમાં આવેલા કેટલાક શકમંદોને કચ્છમાંથી રાઉન્ડઅપ કરાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલાં ભીષણ યુદ્ધ સમયે નાપાક દુશ્મન દેશ પાકિસ્તાન સાથે સંપર્ક ધરાવતા અને સુરક્ષા એજન્સી દ્વારા શંકાના દાયરામાં આવેલા સરહદી કચ્છના કેટલાક શકમંદોને અગમચેતીના ભાગરૂપે વિવિધ રાઉન્ડઅપ કર્યાની વિગતો મળી રહી છે. યુદ્ધના કપરા સમયમાં દુશ્મન દેશ પાકિસ્તાન માટે જાસૂસી કે ભારતની સંવેદનશીલ માહિતી લીક કરતા રહેતા આવા અંદરના ગદ્દારો પર દેશની સુરક્ષા એજન્સીઓની સતત ચાંપતી નજર રહે છે. જ્યારે નાપાક દેશ પાકિસ્તાન સાથે યુદ્ધ છેડાઈ ગયું છે, ત્યારે શંકાના રડારમાં આવેલા કચ્છના આવા નાપાક શકમંદો વિવિધ સુરક્ષા એજન્સીઓએ રાઉન્ડઅપ કર્યાનું બહાર આવ્યું હતું. આવા શંકાસ્પદ શખ્સો દ્વારા કોઈ જાતની ગતિવિધિ ન થાય તેવી અગમચેતીના ભાગરૂપે કાર્યવાહી થયાનું જાણવા મળ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, બે દેશના ભાગલા બાદ અમુક પરિવારોના પણ ભાગ થયા હતા. રોટી-બેટી પારિવારિક સંબંધો હજુય છે. નિયમ પ્રમાણેના વિઝાથી આવન-જાવન પણ થતી રહે છે, ત્યારે આવા પરિવારો હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ સામે પારથી દૂરી રાખે તે ઈચ્છનીય છે. ■

# ભાવનગરના તળાજાના દરિયા ખેડૂની વાતાવરણના કારણે હાલત કફોડી

## સરતાનપરના દરિયાકિનારે દોઢસો જેટલી હોડીઓ લાંગરી દેવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: કુદરતી વાતાવરણની અસર માત્ર ભૂમિપુત્રોનેજ નહિ દરિયો ખેડીને જીવનનિર્વાહ ચલાવતા દરેક વ્યક્તિ સહિત જીવમાત્રને થાય છે. છેલ્લા પાંચ દિવસથી વાતાવરણમાં આવેલા બદલાવને કારણે સરતાનપર બંદર સહિત તળાજા તાલુકાના માછીમારોની હાલત કફોડી બની છે. તળાજાની ભૌગોલિક સ્થિતિ જોતા કુદરતે અહીં ઘણું જ આપ્યું છે. ફળદ્રુપ જમીન, શેત્રુંજી ડેમના પાણી આપ્યા છે તો અહીંની મિશ્ર ઋતુને કારણે ખેડૂતો વર્ષ દરમિયાન અલગ અલગ ત્રણ પાક લે છે. અહીં જમીની ખેતી સમૃદ્ધ છે તો તેની સાથે તાલુકાને વિશાળ દરિયાકિનારો મળ્યો છે.



તરસરા સરતાનપર સહિતના ગામડાઓના રહીશો દરિયાની ખેતી કરે છે.ખાસ સરતાનપરમા દોઢસો જેટલી હોડીઓ છે. હોડીઓના માલિકોને અને તેની સાથે જતા અન્ય શ્રમિકોની હાલત બદલાયેલા વાતાવરણને લઈ કફોડી બની છે. છેલ્લા પાંચેક દિવસથી વાવાઝોડા જેવી સ્થિતિ અને દરિયામાં અપર સાઈકલોનને લઈ પેટનો ખાડો પૂરવાની લ્હાયમાં દરિયો ખેડવો જીવના જોખમ સમો હોય મશીનવાળી હોડીઓ પણ કિનારે લાંગરી દેવામાં આવી છે. જેને લઈ લાખ્ખો રૂપિયાની નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. માછીમારીને લગતા ટ્રાન્સપોર્ટ, બરફથી લઈ આનુસાંગિક વ્યવસાયને પણ આર્થિક ફટકો પડયો છે. હજુ વધુ ત્રણ દિવસ અષાઢી માહોલની આગાહી કરવામાં આવી છે. ■



પર્યાવરણ તથા પ્રવાસન પ્રધાન મુળુભાઈ બેરાએ ૧૬મી સિંહ વસ્તી ગણતરી અંદાજ – ૨૦૨૫નો શુભારંભ કરાવ્યો હતો. (તસવીર– હરેશ સોની, જૂનાગઢ)

# જામનગર સાયબર ક્રાઈમ પોલીસે ઈમરજન્સી નંબર જાહેર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર સાયબર ક્રાઈમ પોલીસે લોકોની સાયબર સુરક્ષા માટે મહત્ત્વપૂર્ણ સૂચનાઓ જાહેર કરી છે. પોલીસે જણાવ્યું હતું કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માત્ર સરહદ પર જ નહીં, પરંતુ ઈન્ટરનેટ પર પણ સાવચેતી રાખવી જરૂરી છે.

આજના સમયમાં લોકો સોશિયલ મીડિયામાં વાયરલ થતી માહિતીની પુષ્ટિ કર્યા વગર જ સાચી હકીકત માને છે. પોલીસે નાગરિકોને અજાણી લિંક પર ક્લિક ન કરવાની સૂચના આપી છે. આ સિવાય કોઈ અજાણી એપ્લિકેશન્સ ડાઉનલોડ ન કરવી. સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાં ટુ-સ્ટેપ વેરિફિકેશન એક્ટિવેટ કરવાની સલાહ આવે છે. સાયબર સુરક્ષામાં નાગરિકોએ ખોટી માહિતી ફેલાવવાનું ટાળવું જોઈએ. અધિકૃત સ્રોતની માહિતી પર જ વિશ્વાસ કરવો જોઈએ. કોઈ પણ વ્યક્તિ સાયબર ક્રાઈમનો ભોગ બને તો તાત્કાલિક ૧૯૩૦ પર ફોન કરી ફરિયાદ નોંધાવી શકાય છે. પોલીસે નાગરિકોને સતર્ક રહેવા અને સાયબર જાગૃતિને રાષ્ટ્ર રક્ષણનો ભાગ ગણવા અપીલ કરી છે. આ માહિતી વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને તેઓ સાયબર ક્રાઈમનો ભોગ ન બને તે માટે જાગૃતિ ફેલાવવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે. ■

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં ત્રણ સમર કેમ્પનું આયોજન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ઉનાળુ વેકેશનમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે ત્રણ વિશેષ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પની શરૂઆત તા.૧૨ થી ૩૧ મે ૨૦૨૫ના શરૂ કરવામાં આવશે.

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી દ્વારા ત્રણ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં વાંચન, ટેક શાળા અને કથક સહિતની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તેનો સમય સવારે ૯:૦૦થી ૧૧:૩૦નો યોજવામાં આવ્યો છે. વાંચન અને વાર્તા શિબિરમાં બાળકોમાં વાંચનની રૂચિ વિકસાવવામાં આવશે. આ શિબિર દ્વારા વિદ્યાર્થીઓનું ભાષાજ્ઞાન વધારવામાં આવશે. વાર્તાલેખન અને વાર્તા વાંચન જેવી કળાઓમાં નિપુણતા કેળવવામાં આવશે.

નૃત્યકલા શિબિરમાં બાળકોને ભારતીય પરંપરાગત નૃત્ય 'કથક'ની તાલીમ આપવામાં આવશે. આ દ્વારા તેમની અભિવ્યક્તિનો વિકાસ થશે. ટેક શાળા શિબિરમાં બાળકોને કોડિંગની તાલીમ આપવામાં આવશે. વિદ્યાર્થીઓને ટૅકનોલૉજી સાથે પરિચિત કરવામાં આવશે. તેમની ડિજિટલ કુશળતા વધારવા પર ધ્યાન આપવામાં આવશે. ધોરણ ૩થી ઉપરના તમામ વિદ્યાર્થીઓ આ શિબિરમાં ભાગ લઈ શકે છે. રજિસ્ટ્રેશન માટે વાલીઓએ ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીનો સંપર્ક કરવો. ■

યુદ્ધની પરિસ્થિતિ દરમિયાન નાગરિકોમાં ભય ફેલાવે તેવી

# સોશિયલ મીડિયામાં પોસ્ટ કરનાર ગારિયાધારના શખ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લામાં ભાવનગર એલસીબી પોલીસ, ટેક્નિકલ સેલના પોલીસ સ્ટાફ વોચમાં હતાં તે દરમિયાન ઇન્સ્ટાગ્રામ હેન્ડલ ઝોરો ૮૫૫ ના યુઝર્સે જાણી જોઇને ઇરાદાપૂર્વક હાલમાં ઓપરેશન સિંદૂર નામથી ચાલતી સર્જિકલ સ્ટ્રાઇકમાં ભારતીય સૈનિકોના પરાક્રમને બીરદાવવાના બદલે નાગરિકોમાં ભય અને ગભરાટ પેદા કરવાના તથા ભારત સરકારના યુદ્ધ બાબતે ખોટા નિર્ણય બાબતે મલીન ઇરાદાથી આક્ષેપો કરતી ઇન્સ્ટાગ્રામ ઉપર પોસ્ટ કરી હતી.

જે અંગે આઇનુલ અનિશભાઇ શેખ રહે.ગારિયાધાર વિરુદ્ધ ભાવનગર ગંગાજળીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. ■

ભારતના સાર્વભૌમત્વ અને એકતાને જોખમમાં મૂકતી

# ઈન્સ્ટાગ્રામ પોસ્ટ બદલ કચ્છના નાના ભાડિયાના શખ્સ સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ભારત-પાક વચ્ચે ચાલી રહેલાં ભીષણ યુદ્ધને કારણે ઉભી થયેલી અત્યંત સંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે દેશના નાગરિકોને સોશિયલ મીડિયાનો સંયમપૂર્વક ઉપયોગ કરવાની અપીલ કરાઈ રહી છે ત્યારે ભારતની સુરક્ષાને જોખમમાં મૂકતી વિવાદિત પોસ્ટ બદલ કચ્છના નાના ભાડિયાના યુવક સામે ફરિયાદ દાખલ થઈ છે. માંડવી મરીન પોલીસે આ અંગે જણાવ્યું હતું કે, પાકિસ્તાન પ્રેરિત આતંકવાદ સામે લડવા ભારત દ્વારા શરૂ કરવામાં આવેલા 'ઓપરેશન સિંદૂર'ને તાલિબાનીઓએ સમર્થન આપ્યું છે જે બદલ કચ્છના નાના ભાડિયાના અહેસાન રોશન ખલીફા નામના શખ્સે પોતાની ઈન્સ્ટાગ્રામ આઈ.ડી.માં સ્ટોરી મૂકી 'અફઘાની બીચ મેં ક્યું આ રહે હૈ? યહાં સિંદૂર કી બાત હો રહી તંદુર કી નહીં' લખીને મૂકી ભારતની સાર્વભૌમત્વ એકતા અને અખંડિતતાને ગેરમાર્ગે દોરે તેવું તથા સુરક્ષાને જોખમમાં મૂકતી પોસ્ટ કરતાં તેની સામે ૧૯૭(૧) (ડી) મુજબ ગુનો દાખલ કરી કાર્યવાહી કરવામાં આવી હતી. અત્યારના કપરા સમયમાં રાષ્ટ્રની સુરક્ષાને જોખમમાં મૂકતી કોઈ પણ જાતની ગતિવિધિ ચલાવી લેવામાં નહીં આવે. દરેક નાગરિકોએ ખાસ કરીને સોશિયલ મીડિયાનો ઉપયોગ અતિ વિવેકપૂર્ણ કરવો જરૂરી હોવાનું મરીન પોલીસે ઉમેર્યું હતું. ■




ભાવનગરમાં સર.ટી હૉસ્પિટલમાં મોટી સંખ્યામાં નગરજનોએ રક્તદાન કર્યું હતું. (તસવીર– વિપુલ હિરાણી, ભાવનગર)

# ભાવનગરના મથાવડા ગામે લૂંટ વિથ મર્ડરનો ભેદ ઉકેલાયો: દાટેલ મુદ્દામાલ પણ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજાના અલંગ મરીન પોલીસ મથક નીચે આવતા મથાવડા ગામના છેવાડે એકલવાયું જીવન જીવતા વૃદ્ધાની છ દિવસ પહેલા તા.૩ મેની રાત્રીએ હત્યા કરી સોના ચાંદીના ઘરેણાની લૂંટ ચલાવાઈ હતી.

હત્યા કોઈજાણ ભેદુએ કરી હોય તેવી પ્રારંભિક શંકા સેવાઈ રહી હતી જે છ દિવસની લાગલગાટ એલ.સી.બી અને મરીન પોલીસે કરેલ તપાસમાં ભેદ ખુલતા શંકા સાચી ઠરી હતી. એક વર્ષ પહેલાં અહીં રહેવા આવેલા અને ગામ જમાઈ તરીકે પંકાયેલા ઇસમે અન્ય ત્રણ શખ્સોનો સહકાર મેળવી હત્યા અને લૂંટને અંજામ આપ્યો હતો.

અલંગ નજીકના મથાવડા ગામે પતિ સંતાનોથી અલગ રહીને જાતે મજરીકામ કરીને જીવન નિર્વાહ ચલાવતા વૃદ્ધા રાજીબેન ટેકાભાઈ સોલંકીની છ દિવસ પહેલાની અંધારી રાત્રે નિદ્રાધીન અવસ્થામાજ હત્યા કરી રૂ.૧ લાખથી વધુની કિંમતના સોનાચાંદીના ઘરેણાંની લૂંટ ચલાવી લૂંટારું હત્યારા અંધારામાં ઓગળી ગયા હતા.

નિર્જનસમાં વિસ્તારમા એકલી જ રહેતી વૃદ્ધાની હત્યાએ સનસનાટી મચી ગઇ હતી. તો પોલીસ માટે હત્યારાઓ સુધી પહોંચવા એક પડકાર હતો. ઘટનાને લઈ એક વાત ચોક્કસ હતીકે જાણકાર વ્યક્તિ ને જ ખબર હતી કે વૃદ્ધા પાસે ઘરેણાં અને રોકડ રકમ હોય શકે છે. જેને લઈ સ્થાનિક મરીન, એલ.સી.બી. પોલીસે એજ દિશામાં તપાસ હાથધરી હતી.

સૂત્રોએ જણાવ્યું હતુ કે શકમંદોની પૂછપરછમાં ખાસ કશું નીકળતું ન હતું તે દરમિયાન બાતમી મળી કે એકાદ વર્ષ પહેલાં અહીં રહેવા આવેલ જેને ગામ જમાઈ તરીકે ઓળખાતો ઈસમ ઘટના બાદ ગામમાં છે નહીં. આથી પોલીસે તે દિશામાં તપાસ હાથ ધરી હતી.

સાથે ટેક્નિકલ સર્વેલન્સની ટીમની પણ મદદ લેવાઈ હતી. ભુંભલી સુધી પહોંચેલ એલ.સી.બી.ને પ્રથમ મહત્ત્વનો સુરાગ મળ્યો હતો તો મરીન પોલીસે પણ એક ઈસમને ઉઠાવ્યો હતો.

બંને ઈસમો પોલીસ ની પૂછપરછ સામે ટકી શક્યા ન હતા ને હત્યા ને અંજામ આપીને માલ કોણ લઈ ગયું સહિતની કબૂલાત આપતા બંને પોલીસ પીપળીયા પુલ પાસે વૃદ્ધાના શરીર પરથી ઉતારેલ ઘરેણાં જ્યાં દાટેલ હતાં ત્યાં પહોંચ્યા હતા, ત્યાંથી મુદ્દામાલ મળી આવતા પોલીસે સમગ્ર મામલાનો ભેદ ઉકેલીને ગુનામાં સામેલ લાલજી, હિતેશ, સાગર સહિતના ચાર ઈસમો સામે લૂંટ અને હત્યાના ગુનામાં કાર્યવાહી કરી છે. હત્યારાઓ અંદરો અંદર સગા થાય છે. ■

# ચોપડવા પાસે એમ.ડી ડ્રગ્ઝ વેચતો હાઈવે હોટેલનો સંચાલક ઝડપાયો: ૪.૮૫ લાખનું કેફી દ્રવ્ય જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: પૂર્વ કચ્છમાં સેંકડો હાઈવે હોટેલો પર ચાલી રહેલા માદક દ્રવ્યોના કાળા કારોબારનો સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપે વધુ એકવાર પર્દાફાશ કર્યો છે જેમાં ભચાઉના ચોપડવા પાસે આવેલી હોટેલ રામદેવના સંચાલકને ૪.૩૮ લાખના મૂલ્યના ૪૩.૮૦ ગ્રામ મેફેડ્રોન (એમડી) ડ્રગ્ઝ સાથે ઝડપી લઇ, તેની પાસેથી ૪૭૫૦૦ રૂપિયાની કિંમતનું ૯.૫૦ ગ્રામનું અન્ય ડ્રગ્સ પણ જપ્ત કરાયું હતું.

મૂળ રાજસ્થાનના જોધપુર જિલ્લાના લુણી તાલુકાનો વતની ૪૮ વર્ષીય ભંવરલાલ ખીયારામ બિશ્નોઈ હોટેલ પર એમડી ડ્રગ્ઝનું છૂટકમાં વેચાણ કરતો હોવાની મળેલી પૂર્વ બાતમીના આધારે આ સ્થળ પર દરોડો પાડીને હોટેલના કાઉન્ટરમાંથી માદક દ્રવ્યનો જથ્થો જપ્ત કર્યો હતો.

અહીં ઝીપવાળા ૨૦ નંગ ખાલી પ્લાસ્ટિક પાઉચ, ડ્રગ્ઝનું વજન કરવા માટે વપરાતો ડિજિટલ વજનકાંટો, આરોપીના કબજામાંથી મળેલા ૧૩,૩૦૦ રૂપિયા, બે મોબાઈલ ફોન વગેરે મુદ્દામાલ કબજે કરી ભંવરલાલ સામે ભચાઉ પોલીસ-મથકે એનડીપીએસની ધારાઓ તળે ગુનો નોંધાવી ધરપકડ કરી લીધી છે તેમ એસઓજી પીઆઈ ડી.ડી. ઝાલાએ જણાવ્યું હતું. ■